|| હરિઃૐ ||



# આશ્રમની અટારીએથી

- શ્રી નંદુભાઈ શાહ

॥ હરિઃૐ ॥

# આશ્રમની અટારીએથી

લેખક

શ્રી નંદુભાઈ શાહ

સંપાદક

શ્રી ઈંદુકુમાર દેસાઈ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૮૧ | ૧૦૦૦ | ત્રીજી | ૧૯૯૫ | ૨૦૦૦ |
| બીજી | ૧૯૮૪ | ૧૦૦૦ | ચોથી | ૨૦૧૦ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૨ + ૧૮૮ = ૨૦૦

❑ કિંમત : **રૂ. ૧૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪,
ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથેનો સત્સંગ જેઓને પ્રિય હતો
અને તે કાજે વહેલી સવારથી સુરત આશ્રમમાં
સપરિવાર આવીને આશ્રમની નાનીમોટી કામગીરી
કરનાર, તેમ જ પૂજ્યશ્રી દ્વારા રચાતી ગઝલોને સારા
અક્ષરે ઉતારનાર, રાંદેર નિવાસી સદ્‌ગત

**શ્રી ચંદુભાઈ કરસનજી પટેલ**

અને તેમનાં પત્ની

**ગં.સ્વ. માલીબહેન ચંદુભાઈ પટેલ**ને

પૂજ્ય શ્રીમોટાના અનન્ય સેવક અને અંતેવાસી
શ્રી નંદુભાઈ દ્વારા સંપાદિત કરાયેલ
**'આશ્રમની અટારીએથી'**ની આ ચોથી આવૃત્તિનું
પ્રકાશન સમર્પિત કરતાં
અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

**ટ્રસ્ટીમંડળ,**

તા. ૧૫મી ઑગસ્ટ, ૨૦૧૦ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# સંપાદકીય

(પ્રથમ આવૃત્તિ)

**'આશ્રમની અટારીએથી'** એ હસ્તલિખિત સ્વરૂપે જ્યારે સૌ પ્રથમ ૨૧ દિવસના મૌનમાં વાંચવામાં આવેલું ત્યારે જ ખૂબ ગમી ગયેલું. એમાં સાધકને માટે ઊંડી આંતરસૂઝ, સૂક્ષ્મ વિવેક, મુક્ત- પુરુષની સચોટ સમજ કેળવવા માટેનું ઘણું ઘણું ભાથું પડેલું છે. તે વખતે મેં તો અક્ષરશઃ મારી ડાયરીમાં ઉતારી લીધેલું. જ્યારે અમદાવાદના ઉત્સવમાં **'જીવન સ્ફુલ્લિંગ'** નામના પૂજ્ય શ્રીમોટાના સૂવેનિઅરનું સંપાદનકાર્ય મને સોંપાયું ત્યારે સૌ પ્રથમ પૂજ્ય શ્રીમોટાનો પૂર્ણ પુરુષની વિભાવના સ્પષ્ટ કરતો એક લેખ અને બીજો સેવક (સાધક) કેવો હોવો જોઈએ એનું વિશ્લેષણ કરતો પૂજ્ય શ્રી નંદુભાઈનો લેખ મેં લીધેલો. તે લેખ એ મારી ડાયરીમાં 'આશ્રમની અટારીમાંથી' ઉતારી લીધેલો. તેના આધારે લીધેલો. સાચા સેવક વિશેની મારી ભાવનાનું પ્રતિબિંબ એ લખાણમાં મને જણાયેલું, એટલે મને એ ખૂબ ગમેલું.

આશ્રમમાં પ્રવેશ બાદ ૧૯૭૮ના જુલાઈમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે પૂજ્યશ્રી નંદુભાઈ સાથે દક્ષિણ ભારતના પ્રવાસે જવાનું થયું, ત્યારે કુંભકોણમ્ આશ્રમમાં આ હસ્તલિખિત પ્રતનું દરરોજ રાત્રે ૧ થી ૧ા કલાક વાંચન કરવાનું ગોઠવેલું. હું વાંચું, બધાં સાંભળે અને પૂજ્યશ્રી નંદુભાઈ જ્યાં જ્યાં સ્પષ્ટતાની જરૂર હોય ત્યાં કરે અથવા તો તે પ્રસંગની ભૂમિકા સમજાવી વધુ સ્પષ્ટ કરે અને મને ટાંચણ પણ કરાવડાવે, ત્યાર બાદ એને નવા સ્વરૂપે ફરીથી લખવાનું કાર્ય મને સોંપવામાં આવ્યું.

આવા કાર્યનો આનંદ તો હોય જ, પરંતુ આમાંનું ઘણુંખરું લખાણ તત્કાલીન પ્રસંગોને નિરૂપવા લખાયેલું. પૂજ્ય શ્રીમોટાનો અનેકવાર નિર્દેશ પણ કરવામાં આવેલો. તે વખતે તો પૂજ્યશ્રીની હયાતી હતી. એ વાતને વીસ વર્ષ વીતી ગયાં. હવે, એ બધી બીના લાંબા ભૂતકાળની બની ગઈ. પૂજ્ય શ્રીમોટાએ પણ સ્થૂળ દેહનો ત્યાગ કર્યો. એટલે જો એ બધું આજે પ્રકાશિત કરવું હોય તો કાળના તમામ સંદર્ભો બદલવા પડે. આને માટે ધરખમ ફેરફાર કરવા પડે. જોકે આ અંગે સંપૂર્ણ છૂટ આપીને પૂજ્યશ્રી નંદુભાઈએ મને નિશ્ચિત બનાવ્યો હતો. છતાં મારા મનમાં જે ઘૂંટાતું હતું તે એ કે આ લખાણ ઘણાં સ્વજનોએ મૌનગાળા દરમિયાન વાંચેલાં છે. એટલે આવા ફેરફારો રુચિકર નીવડે કે કેમ ? આ એક પ્રશ્ન તો હતો જ. સાથે સાથે એમાં ઘણું ઉમેરવાની, ઘટાડવાની, જુદા જુદા સમયે જુદી જુદી વ્યક્તિને લખાયેલા પત્રો હોવાથી પુનરુક્તિ ટાળવાની, ભાષા બદલવાની અને અનેક પ્રસંગો નવા ઉમેરીને વિષયવસ્તુને વધુ વિશદ અને વેધક બનાવવાની જરૂર હતી. ઘણી જગાએ વાતચીતના જેવી શૈલી હતી. જોકે એવી શૈલીનું આગવું સૌંદર્ય છે જ. છતાં સમગ્ર પુસ્તકમાં સળંગ સૂત્રરૂપે એ ન હોય તો રસનિષ્પત્તિ ખંડિત થવાની શક્યતા રહે. એટલે જે કાંઈ લેખનશૈલી હોય તે એકધારી અખંડિત જળવાઈ રહેવી જોઈએ એવું મને લાગેલું. ઘણું લખાણ નોંધના સ્વરૂપનું હતું તેને વિસ્તૃત કરવાની અનિવાર્યતા હતી જ. પ્રકાશનમાં એને લેવા માટે આ બધા ફેરફારો જરૂરી હતા જ. જોકે એવા ફેરફારો કરતાં મને ક્ષોભ થતો હતો, પરંતુ બીજો કોઈ ઉપાય ન હતો. ત્રણેક લેખ એવા છે કે જેમાં પૂજ્યશ્રી

નંદુભાઈની ભાષા ખૂબ પ્રવાહી અને વેધક છે એટલે એને અકબંધ રાખ્યા છે. એને બદલવાની જરૂર બિલકુલ જણાઈ નથી. આ બધા ફેરફારો માટે વાચકવર્ગ મને નભાવી લેશે અને એમ કરવા જતાં જે કંઈ ત્રુટિ રહી ગઈ હોય કે મૂળ લેખકને અન્યાયકર્તા કશુંક નીવડ્યું હોય તો મને માફ કરશે. વિષયને સ્પષ્ટ કરવા માટે કેટલાંક સંસ્કૃત અવતરણો કે કહેવતોનો ઉમેરો મેં કર્યો છે. એ છૂટ બદલ પૂજ્યશ્રી નંદુભાઈની ક્ષમાયાચના કરું છું.

પૂજ્ય શ્રીમોટા વિશેની આપણી સમજમાં આ પુસ્તક એક મૂલ્યવાન ઉમેરો કરશે એ નિર્વિવાદ છે એટલું નિર્દેશી વિરમું છું.

તા. ૩૧-૧૨-૧૯૮૧, નડિયાદ **ઈંદુભાઈ**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

(પ્રથમ આવૃત્તિ)

આશ્રમનાં મૌનમંદિરો શરૂ થયાં પછી કેટલાક સમયે મારે પૂજ્ય શ્રીમોટાની સાથે આશ્રમમાં સ્થાયી સ્વરૂપે રહેવાનું થયું, તે કાળે એટલે ૧૯૬૦ના અરસામાં કેટલાક ઉત્સુક જિજ્ઞાસુ અને જ્ઞાનપિપાસુ એવા સાધકોનો નિકટનો પરિચય થયો, એ પરિચય વધ્યો. કેટલીક આધ્યાત્મિક સમજ કેળવવાની અને જીવનમાં ઉતારવાની એમની ધગશને કારણે કોક કોક વેળા કોઈ કોઈ પ્રસંગોનો ઉલ્લેખ કરી તેમાં રહેલા આધ્યાત્મિક અભિગમને નિર્દેશવાનું અને મુક્ત પુરુષની સમજ કેળવવાનું નિમિત્ત ઊભું થતું ગયું. કાળક્રમે એ બધું લખાણ હસ્તલિખિત પુસ્તક આકારે દરેક મૌનમંદિરના ઓરડામાં એક એક નકલ તરીકે મુકાતું થયું. આજ સુધીમાં અનેક મૌનાર્થીઓએ વાંચ્યું, વાગોળ્યું અને કેટલાકે તો તેની નોંધ પણ કરી લીધેલી એમ જાણવા મળ્યું છે.

એને પ્રકાશિત કરવાની માગ તો પૂજ્ય શ્રીમોટાની હયાતી દરમિયાન વર્ષોથી થતી આવી હતી, પરંતુ એ માગણી તે વેળાએ સ્વીકારવી મને ઉચિત ભાસતી ન હતી. પૂજ્યશ્રીના દહોત્સર્ગ પછી ચારપાંચ વ્યક્તિઓ તરફથી ખૂબ જ જોરદાર રીતે અને આગ્રહપૂર્વક એનું પ્રકાશન કરવાનું સૂચન થયું અને સાથે સાથે એ અંગેનાં નાણાં આપવાની તત્પરતા પણ દાખવવામાં આવી, પરંતુ પ્રકાશન પહેલાં લખાણ બધું જ મઠારવું પડે એમ હતું.

શ્રી ઈંદુભાઈ, આશ્રમમાં જોડાયા પછી પ્રથમ વાર કુંભકોણમ્ જવાના સમયે અમે એ નોંધપોથી સાથે લીધી અને ત્યાંનાં બધાં સ્વજનોની હાજરીમાં રાત્રે દરરોજ એક-દોઢ કલાક વાંચવાનું રાખ્યું. તે વખતે મને

જે કંઈ સૂઝતું ગયું તેની ટાંચણ ઇંદુભાઈને કરાવી અને ઇંદુભાઈને એનું સંપાદન કરવાનું મેં ભળાવ્યું. એ બાબતોમાં મેં એમને સંપૂર્ણ છૂટ આપી. ઉમેરવું, ઘટાડવું, વિસ્તૃત કરવું, સ્પષ્ટ કરવું, ભાષા બદલવી વગેરે તમામ બાબતનું સ્વાતંત્ર્ય બક્ષ્યું. આખરે હાલ હવે એનું આખરી સ્વરૂપ તૈયાર થયું.

દીપાવલિ : સંવત ૨૦૩૭ **નંદુભાઈ**
હરિઃૐ આશ્રમ, નડિયાદ મૅનેજિંગ ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

(ચોથી આવૃત્તિ)

આ પુસ્તકનું લખાણ પત્રોરૂપે મિત્રોને લખાયેલું. પૂજ્ય શ્રીમોટાને નિકટથી સમજવામાં આ લખાણ વાચકોને ઘણું ઉપયોગી નીવડ્યું છે, એવો અમારો અનુભવ છે. શરૂમાં આ લખાણની હસ્તપ્રતો તૈયાર કરાવાઈને આશ્રમના મૌનરૂમોમાં વર્ષો સુધી મૌનાર્થીઓના લાભાર્થે મૂકવામાં આવેલી, પરિણામે ઘણાં જ જણની માંગ આવવાથી તેને છપાવવાનું નક્કી થયું.

**'આશ્રમની અટારીએથી'** પુસ્તકની પ્રથમ આવૃત્તિ સને ૧૯૮૧માં, બીજી આવૃત્તિ સને ૧૯૮૪માં, ત્રીજી આવૃત્તિ સને ૧૯૯૫માં પ્રકાશિત કરાઈ હતી. હાલમાં આ પુસ્તકની પ્રતો અપ્રાપ્ય હોઈને ૧૫ વર્ષ બાદ તેની ચોથી આવૃત્તિ પ્રકાશિત કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવપૂર્વક અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને પૂરા સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તેઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

**ટ્રસ્ટીમંડળ,**

તા. ૧૫મી ઑગસ્ટ, ૨૦૧૦ હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | મુક્તની સમદૃષ્ટિ | ૧ |
| ૨. | સેવાધર્મો પરમ ગહનો | ૯ |
| ૩. | રામ-કૈકેયીનો પ્રસંગ | ૧૨ |
| ૪. | મહત્ત્વ કેટલું અને ક્યારે ? | ૧૬ |
| ૫. | મૌનરૂમની વિસ્મયકારક ઘટના | ૨૪ |
| ૬. | પૂજ્ય શ્રીમોટાની અનાસક્તિ | ૩૯ |
| ૭. | સ્થિતિ અને વૃત્તિ | ૪૮ |
| ૮. | ઈર્ષા-દ્વેષ-મત્સર | ૫૨ |
| ૯. | આશીર્વાદ સાથે પુરુષાર્થ ને જાગૃતિની જરૂર | ૫૬ |
| ૧૦. | આશ્રમોની હસ્તી-અહમ્‌ને ઓગાળવા | ૬૦ |
| ૧૧. | મંત્રશક્તિનો પ્રતાપ | ૬૫ |
| ૧૨. | બજારમાં અર્ધનગ્ન શરીરે | ૭૦ |
| ૧૩. | સાધક અને ગુરુની સ્થૂળ નિકટતા | ૭૨ |
| ૧૪. | પ્રભુ અને ભક્તનું ઋણ | ૭૭ |
| ૧૫. | મુક્ત અને મુખકાંતિ | ૭૯ |
| ૧૬. | ભાવભક્તિની તક | ૮૩ |
| ૧૭. | પ્રસન્નતા | ૮૫ |
| ૧૮. | આશ્રમની બારીમાંથી | ૮૮ |
| ૧૯. | મૌનરૂમ અને બહેનો તથા મૌનરૂમની વિશિષ્ટ રચનાનો હેતુ | ૯૧ |
| ૨૦. | મુક્ત અંગેની સમજણ | ૯૭ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૧. | યોગ્ય આદરમાન | ૧૦૫ |
| ૨૨. | મુક્તાત્મા અને ટોળાંની ઉત્તેજિત વૃત્તિઓ | ૧૧૦ |
| ૨૩. | મહારુદ્ર યજ્ઞ | ૧૧૪ |
| ૨૪. | લગ્ન-વિવાહમાં તકેદારી | ૧૧૯ |
| ૨૫. | ગેબી મદદો : ખોટા દેખાઈને મદદ કરવી અને અશ્લીલ ગાળો | ૧૨૨ |
| ૨૬. | વાવો તેવું લણો | ૧૨૭ |
| ૨૭. | મુક્ત અને ચેતના શક્તિપ્રદાન | ૧૩૧ |
| ૨૮. | મૌનમંદિરના અનુભવો | ૧૩૪ |
| ૨૯. | જીવનદૃષ્ટિનો અભાવ | ૧૪૪ |
| ૩૦. | પૂજ્યશ્રી અને અલંકાર | ૧૪૭ |
| ૩૧. | વડતાલવાળાં પૂજ્ય મોતીબહેન | ૧૫૪ |
| ૩૨. | આહુતિયજ્ઞ | ૧૫૯ |
| ૩૩. | કેટલાંક પ્રતીકોનાં અર્થઘટન | ૧૬૪ |
| ૩૪. | મૌનરૂમમાં મુખી | ૧૬૯ |
| ૩૫. | પૂજ્ય શ્રીમોટાનાં દાનોની ભૂમિકા | ૧૭૩ |


❑

‘**હું સર્વત્ર વિદ્યમાન છું.**’

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

# ૧. મુક્તની સમદૃષ્ટિ

*‘રામ ઝરૂખે બૈઠકર સબકા મુજરા લેત,*
*જિસકી જિતની ચાકરી ઈતના તનખા દેત.’*

તુલસીદાસની આ પંક્તિઓ વિચારપૂર્વક મનન કરવા જેવી છે. સામાન્ય મનુષ્યની ઈશ્વર વિશેની જે ઘરેડુ માન્યતા છે, તેના કરતાં કંઈક અંશે ભિન્ન એવી વાત આ પંક્તિઓમાં અભિપ્રેત છે. સામાન્ય રીતે આપણે તો ઈશ્વરને દયાળુ અને કરુણાનો સાગર માનીએ છીએ. તેને ન્યાય તોળનારો, આપીએ એટલું જ દેનારો કે કર્મનો બદલો દેતો કલ્પવો એ માનવીને સ્વાભાવિક રીતે જ ગમતું નથી. ઈશ્વરને ‘કરુણાસાગર’ માનીને પાઈ આપીને રૂપિયો લઈ લેવાની જોરદાર વૃત્તિ આપણામાં રહેલી છે, એ સહજ રીતે સમજી શકાય એવું છે.

આનાથી વિરુદ્ધ ઉપરના મુક્તકમાં શ્રી તુલસીદાસજી તો શ્રીરામ એટલે કે ભગવાનને ન્યાય તોળનારાના સ્થાને બેસાડે છે. જેની જેટલી ચાકરી તેટલો જ પગાર દેવાની વાત કરે છે, જરાકે વત્તોઓછો નહિ. અહીં આપણને કેટલીક ગુજરાતી કહેવતો પ્રતિબિંબિત થતી હોય એમ લાગે છે ‘જેવી જેની કરણી તેવી તેની ભરણી’, ‘વાવે તેવું લણે’. સંસ્કૃતમાં પણ ઉક્તિ છે કે यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी । ‘જેવી જેની ભાવના તેવી તેની ગતિ અને મતિ.’ એટલું યાદ રાખવું ઘટે કે લાકડશી લાડુ આપીને કલ્લી કઢાવી લેવા દે એવો પ્રભુ ભોળો નથી. ત્યાં તો એ જ ન્યાય પ્રવર્તે છે, ‘જેવું આપીશું તેવું પામીશું.’

જેવું ભગવાનની બાબતમાં છે તેવું જ કંઈક મુક્તની બાબતમાં પણ છે. મુક્ત સાથેના સંપર્કમાં પણ આપણે એવું

અનુભવીએ છીએ કે 'જિસકી જિતની ચાકરી ઈતના તનખા દેત.' ત્યારે આપણે આશ્ચર્ય અને અકળામણ પણ અનુભવીએ છીએ. આપણને સહજ રીતે એવો વિચાર આવે કે જો જગતમાં સામાન્ય મનુષ્ય પણ પોતાનો વહેવાર આ જ રીતે ગોઠવે - એ જ ત્રાજવે તોળે છે તો તેવા સામાન્ય મનુષ્ય અને મુક્ત વચ્ચે શો ફેર ? આવો પ્રશ્ન ઊઠે એ સ્વાભાવિક પણ છે. લોકો કહે છે કે સંતોની તો સમદૃષ્ટિ હોવી જોઈએ. શા માટે મુક્તપુરુષ બધાંને એકસરખી રીતે ચાહતા નથી ? તેમની ચાહના-ભાવનાનું વ્યક્તત્વ એકસરખી રીતે કેમ કરતા નથી ? એમનામાં પક્ષપાત શા માટે હોવો જોઈએ ? એક અને બીજા વચ્ચે વત્તુંઓછું તેમને શા માટે હોવું જોઈએ ? શા માટે કોઈને આવકારતા તો કોઈને અવગણતા પણ જણાય છે ? કોઈને જમવામાં કે નાસ્તામાં અલાયદી મૂકી રાખેલી મિષ્ટ કે ઈષ્ટ વાનગી આપે અને કોકને સામાન્ય વસ્તુઓ આપે, તો વળી કોકને કશુંય ન આપે. કોકને સામાન્ય દોરવણી પણ ના દે. કોકને સ્પષ્ટ વ્યક્ત વહાલ કરે તો વળી કોકની સામું પણ ના જુએ. આ બધા ભેદભાવ મુક્તના વર્તનમાં શા માટે ? આવી પ્રશ્નમાળા કેટલાકના મનમાં ઊઠતી હોય છે. આને કારણે તેઓ ગૂંચવાય છે, મૂંઝાય છે અને આખરે મુક્તપુરુષને એક સામાન્ય માનવી ગણવા સુધી તેમનું મન તેને પ્રેરે છે.

આવું બને છે તેનું કારણ એ કે સામાન્ય મનુષ્ય સમદૃષ્ટિનો જે અર્થ ઘટાવે છે તે ખોટો છે. સામાન્ય જન સમદૃષ્ટિનો અર્થ 'સર્વ પ્રત્યે સરખી દૃષ્ટિ-સરખો વર્તાવ-એકસરખું વ્યક્તવ્ય' એવો ઘટાવે છે. સામાન્ય જનના આ અર્થ પ્રમાણે તો જો મુક્તની પાસે રાજા કે રંક, તેનો ભક્ત કે અપરિચિત આવે-હરકોઈ જે

આવે તે સર્વ સાથે તેનું બહિર્વર્તન અને વ્યક્તત્વ એક જ પ્રકારનું હોય. જરાક પણ ઓછાવત્તા ભાવવાળું ન હોય. મુક્તની વાણીમાં એ બધા માટે એકસરખી ઉષ્મા હોય, તેના આવકારમાં એકસરખો થડકારો હોય. તે બધાંની સાથેના વહેવારવર્તનમાં એકધારાપણું હોય. જ્યારે સામાન્ય જન મુક્તની બાબતમાં આવું જોતો નથી ત્યારે તેમના પ્રતિ અન્યથા ભાવ સેવે છે. પેલા મુક્તને એક સામાન્ય જનની કક્ષાનો ગણી લે છે અથવા તો તેને આ કોયડો સમજાતો નથી. આ એક સાર્વત્રિક પ્રકારની મુશ્કેલી હોય છે.

આપણે ‘સમદૃષ્ટિ’નો સામાન્ય જનનો અર્થ જોયો. હવે આપણે મુક્તની ‘સમાન દૃષ્ટિ’, ‘સર્વને એકસરખી રીતે જોવાનો સ્વભાવ’, ‘સર્વ પ્રતિ એકધારો એકસરખો ભાવ’ વગેરે જે ખ્યાલો છે તેનો સાચો અર્થ સમજવા પ્રયાસ કરીએ. મુક્તની સમદૃષ્ટિનો સાચો અર્થ એ કે મુક્તના હૃદયમાં સર્વ પ્રતિ કરુણાનો ભાવ એકધારો ને એકસરખો; સર્વનું શ્રેય વાંછવાની ભાવના એકસરખી. ટૂંકમાં અંતર્ગતપણે હૃદયમાં એકસરખો ભાવ. તે કોઈનું અહિત નહિ ધારે, નહિ વાંછે. કોઈ પ્રતિ નકારાત્મક વૃત્તિ તેને નહિ ઊઠે. સર્વની પ્રતિ તેની પ્રેમધારા એકસરખી વહી રહેતી હોય છે - વરસી રહી હોય છે. મુક્તને કોઈનાય પ્રતિ અભાવો ન હોય. રાગદ્વેષરહિત હોવાને કારણે અંતર્ગતપણે ન્યૂનાધિક ના હોય, કારણ કે મુક્ત સર્વ આત્માઓને પોતાના આત્મા સમાન નીરખી શકે છે. आत्मवत् सर्वभूतेषु । એવી તેની દૃષ્ટિ હોય છે, પરંતુ વ્યક્તત્વમાં જરૂર સામાન્ય દૃષ્ટિએ ભેદ-ફેર જણાવાનો. બહિર્વર્તાવ જો એવું વલણ દાખવે તો તો ગોટાળો જ થઈ જાય. માટે સમાન બહિર્વર્તન અશક્ય છે. બાહ્ય રીતે મુક્તનો વર્તાવ સામાન્ય માનવી જેવો

લાગવાનો, પરંતુ તેની પાર્શ્વભૂમિકા તો દૈવી જ હોવાની. "Human in front Divine in back."એ દિવ્ય ભૂમિકા પર સ્થિત રહીને 'જિસકી જિતની ચાકરી ઈતના તનખા દેત' ના ન્યાયે મુક્ત વર્તે છે. જેવો આપણો ભાવ તે પ્રમાણમાં તેનું વ્યક્તત્વ અને તેનો પ્રત્યાઘાત. મુક્તપુરુષ આમ તો આઘાત પ્રત્યાઘાતના દ્વંદ્વથી પર છે અને છતાંય એ નિયમને વશ વર્તતો તે આપણને ભાસે છે. તે આઘાત પ્રત્યાઘાતના નિયમને તાબે છેય ખરો અને નથી પણ ખરો. એ છે એની વિશેષતા.

મુક્તને મન કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી, કોઈ તવંગર નથી કે કોઈ ગરીબ નથી, તેનો અર્થ એ નહિ કે તેના પર ખૂબ ભાવ રાખનાર, તેને ભજનાર અને તેની સેવા કરનાર એક વિદ્વાન પંડિત અને જેની સાથે કશો પરિચય મુક્તપુરુષને નથી એવી વ્યક્તિ એમ બંનેને તે એકસરખો આવકાર આપશે. આવું તદ્દન અશક્ય છે. 'જેની જેવી ચાકરી તેવો તેને શિરપાવ' એ છે બાહ્યવર્તાવનો નિયમ. હા ! મુક્ત તેના ભક્ત કે નિંદક બંનેમાં આંતરિકપણે એકસરખા ભાવવાળો હશે. એકના ભોગે બીજાને અન્યાય નહિ કરે, એકનું ભલું વાંછશે અને બીજાનું બૂરું વાંછશે તેમ કદી નહિ બને. આંતરિક કરુણા બંને પ્રતિ સર્વ પ્રતિ એકસરખી વહેશે.

મુક્તના બાહ્યવર્તાવ કે બાહ્યવહેવાર પરથી તેને જો માપવાનું કરીશું તો ભૂલ કરી બેસીશું. અરે એટલું જ નહિ પણ જોકે સામાન્ય જનને પણ તેના બહિર્વહેવારને ધોરણે માપીશું તો અચૂક આપણે તેના પ્રત્યે અન્યાય આચરી બેસીશું. તો પછી મુક્તની તો વાત જ શી ! સાચી વાત તો એ છે કે કર્મ ઉપરથી કોઈનેય માપવાનું ન કરી શકાય. કર્મની પાછળ રહેલા ભાવનું જ મહત્ત્વ છે. અને એવા કર્મની પાછળ રહેલા

અંતર્ગત ભાવની ખબર બીજાને શી રીતે પડે ? એટલે માપવાનું જ ન કરાય એ ઉત્તમ છે. છતાં માનવ મન માપ્યા વગર રહી શકતું નથી તે પણ એટલું જ સાચું છે. એટલે મુક્તના બાહ્ય રીતે વર્તાતા ભેદભાવવાળા વર્તનને મૂલવવાનું આપણે ન કરીએ એ ઈષ્ટ છે.

કેટલાંક વહેવારુ ઉદાહરણોથી એ વાત સ્પષ્ટ રીતે સમજાશે. આપણે આપણી મા ઉપર, પત્ની ઉપર, પુત્રી ઉપર, બહેન ઉપર એકસરખો આંતરિક ભાવ હોવા છતાં તે ભાવને વહેવારમાં બહાર વ્યક્ત કરતાં તેનું વ્યક્તવ્ય એકસરખી રીતે કદી નહિ કરીએ એ આપણા સૌની અનુભવની વાત છે. આ સહેલાઈથી સમજી શકાય એવી વાત છે. શેઠને જેમ મુનીમ પ્રત્યે, ગુમાસ્તા પ્રત્યે, પટાવાળા પ્રત્યે એકસરખી પ્રીતિ હોવા છતાં વહેવારમાં તે તેઓની સાથે જુદી જુદી રીતે વર્તે છે. આ સૌ કોઈ સમજી શકે છે, તો પછી મુક્તની બાબતમાં કેમ ન સમજાય ?

સુદામાને શ્રીકૃષ્ણ ભગવાનને ત્યાં અતિથિ તરીકે જવાનું થયું ત્યારે શ્રીભગવાને તેમનાં ચરણો પખાળ્યાં અને ચરણામૃતનું પાન કર્યું, તેમને વહાલથી ભેટ્યા અને ઉચ્ચ આસને બેસાડ્યા. સુદામાને બદલે કોઈ સામાન્ય ભિક્ષુક યાચક શ્રીકૃષ્ણ ભગવાનને ઘેર ગયો હોત તો શું તેને સુદામા જેવો આવકાર મળત ખરો ? પ્રભુના ધામમાં સુદામાને તેવો આવકાર મળ્યો, કારણ કે સુદામાની ભક્તિ તેવા આવકારને લાયક હતી.

શ્રીકૃષ્ણ ભગવાનને પાંડવોનો વિજય વાંછ્યો, નહિ કે કૌરવોનો એ સ્પષ્ટ રીતે જાહેર હકીકત છે. જો તેમણે બાહ્ય આચરણમાં લોકોની સમજણની સમાનતા અપનાવી હોત તો તો તેમણે એકેયનો પક્ષ લેવો જોઈતો ન હતો, પણ તેમ નથી બન્યું. વળી, પાંડવોમાંયે વિરાટ દર્શનનો અને ગીતા

ઉદ્બોધનનો અધિકારી શ્રીકૃષ્ણે એકલા માત્ર અર્જુનને જ ગણ્યો. બીજા એકેય ભાઈને નહિ. તેમને પાંચે પાંડવો પ્રત્યે એકસરખો ભાવ હોવા છતાં - પાંચે સરખા વહાલા હોવા છતાં આમ બન્યું. આને શું કૃષ્ણનું પક્ષપાતી વલણ કહીશું ? જગત જો આને પક્ષપાતી વલણ લેખે તો ભલે તેમ માને, પણ વાસ્તવિકપણે તેમ નથી. શ્રીરામે વાલીને મારીને સુગ્રીવને ગાદી આપી, રાવણને સંહારી વિભીષણને રાજ્યાસને બેસાડ્યો આમાં પણ બાહ્યદૃષ્ટિએ ભેદભાવ જણાશે. તો તેથી શું એમ માનવું કે શ્રીરામ કે શ્રીકૃષ્ણ પક્ષપાતી હતા ? ખરું જોતાં તેવા સમર્થોને તો આંતરિક ભૂમિકાએ સહુ સરખા-સમાન છે. ભેદભાવ ક્યાંય જરા સરખો પણ નથી. આ જ અર્થમાં તુલસીકૃત રામાયણમાં ભક્ત કવિએ ગાયું છે કે :-

*'રામ ઝરૂખે બૈઠકર સબકા મુજરા લેત,*
*જિસકી જિતની ચાકરી ઈતના તનખા દેત.'*

કેમ બધાને સરખો પગાર આપવાનું કવિએ ના ગાયું ? શ્રી ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે સ્પષ્ટ જણાવ્યું છે કે :-

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।

(ગીતા, ૪.૧૧)

'જે મને જેવી રીતે ભજે છે, તેને તે રીતે હું ભજું છું.' વળી, ગીતામાં અન્ય સ્થળે એમ પણ કહ્યું છે 'મને મારા ભક્તો પણ વહાલા છે.' भक्तास्तेडतीव मे प्रियाः । (ગીતા, ૧૨.૨૦) આ ઉપરથી શું એમ કહી શકાય કે ભક્તો વધુ વહાલા, ઈતર જનો વહાલા નહિ અથવા ઓછા વહાલા, માટે, શ્રીકૃષ્ણ પક્ષપાતી હતા ? ના, એવું નથી. હવે જુઓ, બીજી જગાએ એ જ ગીતાજીમાં કહેવાયું છે કે 'ચાંડાળ, વેશ્યા, પંડિત સર્વમાં હું છું અને આ સર્વ પ્રતિ મારી સમ્યક દૃષ્ટિ

છે.' તેનો અર્થ એ નહિ કે શ્રીકૃષ્ણ, શ્વાનને અને પંડિતને એકસરખું વ્યક્તવ્ય દર્શાવશે.

જો બહિર્વર્તાવમાં ને અભિવ્યક્તિમાં એકસરખાપણું હોય કે હોત તો આ જગત જ ન હોઈ શકે. આ જગતમાં પ્રભુએ કોકને શ્રીમંત તો કોકને રંક, કોકને રાજા તો ઘણાને રૈયત, એમ અનેક થરની કક્ષાઓ યોજી છે, તો શું તેને પોતાનાં સર્જનમાં આંતરો કે વહેરોવંચો હશે ? એનો જવાબ 'ના' માં જ હોઈ શકે.

શ્રીરામકૃષ્ણ પરમહંસ, નરેન્દ્રને (વિવેકાનંદને) એક બાજુ પર બોલાવીને મીઠાઈ ખવડાવતા જ્યારે તેની સાથે આવેલા મિત્રોને કશું જ આપતા ન હતા ! શું શ્રીરામકૃષ્ણ પક્ષપાતી હતા ?

આવા તો બીજા કેટલાક મુક્તોના જીવનનાં દૃષ્ટાંતો ટાંકી શકાય એમ છે. એટલે મુક્તના બહિર્ રીતે વર્તાતા ભેદભાવવાળા વર્તનને મૂલવવાનું આપણે ન કરીએ એ ઈષ્ટ છે.

એક બહેને ગાયું છે કે :

'તારા પ્રતિ નવ વહે મુજ ભક્તિભાવ,
તોયે ચહું હૃદયમાં તુજ પ્રેમભાવ.'

આ કેવી રીતે બને ? આપણે મુક્ત પ્રતિ પૂરેપૂરો ભક્તિભાવ રાખવો નથી અને છતાં તેનો પ્રેમભાવ પૂરેપૂરો વાંછવો અને જો તે ન મળે તો તેને પક્ષપાતી ગણવા છે, એ ક્યાંનો ન્યાય ! એવું છે ક્ષુદ્ર માનવ મન ! બાકી, એક વાત સ્પષ્ટ સમજી લેવા જેવી છે કે તે તો જેટલું ને જેવું આપીએ તેવું ને તેટલું આપનારો છે.

પૃથ્વીના પેટાળમાં ચેતનરસ એકસરખો એક જ પ્રકારનો વહી રહેલો છે. છતાં ભૂમિકાફેરે તે રસમાંથી પ્રગટ થતું વૈવિધ્ય

કેવું વિધવિધ પ્રકારનું છે ! મીઠું, તીખું, કડવું, પીળું એક ભિન્ન ભિન્નરૂપે તે વ્યક્ત થયું છે. જેવી જેવી ભૂમિકા ને બીજ. અંતર્ગતપણે એકસરખી ભાવધારા હોવા છતાં વ્યક્તવ્યમાં તો સામાના પ્રકૃતિભેદે ભિન્નતા મુક્તના વહેવારમાં પણ અનુભવવાની જ.

મુક્ત તો આરસીરૂપ છે. તેનું વર્તન આપણા વિશે વિચાર કરતા કરી મૂકવા માટે યોગ્ય ઉદાહરણરૂપ બની રહે છે, જો જાગૃતિ સેવી શકાય તો.

❒

# ૨. સેવાધર્મો પરમ ગહનો

સેવાધર્મ ખૂબ ગહન ગણાયો છે. 'सेवाधर्मो परम गहनो योगीनामप्यगम्यम्' એવું સંસ્કૃત વિધાન છે. યોગીઓને પણ દુષ્કર એવો એ સેવાધર્મ છે. આ શાથી ? શા માટે એને વધુ ગહન ગણ્યો હશે ? એના રહસ્યમાં શરણાગતિનું તત્ત્વ જવાબદાર છે. શરણાગતિ બરાબર કેળવાય નહિ ત્યાં સુધી સેવાધર્મ બરાબર બજાવી શકાય નહિ. સેવા અને શરણાગતિ સાથે સાથે જાય છે અને સાચી શરણાગતિ અહમ્‌ને ઓગાળ્યા વિના અશક્ય છે. સાધનાના સર્વોચ્ચ સોપાનનો સ્પર્શ કર્યા વિના અને ત્યાં સ્થિત થયા વિના સંપૂર્ણ સાચા સેવક થવું એ અશક્ય છે. એટલે જો સાચી સેવા કરતાં આવડી જાય તો જીવનનું કલ્યાણ આપોઆપ થઈ જાય.

સેવક એટલે સદા તત્પર. સેવક એટલે જીવનવિકાસના માર્ગનો જ્ઞાનપૂર્વક સ્વીકાર. કશુંયે તેને ના આવડે કે ના આવડી શકે તેવું ના હોય. અલબત્ત, જગતના વહેવારનાં બધાં જ ક્ષેત્રમાં કોઈ પણ પારંગત ન હોઈ શકે. કિંતુ સેવકને જ્યારે જેની જરૂર પડે ત્યારે તે તેને શીખી લઈ શકે. તેને શીખવું મુશ્કેલ ન બને. તે કંટાળે નહિ. કશાથી ભાગે નહિ. તેની ગ્રહણશક્તિ સતેજ હોય. ધારક શક્તિ સ્થિર ધીર હોય. સેવક સદા ગતિશીલ ને સદા ઉલ્લાસિત, ઉમંગી અને ગમે તે પરિસ્થિતિને પહોંચી વળવાની શક્તિ ધરાવતો હોય. તેને નીરોગીપણું પણ હોવું જોઈએ.

સેવકની સ્મૃતિ યથાયોગ્ય સમયે યથાવત્ કામ આપનારી હોય-હોવી જોઈએ. તેની કાર્યશક્તિ અનેકગણી વધી જઈ શકે છે, કંઈ પણ કશું કહેવામાં આવ્યું હોય તે તરત સ્મૃતિમાં

ધારણ થઈ જવું ઘટે છે. ને તેનો જ્યારે ને જ્યાં ઉપયોગ કરવાનો હોય ત્યાં ને ત્યારે તે તેને ઉપયોગમાં આવે. આને માટે એકાગ્રતા જોઈએ. વળી, તેનામાં અવલોકનશક્તિ (observation power) પણ સારી રીતે વિકસેલી હોવી જોઈએ, તો તેની સેવામાં સારો ઉઠાવ આવી શકશે.

સેવકનો ઊંઘ ઉપર કાબૂ હોવો જોઈએ. ભૂખ અને તરસ તેના તાબાની વસ્તુ બની રહેવી જોઈએ. સ્ફૂર્તિ, ચપળતા, દક્ષતા, સાવધાનતા, ચકોરતા અને ઝડપ તેનામાં હોવાં જોઈએ. ઝડપ નહિ હોય તો કામ યથાયોગ્યપણે નહિ થાય. કાર્યને ઉત્તમ રીતે કરવા માટે વ્યવસ્થિતિ, દક્ષતા ને સાથે સાથે ઝડપ પણ હોવી જોઈએ. ઝડપ એ સેવાનું એક આવશ્યક અંગ મનાયું છે. ઝડપ એટલે ગતિ. રજસ્ ઉપરનો કાબૂ. જ્ઞાન-પૂર્વકનો રજસ્ આ બધા ઉપરાંત મનની નીરવતા જેટલા પ્રમાણમાં વધુ તેટલી તેની સેવા વધુ દીપી ઊઠવાની. મન શાંત નીરવ ન હોય તો પ્રસન્નતા નહિ હોય, શરણાગતિ નહિ હોય. આમ, સેવકે સત્ત્વ ગુણમાં પ્રતિષ્ઠિત બનેલા રહેવું જોઈએ. અને આમ હોય તો જ બુદ્ધિ પણ તેજસ્વી ને તીક્ષ્ણ હોય. સેવકની બુદ્ધિ પણ સૂર્યસમ તેજસ્વી જોઈએ. અને આ બધા ગુણસમૂહ ઉપરાંત કળશરૂપે ભક્તિ પ્રગટી હોવી જોઈએ. ભક્તિ વિના સર્વાંગી સાચી સેવા અશક્ય, આમ, આપણે જોઈશું તો સેવા એટલે જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણીસંગમ, ત્રણે યોગમાં પારંગત. સેવા કરવા માટે આવા બધા ગુણોનો વિકાસ કરવો જોઈએ ને સાથે સાથે ભક્તિ પ્રગટાવવી જોઈએ યા પ્રગટવી જોઈએ. આ બધું જોતાં આધ્યાત્મિક ઊંચી કક્ષાએ પ્રગટ્યા વિના સેવાધર્મ અપનાવી શકાય નહિ, એટલે કે સફળતાપૂર્વક યથાયોગ્યપણે બજાવી ન

શકાય. જીવનવિકાસ કાજે સેવાધર્મ અપનાવવો સહાયક છે, ઘણો સહાયક છે. પ્રભુના, ગુરુના કે કોઈના પણ સાચા સેવક થવું એટલે જીવનવિકાસના સર્વોચ્ચ સોપાને સ્થિત થવાનો આદર્શ સેવીને તેને પ્રાપ્ત કરવો. આવા જ કોઈ કારણસર સેવાધર્મને પરમ ગહન ગણ્યો હશે.

❐

# ૩. રામ-કૈકેયીનો પ્રસંગ

'ચંપૂ રામાયણ'માં બેએક પ્રસંગ વર્ણવ્યા છે. તે ખૂબ વેધક અને માર્મિક છે. વનવાસ જતી વખતે અને વનવાસમાંથી પાછા ફરતી વેળા એમ બંને વખતે રામ કૈકેયીને પગે લાગવા જાય છે. એ બંને પ્રસંગના બે સુંદર શ્લોકો છે. રામની જે છબી લોકહૃદયમાં પડેલી છે, તેને કવિએ સુંદર રીતે વ્યક્ત કરી છે. વનવાસ જતી વેળા કૈકેયીને પગે પડતાં રામ કહે છે :-

वनमुवि तनुमात्रत्राणमाज्ञापितं मे
सकलभुवनभारः स्थापितो वत्समूर्ध्नि ।
तदिह सुकरतायामावयोस्तर्कितायां
मयि पतति गरीयानम्ब ते पक्षपातः ॥

હે માતા ! તમે મને વનમાં જવાની આજ્ઞા આપી. માત્ર મારા જેવાને પોતાના શરીરનું જ રક્ષણ કરવાનું સોપ્યું છે ને તારા દીકરાને (ભરતને) માથે સકળ ભુવનની રક્ષા કરવાનો (અયોધ્યાના રાજ્યનો) ભાર મૂક્યો છે. આ બેમાં વધારે સહેલું કયું છે તેનો વિચાર કરું છું તો મને લાગે છે કે હે માતા, તમે મારા તરફ જ પક્ષપાત બતાવ્યો છે !

(આપણો વારસો અને વૈભવ, પાન ૩૬)

આ પ્રસંગથી કવિએ સમાજને કેવો ભવ્ય આદર્શ બક્ષ્યો છે ! વનવાસમાં આવતી મુશ્કેલીઓ, દુઃખો અને સંતાપને તે રીતે ન પ્રીછતાં તેને ઉત્તમ ભેટ, બક્ષિસ તથા આનંદપ્રદ, આવકારપાત્ર ગણીને રામ પોતાની પ્રસન્નતામાં ઉમેરો ન કરતાં હોય એ રીતે તેને નિરૂપ્યા છે.

એક રીતે જોઈએ તો ગાદીત્યાગ અને વધારામાં વનવાસનું જીવન અર્પીને કૈકેયીએ તેમનું દેખીતી રીતે અહિત કર્યું છે,

પરંતુ રામ તો જગતની એ દૃષ્ટિએ જોતા જ નથી. તે તો પોતાનું દેખીતી રીતે અહિત કરનારનાં તેવાં પગલાંમાં પણ પોતાનું શ્રેય જુએ છે. પોતાના મન-ચિત્તમાં વૈર, દ્વેષ, ઈર્ષાનો રજમાત્ર પણ ડંખ ન લાગે તે માટે તેનાથી ક્યાંય ઊર્ધ્વ વિચાર (પક્ષપાતનો) સેવે છે. આ રીતે રામ પોતે તો પ્રભુએ જે પરિસ્થિતિ સર્જી તેમાં તેના પરમ મંગલકારી કરુણામય હસ્તનાં દર્શન કરે છે. આ છે આર્ય આદર્શ ! આ છે જીવનની સારપભરી ઉત્તમતા ! આપણા પ્રાચીન વડવાઓ પાસેથી જો કોઈ સાચો શાશ્વત વારસો મળેલો હોય તો તે આ છે.

જ્યારે જ્યારે કોઈના તરફથી આપણને અન્યાય થતો લાગે, આપણને નુકસાન કર્યાનું લાગે, આપણને દુઃખ અપાયેલું લાગે, જીવનનું સુખ હાથવેંતમાં હોય ને તે ઝૂંટવાઈ જતું હોય તે વેળા પણ અન્યાયકર્તા પ્રત્યે, નુકસાનકર્તા પ્રત્યે, દુઃખ દેનાર તરફ કે સુખને ઝૂંટવી લેનાર પ્રત્યે આભારવશતાની લાગણી રહે તો સમજીએ કે આપણામાં સાત્ત્વિકતા પ્રતિષ્ઠિત થતી આવે છે. આવો પ્રતિભાવ એ માત્ર કલ્પનાનો વિષય નથી. ઘણાના જીવનમાં તે આચરી બતાવાયેલું છે. જીવનની વિષમ વેળાએ આવા પ્રસંગો યાદ આવી જાય, સહજ સ્મરણ થઈ જાય અને તેમ થવા છતાં પ્રસન્નતા ટકી રહે એવું અનુભવવામાં આવે, પ્રસન્નતા પાંગરતી જતી હોય એવું લાગે તો જાણવું કે કામ પાક્યું છે યા પાકવા ઉપર છે. રામનો બીજે દિવસે સવારે તો રાજ્યાભિષેક થવાનો હતો તેને બદલે વનમાં જવાનું થાય છે ! કેવો પરસ્પર વિરોધ ! છતાં તેમણે કૈકેયી પ્રત્યે સહેજ પણ કટુતા સેવ્યા વિના માતા પ્રત્યેના પ્રેમાદર સહ કેવી વાત સુમધુર રીતે કરી ! રામાયણનું આ દૃષ્ટાંત પરમ ઉજ્જવળ અને પાવનકારી છે.

હવે, વનમાંથી પાછા ફરીને અયોધ્યામાં પ્રવેશતી વેળા શ્રીરામનું વલણ કૈકેયી પ્રતિ કેવું છે તે જોઈએ !

વનમાંથી પાછા ફરીને રાજમહેલમાં પ્રવેશતાં સૌ પ્રથમ તેઓ કૈકેયી માતાને પગે લાગવા જાય છે. પોતાની જનેતા કૌશલ્યા રામવિયોગે ઝૂરે છે અને રામના આગમન સાથે કેવાં હરખે ઘેલાં બન્યાં હશે એ તો સહેજે કલ્પી શકાય છે. રામ પોતાની એવી જનેતાને પ્રથમ મળવા જવાનું વિચારતા નથી. એમને મનમાં અનેક કરુણામય વિચારો આવ્યા હશે. મારા ગાદીત્યાગ અને દેશવટાને માટે કારણભૂત મનાયેલાં ભરતમાતા કૈકેયીને આજે સૌ ફિટકાર દેવાના વાતાવરણમાં હશે અને કૈકેયી માતાની શી દશા થઈ હશે ! કેવાં લજ્જાથી શરમાઈ મરતાં હશે ! એમને શોકસાગરમાં ડૂબતાં અને વધુ લજ્જિત બનતાં મારે તારવાં જ જોઈએ, ઊંચે ઉઠાવવાં જ જોઈએ અને તે ત્યારે જ શક્ય બને કે એમના પ્રત્યે સહેજ પણ કટુતાના ડંખ વિના એમને પ્રેમ અને સન્માનના ઉચ્ચ સિંહાસન પર બિરાજમાન કરાય. એટલે જ રામે કૈકેયી માતાને પ્રથમ પગે લાગવા જવાનું વિચાર્યું. આ છે શ્રીરામનો કરુણાભર્યો સૂક્ષ્મ વિવેક !

કવિએ અહીં રામના પાત્ર દ્વારા પોતાને દુઃખ દેનાર વ્યક્તિની લાગણીઓનો પણ કેવો સૂક્ષ્મ, સંવેદનશીલ, સજાગ ખ્યાલ રખાવવાનું કર્યું છે ! શ્રીરામ અને રામાયણે જે લાખો કરોડો લોકોનાં મન-ચિત્ત હર્યાં છે તે આવાં કારણોએ. શ્રીરામ વનમાંથી પાછા ફરીને કૈકેયીને પગે લાગતાં કહે છે :-

तातस्नेहो भरतमहिमा पौरुषं वायुसूतोः
सख्यंचापि प्लवगनृपते क्वापि सौमित्रिभक्तिः ।
सीतासत्यं मम भुजबलं वैरिणां वैरभावः
ज्ञातं सर्वं तव चरणयोर्मातरेषः प्रसादः ॥

હે માતા ! પિતાનો સ્નેહ (એ કેવી અમોલી ચીજ છે !), ભરતનો ભ્રાતૃભાવ (કેવો મહિમાવંત છે !), હનુમાનનું પૌરુષ, વાનરોમાં પણ મૈત્રી જાળવવાની સચ્ચાઈ, લક્ષ્મણની (મૂક) ભક્તિ, સીતાનું સત, મારી ભુજાઓનું બળ, વૈરીઓનું (રાવણનું) વેર, આ બધાં કેવાં છે, તે કેવળ તારી કૃપા વડે જ હું જાણી શક્યો છું. એ તારો પ્રસાદ મને મળ્યો છે.

સામાના રાઈ જેવડા ગુણને, ઉપકારને પર્વત સમાન ગણીને ચાલવું એ કેવો ઉદાત્ત ભવ્ય ભાવ છે ! પરંતુ અહીં તો કૈકેયીનો રાઈ જેવડો પણ ઉપકાર કે ગુણ નથી. છે કેવળ સ્વાર્થ, દ્વેષ, ઈર્ષાનો પડઘો અને તેનાથી પ્રેરાઈને પરિણમેલા પરમ કષ્ટદાયી વનવાસના પ્રસંગો. શ્રીરામને તો સંપૂર્ણ ગુણના અભાવમાંથી ગુણોનો ભંડાર શોધવાનું ભગીરથ ભવ્ય કાર્ય કરવાનું બન્યું છે. કડવા ઘૂંટડામાંથી-સાચું કહીએ તો-ઝેરના ઘૂંટડામાંથી તેમણે અમૃત શોધ્યું છે ને પામ્યા છે. આ છે જીવનની ઉચ્ચતા, ઉત્તમતા, ભવ્યતા, રમ્યતા ને આર્યની આર્યતા.

રામાયણના પ્રસંગોમાંના આ બે શ્લોકો કદાચ ઉત્તમમાં ઉત્તમ ભાવોને વ્યક્ત કરનારા શ્લોકોમાં પણ મોખરાના હશે. સાધકે જીવનને કેટલી ઊંચી કક્ષાએ લઈ જવાનું છે, તેનો નિર્દેશ આમાં આવી જાય છે. આ કારણે મને આ બે શ્લોકો ને આ પ્રસંગો ખૂબ સ્પર્શે છે. વનવાસ જતી વેળાએ પણ કૈકેયીમાને પગે લાગવું ને વનવાસમાંથી આવીને પ્રથમ એમને જ પગે લાગવું આ બે પ્રસંગો સમગ્ર દુનિયાને અપાયેલી શ્રી વાલ્મીકિની અણમોલ અને ભવ્ય ભેટ છે.

❒

# ૪. મહત્ત્વ કેટલું અને ક્યારે ?

આજથી લગભગ ૨૦ વર્ષ પહેલાંની વાત છે. નડિયાદ આશ્રમ સાથે ભાવાત્મક સંબંધથી જોડાયેલી એક પ્રતિષ્ઠિત સન્માનનીય વ્યક્તિ આફ્રિકા જઈ આવી. એઓ આર્થિકપણે ઘણા સુખી. વળી ભાવુક પણ ખરા. પૂજ્ય શ્રીમોટા માટે ભક્તિ પણ ખરી. પૂજ્ય શ્રીમોટા જ્યારે જ્યારે આશ્રમમાંથી બહાર ગયા હોય ત્યારે એમનું વાહન (મોટરકાર) આશ્રમેથી સ્ટેશને અને સ્ટેશનેથી આશ્રમે લઈ જવા આવે છે. આ ઉપરાંત, આજુબાજુનાં ગામડાંમાં જવું હોય ત્યારે પણ એ વાહનની સેવા આપે છે.

તેઓ તેમનાં પત્ની સાથે બે માસ માટે આફ્રિકા ફરવા ગયેલાં. આફ્રિકાથી પાછાં ફરતાં આફ્રિકામાં રહેતાં અને વેપાર કરતાં તેમના પુત્ર અને પુત્રવધૂ અને બીજાઓ પણ સાથે દેશમાં આવેલાં. મુંબઈથી નડિયાદ તેઓ પોતાના વાહનમાં આવેલાં. રાતે બે વાગ્યે તેઓ નડિયાદ ગામમાં પ્રવેશ્યાં. આશ્રમમાં સાંજે છ વાગ્યા પછી આવવાની મનાઈની હકીકત તેઓ જાણતાં હતાં, પરંતુ તેમણે વિવેક વાપર્યો. બુદ્ધિ અને ભક્તિનો ઉપયોગ કર્યો. જડ શબ્દને વળગવાનું ન કર્યું. નડિયાદમાં તે દિવસોમાં સખત ઠંડીનું મોજું ફરી વળ્યું હતું. તેમાં પાછલી રાતની ઠંડી તો વળી ઓર હતી. મુંબઈથી નડિયાદ સુધીના મોટર માર્ગે આજથી ૨૦ વર્ષ પહેલાંની સડકો પર કેટલો થાક લાગે તે તો કોઈ અનુભવ કરનાર જ કહી શકે. એટલે તેઓ થાકેલાં પાકેલાં હોય એ તદ્દન સ્વાભાવિક હતું. છતાં બે વાગ્યે રાત્રે આશ્રમે આવ્યાં. ગામમાં પ્રવેશ કર્યા બાદ પોતાનું ઘર વટાવ્યું, બજાર વટાવ્યું અને ત્યારબાદ ત્રણ

માઈલ દૂર આશ્રમે આવ્યાં. મોટરનો અવાજ આવતાં હું બહાર સૂતેલો હોઈ જાગી ગયો અને દરવાજે ત્યાં તો એમને બધાંને જોયાં. મેં દરવાજો ખોલ્યો પણ તેઓ બધાં અંદર ન આવ્યાં. આફ્રિકાથી પૂજ્યને માટે ઘણી બધી આણેલી ભેટની વસ્તુઓ મને આપી અને આશ્રમને પ્રણામ કરી મને કહે 'હવે અમે જઈએ.'

તેઓ બધાં ખૂબ ખૂબ ભક્તિભાવથી અગવડ વેઠીને રાત્રે ચાહીને ખાસ આવ્યાં તેથી મેં કહ્યું, 'પૂજ્ય તો ઘણું ખરું જાગતા જ હશે તેમને હું ઊઠાડું. આપ અંદર પધારો,' પરંતુ તેઓ તો નમ્રતાસહ બોલ્યા, 'ના ! ના ! તેઓશ્રીને તસ્દી આપવા નથી આવ્યાં. 'ઘરમાં પ્રવેશતાં પહેલાં પૂજ્યના આશ્રમનાં દર્શન કરીને પછી ઘરમાં જવું' તેવા આશયથી જ મોડી રાત્રે અમે સૌ આવ્યાં છીએ. પૂજ્યશ્રીને તકલીફ નથી આપવી. હવે હું સવારે પૂજ્યને પગે લાગવા આવીશ.' આમ કહીને સૌ ગયાં.

આ હકીકત હૃદયને સ્પર્શી જાય તેવી છે. તેમના આવા ભાવથી મને તો તે વખતે અને પછીથી ઘણા સમય સુધી ભાવોર્મિનો ઉદ્રેક રહેલો. કેવી ભક્તિ, સમજણ અને સૂક્ષ્મ વિવેક !!!

જીવનમાં અને જગતમાં મહત્ત્વ કોને કેટલું અપાય છે, તેના ઉપર પણ આપણો વિકાસ અવલંબી રહે છે. આ જ ઘટના લઈએ તો એ ભાઈ ઉજાગરાથી હેરાન થયા હતા એટલે પ્રથમ પોતાને ઘરે જઈ. સૂઈ કરી, આરામ લઈને નિરાંતે પૂજ્યને મળવા અને પગે લાગવા આવ્યા હોત, તે ઉત્તમ કે સીધા આશ્રમે મોડી રાતે પણ ઠંડીમાં આવીને આશ્રમનાં દર્શન કરીને પૂજ્યશ્રીને તકલીફ ન આપીને ઘેર

ગયા તે ઉત્તમ ? પોતાના જ જીવન ઉપર કયા પ્રસંગની વધુ અસર પડે ને સામાનો ભાવ પણ કેવો ને કેટલો કઈ રીતની ઘટનાથી ઊપજે તે આપણે વિચારી લેવું ઘટે.

કાર્ય એક જ હોય, એક જ પ્રકારે કરવાનાં હોય છે, છતાં તેમાં મહત્ત્વ કોને મળે છે તેના ઉપર આધાર રહે છે. મળવાનું નિરાંતે પછીથી પણ કરી શકાય ને પ્રથમ પણ કરી શકાયું. આ બે કાર્ય એક જ છે છતાં 'તરત' અને 'પછી' એમાં ફેર પડી જાય છે. જે કાર્ય જે વેળા તરત કરવાનું હોય તે કરીએ તેની અસર જુદી અને નિરાંતે આપણી સગવડે થાય તે વાત જુદી.

મહેમાન આવ્યા હોય તેમને જમાડવાના તો હોય જ. તેમના ભોજન સમયે જમાડીએ તેની એક પ્રકારની અસર ને આપણી સગવડે ને નિરાંતે જમાડીએ તેની અસર જુદી જ થાય તેમાં કોઈ સંશય નથી.

આપણે એક ભોજન સમારંભ યોજ્યો છે. જુદા જુદા સંબંધવાળા ઘણાં બધાંને નોતર્યાં છે. આ સંબંધો વિવિધ પ્રકારના છે. સગાંઓ-સ્વજનોના, વ્યાપારી-પડોશીના, મિત્રો-વડીલોના અને સામાજિક વગેરે વિવિધ સંબંધો છે. હવે, આ બધાંમાં મહત્ત્વના સ્થાને કોને બેસાડીએ છીએ તેના ઉપરથી આપણા જીવનમાં કયા વલણને કેટલું મહત્ત્વ આપણે આપીએ છીએ તે અંકાય છે. એટલું જ નહિ પણ આપણી જીવનની પરિપાટીમાં તે દૃઢ થાય છે. જમાડવાનું કાર્ય તો એક જ પ્રકારનું છે. ગમે ત્યાં બેસાડીને જમાડી શકાય છે. પણ ના ! જો આપણું આંતરનિરીક્ષણ યથાર્થ હોય તો કોને કેટલું મહત્ત્વ આપણું મન-હૃદય આપે છે, તેનું મૂલ્યાંકન આવી વેળા આપણા તે વેળાના ઊપજતાં વલણથી નક્કી સમજાઈ જઈ શકે છે.

જીવનમાં દરેક વ્યક્તિ કંઈક કશાને તો મહત્ત્વ આપે જ છે. એકબીજાની સરસાઈ સ્વીકારીને તેમ આચરવું રહે છે. આપણે કોઈ એક મહેમાન સાથે વાત કરતા હોઈએ અને બીજા તેના કરતાં વધુ મહત્ત્વના મહેમાન આવતાં આપણે બીજાને તરત આવકારીએ છીએ જ.

આ લખતાં એક ઘટના યાદ આવે છે. સહેજ જરા જેટલા વિવેકથી અને દૂરંદેશી સૂઝથી પરિસ્થિતિમાં કેવો જબરજસ્ત પલટો લાવી શકાય છે, તેનો અનુભવેલો એક અદ્‌ભુત કિસ્સો અહીં ટાંકવો અસ્થાને ન ગણાય.

આ એ જમાનાની વાત છે જ્યારે ઍટલાંટિક મહાસાગરને પાર કરીને કોઈ વિમાન પસાર થઈ શક્યું ન હતું. યુરોપ અને અમેરિકા વચ્ચે કોઈ પણ વિમાને ત્યારે મુસાફરી કરી ન હતી. ૧૯૨૮નો એ સમય. ઍટલાંટિક મહાસાગરને વિમાન દ્વારા પાર કરવાના પ્રયત્નો ચાલતા હતા. તે જમાનામાં હવાઈ બાબતમાં ફ્રાંસની અન્ય દેશો કરતાં સરસાઈ હતી. ફ્રાંસ સરકારની સહાયથી ફ્રાંસના બે મહારથી વૈજ્ઞાનિકો અને વિમાનીઓ સ્પેશિયલ પ્લેન તૈયાર કરી રહ્યા હતા. હવામાન ખાતાની સહાય અને ઓથ સાથે સરકારની બધી જ જાતની સહાય અને હૂંફ સાથે બે અનુભવી પીઢ વિમાનીઓ પૅરિસથી ન્યૂયૉર્કમાં એકીસાથેના પાંચ હજાર માઈલના ઉડ્ડયન માટે નીકળ્યા. આ પ્રથમ ઉડ્ડયન હતું. આની પહેલાં કોઈએ આવું સાહસ કર્યું ન હતું. આજે તો અસંખ્ય વિમાનો રોજ હજારો માઈલનાં ઉડ્ડયનો કરે છે. જેટ વિમાનનો યુગ આવ્યો છે. ચંદ્ર ઉપર માનવી પહોંચ્યો છે. એટલે ૧૯૨૮ના ઍટલાંટિક મહાસાગરના આ પ્રથમ ઉડ્ડયન વખતે લોકોને થયેલાં આશ્ચર્ય અને ઉત્સાહની કલ્પના આપણને બરાબર નહિ આવે, પરંતુ

ત્યારે ૧૯૨૮માં તો આ બે વિમાનીઓના પરાક્રમી પ્રયાસને સર્વ દેશોનાં છાપાંઓમાં પ્રથમ પાને મહત્ત્વનું સ્થાન મળ્યું હતું. ફ્રાંસમાં તો જાણે દેશ આખાનો ઉત્સવ હોય એવું વાતાવરણ હતું. પૅરિસમાં એક રાષ્ટ્રીય તહેવાર હોય એવું લાગતું હતું. તે વેળા હું પૅરિસમાં હતો એટલે આ વાતાવરણ મારા જાતઅનુભવનું છે. આ બે વિમાનીઓ ઊપડ્યા. પછી દોઢ બે દિન સુધી તેઓના કશાય સમાચાર ના સાંપડ્યા. ચાર દિવસ પસાર થયા, સાત દિવસ પસાર થયા, કોઈ સમાચાર નહિ. દેશ આખો દિલગીરીમાં-શોકમાં ડૂબી ગયો. આ શોકની ઘેરી છાયાનો ખ્યાલ તો તે વેળા ત્યાં હાજર હોય તેને જ બરાબર આવી શકે. દેશના પ્રમુખના કે રાજાના મૃત્યુ કરતાં પણ વિશેષ શોકમગ્ન વાતાવરણ સમગ્ર દેશમાં પ્રસરી ગયું.

આવા સંજોગોમાં એક બીજી ઘટના પણ બની. એ ઘટનાની પશ્ચાદ્‌ભૂમિકામાં ઉપર્યુક્ત ફ્રાંસની ઘટના કરતાં સંપૂર્ણ વિરોધાભાસ પ્રવર્તતો હતો. હવામાનશાસ્ત્ર પ્રમાણે પૅરિસથી ન્યૂયૉર્ક તરફ જવા કરતાં ન્યૂયૉર્કથી પૅરિસ આવવામાં વિશેષ મુશ્કેલી અને જોખમ ગણાતું હતું, છતાં ન્યૂયૉર્કથી એક ૧૯ વર્ષનો છોકરો-કે જેણે માત્ર ત્રણ જ વર્ષ હવાઈ ખાતામાં ને તે પણ માત્ર ટપાલના કોથળાઓ ટૂંકા અંતરના હવાઈ જહાજોમાં લઈ જવાની કામગીરી બજાવેલી હતી, તેના ઍટલાંટિક મહાસાગરને ઓળંગવાના સાહસને દેશની, સરકારની, છાપાંવાળાંઓની કે કોઈ મોટી સંસ્થાઓની મદદ ન હતી, માત્ર એક વેપારીએ નાનું શું ઍરોપ્લેન તૈયાર કરી આપવામાં આર્થિક મદદ આપેલી. શિયાળાની કકડતી ઠંડીમાં તે એકલો જ નાના રમકડા જેવા મૉનોપ્લેનમાં ન્યૂયૉર્કથી નીકળ્યો. છાપાંમાં સમાચાર ઝબક્યા !

ખુદ અમેરિકાની પ્રજાના મનમાં એવો અંદેશો હતો કે જ્યાં બબ્બે પીઢ-અનુભવી મહારથી વિમાનીઓ રાજ્યની પૂરી સહાયથી તૈયાર થયેલા ને બધી સામગ્રીથી સુસજ્જ મોટાં વિમાનમાં અને તે પણ અનુકૂળ હવામાનના સમયે પૂર્વથી પશ્ચિમ જવામાં નિષ્ફળ ગયા, ત્યાં આવો એક નાનકડો છોકરો મૉનોપ્લેનમાં ! એકલો ! કેવી રીતે પશ્ચિમમાંથી પૂર્વમાં પ્રતિકૂળ હવામાનમાં સલામત પહોંચી શકવાનો છે ! પણ કુદરતની ઈચ્છા કંઈક જુદી જ હતી. પ્રભુનું કરવું કે બરાબર ૩૩ કલાકમાં ૨૮૦૦ માઈલનો આ સળંગ-અધવચ્ચે કોઈ પણ જાતના ઉતરાણ વગરનો પ્રવાસ સફળતા પૂર્વક કરી શક્યો. તેનું નામ હતું લિન્ડબર્ગ. લિન્ડબર્ગ સીધો સડસડાટ તીરની માફક પૅરિસના હવાઈ મથક ઉપર આવી પહોંચ્યો. એકલો અટૂલો સ્ટિયરિંગ વીલ પર સતત બેસી રહીને-નહિ પેશાબ, નહિ શૌચ, નહિ રેડિયો જેવાં સાધનો, પાસે કશું જ નહિ, એકમાત્ર નાનકડું મૉનોપ્લેન ! એને અનુભવ પણ ઝાઝો નહિ. છતાં જેમાં બબ્બે મહારથીઓ નિષ્ફળ ગયા અને તેમણે પોતાના જાન પણ ગુમાવ્યા, તે જ સાહસમાં આ નવયુવાન સફળ થયો !

પૅરિસમાં સનસનાટીભર્યા સમાચાર ફેલાઈ ગયા કે અમેરિકાનો નાનકડો યુવાન લિન્ડબર્ગ સલામત રીતે ઍટલાંટિક પસાર કરીને આવી રહ્યો છે. ફ્રાંસમાં એ વખતે પોતાના બે વિમાનીઓ ગુમાવ્યાને કારણે શોકનું વાતાવરણ હતું. એ પીઢ વિમાનીઓને ગુમાવ્યાને પાંચ સાત દિન જ થયેલા હતા. નિષ્ફળતાનો ડંખ સમગ્ર પ્રજાને સાલતો હતો. એમણે પોતાના વિમાનીઓ ગુમાવ્યાને National Calamity રાષ્ટ્રીય આફત ગણી હતી. તેવા સમયે એક અમેરિકને આમ ઊડવાનો કાર્યક્રમ ગોઠવવો એ જ એક રીતે યોગ્ય ન હતું. વળી, તેમાંયે તેને

પૅરિસમાં જ આવવાનું બન્યું. આ બાબત ફ્રેંચોને પોતાના દેશનું નાક કાપ્યા સમાન લાગી. સમગ્ર પૅરિસ શહેરમાં તંગ વાતાવરણ સર્જાયેલું હતું. ફ્રેંચ પ્રજા ગુસ્સામાં હતી. જ્યાં ત્યાં પૅરિસમાં આ જ વાત ચર્ચાતી. ખરું જોતાં તો ફ્રાંસનાં છાપાંઓએ લિન્ડબર્ગને આ સાહસ માટે વધાવવો જોઈતો હતો, તેને બદલે સાંજની આવૃત્તિઓનાં છપાંઓમાં આવા કસમયે ઊડીને આવવા બદલ લિન્ડબર્ગ પર રોષ ઠાલવવામાં આવ્યો હતો. ત્યાં તો રાતે આશરે ૧૦-૧૧ વાગ્યે સમાચાર ફરી વળ્યા કે ૩૩ કલાકના ઉડ્ડયન બાદ લિન્ડબર્ગ સહીસલામત રીતે એકલો ઊડીને હવાઈ મથક ઉપર ઊતરે છે. લોકો ખૂબ અકળાયા, ગુસ્સે થયા. સ્પૉર્ટ્સમૅનશિપનો સદંતર અભાવ વર્તાવા લાગ્યો, જાણે કે અમરિકાએ ફ્રાંસ કબજે કરી લીધું હોય એટલો બધો વિષાદ બધે છવાઈ ગયો હતો.

આ વાતાવરણમાં એક વ્યક્તિની સૂઝે ભારે પલટો આણ્યો. એ વ્યક્તિ હતી ફ્રાંસ ખાતેના અમેરિકાના એલચી. તે બુદ્ધિમાન, દૂરંદેશી અને વહેવારુ હતા. ફ્રાંસના લોકોના વિરોધ અને રોષ એણે બરાબર પારખ્યા હતા. તે પોતે આમેય અમેરિકાના એલચી તરીકે હવાઈ મથક પર હાજર તો રહેવાના હતા. એટલે તેઓ ત્યાં ગયા, પણ એમણે એક અનોખી કુનેહ દાખવી. જેવો લિન્ડબર્ગ ઊતર્યો કે તરત તેને પોતાની કારમાં બેસાડીને સીધા જે બે ફ્રેંચ મહારથી વિમાનીઓ મૃત્યુ પામ્યા હતા તેમને ઘરે લઈ જવામાં આવ્યો. એકને ઘરે વિધવા પત્ની હતાં અને બીજાને ઘરે વિધવા માતા હતાં. આ બંનેનાં ઘરો સામાન્ય સાધારણ ગરીબ લત્તામાં આવેલાં હતાં. આમ, તદ્દન અણધાર્યા, અણચિંતવ્યા અમેરિકાના એલચી અને વિજેતા લિન્ડબર્ગ આ બે શોકગ્રસ્ત કુટુંબની મુલાકાતે ગયા અને તેમના શોકમાં ભાગ લીધો.

આ સમાચાર થોડીક જ વારમાં સમગ્ર પૅરિસમાં અને ત્યારબાદ સમગ્ર દેશમાં (ફ્રાંસમાં) પ્રસરી ગયા. આ બનાવે સારાય દેશની હવામાં અચાનક પલટો આણી દીધો. આગલે દિવસે હવાઈ મથક ઉપર ફ્રેંચ લોકો ઝાઝી સંખ્યામાં એકત્રિત થયા ન હતા અને નહિ જેવું માન આપેલું તે પ્રજાએ બીજે દિવસે અમેરિકન એલચી ખાતાની ઑફિસે મોટી ભીડ જમાવી દીધી. ટોળાંનાં ટોળાં જામ્યાં અને લિન્ડબર્ગને અનેક વાર છજામાં દર્શન આપવા આવવું પડ્યું. એક જ રાતમાં લિન્ડબર્ગ ફ્રેંચ પ્રજાનો માનીતો લાડીલો Hero (નાયક) બની ચૂક્યો. તે જીવનસ્મરણને હથેળીમાં લઈને માનસિક રીતે અત્યંત તંગ અને ઉશ્કેરાટવાળી સ્થિતિમાં અને શારીરિક રીતે ભૂખ્યો, તરસ્યો, થાકેલો, ઉજાગરાવાળો એક જ સ્થળે બેઠેલો. વિમાનમાંથી બહાર આવ્યો ત્યારે પ્રથમ આરામ અને ઊંઘ માટે તે ન જતાં, પરંતુ પ્રથમ શોકાતુર વિધવા પત્નીને, વિધવા માને મળવા ગયો. પછી જ પોતાના ઉતારે ગયો. હવાઈ મથક પરથી સીધા તેમના ઘરે આશ્વાસન દેવા જવાની આ નાની શી (!) હકીકતે, દૂરંદેશીએ, સમજણે, સહાનુભૂતિએ ફ્રેંચ પ્રજામાં જે કડવાશ ફેલાયેલી હતી તે ટાળીને બંને પ્રજાને નજીક આણી દીધી. આ કુનેહ અને બુદ્ધિ લિન્ડબર્ગની હોય કે અમેરિકન એલચીની હોય, જેની હોય તેની, પણ પરિણામ શુભ આવ્યું. આ જ આશ્વાસન દેવા જવાનું પગલું-સહાનુભૂતિ વ્યક્ત કરવાનું પગલું-બીજી સવારે ઊંઘ લીધા બાદ, જમ્યા પછી, થાક ઉતાર્યા બાદ લેવાયું હોત તો કદી પણ આવો ફ્રેંચ પ્રજાની લાગણીઓમાં સુખદ પલટો ન આવી શક્યો હોત ! એટલે મહત્ત્વ કોને કેટલું ક્યારે અપાય છે તેના ઉપર બધો આધાર રહે છે !!! ❒

# ૫. મૌનરૂમની વિસ્મયકારક ઘટના

અમદાવાદના એક જાણીતા આંખના નિષ્ણાત ડૉક્ટર સુરત આશ્રમમાં મૌનમાં બેઠા. ઈ.સ. ૧૯૬૧ની સાલ હતી. તે વખતે તેમની ઉંમર માત્ર ૪૯ વર્ષની હતી. તેમને મૌનમાં જે અનુભવમાંથી પસાર થવું પડ્યું, એ જાણીએ તે પહેલાં તેમના જીવનની પૂર્વભૂમિકા પણ જાણવા જેવી છે.

એમનો પહેરવેશ તદ્દન સાદો અને તે પણ ખાદીનો. રાષ્ટ્રીય વિચારધારાના ચાહક પણ ખરા, ભારે સાહસિક અને વીર માણસ પણ ખરા. બીજા વિશ્વયુદ્ધ સમયે એમણે લશ્કરમાં દાક્તરી સેવા આપેલી અને એ કારણે દેશવિદેશમાં ફરવાનું પણ બનેલું. પૂર્વના અને પશ્ચિમના ઘણા દેશોની મુલાકાત તેમણે લીધેલી. યુદ્ધ દરમિયાન જાપાનીઓના હાથમાં સપડાયેલા પણ ખરા. અનેક મુસીબતો અને યાતનાઓ વેઠીને જાપાનીઓના હાથમાંથી છટક્યા પણ ખરા. પગે ચાલતા બર્મા દ્વારા હિંદમાં પ્રવેશી શકેલા. સેવાવૃત્તિ પણ પ્રબળ હતી. જનહિતાર્થે પરોપકારી કાર્યો પણ કરતા.

એમના એક ડૉક્ટર મિત્ર દ્વારા આશ્રમના સંપર્કમાં આવ્યા. સુરત આશ્રમે સાત દિવસ માટે મૌનમાં બેસવાનું નક્કી કરી બેઠા. સુરતના ડૉક્ટર મિત્ર આશ્રમે મૂકવા આવેલા. પ્રથમ ચાર દિવસનો મૌનગાળો તો તેમનો સુખરૂપ આસાનીથી પસાર થયો, પરંતુ પાછળના ત્રણ દિવસ દરમિયાન જમ્યા પણ નહિ. છેલ્લા બે દિવસ તો અર્ધા ભૂખ્યા રહ્યા. માત્ર ચા જ લે. કેરીની બે ત્રણ ચીરી લે. શરૂઆતના દિવસોમાં તો એ જે જપ કરતા તે બહારથી સારી રીતે સાંભળી શકાતા, પરંતુ છેલ્લા ત્રણ દિવસ તો જપ સંભળાય નહિ. દેહનું ભાન ભૂલવા

માંડ્યા હતા એમ કહીએ તોપણ ચાલે. ધ્યાનમાં જ જાણે રહ્યા કરતા હોય એવું લાગતું. બારીમાં ભોજનનો થાળ મૂકવામાં આવતો અને મોટેથી બૂમ પાડીને કહેવામાં આવતું, 'પ્રભુ, પ્રસાદ મુક્યો છે. પ્રેમથી આરોગજો.' આ છતાં પણ તે ખોરાક લીધો નહિ. અંદરથી એમની બારી ખોલી જ નહિ. કપડાં જે, સાધકે બહાર ધોવા બારીમાં મૂકી દેવાનો રિવાજ છે, તે પ્રમાણે કપડાં પણ બહાર ન મૂકે. આમ, બધું છેલ્લા ત્રણ દિવસ માટે અસ્તવ્યસ્ત થયા કર્યું.

એમના મૌન સપ્તાહની પૂર્ણાહુતિનો દિન આવી પહોંચ્યો. એમને બહાર આવવા માટે મૌનરૂમ ખોલ્યો, પરંતુ એઓ બહાર આવે જ નહિ. એમના સુરતના ડૉક્ટર મિત્ર સમજાવવા માટે અંદર ગયા તો તેમનો હાથ પકડીને મારવાની ધમકી આપી. હાથ ઉગામ્યો પણ ખરો, પરંતુ સાથે બીજા ભાઈઓ હતા તેમણે વાતને કુનેહથી વાળી લીધી. જેમ તેમ કરીને સમજાવીને બહાર તો કાઢ્યા. તે વેળા વરસાદ પણ ચાલુ હતો. એમણે શરીરે માત્ર એક ધોતિયું લપેટેલું. ખુલ્લા શરીરે બહાર ચોતરા પર પૂજ્ય શ્રીમોટાની બેઠક હતી ત્યાં અઢેલીને ધ્યાનસ્થ દશામાં બેસી ગયા. સામાન્ય રીતે મૌનમાંથી નીકળનાર વ્યક્તિ શ્રદ્ધાથી પૂજ્ય શ્રીમોટાને પગે પડવા જાય. એમણે તો તે ચેષ્ટા પણ ન કરી. પૂજ્યશ્રીને મળવા પણ ન ગયા. મૌનની પૂર્ણાહુતિ નિમિત્તે અને નવીન બેસનારાઓના મૌનપ્રારંભ વેળા સુરત આશ્રમે વરંડામાં બેસીને સૌ પ્રાર્થના માટે એકત્રિત થાય છે. ત્યાં પણ કોઈને એ મળવા ન ગયા. જ્યારે ધ્યાનસ્થ થઈને બેઠા ત્યારે તેમને મેં ખભાથી હલાવ્યા, બોલાવ્યા અને ઉઠાડવા પ્રયત્ન કર્યો, પણ આંખો ખોલે તે બીજા. ચસક્યા જ નહિ. વરંડામાં બધાંએ પ્રાર્થના શરૂ કરી. પ્રાર્થનાના અંતે જ્યારે બધાં વરંડાની બહાર

આવ્યાં ત્યારે જોયું તો ડૉક્ટર ન મળે. અમને એમ થયેલું કે મૌનનો રંગ લાગ્યો હોય એ દેખાય છે એટલે  ભાવાવેશ હશે, તો છો બહાર બેઠા. આમ ચાલ્યા જશે એવો ખ્યાલ ન હતો.

ડૉક્ટર નથી એમ ખબર પડતાં જ આજુબાજુ તપાસ કરવી શરૂ કરી દેવાઈ. સુરત આશ્રમથી ત્રણ બાજુ રસ્તા જાય છે. એક વરિયાવ તરફ, બીજો ઓલપાડ તરફ અને ત્રીજો રાંદેર-સુરત તરફ. આશ્રમે સવારના આવનારાઓમાંથી કેટલાક મોટરો લઈને આવેલા. આ ત્રણેય રસ્તે આગંતુકોની મોટરો દોડાવવામાં આવી. હવે બાકી રહેલી દિશા નદી તરફની હતી. તેના તરફ નજર નાખી. બાજુના સ્મશાનના ઓવારે પણ ફરી વળ્યા, પણ ક્યાંય ડૉક્ટર દેખાય નહિ. ઘડીભર મનમાં વિચાર ઝબકી ગયો, કે નદીમાં તો નહિ ઝંપલાવ્યું હોય ! કદાચ એવું ન બન્યું હોય કે ભાવાવેશમાં રામતીર્થે નદીમાં સમાધિ લીધેલી તે વાત તેમને યાદ આવી હોય અને તેવા વિચારના આધારે નદીમાં પડતું નાખ્યું હોય ! આ વિચાર આવતાં એમનાં પગલાં કઈ દિશામાં ગયાં છે તે શોધવાનું શરૂ કર્યું. સદ્ભાગ્યે તે વખતે આશ્રમમાં એક પગલાંપારખુ ભાઈ હાજર હતા. તેમણે પગેરું પકડ્યું અને નદીના કિનારા સુધી લઈ ગયા. તાપીમાતામાં પાણી તો ઘણું હતું. વ્યક્તિ સહજતાથી ડૂબી જાય એટલો કાદવ પણ હતો. કિનારા પર ડોક્ટરનાં પડેલાં પગલાંથી એટલું તો નક્કી કરવામાં આવ્યું કે નદીમાં પડતું નંખાયું છે. એટલે કસ્ટમવાળા, હોડીવાળા-લોંચ(Lounch)વાળા વગેરેને ખબર આપવી કે કેમ તેની ચર્ચા-વિચારણા થઈ. પૂજ્ય શ્રીમોટાએ જણાવ્યું, 'જો ડૉક્ટરને તરતાં આવડતું હશે તો ભલે હાલ તેઓનું મન ગાંડપણમાં પ્રવર્તતું હોય તોપણ એમનું અજ્ઞાત મન (Subconscious mind)

જિજીવિષાની પ્રબળ આકાંક્ષાને કારણે ડૉક્ટર પાસે તરવાની કળાનો ઉપયોગ તો કરાવશે.'

એમને લેવા આવનાર ડૉક્ટરમિત્રે કહ્યું કે મૌનમાં બેસનાર ડૉક્ટરને આ પહેલાં ભાંગફોડ કરાવનારા આવેગવાળા ગાંડપણના બેત્રણ હુમલા આવેલા હતા. એમને કદીક કદીક એવું ગાંડપણ દેખા દેતું. આ હકીકતના સ્ફોટથી એક વાત તો ચોક્કસ થઈ ગઈ કે એમનો આ ભાવાવેશ ન હતો, પરંતુ ખરેખર તો ગાંડપણે એમના મનનો કબજો લીધો હતો. સંભવ છે કે શરૂમાં ભાવાવેશ પ્રગટ્યો હોય ને મન એકાગ્રતામાં આવતું થયું હોય ને ત્યાં ગાંડપણે મનનો પૂરો કબજો લઈ લીધો હોય. સંભવ છે કે શરૂઆતમાં ભાવાવેશ પ્રગટ્યો હોય અને તે વખતે આવું બન્યું હોય. એટલે એને કારણે જ આ પરિસ્થિતિ જન્મી એમ કહી શકાય.

જેનું મન આળું થઈ ગયું હોય, અગાઉ ગાંડપણ આવી ચૂક્યું હોય તેવી વ્યક્તિનો ભાવાવેશ શરૂઆતમાં ભલે વાસ્તવિક પણ હોય છતાં તેનો કબજો ગાંડપણ કેવો સખત રીતે લઈ શકે તેનું આ ડૉક્ટર સાહેબ ઉદાહરણ છે.

ડૉક્ટર તરવાનું જાણતા હતા કે કેમ તેની અમને કોઈને ખબર ન હતી. તેમના ડૉક્ટરમિત્ર તો કાર લઈને તેમને શોધવા નીકળી ગયેલા. 'મિલિટરીમાં ઘણાં વર્ષો ગાળેલાં હોવાથી કદાચ તરતાં આવડતું હોય' એમ પૂજ્ય શ્રીમોટા બોલ્યા. આમ, વાતો ખૂબ ભારે હૈયે થતી હતી ત્યાં તો બૂમ પડી કે 'ડૉક્ટર જડ્યા ને આવ્યા છે.' પૂજ્ય શ્રીમોટા નદીકિનારે જ બેસી રહ્યા હતા. તેમને જાણ કરી અમે સૌ આશ્રમના ઝાંપા તરફ ડૉક્ટરની પાસે જવા વળ્યા.

અમે જોયું તો ડૉક્ટર સાહેબ નગ્નાવસ્થામાં 'સમાધિસ્થ' દશામાં બેઠેલા. બાજુમાં બે ભાઈઓ હતા. આગળ ત્રણ ભાઈઓ હતા. અમે પહેલાં તો ડૉક્ટરને એમના સુરતથી લેવા આવેલા ડૉક્ટરમિત્રને ત્યાં મોકલવાનું કર્યું. પછી જ ખરેખર શું બન્યું હતું તે જાણવા પ્રયાસ કર્યો. એટલે કે ડૉક્ટર ક્યાંથી અને કેવી રીતે મળ્યા. ડૉક્ટરને મોટરમાં લઈ આવનાર ભાઈઓમાંથી એક ભાઈ રાંદેરના તે ડૉક્ટર સાથે સુરત ન જતાં આશ્રમે ઊતરી પડ્યા. તેમણે બનેલી ઘટના વર્ણવી તે નીચે પ્રમાણે છે :-

આશ્રમથી દોઢેક માઈલ દૂર રાંદેર નામનું નાનું ગામ છે. ત્યાં ખલાસીઓની વસ્તી ઘણી રહે. વળી, તે દિવસે દરરોજની જેમ ગામના એ ખલાસીઓનાં છોકરાંઓ પણ નદીમાં નાહવા પડેલાં હતાં. ઘણા ખલાસીઓ માછલાં પણ પકડતા હતા. તેઓએ 'ખાટલી તારા'માં કોક માનવીને તણાતાં જોયો, તેને હડસેલા મારીને દોરડાં નાખીને કિનારે ખેંચી આણ્યો.

કિનારે આવતાંની સાથે ને બહાર કાઢતાંની સાથે જ ડૉક્ટરે તો નદીમાં ફરી પડવાની ધમપછાડ કરી મૂકી પણ ખલાસીઓ આગળ ફાવ્યા નહિ. ત્યાર બાદ તેમણે ધોતિયું કાઢી નાખ્યું અને નગ્નાવસ્થામાં એક મંદિરના ઓટલે જઈ આંખો મીંચીને ધ્યાનની દશામાં હોય એમ બેસી ગયા. એમણે જે ધમપછાડ કરેલી તેનાથી તેમના ખભા પર અને પગ પર જરાક જરાક ઉઝરડા પડેલા. આમ છતાં તેઓ સહેજ પણ પાણી પી ગયા ન હતા. એમના ડૉક્ટરમિત્ર પાસેથી પછીથી જાણવા મળ્યું કે તેઓને તરતાં આવડતું હતું એટલે પૂજ્ય

---

* પાછળથી ખુદ ડૉક્ટર સાહેબે જણાવ્યા અનુસાર આ હકીકત ખોટી ઠરી હતી. સંપાદક

શ્રીમોટાના કહેવા અનુસાર અનુમાન એમ કર્યું કે જેવા તેઓ નદીમાં કૂદી પડ્યા હશે કે તરત જ અજ્ઞાત મને (subconscious mind) સચેત થઈ જઈને એમની પાસે તરવાની ક્રિયા આરંભાવી દીધી હશે. પછીથી થાકી જતાં 'ખાટલી તારા'માં ઘસડાતાં ઘસડાતાં પ્રવાહમાં વહેતા તણાયે ગયા હશે. આથી, પાણી પી જવાનું બન્યું નહિ હોય.

મંદિરના ઓટલે ડૉક્ટર પંદરેક મિનિટ બેઠા હશે અને સુરત આશ્રમના વ્યવસ્થાપક શ્રી ભીખુભાઈ જેઓ ડૉક્ટરને શોધવા નીકળેલા તથા રાંદરેથી માછીઓને બોટ અને જાળ લઈને તેડી લાવવા ગયેલા તે આવી પહોંચ્યા. તેઓ ડૉક્ટર પાસે મંદિરના ઓટલે ગયા. ડૉક્ટરને મોટરમાં બેસવા વિનંતી કરી પણ માને જ નહિ. અંદર દાખલ જ ના થાય. મહાપરાણે સમજાવીને બેળેબેળે લગભગ ઢસરડીને મોટરની પાછલી સીટ પર બેસાડ્યા. આમ, બેસાડ્યા તો ખરા પણ પછી તેઓ બીજા કોઈને પોતાની બાજુમાં બેસવા પણ ન દે. બારણા પર હાથ રાખીને પગ બહાર લટકાવીને રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને બધાને ડરાવ્યા કરે. મહામહેનતે બે ભાઈ એમની સાથે બેસી ગયા અને મોટર આશ્રમ તરફ હંકારી મૂકી. ત્યારે ડૉક્ટર આગળની સીટ પર લાતંલાત કરવા લાગ્યા અને કાચ ઉપર મુઠ્ઠીઓ ઉગામવા લાગ્યા. આમ, તોફાન મચાવી મૂક્યું.

બે દિવસના મૌનની અંદર ભૂખ્યા રહેવા હોવા છતાં અને દોઢેક માઈલ તરીને તથા તણાઈને આવવા છતાં જોર ખૂબ જ રહ્યું. એ જોર હતું ગાંડપણનું.

જેમ તેમ કરીને મોટર આશ્રમના કંપાઉંડમાં આવી અને મોટરમાલિકનો શ્વાસ હેઠો બેઠો. એટલામાં ડૉક્ટરમિત્ર જે પોતાની મોટર લઈને શોધમાં નીકળેલા તેમને ન મળતાં નિરાશ

થઈ પાછા આવ્યા. આ બંને મોટરો ડૉક્ટરમિત્રને ઘરે સુરત તરફ હંકારવામાં આવી. ત્યાં ડૉક્ટરમિત્રને ત્યાં પણ આ ભાઈએ ધમાચકડી મચાવી મૂકી. શરૂઆતમાં તો મોટરમાંથી ઊતરવાનો જ ઇનકાર કર્યો. નગ્ન શરીરને ઢાંકવા-પહેરવા માટે ધોતિયું આપ્યું તો તે પણ ફેંકી દીધું. છેવટે એ બધાએ ભેગા થઈને નક્કી કર્યું કે ઊંચકીને ઘરમાં નાખવા. એટલામાં એ માની ગયા. તેમણે ધોતિયું જેમ તેમ લપેટી લીધું. ઘરમાં દાખલ કરી તેમને ખુરશીમાં બેસાડ્યા. થોડી વાર શાંત રહ્યા ને પાછા તોફાને ચઢ્યા. બાજુમાં બેઠેલ એક ભાઈને ચારપાંચ તમાચા ચોઢી દીધા. ડૉક્ટરમિત્રના ઘરનો રેડિયો કેસ સાથે ઊંચકીને ફેંક્યો અને અફાળ્યો. કાચની બરણીઓ તોડીફોડી નાખી, પેલા બાજુમાં બેઠેલા ભાઈનો હાથ પકડીને ઘરની બહાર ધકેલી દીધા અને બારણું બંધ કરી દીધું. એમ તેઓ તો રમણે ચઢ્યા. વળી, થોડી વાર પછી ઘર બહાર નીકળીને ધોતિયું કાઢી નાખીને ભાગવા પ્રયત્ન કર્યો. આંગણાનાં પગથિયાં ઊતરીને રસ્તા પર લગભગ આવી પહોંચ્યા.

લોકો તો તમાશો જોવા ટોળે મળેલાં. સરિયામ રસ્તા પર ડૉક્ટરમિત્રનું મકાન. વળી, સમજાવ્યા ને થોડું જમાડ્યા. દોઢ વાગ્યાની ફાસ્ટમાં અમદાવાદ તેમના ઘરે લઈ જવાનું નક્કી કર્યું. તેમનાં પત્નીને તાર પણ કર્યો. અમદાવાદના તેમના સાથી ડૉક્ટરને પણ ખબર આપી કે ફાસ્ટ ઉપર સ્ટેશને આવો.

એક વાગ્યે સુરત સ્ટેશને ડૉક્ટરને લઈને એમના સુરતના ડૉક્ટરમિત્ર અને બીજા એક ભાઈ આવ્યા. ડૉક્ટરે તો અહીં પણ તોફાન કરવાની શરૂઆત કરી. ડૉક્ટરમિત્રને એક ભય સતાવ્યા કરતો હતો : 'ડબ્બામાં તોફાન કરે તો ? આથી, તેમણે એક સોબતી મિત્રને અમદાવાદ સુધી જોડે રાખેલા. એ

ત્રણેય પ્રથમ વર્ગની ટિકિટ લઈ સ્ટેશન પર અમારા આગમનની રાહ જોતા હતા. એ લોકોને ખબર હતી કે પૂજ્ય શ્રીમોટા અને અમે બધા એ જ ટ્રેનમાં નડિયાદ જવાના હતા. અને એટલે જ એમણે એ ટ્રેન પસંદ કરી જેથી પૂજ્ય શ્રીમોટાનો સંગાથ નડિયાદ સુધી તો મળી રહે ! તેઓ અમારા ડબ્બામાં આવ્યા. બે સૂવાની બેઠકો એટલે કુલ છ જણની બેઠક. અમે સાત જણા હતા. સામાન પણ ઠીક ઠીક હતો. કંપાર્ટમેન્ટ સાંકડો અને સીધો હતો. બેઠકો પણ સામસામી નજીક નજીક હતી. ડૉક્ટરમિત્રે મૌનાર્થી ડૉક્ટરને પૂજ્ય શ્રીમોટાની બાજુમાં બેસાડ્યા. અમે ડબ્બામાં પ્રથમ ચઢી ગયેલા. એ લોકો પાછળ પાછળ આવી અમારા ડબ્બામાં ચઢ્યા. સવારના મૌનમાંથી નીકળ્યા પછી પ્રથમ વાર જ પૂજ્ય શ્રીમોટાને મળવાનું ડૉક્ટરને અહીં બન્યું. પૂજ્ય શ્રીમોટાને જોતાં જ ડૉક્ટરે તેમને બાથ ભિડાવી. પૂજ્યશ્રી પણ તેમને ગોદમાં લઈ ભેટ્યા, ચુંબન કર્યું, પીઠ થાબડી અને પોતાની બાજુમાં બેસાડ્યા. ડૉક્ટર ઘડીમાં હસે, ઘડીકમાં ગંભીર થઈને ધ્યાનસ્થ થઈ જાય એમ બેઠા રહ્યા. પૂજ્ય શ્રીમોટાની હાજરી અને સ્પર્શથી ડૉક્ટર છેક સુધી શાંત રહ્યા. તે અંગે પાછળથી ડૉક્ટરમિત્રે પૂજ્યશ્રીને લખેલા પત્રમાંથી થોડો ભાગ અત્રે ટાંકવો અસ્થાને નથી.

પૂજ્ય શ્રીમોટા,

આપને ત્યાંથી, આશ્રમેથી નીકળ્યા બાદ ઘેર ગયા પછી પણ... ભાઈએ ઠીક ઠીક તોફાન કર્યું. રેડિયો ઊંચકીને પછાડેલો. કાચનાં વાસણો તોડેલાં, વગેરે.

સ્ટેશન પર ડબ્બામાં પ્રવેશતાં પહેલાં પણ તોફાન કરેલું. એથી જ તો અમે આપના ડબ્બામાં આવ્યા અને આપનો આરામ ખૂંચવી લીધો અને બેસવાની પણ સંકડાશ કરી. અમારા

આશ્ચર્ય વચ્ચે જોયું કે આપનો સ્પર્શ એમને થતાં જ તેમનું તોફાન અદશ્ય થઈ ગયું અને ખૂબ શાંતિથી બેસી રહ્યા. તમારા સ્પર્શની જાદુઈ અસર થયેલી અનુભવી. નડિયાદ સ્ટેશને આપ ઊતરી ગયા પછી પણ તેઓ અમદાવાદ સુધી શાંત જ રહેલા. પછીથી કોઈ તકલીફ નડી ન હતી. એમના સહકાર્યકર ડૉક્ટરમિત્ર હરદ્વાર ગયા ન હતા, એટલે તેઓ પણ સ્ટેશન પર લેવા હાજર રહ્યા હતા.

વધુ આશ્ચર્યની વાત એ પણ બની કે રેડિયો ન તો બગડ્યો કે ન તો તેનો કાચ પણ તૂટ્યો હતો. ઊંચકીને જોરથી દૂર ફેંક્યા છતાં. અત્યારે રેડિયો વાગી રહ્યો છે.

લિ. ડૉ...''

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સુરત સ્ટેશનના પ્લૅટફૉર્મ પર છેક છેલ્લી ક્ષણ સુધી ડૉક્ટરે તોફાન કરેલું, પરંતુ પૂજ્ય શ્રીમોટાનો સ્પર્શ પામતાં શાંત બનેલા અને સહીસલામત ઘરે પહોંચેલા.

ડૉક્ટરમિત્રે જો પ્રથમથી જ આ ડૉક્ટરની માનસિક સ્થિતિનો ખ્યાલ પૂજ્યશ્રીને આપ્યો હોત તો પરિણામ આવું કઠિન અને ચિંતા ઉપજાવનારું ન આવત તેમ માનવાને પૂરતું સબળ કારણ છે. માનસિક રીતે બે વાર ગાંડાં થઈ ગયેલાં એવાં એક બહેન સુરત આશ્રમે સાત દિવસ માટે મૌનમાં બેઠાં હતાં. હજી આજે પણ તેમના મુખારવિંદને જોતાં અને તેમની વાણી સાંભળતાં તેમની માનસિક અસ્વસ્થતાની છાપ વરતાય છે. અલબત્ત, આ વિશેની જાણ તેમના પતિએ પૂજ્યશ્રીને અગાઉથી કરી હતી. આમ છતાં તેમને મૌનમાં બેસાડવાનું સાહસ પૂજ્ય શ્રીમોટાએ ખેડ્યું હતું. તેમણે સાત દિવસ મૌનમાં આનંદમાં પસાર કરેલાં. આમ, તેઓ હેમખેમ

બહાર આવેલાં. હજુ પણ વધુ દિવસો મૌનમાં બેસવાની ઇચ્છા વ્યક્ત કરે છે.

એટલે જો ડૉક્ટર વિશે પણ પૂજ્ય શ્રીમોટાને પૂર્વજાણ કરાઈ હોત તો તેમના ગાંડપણની સામે સૂક્ષ્મપણે તેમણે તકેદારી રાખી હોત. આવો હચમચાવી નાખનારો પ્રસંગ જ ઊભો ન થાત. કોઈને એવો વિચાર પણ આવે કે પૂજ્યશ્રી આત્મસાક્ષાત્કારી છે તો એમને જણાવ્યા વિના કેમ એમણે જાણી ન લીધું ? આ પ્રશ્નમાં રહેલી શંકાનું નિવારણ એ છે કે આવા આત્માઓ એમ જાણવાનો પ્રયત્ન કદી કરતા હોતા નથી. એ તો જેમ જેમ પ્રસંગો આપમેળે સામે આવતા જાય તેમ તેમ જ તે પ્રમાણે વર્તે, આવું અનેક વાર મેં અનુભવ્યું છે, એટલે આપણી ફરજ સ્વયં તેમને અગાઉથી આવું બધું નિવેદન કરવાનું રહે છે-માગણી કરવાની રહે છે.

આ ઘટનાનું એક બીજું પાસું વિચારવા જેવું છે. ડૉક્ટરમિત્ર તો પોલીસને ખબર દેવા પણ તત્પર થઈ ગયેલા. પૂજ્યે તેમને વાર્યા અને કહ્યું, ‘પોલીસને તો ચોવીસ કલાક પછી પણ ખબર આપી શકાય. અને જો ખબર આપવાનું જ થાય તો તે ફરજ આશ્રમની છે, તમારી નહિ. મૌનમાંથી નીકળીને નદીમાં કૂદીને આત્મઘાત કર્યો છે તો આશ્રમ પોલીસને જણાવશે. માટે હમણાં તરત કશું તે અંગે કરવાની જરૂર નથી.’

ડૉક્ટર જો જીવ્યા ન હોત અને આત્મઘાત થયો જ હોત તો જરૂર પોલીસને જાણ કરાત જ. પોલીસ પાર્ટી આશ્રમે આવત. કેવા સંજોગોમાં ડૉક્ટરે આપઘાત કર્યો તે અંગે પૂછત અને બધી વિગતો મેળવી ડૉક્ટરને આમ અંધારા ઓરડામાં આટલા દિવસો પુરાઈ રહેવાથી આમ બન્યું એવા નિર્ણય પર આવીને આશ્રમને બદનામ થવાનું આવત. એટલું જ નહિ

પરંતુ આશ્રમની આવી પ્રવૃત્તિ બંધ કરાવવા પોલીસ વિચારત અને પગલાં લેત એવી શક્યતા પણ ઊભી થવા પૂરેપૂરો સંભવ હતો. છાપે ચઢવાનું તો બનત, પરંતુ પોલીસ સમાજના હિતમાં (!) આવી પ્રવૃત્તિ જ્યાં જ્યાં ચાલતી હોય ત્યાં ત્યાં બંધ કરાવવા કોશિશ પણ કરત. આપણે ભલે ખૂબ જ બુદ્ધિપૂર્વક દલીલ કરીએ કે આજ સુધી સેંકડો માણસો પુરાઈને ગયા અને કશું અનિષ્ટ ન બન્યું, પરંતુ પોલીસ અને સરકાર તો એક જણને પણ આમ બની શકે-ભલેને તેની માનસિક સ્થિતિ પહેલાં ગાંડપણની હતી એમ પુરવાર કરીએ તોપણ-એ હકીકતને આધારે આવી પ્રવૃત્તિ સામે પ્રતિબંધ લાવત. તેમાં તેઓનો દોષ પણ ન કાઢી શકાય, કારણ કે જેલમાં અંધારી કોટડીની સજા ભારેમાં ભારે સજા લેખાય છે અને વળી આપણી અંધારી કોટડી તો જેલની અંધારકોટડી કરતાં પણ ચડિયાતી છે.

ઈ. સ. ૧૯૪૯માં માનનીય મુરબ્બીશ્રી અંબુભાઈ પુરાણી પોંડિચેરીથી સાબરમતી આશ્રમે અમને મળવા આવેલા. ત્યારે હું મૌનમાં હતો. ૬૩મો દિવસ હતો. તેઓ તે જાણીને બોલેલા કે, સામાન્યપણે તો આવી સ્થિતિમાં માનવી ગાંડો થઈ જાય, પરંતુ કોઈ સમર્થની ઓથ હોવાથી જ મૌનએકાંતમાં બેસવું શક્ય બને છે.'

અમારો એ અનુભવ છે કે પ્રભુએ ભક્તની લાજ અનેક વખત રાખી છે, તેમ આ વખતે પણ રાખી અને ડૉક્ટરને બચાવી લીધા. તેઓ નવજીવન પામ્યા.

ડૉક્ટરના આ પ્રસંગથી કોઈએ મૌનમાં બેસવા અંગે મુદ્દલે ગભરાવાની જરૂર ના હોય. કોઈને આવું હજુ સુધી બન્યું નથી. બહેનો, પુરુષો, કુમારિકાઓ, ૮-૧૦ વર્ષની બાળાઓ

અને કિશોરો મૌનમાં બેઠાં છે. આનંદપૂર્વક બહાર આવ્યાં છે. તે પણ કંઈક પામીને-સાચું જીવનભાથું મેળવીને.

આ મૌનએકાંતની પ્રવૃત્તિએ અનેક જણને અનેક પ્રકારના ફાયદા-સ્થૂળ અને સૂક્ષ્મ-કર્યાનાં લખાણો અને નિવેદનો મોજૂદ છે.

ઉપર્યુક્ત પ્રસંગ બાદ ડૉક્ટર અને તેમનાં પત્ની એકાએક એક દિવસ સાંજે આશ્રમે આવી પહોંચ્યાં. પૂજ્ય શ્રીમોટાને પગે લાગ્યાં. પૂજ્યશ્રી ડૉક્ટરને ભેટ્યા. બંને જણે અલગ અલગ પૂજ્યશ્રીને હાર પહેરાવ્યા. આમ, તેમણે પોતાનો ભાવ અને કૃતજ્ઞતા વ્યક્ત રીતે દર્શાવ્યાં. મેં ધીમેથી તેમને કહ્યું, 'પ્રભુનો પાડ માનો કે તમને તરતાં આવડતું હતું.' તેઓ બોલી ઊઠયા, 'ના, મને બિલકુલ તરતાં નથી આવડતું. મુદ્દલે નહિ. હું ભૂસકો મારવાના ઈરાદાથી નદીએ ગયો ન હતો. હું તો તાપીમાતામાં નાહવા માટે નીચે ઊતર્યો હતો. નદીમાં પ્રવેશ કર્યા પછી નદીમાં જ કિનારે કિનારે આગળ જવાનું દિલ થતાં ચાલવા માંડ્યું. ખાડાટેકરા આવતા હતા. એક જગાએ પગના તળિયે પાણી જ પાણી. જમીનનો સ્પર્શ જ ન થયો. પગ ટક્યા જ નહિ. ત્યારે મને એમ થયું કે, 'રામ રમી ગયા.' માથા ઉપરથી જાણે પાણી વહી જશે એમ થયું. આ વખતે પાણીનાં મોજાંનો એક હિલોળો આવ્યો અને હું આગળ ધકેલાયો. જમીન પર પગ ટકી ગયા પણ ખરા છતાં પછી શું બન્યું તેનો મને ખ્યાલ નથી. હું પાણી કેમ ના પી ગયો અને ડૂબી કેમ ના ગયો તે જ મોટું આશ્ચર્ય છે. બહારથી મને કશું ભાન ન હતું, પરંતુ અંદરખાનેથી હું સભાન (conscious) હતો. પછી તો રાંદેર પાસેથી મને ખેંચી કાઢ્યો તે પછીનું તમે બધું જાણો છો. અમદાવાદ ગયા પછી મેં ઊછળી ઊછળીને મોટેથી હરિઃૐની બૂમો મારવા માંડી. એ નામસ્મરણની બૂમો તદ્દન સભાનપણે પાડતો હતો, પણ મારાં

પત્ની અને કુટુંબીઓએ તો એમ જ માન્યું કે એ ગાંડપણની જ બૂમો છે અને પહેલાંના અનુભવથી એમ ધારી પણ લીધું કે હું તોફાન કરીશ. આથી, તેઓએ મને દોરડાથી બાંધી રાખ્યો. મેં એમને ઘણાં સમજાવ્યાં કે, 'મને છોડો. હું ભાનમાં છું.' પણ કોણ સાંભળે ! તેવામાં એક અમારા પરિચિત સંન્યાસી આવી ચડ્યા. તેમણે પારખ્યું કે, ખરેખર હું હવે ગાંડપણમાં નથી. તેમણે કુટુંબીજનોને કહ્યું, 'એના હાથપગ છોડી નાખો. એ કંઈ કરે તો જવાબદારી મારી.' બધાંએ મને છૂટો કર્યો ને આજે તો હું અહીં તમારાં ચરણે છું.'

ડૉક્ટરે પૂજ્ય શ્રીમોટા પોતાને ઘરે પધારે તેવી વિનંતી સાથે અભિલાષા વ્યક્ત કરી. જતી વેળા બંને પતિપત્નીએ પોતપોતાના વતી રૂ. ૧૦૮-૧૦૮ પૂજ્યને ચરણે ધરી વિદાય લીધી.

સુરત આશ્રમનો એ બનાવ બન્યાને બરાબર એક મહિને ડૉક્ટરે પૂજ્ય શ્રીમોટા પર જે પત્ર લખ્યો એ સ્વયંસ્પષ્ટ અને ભાવભરપૂર છે :-

'આ જીવનમાં બાવરા બનીને પણ આપ જેવાના ખોળામાં માથું મૂકવાનો શુભ અવસર મળે તો એના જેવો બીજો ઉત્તમ લાભ શો હોઈ શકે ? તાપીમાતાનાં પાણી આ શરીર પર ફરી વળ્યાં ને માથા પર આવી ગયાં ત્યારે 'તવ ઈચ્છા પ્રભુ સદાય મારી' એ સ્વામી રામતીર્થની પ્રાર્થના મારાથી બોલાઈ ગઈ અને જીવ અલૌકિક રીતે સહીસલામત બહાર આવી શક્યો. તે પ્રસંગમાં હરિ:ૐ આશ્રમ અને તેના પ્રણેતાનું ગૌરવ પ્રગટાવવાની એની ઈચ્છા હતી તે સિદ્ધ થાય છે.'

આ ઘટના ઉપરથી સ્વાભાવિક રીતે જ, હું અને હેમંતભાઈ તથા બીજા બે જણ પ્રથમ વાર જ પોંડિચેરી ગયેલા ત્યારે જોવા મળેલા એક પ્રસંગની સ્મૃતિ તાજી થાય

છે. એ ઈ.સ. ૧૯૩૯ની સાલ હતી. તારાબહેન નામનાં એક ગુજરાતી બહેન ખૂબ જ સંસ્કારી છાપવાળાં હોય એમ લાગતાં છતાં ગાંડાંની માફક પોંડિચેરીના દરિયાની રેતીમાં અસ્તવ્યસ્ત કપડાંમાં પડેલાં જોવાં મળ્યાં હતાં. એકલી એક ગુજરાતી બહેનને એવી દશામાં જોતાં અમે અનુકંપા સહ એની પાસે ગયા. અમારા આશ્ચર્ય વચ્ચે વાતચીતમાં જરા પણ ગાંડપણનું ચિહ્ન ન વરતાય એવી રીતે એ બહેન શુદ્ધ સંસ્કારી ભાષા ઉચ્ચારતાં હતાં. અંગ્રેજી પણ બોલતાં હતાં. એઓ પરણેલાં હતાં, પતિ હતા, ૧૫-૧૬ વર્ષની પુત્રી પણ હતી અને મુંબઈમાં રહેતાં હતાં. ત્યાંથી એકલાં જ આવેલાં. તેમને શ્રીઅરવિંદનાં દર્શનની મનાઈ કરવામાં આવી હતી. આશ્રમના કંપાઉંડમાં પ્રવેશ કરવાની પણ મનાઈ હતી. એ બહેને શ્રીઅરવિંદનાં દર્શનનો ખૂબ જ આગ્રહ રાખ્યો હતો. પાંડિચેરી ગામમાં એક લૉજમાં રૂમ ભાડે રાખીને રહેતાં. લૉજમાં જમીને સવારસાંજ આશ્રમની બહાર આંટો મારે. નજીકના બીચ ઉપર જઈને બેસે. કેટલાંક આશ્રમવાસી ગુજરાતી ભાઈબહેનોને તેમના પર દયા આવે. કેટલાંકે તો તેમને દર્શન મળે એવા નિષ્ફળ પ્રયત્ન પણ કરેલા, પરંતુ પૂજ્ય શ્રીઅરવિંદ અને માતાજીની દૃઢપણે 'ના' જ ચાલુ હતી. એટલે તે બાઈ આંટા માર્યા કરે. બીજા સાધકો દ્વારા આશ્રમને અને માતાજીને ભેટ પણ મોકલતાં. અમે તે બાઈને સમજાવીને મુંબઈ તેમને ઘરે રવાના કરાવેલાં. તે બાઈની દર્શનની આટઆટલી ધગશ હોવા છતાં જ્યારે માતાજીએ 'ના' જ પાડી ત્યારે મારા મનમાં આશ્રમ પ્રત્યે અન્યથા* ભાવ ઊપજેલો.

---

* અન્યથા ભાવ એટલે કોઈ વિશે આડુંઅવળું - ઊંધું - નકારાત્મક વિચારવું તે. - સંપાદક

એ બધું આ ડૉક્ટર સાહેબનો પ્રસંગ બન્યો ત્યારે તાજું થયું. જેનું મન આળું થઈ ગયું હોય, ભૂતકાળમાં ક્યારેય પણ ગાંડપણના હુમલા થયા હોય તેવાઓનો ભાવાવેશ ભલે કદાચ શરૂઆતમાં આપણને સાચો અને પ્રતીતિજનક લાગતો હોય છતાં તેવાના મનનો ગાંડપણ કેવો જબરજસ્ત કબજો લઈ શકે છે, એ ડૉક્ટર સાહેબના કિસ્સામાં અનુભવવા મળ્યું ત્યારે શ્રીઅરવિંદ આશ્રમ તરફના પેલાં બહેનના કિસ્સામાં મારો જે અન્યથા ભાવ પ્રગટ થયેલો તે કેટલો અજ્ઞાનમય, દીન-હીન અને વિવેકશૂન્ય હતો તે સમજાયું. કેવો ભારે અન્યાય પોંડિચેરી આશ્રમને મનોમન તે વેળા કરેલો !!! આ ઘટના ભલે આંડફંટાતી હકીકત ગણાય છતાં મારો એકરાર લખ્યા વિના રહી શકાય તેમ નથી. આપણા અજ્ઞાનભર્યા ઘમંડમાં આપણે કેટલા તો છીછરા હોઈએ છીએ ! અને છતાં મુક્તપુરુષો (આત્મસાક્ષાત્કારી પુરુષો)ને માપવાની ચેષ્ટા કરીએ છીએ. તેમના ન્યાયધીશ બની બેસીએ છીએ અને આપણા ડહાપણભરેલા (!) ચુકાદાઓ આપવા બેસી જઈએ છીએ.

કેટલાં વર્ષ બાદ સત્ય સમજાયું ! આવા તો કેટલાય અન્યાયો આપણે માનસિક રીતે કરતાં હોઈશું. સાધકે આ બાબતમાં સાવધ જ રહેવું ઘટે. ખરેખર ! આ રીતે જ સાધના એટલે ખાંડાની ધાર પર ચાલવાનું છે - અસિધારાવત્ પળેપળની સભાનતા એ માગી લે છે.

❐

# ૬. પૂજ્ય શ્રીમોટાની અનાસક્તિ

કોઈ પણ મુક્તપુરુષનું જીવન આપણા માટે પ્રેરણાસ્ત્રોત છે. એમનાં જીવનનાં અનેકવિધ પાસાં હોય છે. એ પાસાંનું દર્શન કરવું અને પ્રમાણવું એ આપણે સ્વીકારેલાં આપણાં ધારાધોરણથી સર્વથા શક્ય નથી. આપણા માપદંડોથી એમનું મૂલ્યાંકન ન થઈ શકે. પૂજ્ય શ્રીમોટા એ મુક્તપુરુષ હતા. તેમના જીવનનો એક મહત્તમ ગુણ અનાસક્તિ સ્વકામના-રહિતપણું હતો. તેનું દર્શન કરાવનાર થોડાક પ્રસંગનું ચિત્રણ કરવાનું અત્રે અસ્થાને નહિ ગણાય.

પૂજ્ય શ્રીમોટા દક્ષિણ ભારતમાં રહેતા હતા ત્યારે ત્યાં આશ્રમ સ્થાપવાનો વિચાર જન્મ્યો. આશ્રમ માટેનું સ્થળ, જમીન, મકાન વગેરેની તપાસ અર્થે ઘણું ફરેલા, છેક દક્ષિણમાં ત્રિચી સુધી પણ જઈ આવેલા. છેવટે કુંભકોણમ્ એ આશ્રમ થયો એ વાત સુવિદિત છે. અહીં પ્રસ્તુત પ્રસંગ છે આશ્રમ સ્થાપ્યા પહેલાંનો.

આશ્રમ સ્થાપવાનો વિચાર સક્રિય બનવા લાગ્યો. એમના શિષ્ય-મિત્રોમાંથી બેએક જણે એને આયોજિત સ્વરૂપે હાથ ધર્યો. એક સરસ અપીલ ઘડી કાઢી. પરિચિત વર્તુળોમાં બધે મોકલી આપી. આ પરિપત્ર દ્વારા નાણાં એકત્રિત કરવાનું ઠીક ઠીક કહેવાય એવું કામ થયું. રૂપિયા ૮૮,૦૦૦/- જેટલા રોકડા અને રૂપિયા ૩૦,૦૦૦/- મકાન માટે રોકડ અને વચનોની ગોઠવણ પણ થઈ ગઈ.

પરંતુ એક દિવસ અચાનક પૂજ્ય શ્રીમોટાએ હુકમ કરી આશ્રમ સ્થાપવાનો એ વિચાર રદ કરી દીધો. બધી રોકડ

રકમ તથા બીજું જેનું જેનું મળેલું તે તેમને પરત કરી દેવાયું. આ બનાવ ૧૯૪૮માં બન્યો. એ સમયના એક લાખ એટલે આજના (૧૯૮૦માં) દસ લાખ કરતાંયે વધારે ગણી શકાય.

આ બધું જ તૈયાર થયેલું હોય તેને રદ કરવું એ કંઈ સામાન્ય નિર્ણયશક્તિનું પરિણામ નથી. આવો નિર્ણય અનાસક્ત અને સ્વકામનારહિત વ્યક્તિ જ લઈ શકે. આ એક અપૂર્વ દૃષ્ટાંત છે અને તે અનુભવની હકીકત છે.

ઉપર્યુક્ત બનાવ બન્યો તે પહેલાં ઈ.સ. ૧૯૪૬માં એમના એક મિત્ર-શિષ્યને ભાવસમાધિ (trance)ની સ્થિતિ પ્રાપ્ત થઈ. પૂજ્ય શ્રીમોટાના માર્ગદર્શન હેઠળ તેઓ પોતાની સાધના કરતા હતા. પૂજ્યશ્રી પ્રત્યેની તેમની ભાવવૃદ્ધિમાં કાળક્રમે ઠીક ઠીક ઉછાળો આવ્યો અને તે ભાવસમાધિ (trance)માં પરિણમ્યો. એ સ્થિતિમાં તેઓ લગભગ સોળ કલાક રહ્યા. પોતે હિંદી ભાષાનો ઉપયોગ ક્યાંય કરતા નહિ. એવી ફાવટ પણ નહિ. છતાં ભાવસમાધિ દરમિયાન એઓ સતત હિંદીમાં જ બોલ્યે રાખતા. એ સ્થિતિમાં એમની પોતાની તમામ મિલકત પૂજ્ય શ્રીમોટાને ચરણે ગુરુસમર્પણ ભાવે ધરી દેવાનું તેમને ઊગ્યું અને એ પ્રકારનો આગ્રહ પૂજ્ય શ્રીમોટા સમક્ષ એમણે રાખ્યો. માત્ર કહીને જ અટકી જાત તો પ્રશ્ન ન હતો, પરંતુ તેમણે તે જ પળે રજિસ્ટ્રારને ઘરે બોલાવી તે પ્રકારનો દસ્તાવેજ કરવાની હઠ પકડી. પૂજ્ય શ્રીમોટા માટે ધર્મસંકટ ઊભું થયું. તેમણે બહુ સમજાવ્યા છતાં એઓ ન જ માન્યા. એટલે પૂજ્યશ્રીએ ‘સારું’ કહીને વાત ટાળી. ‘હા, બોલાવીએ છીએ.’ એમ કહીને વાતને ઠેલી, પરંતુ એમણે એનો સ્વીકાર ન કર્યો તે ન જ કર્યો. ભાવસમાધિમાંથી એ ભાઈ મુક્ત બન્યા પછી એમને સમજાવતાં આગ્રહ છોડ્યો.

આમ, દોઢ લાખ રૂપિયા ઉપરાંતની મિલકત તેમણે ખૂબ જ કુનેહપૂર્વક પોતાને નામે થતી ટાળી. જો તેમણે ધાર્યું હોત કે ઇચ્છ્યું હોત તો તો ખુશીથી તેઓ સહજ વારમાં તેમ કરાવી શક્યા હોત, પરંતુ તેમણે તે સંપૂર્ણ રીતે ટાળ્યું.

આમ કરવામાં બીજો એક ગૌણ હેતુ પણ એમણે સાથે સાથે સાધ્યો. એ મિત્ર-શિષ્યના એક વડીલ હતા, નજદીક જ રહેતા હતા. ઘણી વાર સાથે પણ રહેતા. તેમને આવા ગુરુશિષ્ય સંબંધ વિશે થોડી આશંકા રહ્યા કરતી હતી. તેવી મતલબના કોઈક કોઈક આડકતરા ટોણારૂપ ઉદ્‌ગારો પણ એમનાથી નીકળી જતા. આ ભગતપણું એ એક ધૂતી લેવાનું રૂપાળું સાધન છે એવી કંઈક અન્યથા ભાવની માન્યતા ઊંડે ઊંડે ખરી. પૂજ્યશ્રી એ અણસાર પામી પણ ગયેલા, પરંતુ પોતાના સ્વબચાવમાં કે પોતાની નિષ્ઠા-પ્રામાણિકતા પ્રદર્શિત કરવાની કોઈ ચેષ્ટા તેઓ ન કરે. એટલે આ પ્રસંગ દ્વારા તેમણે 'એક કાંકરે બે પક્ષી માર્યાં.' પોતાની નિઃસ્પૃહતા અને અનાસક્તિનાં દર્શન તો કરાવ્યાં પણ સાથે સાથે પેલા વડીલશ્રીના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું. એ વડીલને આ બનાવ પછી એમનામાં પૂરેપૂરી શ્રદ્ધા પ્રગટી એટલું જ નહિ પરંતુ ખૂબ ભક્તિભાવે એમને સ્વીકાર્યા.

બીજા એક પ્રસંગમાં એમની સાથે હરિજન સેવક સંઘમાં કામ કરનાર એમના એક મિત્ર-શિષ્યે એમની પોતાની તમામ બચત રકમ (બીજા અર્થમાં પોતાનું સર્વસ્વ) પૂજ્ય શ્રીમોટાને ચરણે ધરી દીધી. પૂજ્ય શ્રીમોટાએ એમને ખૂબ ના પાડી છતાં એ ના માન્યા ત્યારે હરિજન સેવક સંઘમાં 'ચૂનીલાલ ભગત નંબર-૨' એવું ખાતું બનાવી તેમાં રાખ્યા. બેચાર વર્ષ બાદ એ ખાતું બંધ કરી એની તમામ રકમ એ મિત્ર-

શિષ્યને પરત કરી. આમ, disinterestedness in monetary matters-આર્થિક બાબતમાં નિસ્વાર્થપણાનું વલણ એમણે દર્શાવ્યું.

પાછળથી જ્યારે લોકસંગ્રહાર્થે એમણે સામાજિક કાર્યોની શરૂઆત કરી અને તે અંગે જોઈતા નાણાભંડોળ માટે જોરશોરથી પૈસા માગવાની શરૂઆત કરી ત્યારે કેટલાક લોકો તો 'મોટાને માત્ર પૈસા જ જોઈએ છે.' - એવી ટીકા-ટિપ્પણ કરીને એમનાથી દૂર ભાગતા. તે દિવસોમાં પણ એવા લોકોની માન્યતા ધરમૂળથી ખોટી ઠેરવવાના કેટલાક કિસ્સાઓ બનેલા તેનો પ્રત્યક્ષ અનુભવ કેટલાકને થયેલો છે.

પૂજ્ય શ્રીમોટાના પોતાના શરીરની અંગત સેવામાં અવારનવાર રહેનાર એક ડૉક્ટર બહેનને મૌનમાં બેસવાનો પ્રસંગ હતો. પાંચેક દિવસનો મૌનગાળો વીત્યા બાદ અતિ ભાવોદ્રેકની સ્થિતિમાં પૂજ્ય શ્રીમોટાનાં દર્શન (સ્થૂળ દર્શન)ની તીવ્ર ઝંખના જાગી, પરંતુ મૌનમાંથી બહાર તો નીકળી શકાય નહિ એટલે એવું દર્શન શક્ય ક્યાંથી બને ! એમણે તો પોતાના એ ભાવને પોતાને અનૂકૂળ એવા ગેય ઢાળમાં ભજન રચીને બારીમાં મૂકી દીધું. ભજન પૂજ્યશ્રી પાસે પહોંચ્યું. પૂજ્યશ્રીએ ભજન સરળતાથી ગાઈ શકનાર એક ભાઈને મોકલ્યા અને કહેવરાવ્યું, 'એ ભાઈ મૌનરૂમની બહાર ઊભા છે. તું જે ઢાળમાં ગાશે એ તે સાંભળશે અને મને એ ઢાળમાં ગાઈ સંભળાવશે.' અને તેમ થયું પણ ખરું. ભજન સાંભળ્યા બાદ પૂજ્યશ્રીએ ઉદ્‌ગાર કાઢ્યા, 'આવી દર્શનની ઝંખના હોય તો દર્શન માટે બહાર કાઢું. પણ એક શરત કે પૈસા આપવા પડશે.' પેલાં બહેને હા પાડી. પૂજ્યશ્રીનાં દર્શનમાત્રથી તેમની આંખોમાંથી ભાવાશ્રુ વહેવાં માંડ્યાં. તેમણે પોતાના સોનાના

તમામ દાગીના પૂજ્યશ્રીને ચરણે ધરવાનો સંકલ્પ કર્યો. ગોકુળઅષ્ટમીના દિને પૂજ્યશ્રીની એમને ત્યાં પધરામણી થઈ ત્યારે એ બહેને પોતાના પંદર તોલા જેટલા દાગીના, જેમાં પિતૃપક્ષેથી મળેલા સાત તોલા જેટલાના દાગીના હતા તે પૂજ્યશ્રીને પહેરાવ્યા અને એમને સમર્પણ કર્યા. બહેનો સોનાનો મોહ છોડીને સોનાની દરેક ચીજ સમર્પી દે એવા એ પ્રસંગથી પૂજ્યશ્રી ગદ્‌ગદિત થઈ ગયા. એમણે કહ્યું, 'આ દાગીના મને મળી ગયા. હવે તું એ મારા વતી તારી કસ્ટડીમાં રાખ' એમ કહી બધા દાગીના પરત કર્યા. ઈ.સ. ૧૯૬૮નો આ બનાવ છે.

બીજી બાજુ વર્ષોથી કુટુંબ જેવો સંબંધ ધરાવનાર એક બહેન પાસેથી પંદર હજાર રૂપિયાનો હીરાનો હાર સ્વીકારી લીધો હતો. આમ, મુક્તના વર્તનનાં કોઈ ચોક્કસ ધારાધોરણ હોતાં નથી. કોનું સ્વીકારવું અને કોનું ન સ્વીકારવું એમાં એમનો સૂક્ષ્મ વિવેક રહેલો છે, જે સામાન્ય જનની દૃષ્ટિમર્યાદાથી બહારનો છે.

એક વેપારી ભાઈને પૂજ્ય શ્રીમોટા સાથે હૃદયનો સંબંધ થઈ ગયેલો. કર્મની ગતિ ન્યારી એ ન્યાયે એમને ધંધામાં ભારે ફટકો ભોગવવો પડ્યો. જાહોજલાલી નષ્ટ થઈ ગઈ. મોટરકારમાં ફરતા હતા તે પગલે ચાલતા થઈ ગયા. બસમાં મુસાફરી કરે. જે કંઈ આવી પડ્યું તેનો અફસોસ તેમને ન હતો. આ તો ખરેખર વાસ્તવિક પરિસ્થિતિનાં દર્શન માટે જ આવું વર્ણવ્યું. આવી સ્થિતિમાં પણ પૂજ્યશ્રી પ્રત્યેનો દિલનો ઉમળકો ને ભાવ એવો ને એવો સમૃદ્ધ જ રહ્યો. એ અને એમનાં પત્ની રૂ. ૫૦૦૦/- નો ચેક લઈ પૂજ્ય શ્રીમોટાને ચરણે ધરવા આવ્યાં. આવા કપરા કાળમાં પણ પૂજ્યશ્રી

એમની ભક્તિ જોઈ ગદ્‌ગદિત થઈ ગયા. પૂજ્યશ્રીએ ખૂબ સ્નેહ અને આદરપૂર્વક એમનો ચેક પાછો વાળ્યો. એમના એવા કપરા દિવસોમાં એનો સ્વીકાર પૂજ્યશ્રીથી કેમ થઈ શકે ? આ એમનો સૂક્ષ્મ વિવેક.

કોક વાર ઉપરના કિસ્સા જેવો મુક્તપુરુષનો સૂક્ષ્મ વિવેક આપણને સમજાય, તો બીજી કોઈ વેળા એવો વિવેક અકળ જ રહે. કોઈ દેખીતું કારણ આપણને ન સમજાય છતાં એઓ ગમે તેવી કિંમતની ભેટ પણ ન સ્વીકારે.

દક્ષિણ ભારતમાં એકવાર પ્રવાસ કરતાં મુંબઈના વેપારી બંધુઓની દક્ષિણ ભારતની ઑફિસે જવાનું થયેલું. વડીલ ભાઈએ પૂજ્ય શ્રીમોટાને રૉલેક્સ કાંડા ઘડિયાળ ભેટ ધર્યું. તે દિવસોમાં તેની કિંમત રૂપિયા તેર હજાર જેટલી હતી. પૂજ્ય શ્રીમોટાએ ભેટને પાછી વાળી. ખૂબ કાલાવાલા કરવા છતાં એમણે એનો સ્વીકાર ન કર્યો તે ન જ કર્યો.

બીજી બાજુ થોડું હાસ્ય પ્રેરે એવો એક પ્રસંગ છે. અમદાવાદમાં એક પ્રોફેસરને ઘરે પૂજ્ય શ્રીમોટાની પધરામણી થયેલી. એમના એક વકીલ મિત્ર હતા. પૂજ્ય શ્રીમોટા સાથે પૂર્વ પરિચય પણ ખરો. તે દિવસે પૂજ્ય શ્રીમોટાને કોઈ 'ૐ નમઃ શિવાય'નાં મોટા અક્ષરે લખેલાં પોસ્ટરો ભેટ આપી ગયેલું. પૂજ્ય શ્રીમોટા એને દરેકને ચાર આનામાં આપે. મફત કશું કોઈને આપવું નહિ એવો એમનો રિવાજ. પેલા વકીલ મિત્ર તો આવીને પાયે લાગ્યા અને થાળીમાં અગિયાર રૂપિયા મૂક્યા. પૂજ્ય શ્રીમોટાએ એમને પેલું કાર્ડ ધર્યું. એમણે તે સ્વીકાર્યું અને પોતાની જગ્યાએ બેસી ગયા. પૂજ્યશ્રીએ તો ચાર આનાની ઉઘરાણી કરી. પેલા વકીલ સજ્જને કહ્યું કે થાળીમાં અગિયાર રૂપિયા મૂક્યા છે. પૂજ્યે કહ્યું, 'એ ભલે મૂક્યા,

પણ આના ચાર આના લાવો.' આવું છે મુક્તપુરુષનું અનોખું વર્તન. સાચે જ કહ્યું છે : निस्त्रैगुण्ये पथि विचरतां को विधिः को निषेधः । અર્થાત્ મુક્તપુરુષને તે આમ કરે કે આમ ન કરે એવો કોઈ વિધિનિષેધ નથી.

કુંભકોણમ્‌માં પૂજ્ય શ્રીમોટાએ પોતાની રકમમાંથી આશ્રમ બાંધ્યો. છતાં પોતાને માટે મુખ્ય મકાનથી અલગ ઓરડો બંધાવવાનું એમણે કર્યું ન હતું. જોકે પાછળથી ત્યાંના સ્થાનિક વ્યવસ્થાપકોએ ૧૯૬૦માં એમને માટે અલગ ઓરડો કર્યો. તે જ પ્રમાણે નડિયાદમાં પણ એક નાનો અલગ રૂમ હતો. તે રૂમ પણ તેમણે બીજા એક ભાઈને રહેવા આપી દીધેલો. એ ભાઈ નડિયાદના ટ્રસ્ટીના મિત્ર હતા, બીજો કોઈ ઘનિષ્ઠ સંબંધ ન હતો અને સાધના અર્થે આશ્રમમાં રહેલા હતા. આમ, પોતાના નામે થયેલો ઓરડો પણ બીજાને વાપરવા આપી દેવામાં આવ્યો. એ ભાઈના ગયા પછી જ એમણે એ રૂમ વાપરવા લીધો, પરંતુ ત્યાં સુધી તો તેઓ અંદરના અંધારા ઓરડામાં જ સૂઈ રહેલા. એ ઓરડો તે હાલ નડિયાદ આશ્રમના રસોડાની અંદરનો મૌનમંદિર આગળનો ઓરડો.

આ જ પ્રમાણે સુરત આશ્રમે પણ તેમણે પોતાનો અલગ ઓરડો રાખ્યો ન હતો. પાછળથી સુરત આશ્રમના સંચાલક શ્રી ભીખુભાઈને લાગ્યું, 'આ બરાબર નથી.' પૂજ્ય શ્રીમોટા માટે અલગ ઓરડો હોવો જોઈએ એવી આવશ્યકતા તેમને જણાઈ. તેમનાં પત્ની શ્રીમતી વિદ્યાબહેને પોતે પોતાના મૃત્યુ વેળા પૂજ્ય શ્રીમોટાનાં ચરણે રૂપિયા સાત હજારની રકમ ધરી હતી. એ રકમ એમ ને એમ પડી રહી હતી. તે રકમનો ઉપયોગ કરીને પૂજ્યશ્રીને માટે અલગ ઓરડો બાંધવાનો

ભીખુભાઈએ દૃઢપણે નિર્ણય કર્યો અને નિશ્ચયનો અમલ પણ કર્યો. આમ, પૂજ્યશ્રીની 'ના' છતાં ભીખુભાઈએ પોતાની ભક્તિથી પ્રેરાઈને અલગ ઓરડો બંધાવ્યો. આ રીતે સુરત અને કુંભકોણમ્‌માં તેમને માટે અલગ ઓરડાની વ્યવસ્થા અસ્તિત્વમાં આવી તે એ બંને આશ્રમોના સ્થાનિક સંચાલકોની ઇચ્છાથી થયેલી છે. પૂજ્યે પોતે તો કદી તેમ ઇચ્છ્યું ન હતું.

આજે એ ઓરડાઓ જોનારાઓમાંથી ઘણાને કદાચ કોઈ અન્યથા ભાવ પણ જન્મે. એમ વિચારે પણ ખરા કે : 'કેવા એશઆરામમાં અને વૈભવમાં મહારાજ રહેતા !' પરંતુ ઉપર જણાવી તેવી એ ઓરડાઓ વિશેની પૂર્વભૂમિકાનો તેમને ક્યાંથી ખ્યાલ હોય ? તેઓ આજકાલ અન્ય આવી સંસ્થાઓમાં જે રીતે બધું ચાલે છે તે રીતે જ વિચારે અને અર્ધ માહિતીવાળી અને ભૂલભરેલી હકીકતથી તેમ વિચારે તેમાં તેમનો શો દોષ જોવો ! પૂજ્યશ્રીએ તો આશ્રમની સાથે સંકળાયેલાં બહુજનસમાજનાં મધ્યમવર્ગીય સ્વજનોના જીવન જેવા જીવનધોરણનો આગ્રહ આશ્રમવાસીઓ માટે રાખ્યો છે, તેનો ખ્યાલ તેમને કેવી રીતે હોય ! આવા નીચા જીવનધોરણ માટે આશ્રમમાં મીઠાઈ કરવાની, તેલની પેણી ચડાવવાની અને ઘી વાપરવાની મનાઈ પૂજ્યશ્રીએ કરેલી છે, જેથી આશ્રમવાસીઓ અને આશ્રમ સાથે સંકળાયેલાં મધ્યમવર્ગીય સ્વજનો એકબીજા સાથે તાદાત્મ્ય અનુભવી શકે.

કુંભકોણમ્ અને સુરતમાં જ્યારે આશ્રમનું બાંધકામ ચાલતું હતું તે વેળાએ તેમણે પોતાની પસંદગીનો આગ્રહ નથી રાખ્યો. પોતાની ઇચ્છા બીજા પર લાદી પણ નથી. કુંભકોણમ્‌માં વધુ પડતી કરકસરથી કામ લેવાનું. ત્યાંનો મૌનઓરડો અને બીજું બધું તેમના આપેલ માપથી નાનું થયું. છતાં તેમણે કદી

અસંતોષ વ્યક્ત કર્યો નથી. બીજી બાજુ સુરતમાં શ્રી ભીખુભાઈએ છૂટે હાથે Lavishly વધુ પડતું જાડું લાકડું અને તેવું બધું વાપરીને વધુ પડતો ખર્ચ કર્યો તોપણ તેઓએ વચ્ચે માથું માર્યું નહિ. જોકે તેમને મળેલી અંગત ઘણી રકમો સુરત આશ્રમના મકાનના બાંધકામ માટે વાપરવા અપાયેલી અને તેથી તેઓ ઇચ્છત તો શ્રી ભીખુભાઈને છૂટે હાથે ખર્ચ કરવાને અટકાવી શક્યા હોત. આમ ન કર્યું તેની પાછળ પણ તેમની વિશિષ્ટ વિચારદૃષ્ટિ રહેલી છે. તેઓ હંમેશાં કહેતા, ‘કોઈને આપણે કંઈ કામ સોંપ્યા પછી આપણી સમજણનો કે રીતનો આગ્રહ ન રાખવો. એકવાર સૂચનો કરી લીધા બાદ તેઓ જેમ કરતા હોય તેમ કરવા દેવું અને એ કામ પણ જેમ આકાર લે તેમ થવા દેવું.’ આ વિચારમાં સત્યનો એક મહાન અંશ રહેલો છે. એ તદ્દન કુદરતી છે કે દરેક વ્યક્તિ પોતાની પ્રકૃતિ અનુસાર જ પોતાના કામને આકાર આપશે અને એ સ્વાભાવિક જ ગણાય એટલે આપણાં સૂચનનો અમલ ન થાય તો મનદુઃખ ન થવા દેવાય. આવું અનાગ્રહી વર્તન કેટલા જણ કરી શકશે ? મુક્તપુરુષનું એક મુખ્ય લક્ષણ આવું અનાગ્રહીપણું છે. તેઓ ક્યાં આગ્રહ રાખવો ને ક્યાં ન રાખવો તે બરાબર સમજે છે ને તે તેઓના કાબૂની વાત છે. કેટલીક વાર આખું કોળું શાકમાં જતું હોય તો તેઓ જવા દે, તો કેટલીક વાર નાની કણીને પણ સરકવા ન દે. જ્ઞાનીની ગતિ ગહન કહી છે તે આ માટે જ.

❐

# ૭. સ્થિતિ અને વૃત્તિ

સામાન્ય જનસમૂહ મોટે ભાગે ચીલાચાલુ જીવન જીવતો હોય છે. આપણા ધાર્મિક જીવનને પણ એ બાબત લાગુ પડે છે. ધર્મનાં મુખ્યત્વે બે પાસાં છે. એક બાહ્ય અને બીજું આંતરિક. કર્મકાંડ કરવો, પૂજાવિધિ કરવી, ટીલાંટપકાં જેવાં બાહ્યચિહ્નો ધારણ કરવાં, મંદિર-મસ્જિદ કે ચર્ચમાં જવું, ધર્મદીઠ જુદાં જુદાં જાત્રાનાં સ્થળે જવું, ધર્મદીઠ અલગ અલગ ધર્મગ્રંથ જેવા કે ગીતા, કુરાન, બાઈબલ વગેરે વાંચવું-આ બધી બાબતમાં એક ધર્મ બીજા ધર્મથી વિવિધતા અથવા ભિન્નતા દાખવે છે, કારણ કે એ ધર્મનું બાહ્ય સ્વરૂપ છે. બાહ્ય સ્વરૂપમાં આ ભિન્નતા દેખાવાની, પરંતુ આંતરિક સ્વરૂપ જોઈએ તો એકરૂપતા દેખાશે. આંતરિક સ્વરૂપ એટલે મન હૃદય આદિના ગુણો કેળવવા, હૃદયશુદ્ધિ, ચિત્તશુદ્ધિ, વગેરે કરવું. આ આંતર સ્વરૂપ પર ભાર મૂકનાર અને એ પ્રમાણે જીવનાર કોક જ વિરલા મળી આવે. ધર્મના આ આંતરિક સ્વરૂપનું એક વિશિષ્ટ લક્ષણ એ બની રહે છે કે બાહ્ય સ્થિતિ, વિધિ, ક્રિયાકાંડ અને આંતરિક વૃત્તિ વચ્ચેનો સુમેળ. આ સમજવા માટે પ્રથમ તો એ સ્વીકારવું પડશે કે વૃત્તિ અને સ્થિતિ વચ્ચે તફાવત રહેલો છે.

સ્થિતિ એટલે બાહ્ય રીતે તમે જે વાતાવરણમાં છો એ. એ સ્થિતિ પ્રમાણેની વૃત્તિ હોય અગર ન પણ હોય. હોય જ એવું અનિવાર્ય નથી. માનવમન એવી તો અદ્‌ભુત અને અગોચર રીતે કામ કરતું હોય છે કે બાહ્ય સ્થિતિ સાથે આંતરિક વૃત્તિની એકરૂપતા હોય જ એવું બનતું નથી. આથી, અધ્યાત્મનો મૂળભૂત હેતુ વૃત્તિને કેળવવાનો, એને અંકુશિત કરવાનો છે.

બાહ્ય સ્થિતિ ગમે તેવી હોય પરંતુ આંતરિક વૃત્તિ તો પરમ તત્ત્વ સાથે-ચેતન સાથે, કહો કે ભગવાન સાથે જ જોડાયેલી રહે એ આપણું લક્ષ્ય છે. આપણે આશ્રમમાં હાજર હોઈએ તો એ આપણી એક સ્થિતિ થઈ, પરંતુ વૃત્તિ જો આશ્રમમાં ના હોય તો માત્ર સ્થિતિથી ફાયદો થવાનો નથી. કથા સાંભળવા જઈએ તો તે એક સ્થિતિ થઈ, પરંતુ વૃત્તિ જો વેપારના વિચારમાં રમમાણ હોય તો તેવી સ્થિતિ વ્યર્થ છે. એટલે ભાર સ્થિતિ પર ન મૂકતાં વૃત્તિ પર મુકાવો જોઈએ. જોકે બધા ધર્મનો મૂળભૂત હેતુ તો એ છે, પરંતુ કાળક્રમે એ ભુલાઈ ગયું અને સ્થિતિને જ વૃત્તિમાં ખપાવવાની ચાલ શરૂ થઈ.

આને માટે એક ઉત્તમ દૃષ્ટાંત શ્રીરામકૃષ્ણ પરમહંસે આપેલું છે. બે મિત્રો હતા. બંનેને કલકત્તા જવાનું થયું. સાંજ થઈ ગઈ. ગાડીના સમય પહેલાં કામ આટોપી શકાયું નહિ. સ્ટેશન પર આવ્યા ત્યારે ગાડી ઊપડી ગયેલી. હવે શું કરવું ? બંને વિચારમાં પડ્યા કે રાત ક્યાં ગાળવી ? એક મિત્રે સૂચવ્યું કે એકાદશીનો ઓચ્છવ છે. આથી રાત મંદિરમાં પ્રભુભજનમાં ગાળીએ. બીજા મિત્રને એ પસંદ ન આવ્યું. એને થયું કે આખી રાત કંટાળી જઈશું. એના કરતાં વેશ્યાગૃહે જઈ અમનચમનમાં દિલ બહેલાવવામાં શું વાંધો ? બંને પોતપોતાની ઈચ્છાનુસાર- એક મંદિરના ઓચ્છવમાં અને બીજો વેશ્યાગૃહે- ગયા. મંદિરના ઓચ્છવમાં હાજર રહેનાર મિત્રને મનથી વારંવાર એવા વિચાર આવવા લાગ્યા કે, ‘હું ક્યાં અહીં ફસાઈ ગયો ? પેલો મારો મિત્ર કેવી મજા કરતો હશે ! હું ક્યાં આ કંટાળાજનક સ્થિતિમાં આવી પડ્યો !’ જ્યારે વેશ્યાગૃહે ગયેલા મિત્રને એનું દિલ ડંખવા લાગ્યું. તે વિચારવા લાગ્યો, ‘હું કેવો નરાધમ અને પાપી છું કે સંજોગોવશાત્ જે

પ્રભુભજનમાં લીન થવાનો પ્રસંગ સાંપડ્યો હતો તેને પણ ઠોકરાવ્યો ! મારા જેવો બીજો પાપી કોણ ? મારો પેલો મિત્ર કેટલો પવિત્ર છે કે તેને તેવા પવિત્ર સ્થળે જવાનું સૂઝ્યું ! મને અહીં આવવાનું કેમ સૂઝ્યું ?' આમ, એક કથામાં બેઠેલો હતો. તેની તેવી સ્થિતિ હોવા છતાં તેનું મન વેશ્યામાં રમતું હતું તે તેની વૃત્તિ હતી, જ્યારે બીજો વેશ્યાગૃહે હતો. તેની તેવી સ્થિતિ હતી છતાં તેની વૃત્તિ હતી ભગવાનના ભજનમાં, કથાવાર્તામાં. આ દૃષ્ટાંત દ્વારા શ્રીરામકૃષ્ણે સમજાવ્યું કે જેવી જેની વૃત્તિ તેવી તેની સ્થિતિ થવાની. સ્થિતિ તેવી વૃત્તિ થાય જ એવું નથી, પરંતુ વૃત્તિ તેવી સ્થિતિ અવશ્ય થાય એમાં કોઈ શંકા નથી. એટલે મુખ્ય આધાર વૃત્તિ પર છે. ભાવના જેવી હોય તેવી સિદ્ધિ મળે-यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ।

એક માનવી ગમે તેવી સારી સ્થિતિમાં હોય, સારામાં સારા પવિત્ર સ્થળે હોય પણ મનથી તે બહાર ભટકતો રહેતો હોય, વિષયોમાં ભટકતો હોય તો તેવી સ્થિતિ પણ વ્યર્થ છે. એટલે મહત્ત્વ સ્થિતિનું નથી, વૃત્તિનું છે. મનને જો એ ઉત્તમ વૃત્તિમાં જ લીન થવાનું કેળવી દીધું હોય તો બેડો પાર ! મનથી બધી ક્રિયાઓ કરવા છતાં વૃત્તિ એકમાત્ર ભગવાનમાં રહ્યા કરે તો તો મનુષ્ય પોતાનો ધારેલો મોક્ષનો ઉદ્દેશ સિદ્ધ કરી શકે. આ જ અર્થમાં કહેવાયું છે કે : मन एव मनुष्याणां कारणम् बंधमोक्षयोः ।

આ ઉપરથી એમ પણ તારવી શકાય કે વૃત્તિને કારણે સ્થિતિ આવશે, સ્થિતિને કારણે વૃત્તિ નહિ આવી શકે. આ આપણે સહુએ સમજી લેવાની જરૂર છે. એ માટે આપણે વૃત્તિની કાળજી ઘણી ઘણી રાખવાની. કથાવાર્તા સાંભળી કે આધ્યાત્મિક આશ્રમમાં જઈ આવ્યા કે ત્યાં રહ્યા એ પૂરતું

નથી. અલબત્ત, અહીં એક વસ્તુનો સ્વીકાર કરી લઈએ કે આ માર્ગે પા પા પગલી શરૂઆત કરનાર વ્યક્તિ શરૂ શરૂમાં મનની વૃત્તિઓને એકદમ ભલે ધારેલા માર્ગે ઢાળી ન શકે અને એકદમ તે સ્થિતિમાં સ્થિર પણ ન થાય, પરંતુ આપણો પ્રયત્ન અને જાગૃતિ તથા લાંબા ગાળાની મનની તાલીમ એ દિશામાં સતત રહ્યા કરેલી હશે તો વૃત્તિના કારણે તેવી સ્થિતિ સંભવશે. સ્થિતિ સંજોગોવશાત્ પણ મળી રહે છે, જેમ કે સત્સંગ કે કોઈ મુક્તાત્માનો સંપર્ક. પણ જો તેવી, તેને અનુરૂપ વૃત્તિ નહિ હોય તો તે કશા ઉપયોગમાં આવી શકે નહિ. ગમે તેવી સ્થિતિ હોય-સાનુકૂળ કે પ્રતિકૂળ-તોપણ વૃત્તિ ઊર્ધ્વગામી રહ્યા જ કરે તો તે ઉત્તમ.

❐

# ૮. ઈર્ષા-દ્વેષ-મત્સર

આપણે બધા જીવનવિકાસની સાધનામાં પડેલાં છીએ. એ જીવનવિકાસની પારાશીશી શી ? એવા એક પ્રશ્નનો જવાબ એક જ શબ્દમાં જો આપવાનો હોય તો તે છે 'ચિત્તશુદ્ધિ'. એટલે કે ચિત્ત-મન-અંતઃકરણ આદિના મેલો, વિકારો તથા વૃત્તિઓની શુદ્ધિ. આપણાં શાસ્ત્રોમાં પણ અંતઃકરણના ષડ્‌રિપુઓ ગણાવેલા છે. તે છે કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર. આ બધામાંથી ક્રમશઃ મુક્તિ મેળવવી, મનમાં કે હૃદયમાં એના કોઈ પણ પ્રકારના આવિષ્કારને સહજ રીતે ઊઠવા ન દેવો એ છે જીવનવિકાસનું અંતિમ લક્ષ્ય.

ઉપર જે ષડ્‌રિપુઓ ગણાવ્યા તેમાં મત્સરને છેક છેડે મૂક્યો છે. છતાં એ યાદ રાખવું જરૂરી છે કે એ પ્રથમના જેટલો જ પ્રબળ છે. એને ઈર્ષા, દ્વેષ વગેરે નામાભિધાનથી પણ આપણે ઓળખીએ છીએ. આ ષડ્‌રિપુઓમાં એના એકની વાત અત્રે ચર્ચી લઈએ. એની જાણકારી આપણા જીવનવિકાસમાં અવશ્ય ફાળો આપશે જ.

આખરે તો બધા ષડ્‌રિપુઓ આપણા હૃદય અને મનમાં રહેલા છે. મન અને હૃદયને ગાઢ સંબંધ છે. કોઈ પણ માનસિક વૃત્તિ-વલણની અસર હૃદય પર થવાની જ. જીવદશાની આપણી સ્થિતિમાં આ બાબતનો સ્વીકાર કરીને જ ચાલવું જરૂરી છે. એટલે ઈર્ષા-દ્વેષ-મત્સરની વૃત્તિ પણ મનમાં ઊઠે અને હૃદયને અસર કરે. જ્યારે એ તીવ્ર માત્રામાં હોય તો તેને ઓળખવું કઠિન નથી. સહેજે એની જાણ-પહેચાન થઈ જાય, પણ જ્યારે એ સૂક્ષ્મ રૂપ લઈને આવે છે ત્યારે એને ઓળખવું કઠિન બને છે. સાધકે પોતાના મનનાં વૃત્તિ-વલણોને

ઓળખવાના એક ભાગરૂપે એના સૂક્ષ્મ સ્વરૂપને ઓળખી કાઢવાની કળા અને સૂઝ કેળવવી જ રહી. તો જ જીવનવિકાસ યોગ્ય દિશા અને ગતિ પકડી શકે.

ઈર્ષા-દ્વેષ-મત્સર ત્યારે જ ઉદ્ભવે છે કે જ્યારે આપણામાં કોઈ વસ્તુ કે વ્યક્તિ વિશે અમુક ચોક્કસ પ્રકારની કામના હોય અથવા આપણા મનમાં તેની આસક્તિ હોય. જો આપણામાં કોઈ પણ પ્રકારની કામના કે આસક્તિ ન રહી હોય તો કશાનોય મત્સર ઉદ્ભવતો નથી. મુક્તાત્મા કામનાથી પર છે માટે જ દ્વેષ-મત્સર રહિત છે.

આમ, મત્સર એક મોટી સમસ્યા છે. મત્સરનાં સૂક્ષ્મ સ્વરૂપો અનેક પ્રકારનાં છે. વિવિધ દૃષ્ટાંતો દ્વારા જ એ વધારે સારી રીતે સમજી શકાય.

કોઈ એક વ્યક્તિ પ્રત્યે આપણને પહેચાન નથી. કોઈ રાગ નથી. આપણને એમ ખબર પડે કે એ વ્યક્તિ દસ લાખ રૂપિયા કમાઈ ગઈ અને આર્થિકપણે ખૂબ સુખી થઈ ગયેલી છે. આપણી ચિત્તશુદ્ધિ હોય તો આ હકીકત સાંભળી આપણને પ્રસન્નતા થવી ઘટે. તેને બદલે જો અપ્રસન્નતા થાય, મનમાં સહેજ પણ ચણચણાટી થાય અને તેના વિશે અવળું વિચારવાનું તથા તે વ્યક્ત કરવાનું બને તો તે આપણી ઈર્ષા અને મત્સર તો છે જ. એ બાબત સહેલાઈથી સમજી શકાય છે, પરંતુ એની પાછળ પણ આપણો કોઈ અભાવો કામ કરતો હોય છે. અને તે ધનપ્રાપ્તિની આપણી લાલસા વણસંતોષાયેલી રહી ગઈ હોય તે કારણભૂત છે.

એવું જ એક બીજું દૃષ્ટાંત વિચારીએ. આપણા કોઈ ભુલાઈ ગયેલા બાળમિત્ર વિશે આપણને એકાએક જાણ થાય કે તે તો જનસમાજની દૃષ્ટિએ ખૂબ પ્રકાશમાં આવ્યો છે, મોટો નેતા

બન્યો છે અને તેને અઢળક કીર્તિ વરી છે. તેવે સમયે જો આપણને સુખને બદલે અસુખની લાગણી ઊઠે તો સમજવું કે આપણામાં કીર્તિનો મોહ રહી ગયો છે. તે આપણને મળી નથી અને એને મળી ! તેમાંથી સૂક્ષ્મ પ્રકારની ઈર્ષા જન્મી છે. કીર્તિનો મોહ હજુ આપણામાં ભર્યો પડ્યો છે એમ સમજવું.

એવું જ સત્તાનું પણ ખરું. જેની સાથે લટકતી સલામનો સંબંધ હોય એવો આપણો કોઈ પડોશી અચાનક રાજપાલ બની બેસે કે મુખ્યપ્રધાન થઈ જાય અને જો આપણામાં એનાથી અસુખની લાગણી જન્મે તો આપણે સમજવું કે આપણામાં હજુ સત્તાનો મોહ વણસંતોષાયેલો પડ્યો છે.

આ બધાં દૃષ્ટાંતો પરથી એ તારણ કાઢીએ કે કોઈનાયે કશાક શુભ સમાચાર સાંભળીને તેને ઉતારી પાડવાનું મન થાય અથવા તો એ માહિતી બરાબર નથી એમ બોલવાનું ને વિચારવાનું મન થાય, તેમાંથી થોડા ટકા બાદ કરવાનું મન થાય તો જાણીએ કે તે તે સમાચારની ઘટના ને વિષયમાં આપણને આસક્તિ છે. આપણી પાસે તે નથી તેનું આપણને આંતરિક દુઃખ છે અને તેનો વસવસો છે, તે મેળવવાની ઈચ્છા છે.

આપણે જો ઊંડાણથી આપણી જાતનું અન્વેષણ કરીશું તો આપણને પોતાને જ ખાતરી થઈ જશે કે જે વસ્તુ કે ઘટના સાથે આપણને નિસબત નથી, જે મેળવવાની આપણને મુદ્દલે ખેવના નથી, મન નથી, તે પ્રતિ દ્વેષ નહિ થાય. જો આપણે એ બાબત પ્રત્યે અલિપ્ત હોઈશું, નિર્લેપ હોઈશું તો તે વિશે આપણને ઈર્ષા નહિ ઊપજે.

આપણે જ્યારે એવો અનુભવ કરીએ કે આપણા કરતાં બીજા કોઈને વિશેષ માન મળ્યું હોય અને જો તે આપણી

આંખમાં ખૂંચે તો સમજવું કે હજુ આપણને માનઅપમાન વળગે છે. તેના પ્રત્યાઘાત આપણે અનુભવી શકીએ છીએ. એટલે કે મન હજુ તેમાં રહેલું છે. આમ, જ્યારે જ્યારે સૂક્ષ્મ મત્સરની લાગણી થાય ત્યારે સમજવું કે આપણે ઈર્ષા-દ્વેષ-મત્સરથી પર થયા નથી. એટલું જ નહિ પરંતુ આપણને કંઈક ને કંઈક કામના રહેલી છે. આનું એક બીજું પરિણામ જન્મે છે કે જ્યારે દ્વેષ જન્મે છે ત્યારે આપણે કંઈક અંશે આપણી પ્રસન્નતા ગુમાવીએ છીએ. પૂર્ણપણે ઈર્ષા નિર્મૂળ થયા વિના અખંડ પ્રસન્નતા શક્ય નથી. માટે, ઈર્ષ્યા-દ્વેષને નિર્મૂળ કરવા આપણે ભગીરથ પ્રયત્ન, તકેદારી તથા જાગૃતિ રાખવી પડશે.

જ્યારે કશીક ઘટના જોવાથી કે સમાચાર સાંભળવાથી આપણા મનમાં સહેજ પણ અપ્રસન્નતાની, અસુખની, ચણચણાટીની લહેરી અનુભવાય ત્યારે ચેતી જવું કે આ આપણી નબળાઈ છે અને તેમાંથી વેળાસર મોકળા થવાની જરૂર છે. આવા મત્સરના તો અનેકાનેક સૂક્ષ્મ પ્રકારો છે અને એકએકથી ચડિયાતા પણ તે છે. જેમ રાવણનાં દસ માથાં હોવાનું મનાયું છે, તે અહમ્‌ના પ્રતીકરૂપે છે. શ્રીઅરવિંદે કહ્યું છે કે અહમ્‌નાં તો હજાર માથાં છે, તેવું જ મત્સરનું પણ છે. હજારો રૂપે આપણી આગળ તે પ્રત્યક્ષ થાય છે, પરંતુ એ ક્યારે થાય છે ? જ્યારે આપણે આપણા મનની વૃત્તિઓને ઝીણવટભરી રીતે અંતર્મુખ દૃષ્ટિથી નિહાળવાનું કર્યા કરીએ ત્યારે. પછી તો એક એવી સ્થિતિ આવે છે કે નિહાળવાનું પણ રહેતું નથી, આપોઆપ અંતર્મુખતાથી તેની જાણ થઈ જાય છે.

❒

# ૯. આશીર્વાદ સાથે પુરુષાર્થ ને જાગૃતિની જરૂર

પૂજ્ય શ્રીમોટા હંમેશાં તત્ત્વગ્રાહી રહ્યા છે. તત્ત્વગ્રાહીપણું એટલે શું ? સ્થૂળ દાખલો લઈએ. નારિયેળ લઈએ તો તેને કાપીને ઉપરનો કૂચો કાઢી નાખી, કાચલી કાપીને પાણી કાઢીએ છીએ ત્યારે અંદરનો ગર (ગર્ભ) કાઢી લઈને બાકીનું બધું ફેંકી દઈએ છીએ. આ તો થયું સ્થૂળ દૃષ્ટાંત, પરંતુ પૂજ્ય શ્રીમોટા તત્ત્વગ્રાહી છે એ કયા અર્થમાં ? દરેક પ્રસંગ, દરેક ક્રિયા, દરેક ચર્ચા, વિચારણા, હકીકતો, પ્રવૃત્તિ વગેરેમાં મૂળભૂત તત્ત્વને પકડવું, આજુબાજુની નિરર્થક બાબત તરફ લક્ષ્ય જ ન આપવું એ અર્થમાં પૂજ્ય શ્રીમોટા તત્ત્વગ્રાહી છે. પણ આટલું સમજાવવું પણ પૂરતું નથી. સમગ્ર જીવનની દરેક પ્રવૃત્તિ કરીએ તેમાં આપણો જીવનવિકાસ કેટલો થયો ? જીવન ઊર્ધ્વગામી કેટલું બન્યું ? એ તરફ જ અર્જુનની વેધક દૃષ્ટિ નોંધાઈ જાય. તેનું નામ સાચા અર્થમાં તત્ત્વગ્રાહીપણું. એમાં સાચું ઉપયોગીપણું છે, એ પ્રવૃત્તિ આપણા જીવનના આધ્યાત્મિક વિકાસ માટે કેટલી ઉપયોગી થઈ ? એવી દૃષ્ટિ સતત રાખવી, એવી સભાનતા કેળવવી એ જ સાચા અર્થમાં પૂજ્ય શ્રીમોટાનું તત્ત્વગ્રાહીપણું છે. એને 'વાદ' પણ ન કહેવાય. તેઓ તો સતત તકેદારી રાખે છે કે જે કંઈ કરીએ તેમાંથી સ્વવિકાસ-તત્ત્વ શું મેળવીએ ? ઘણા પૂજ્ય શ્રીમોટાની પધરામણી પોતાને ત્યાં કરાવતા. કેટલાય દર્શન દેવા માટે આગ્રહ કરતા, કેટલાક એમના હાથે ઉદ્‌ઘાટનવિધિ કરાવવાનો આગ્રહ રાખતા, કેટલાક એમના હસ્તે ચોપડાપૂજન કરાવતા. આમ, જુદા જુદા પ્રસંગોએ તેઓ હાજર રહે એવું ઇચ્છતા. આ બધા પ્રસંગો ખરેખર લાભદાયક નીવડે ખરા ? એવો એક

પ્રશ્ન ઊઠે. એનો જવાબ એ છે કે પૂજ્યશ્રી પાસે આ બધું કરાવવા પાછળ કયો હેતુ કામ કરે છે તે ઉપર એવા પ્રસંગોમાંથી ખરો લાભ મળશે કે કેમ તે અવલંબે છે.

એટલું તો ચોક્કસ કે સંતપુરુષ અને મહાત્મા જોડેના આ પ્રકારના નાતા અંગે મનુષ્યના મનમાં વિવિધ હેતુઓ રહેલા છે. કોઈ એમ માને કે ગુરુ કે મુક્તાત્મા કે મહાત્મા પ્રસિદ્ધ છે, લોકવિખ્યાત છે, પ્રતિષ્ઠિત છે એટલે તેઓના આગમનથી આપણને પ્રતિષ્ઠા મળશે. આવો ખ્યાલ ઘણાનો હોય એ તદ્દન સ્વાભાવિક છે. પરંતુ તત્ત્વગ્રાહી દૃષ્ટિએ જોઈએ તો એવા હેતુથી જે પધરામણી કરે તેનું આધ્યાત્મિક દળદર કશું ફીટતું નથી. ઊલટું એનાથી તો પધરામણી કરાવનારનો અહમ્ પોષાય છે. અને એટલે પરિણામે તેમનો અહમ્ દૃઢ થાય છે એ થયું નુકસાન. એનો અર્થ એમ પણ નથી કે પધરામણી ન કરવી. અહીં તત્ત્વ એટલું જ છે કે પધરામણી કરતી વેળા આપણો હેતુ જીવનવિકાસનો હોય, ઊર્ધ્વગામી હોય. એને માટે સતત જાગૃતિ હોય તો એમાંથી ઘણો બધો લાભ થાય.

તો પુરુષોની પધરામણી બાબતમાં કેટલાકની દૃષ્ટિ અતિ મર્યાદિત અને સ્વાર્થમૂલક હોય છે. આવા પવિત્ર પુરુષના પગરણથી ઘરમાં કશું અનિષ્ટ નહિ બને. સફળતા જ મળશે. એવાના આશીર્વાદથી ઐહિક લાભ થશે. તો વળી કેટલાકનાં દિલમાં એમ પણ થાય છે કે આ પધરામણીના નિમિત્તે એવા પુરુષના આત્મા સાથેનો પોતાનો સંપર્ક વધશે. એમની એટલા નિકટમાં આવીશું ને આપણું તેથી ‘કલ્યાણ’ થશે એમ પણ ખ્યાલ હોય છે.

આમ, આવા અનેકવિધ હેતુઓ આવા આમંત્રણ પાછળ હોઈ શકે છે. જેવી ભાવના હશે તેવી સિદ્ધિ મળવાની.

પ્રતિષ્ઠાનો ખ્યાલ હશે તો પ્રતિષ્ઠા મળશે. અહમ્ પોષવાની ઈચ્છા હશે તો તેમ થશે. ઐહિક સ્વાર્થ સાધવાની ઈચ્છા હશે તો તે માટેની 'બીજી જરૂરી શરતો પૂરી કરવી પડશે.'

એક વાત સ્પષ્ટ સમજી લેવા જેવી છે કે આવા સંતાત્માઓની પધરામણીથી લાભ મળી જઈ શકે નહિ. તમે તેવા મહાત્માની પધરામણી કરો ખરા, તેમના હાથે ઉદ્ઘાટન કરાવો ખરા, પણ પછી સરખું ધ્યાન ના આપો, વેપારમાં કે સાહસમાં બેકાળજી રાખો, ચોકસાઈ, ખંત ન રાખો, અક્કલ-હોશિયારીનો ઉપયોગ ન કરો, સંજોગોને ધ્યાનમાં લઈ તે પાછળ જાગૃતિપૂર્વકનો પરિશ્રમ ન કરો તો કેવળ પધરામણી, હાજરી કે તેવા આત્માના આશીર્વાદથી જ કામયાબી ન મળે. છતાં આશીર્વાદ તો આપણી શુભ નિષ્ઠામાં, આપણા શુભ પ્રયાસમાં છે, છે ને છે જ. એવા આશીર્વાદ સાથે સાથે તેવા આશીર્વાદને અનુરૂપ વર્તન આપણે રાખવું પડે છે. એ જ અર્થમાં 'બીજી જરૂરી શરતો પૂરી કરવી પડશે.' - એમ ઉપર કહ્યું છે.

આપણે એવા મુક્તાત્મા સાથે સંબંધ બાંધ્યો હોય અને તેના સ્વજન બની ગયા હોઈએ ત્યારે એ આપણા વહાલા સ્વજનના હકદાવાએ નહિ પરંતુ પ્રેમના ચિહ્નરૂપે, આપણો ભાવ એવો છે એના પ્રતીકરૂપે વહાલમાંથી ઉદ્ભવતી નૈસર્ગિક ઈચ્છાએ કરીને એવા મહાત્માની હાજરી તેવા વિશિષ્ટ પ્રસંગે આપણે ઈચ્છીએ ને પ્રાર્થીએ તે તદ્દન યોગ્ય સ્થાને છે અને આવકાર્ય છે. તેવી ઈચ્છા કોઈ સંજોગોમાં પરિપૂર્ણ ના થઈ શકી તો આપણા મનને તેથી રંજ નહિ થાય, નાખુશી નહિ થાય, અકળામણ નહિ થાય, અપ્રસન્નતા ન જન્મે, ભાવમાં અભાવો ન જન્મે એવા પ્રકારની આપણી મનઃસ્થિતિ હોવી

જોઈએ. અભાવો થાય તો ભાવની એટલી ઊણપ સમજવી.

જેઓ એકલા આશીર્વાદથી જ બધું પોતાનું સહીસલામત જાળવવા ઇચ્છતા હશે તેઓ અંતે કોક કાળે નાસીપાસ જ થવાના. આશીર્વાદની સાથે સાથે એવા આશીર્વાદને યોગ્યતામાં પરિણમવા માટે પુરુષાર્થ અને જાગૃતિ જોઈએ જ. કેવળ હાજરીથી જ પોતાનું બધું સહીસલામત કરી લેવાનું ને લાભ મેળવવાનું જેઓ ધારતા હશે તેઓ ધોખામાં પડવાના. જેવું ને જેટલું વાવશો, તેવું ને તેટલું લણશો. વિના જહેમત ઉઠાવ્યે, વિના જાગૃતિ રાખ્યે કશું વળી શકશે નહિ.

પૂજ્યશ્રી આ વાત સ્પષ્ટ રીતે કહી દેતા અને એવાં કારણોસર સામાને કેટલીક વાર કડવા પણ લાગતા. એમ છતાં તેઓ કેવળ આશીર્વાદ ઉપર અવલંબીને બેસી ન રહેવાની સ્પષ્ટ ચેતવણી આપતા. તેઓને ખાલી ખાલી પૂજાવું ન હતું. આપણે કંઈક સંગીન એવું પામીએ ને જીવનનો વિકાસ થાય તે તરફ તેમનું લક્ષ્ય રહેતું.

❒

## ૧૦. આશ્રમોની હસ્તી-અહમ્‌ને ઓગાળવા

નડિયાદ તાલુકાના તમાકુના એક વેપારીને ચૂંટણી લડવાનું મન થયું. ચૂંટણીમાં લોકસંપર્ક કરવો જરૂરી. એટલે નડિયાદ આશ્રમ, બીલોદરા ગામમાં આવેલો હોવાથી બીલોદરાના મત માટે આવેલા. ત્યાંથી આશ્રમે પણ આવેલા. આશ્રમ શરૂ થયાને બેત્રાણ વર્ષ બાદનો એ બનાવ. ત્યારે એમને એમ લાગેલું કે આ બાવો અહીં ધામો નાખીને પડ્યો છે તો લોકો પર થોડીઘણી અસર તો હશે ! એમનો તે વખતનો હેતુ માત્ર મત માટેનો. સાધુઓ તરફ કંઈ આદરમાન ઊભરાઈ જતાં ન હતાં. પૂજ્ય શ્રીમોટાને ઘણા લોકો પગે લાગતા તે તેમણે જોયું. એટલે એમ પણ થયું કે, લોકો શું જોઈને આવા માણસને પગે લાગતા હશે ! આ પ્રસંગ બાદ ત્રણ વર્ષ સુધી એ આવેલા નહિ. પછી એક મિત્રના મુખે મોટાનાં વખાણ સાંભળ્યાં. વારંવાર સાંભળ્યાં. આ કારણે તેમને આશ્રમે આવવાનું પ્રલોભન જન્મ્યું. આવ્યા પણ ખરા. એમને ઘણું ગમ્યું પણ ખરું. મોટા પ્રત્યે રાગ પણ થયો. પછી તો અવારનવાર આવવા લાગ્યા, એટલું જ નહિ પરંતુ ઘરમાંથી બહેનોને પણ આશ્રમમાં લાવવા લાગ્યા. એમની પાસે પોતાની ઘરની ગાડી. એટલે સાધનની સુગમતા હતી. આથી, વારંવાર આવવાનું થયું.

પૂજ્ય શ્રીમોટા તેમને કશો ઉપદેશ ન આપે. તેમના વેપારની વાતોમાં રસ લે. તેઓ શરૂ કરે અને પૂજ્ય તેમાં સાદ પુરાવે-સાથ આપે. રાજદ્વારી વાતો પણ થવા દે. કશોયે ઉપદેશ ન મળવા છતાં તે ભાઈની પોતાની પ્રકૃતિમાં ઊર્ધ્વ ફેરફાર થતો ગયો. તેમણે પોતે પણ આ અનુભવ્યું. તેમનામાં સમયપાલન કરવાની હોંશ જાગી. અન્ય કોઈની સાથે કશીક

બાબતમાં વચનબદ્ધ થયા હોય તો તે પ્રમાણે પાલન કરવાની લાલચ જન્મવા લાગી. આશ્રમમાં આવવાનું શરૂ કર્યું તે પહેલાં એમના સ્વભાવની ખાસિયતોમાં એક એવી હતી કે બહેનો સાથે ઘરમાં અકળાઈ જાય, ગુસ્સે થાય. તેમના ધાર્યા પ્રમાણે સહેજ પણ ન થાય તો એકદમ ચિડાઈ જાય, ભારે ક્રોધ કરે. તે એટલે સુધી કે વસ્તુઓ પણ ફેંકી દે. આશ્રમમાં વારંવાર આવવાનું થતાં આ બધાંમાંથી પાછા વળવાનું શરૂ થયું. આવી અનેક પ્રકારની નાનીમોટી પ્રકૃતિની પકડ ઢીલી થવા માંડી. પોતાની ઊણપોની થોડીક સભાનતા જન્મી. આથી, તેમને મોટા પાસે આવવામાં રસ પડવા માંડ્યો. આમ તો એમને બીજી કોઈ પણ અપેક્ષા પૂજ્ય શ્રીમોટા પાસેથી નથી. તેમને પ્રભુએ સારી લક્ષ્મી બક્ષી છે. વાડી, બંગલો, વેપાર, પત્ની, સંતાન, વાહન, કીર્તિ, સ્વાસ્થ્ય વગેરે તમામ દુન્યવી સુખની વસ્તુઓ પણ પ્રભુએ બક્ષી છે. તેમને પૂજ્ય શ્રીમોટાની નિકટ આવીને કોઈ પણ પ્રકારની ઐહિક વાંછના સેવવાની નથી, એવી એમની સ્થિતિ છે. એકમાત્ર અભિલાષા જીવનને ઊંચે આણવાની છે, જીવનવિકાસ કરવાની છે, પ્રભુમય જીવનનો રસ પામવાની છે. આવી તેમની મુરાદો ઘણી યથાયોગ્ય અને સાચા પ્રકારની છે. આવા ઉચ્ચ હેતુથી મુક્તનો સમાગમ શોધનારા બહુ જૂજ હોય છે.

આ ભાઈને શ્રીમોટાના સમાગમથી એટલો તો આનંદ પેદા થવા લાગ્યો કે અમુક દિવસોએ તો દિવસમાં બબ્બે વાર અને ત્રણ ત્રણ વાર પણ ખાસ ચહીને આવવા લાગ્યા. ધંધોધાપો મનથી થોડો અળગો કરીને પણ આવવા લાગ્યા. અલબત્ત, એઓ પોતે કારમાં આવતા પરંતુ તેમનો મોભો, દરજ્જો અને સમાજમાં પ્રતિષ્ઠા એટલી હતી કે આવી આગળ

પડતી મોખરાની વ્યક્તિને માટે આવી લગની અને 'ઘેલછા'માં ખપી જાય તે રીતનું આકર્ષણ થવું અને વળી તેને પ્રત્યક્ષ વર્તનમાં આચરી બતાવવું એ કંઈ નાનીસૂની વાત નથી.

પાટીદાર સમાજમાં મરદોને ભાગે કદી પણ ઘરકામ કરવાનું આવતું હોતું નથી. કપડાં ધોવાં, અજીઠાં વાસણો સાફ કરવાં આદિ કામો પુરુષો કરતા નથી. તેમના સમાજમાં એવું કામ પુરુષ માટે હીણપતભરેલું પણ લેખાય. આમ છતાં આ મોભાદાર પાટીદાર ભાઈએ આશ્રમમાં પ્રત્યક્ષ સક્રિયપણે સૌનાં અજીઠાં વાસણો ઊટકવામાં પણ સાથ અને સહકાર આપવો શરૂ કર્યો. એક દિવસ તો તેમનાં પત્ની, બહેન વગેરે ઘરની સ્ત્રીઓ પણ આશ્રમમાં જમવામાં સાથે હતી. તેઓની હાજરીમાં બધાંની સાથે એમણે અજીઠાં વાસણ ઊટકવા માંડ્યાં. પતિ-પત્ની બેઉ સાથે ઊટકતાં હતાં. આ સુભગ દૃશ્ય ખરે જ રોમાંચક અને આહ્‌લાદક હતું. તે જોઈને મને વિચાર સ્ફુર્યો કે આવા આશ્રમોની હસ્તી આવા લક્ષ્મીસંપન્ન, આપખુદ, એકહથ્થુ શાસન ચલાવનાર અને ઉદ્દામ વ્યક્તિઓના અહમ્‌ને ઓગાળનારું એક ઉત્તમ અને અમોઘ સાધન છે, જ્યાં સૌ સમાન બની રહીને સાથે ભોજન લે છે અને આશ્રમનાં નાનાંમોટાં કાર્યોમાં સૌ પોતાનો હિસ્સો આપે છે. આવા કાર્યમાં હિસ્સો આપવો એટલે જ પોતાના અહમ્‌ને સ્વેચ્છાએ તોડવાની ક્રિયા શરૂ કરવી. ઈશ્વરની નજરમાં કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી. સંપત્તિ, સરસ્વતી, કીર્તિ આદિ કોઈને સાંપડ્યાં હોય તો તેથી તે ઊંચો નથી બની શકતો અગર એ બધું જેને સાંપડ્યું ન હોય તેથી તે વ્યક્તિ હલકી નથી બની જતી. પોતાને ઘરે એક હાકોટે પાંચ નોકર ખડે પગે ભલેને ખડા થઈ જતા હોય, પણ આવા આશ્રમમાં શેઠ પોતે જ આશ્રમનો-

આશ્રમના અધિષ્ઠાતાનો-દાસ બની રહેવાનો યત્ન કરે છે, નમ્રતા કેળવવાનો શુભ પ્રયાસ આદરે છે. હાથીને માથે પણ પ્રભુએ અંકુશનો દાબ ઈષ્ટ અને આવશ્યક ધાર્યો છે. મહાન સમ્રાટોનાં શિર પણ એક જમાનામાં તેમના ગુરુ-કુલગુરુને ચરણે નમતાં અને એ કુલગુરુના બોલનો સહર્ષ સ્વીકાર કરીને સમ્રાટો અમલ કરતા. દશરથ રાજાએ આવી જ રીતે શ્રીરામ અને લક્ષ્મણને ગુરુ વશિષ્ઠના અનુમતિના બોલથી જ વિશ્વામિત્રની માગણી સ્વીકારી કુમળી વયમાં પોતાનાં પ્રિય બે બાળકોને જંગલમાં તેમની સાથે રહેવા જવા મોકલેલા. કોકને પણ જવાબ પોતે દેવો પડવાનો છે એવી જાગૃતિ માનવીને ઘણી મદદરૂપ નીવડે છે. ભલે એ Conditional શરતી જાગૃતિ ગણાય, પણ એવી શરતી જાગૃતિમાંથી જ બિનશરતી સ્વૈચ્છિક જાગૃતિ સાંપડવાની છે. નમ્રતા, આજ્ઞાંકિતપણું, વિનયવિવેક આદિ સત્ત્વગુણો વિકસાવવાને માટે આવા આશ્રમો એક પ્રકારની આવશ્યક ભૂમિકા પૂરી પાડે છે. એ રીતે અને એ સમજણથી માનવીએ આવા આશ્રમો સેવવાના છે. ધન, વિદ્યા તથા કીર્તિથી થતી સેવા પણ જરૂરી છે ખરી. એને ઇનકારવાનો પ્રશ્ન જ નથી, પરંતુ એ બધાંથીએ સર્વોપરી સેવા જાતમહેનતથી થતી સેવા છે.

ધન, વિદ્યા અને કીર્તિથી થતી સેવામાં વ્યક્તિએ પોતાને ખાસ કશું ત્યાગવું પડતું નથી, જ્યારે શરીરશ્રમથી થતી સેવામાં પોતામાંથી કશુંક અપાતું હોય છે, જાતમાંથી જાત અપાતી હોય છે, પોતાના મનથી જેનું વધુમાં વધુ મૂલ્ય ને જે કઠિન છે તે જ વસ્તુ અપાતી ને થતી હોય છે. ઘણા મોટા શ્રીમંત, વિદ્વાન અને પ્રતિષ્ઠિત સજ્જનોને આવી શરીરશ્રમથી કરાતી સેવા કરવાનું ઘણું કઠિન લાગે છે અને સાચે જ તેમને માટે તે

મુશ્કેલ હોય છે. આવા આશ્રમો આવી વ્યક્તિઓને આ પ્રકારની તાલીમ માટે આવશ્યક કેંદ્ર પૂરાં પાડે છે. આવી તાલીમ ત્યાં ને ત્યાં મૂકીને ન જતાં તે સંસ્કાર પોતાના વાતાવરણમાં પોતાને ઘરે પણ એ પ્રકારના વર્તનને ઉદ્‌ભવાવે એ પણ એની એક ફલશ્રુતિ છે. અધિકારભેદ અને પરિસ્થિતિભેદના કારણે પોતાને ઘેર ભલે તેવી વ્યક્તિ આશ્રમની જેમ વર્તન આચરવામાં એકરૂપ ન થઈ શકતી હોય, છતાં ભાવનાથી, મનથી અને અંતરથી અંતરમાં તો એવી વ્યક્તિ પોતાના સંપર્કમાં આવતી સૌ વ્યક્તિ સાથે હૃદયમાં હૃદયથી અભેદ અને સમાનતા અનુભવતી હશે અને અનુભવતી થશે. આ છે આવા પુનિત સ્થળની મહત્તા અને પ્રતાપ.

આ જ પ્રકારે સુરત આશ્રમમાં પણ ઘણા સેવાભાવી ભાઈઓએ ખોટી શરમ, સંકોચ અને લજ્જા આદિનો ત્યાગ કરીને જાતમહેનતથી વાસણ ઊટકવામાં, કચરો સાફ કરવામાં, રસોઈ કરવામાં, કડિયાકામ અને મજૂરીનું કામ કરવામાં સેવા આપી છે. એ વ્યક્તિઓએ કદી પણ પોતાને ઘરે આમાંનું કંઈ ના કર્યું હોય, ઊલટું શેઠાઈ જ કર્યા કરી હશે. આમ, પૂજ્ય શ્રીમોટાના સંપર્કથી અને તેમનામાંથી ઉદ્‌ભવેલા આશ્રમોની હસ્તીથી ઘણાં સદ્‌ભાવી જિજ્ઞાસુ અને શ્રેયાર્થી ભાઈબહેનો પોતપોતાનો જીવનવિકાસ આ રીતે મૂકપણે સાધી રહેલ છે.

❑

# ૧૧. મંત્રશક્તિનો પ્રતાપ

જગતમાં અનેક પ્રકારની ઘટનાઓ બને છે. કેટલીક ઘટનાઓનો આપણે તાગ મેળવી શકીએ છીએ. વિજ્ઞાનના વિકાસ સાથે સાથે એ અંગેની શક્યતાઓ વધી ગઈ છે, પરંતુ હજુ પણ કેટલીક વિસ્મયકારક ઘટનાઓ એવી બને છે કે જેની આપણી વૈજ્ઞાનિક દૃષ્ટિ પણ સમજૂતી આપી શકતી નથી. આપણી બુદ્ધિથી એ સમજવું દુષ્કર છે. તેના રહસ્યને આપણે પામી શકતા નથી, કોઈ કાર્ય-કારણનો સંબંધ આપણે કલ્પી શકતા નથી. આવી ઘટનાઓને આપણે ચમત્કારનું નામ આપીએ છીએ, પરંતુ આપણે સમજવાની ને જોવાની શક્તિ કેળવીએ તો તેના હેતુનું રહસ્ય અને તેની યથાર્થતા આપણને જરૂર સમજાય.

આવી જ એક ઘટના-જાતે ચકાસણી કરીને અનુભવેલી ઘટના-નું અત્રે નિરૂપણ કરું છું.

પૂનાથી પંદર માઈલ અને બે ફર્લાંગ દૂર મહાબળેશ્વર-બેંગલોરના રસ્તે જમણા હાથે વળતાં રસ્તાથી બેએક ફર્લાંગ દૂર ઓલિયા હજરત કમરઅલી દરવેશની દરગાહ આવે છે. તે જગા આગળ શિવપુર નામનું એક નાનું ગામ છે. પૂનાથી મહાબળેશ્વર જનારને આ રસ્તે જવાનું હોય છે. આ દરગાહનાં દર્શન કરવાં સર્વ કોમોનાં ભાવિક જનો આવે છે.

'કમરઅલી દરવેશ' એક ઓલિયા ફકીર હતા. કહેવાય છે કે શિવાજી મહારાજના જમાનામાં આ ગામમાં આવીને તેઓ વસ્યા હતા. તેઓ પોતાના સંકલ્પબળથી અસાધ્ય ગણાતા રોગોને પણ મટાડતા. એ રીતે દીન, હીન, દુઃખી, દલિત જનોનાં દુઃખો નિવારતા.

આ દરગાહમાં બે ચમત્કારિક પથ્થરો છે એ વાત સૌ પ્રથમ મેં કોલંબોના મારા એક મિત્ર મારફત જાણી હતી. આવા તો ઘણા ગપગોળા સાંભળવામાં આવતા હોય છે. એટલે શરૂઆતમાં તો મને એ બાબતમાં કશું જ વજૂદ હોય એમ લાગ્યું ન હતું.

૧૯૫૭ની સાલના સપ્ટેમ્બર મહિનામાં એકવાર મારે મદ્રાસથી મુંબઈ જતાં કામકાજ અંગે પૂના ઊતરવાનું થયું. તે પ્રસંગે આ દરગાહની પ્રત્યક્ષ મુલાકાત લેવાની મારી ઈચ્છા ફળી. સપ્ટેમ્બરની ૧૯મીને મંગળવારે હું અને મારા યજમાન સવારે નવેક વાગ્યે એ સ્થળે ટૅક્સીમાં પહોંચ્યા. મસ્જિદમાં દાખલ થતાં જ સામે બે મોટા ગોળ પથ્થરો પડેલા જોયા. અગાઉથી જાણેલું કે આ પથ્થરો 'કમરઅલી દરવેશ' એ નામનો મંત્રોચ્ચાર કરતાં માત્ર આંગળી અડાડવાથી ઊંચા થાય છે. એ સાંભળેલું ત્યારે તો ખરેખર એ એક ભારે અજાયબ વાત જેવું લાગેલું.

બંને પથ્થરો જુદી જુદી સાઈઝના અને જુદા જુદા વજનના હતા. મોટો ગોળ પથ્થર અંદાજે પંદર ઈંચ ઊંચો અને પચાસ ઈંચના પરિઘવાળો અને અંદાજે ૨૪૦ રતલ એટલે કે કાચા સાડા પાંચ મણ જેટલો લાગ્યો. નાનો ગોળ પથ્થર અંદાજે અગિયાર ઈંચ ઊંચો અને ચુંવાળીસ ઈંચના પરિઘવાળો તથા વજનમાં અંદાજે ૧૬૦ રતલ એટલે ચાર કાચા મણ જેટલો લાગેલો.

મોટા પથ્થરને અગિયાર વ્યક્તિએ અને નાના પથ્થરને નવ વ્યક્તિએ આંગળીથી અડકવાનું હતું. નાના પથ્થરને પ્રથમ અમે ઊંચકી જોવા પ્રયત્ન કર્યો. મારા સશક્ત યુવાન યજમાને પ્રયત્ન કર્યો પણ ઊંચકાઈ શક્યો નહિ. પછી અમે નવ જણે

નીચે નમીને એકેક આંગળી છેક તળિયે અડકાડીને બધાને એકીસાથે 'કમરઅલી...દ...ર...વે....શ...' એવો દીર્ઘ મંત્રોચ્ચાર કર્યો. છેલ્લો શબ્દ દરવેશ અમે પ્રત્યેક અક્ષરને છૂટા પાડીને લંબાવીને દ...ર...વે...શ શ્વાસ ઘૂંટીને એકસાથે બોલ્યા કે તરત અમારી અજાયબી વચ્ચે તે પથ્થર આપોઆપ ઊંચકાયો અને અમારી છાતી સુધી તે ઊંચકાઈ આવ્યો અને છેલ્લા અક્ષરો...વે...શ પૂરો થતાં ને શ્વાસ મૂકી દેતાં ધબ્બ દઈને પથ્થર નીચે પડ્યો. ફરીથી તે પ્રયત્ન કર્યો. ફરી પણ એ જ રીતે પથ્થર ઊંચકાયો.

અમોએ 'હરિઃૐ' એ મંત્રોચ્ચાર કરીને તે જ પ્રમાણે પથ્થરને ઊંચકવાનો પ્રયત્ન કર્યો પણ એ મંત્રોચ્ચારથી પથ્થર જરા પણ હાલ્યો નહિ. માત્ર 'કમરઅલી દરવેશ'ના નામના મંત્રોચ્ચારથી જ પથ્થર ઊંચકાય છે તેની ખાતરી કરી. સાત પુરુષો અને બે બહેનો મળી નવ વ્યક્તિ થઈને ઊંચકવાનો પ્રયત્ન કર્યો. 'કમરઅલી દરવેશ'નો મંત્રોચ્ચાર કર્યો છતાં પથ્થર ઊંચકાયો નહિ. આમ, ઊંચકનાર વ્યક્તિ બધા પુરુષો જ હોવા જોઈએ એ સાબિત થયું. એ પુરુષોમાં નાની વયનાં છોકરાંઓ હોય તો તે ચાલે એવી માહિતી અમને મળી હતી અને પ્રયોગ કરતાં એ યથાર્થ જણાયું. મસ્જિદના કંપાઉંડમાં બહેનો પ્રવેશી શકે છે ખરાં, પરંતુ દરવેશની દરગાહની નજીક જવાની તેમને મનાઈ છે. આ બેઉ પથ્થરો મસ્જિદના કંપાઉંડમાં જ હોવાથી બહેનોને અમારી સાથે રાખી ઊંચકવાનો પ્રયોગ શક્ય બન્યો.

આઠ જણાએ આંગળીઓ અડાડીને 'કમરઅલી દરવેશ'નો મંત્રોચ્ચાર કર્યો તોપણ પથ્થર ન ઊંચકાયો. નવની જ સંખ્યા

જોઈએ. અમે બધા મળીને પાંચ જણ હતા. એ પાંચ જણમાં છોકરાંઓનો સમાવેશ થઈ જતો હતો.

'કમરઅલી દરવેશ' એમ શ્વાસ ઘૂંટીને એકીસાથે બોલીને, શ્વાસ વધુ વખત રોકીને, પથ્થરને ઝડપથી આંગળીઓને સહારે ઊંચે લઈ જવાની શ્વાસ છૂટે તે પહેલાં એટલે કે 'દરવેશ' શબ્દ પૂરો થાય તે પહેલાં જેટલો વધુ ઊંચો લઈ જઈએ તેટલો તે ઊંચો આવે છે. અમો અમારી છાતી સુધી એટલે કે ચાર ફૂટ ઊંચે લઈ જઈ શકેલા. છતાં એક વસ્તુ ચોક્કસ કે શ્વાસ વધુ વખત રોકીને હજુ પણ વધુ ઊંચો તે પથ્થર ઊંચકી શકાય ખરો અને તે પણ હળવા ફૂલની જેમ બંને પથ્થર આટલા જ હળવી રીતે ઊંચકી શકાયા. બધાએ માત્ર એકેક આંગળી અડકાડી રાખવાની અને તેય માત્ર નામની જ. અહીં જે ઇલમ-ચમત્કાર છે તે તો 'કમરઅલી દરવેશ' નામના મંત્રોચ્ચારનો. પથ્થર આપમેળે જ નામોચ્ચારની સાથે ઊંચકાય છે. આંગળીઓ તો માત્ર નિમિત્તરૂપે નામના આધારરૂપે અડે છે. બીજો ગોળ પથ્થર છે તેને એવી જ રીતે અગિયાર પુરુષોએ આંગળી અડકાડતાં તે જ પ્રમાણે ઊંચકાયો હતો. આ પ્રયોગ અમે પાંચથી છ વાર કરેલો ને દરેક વેળાએ પથ્થર ઊંચકાયો હતો.

નિર્ધારિત સંખ્યાના પુરુષોમાંથી પણ જો એકાદ-બે જણ 'કમરઅલી દરવેશ'નો દીર્ઘ ઉચ્ચાર કરીને ના બોલે તો પથ્થર ઊંચકાતો નથી. બધાએ એકીસાથે જ લંબાણથી ઉચ્ચાર કરવો જોઈએ એવી એની આવશ્યક શરત છે.

એક બીજી લાક્ષણિકતા પણ જોવા મળી. જેનો શ્વાસ વહેલો ખૂટી જાય એટલે કે જેનો મંત્રોચ્ચાર વહેલો બોલાતો બંધ થાય તેની નજીક ધબ દઈને પથ્થર પડે છે. આ બધા પ્રયત્નોથી એક તારણ પર સ્વાભાવિક આવી શકાય કે જો

બધી વ્યક્તિઓ લાંબા સમય સુધી શ્વાસને રોકીને મંત્રોચ્ચાર કરે તો પથ્થરને માથા સુધી ઊંચો લઈ જઈ શકાય ખરો.

ચૈત્ર સુદ પૂનમના અરસામાં મુસ્લિમ કૅલેન્ડર અનુસાર 'સવાત' માસની બારમી તારીખે વાર્ષિક મોટો મેળો ઉર્સ આ દરગાહ આગળ ભરાય છે ને હજારો સ્ત્રી-પુરુષો ત્યારે ત્યાં એકત્રિત થાય છે. એ આ સ્થળનો મહિમા છે.

આ ઘટના અનુભવ્યા પછી સ્વાભાવિક રીતે જ એમ લાગ્યું કે શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વત પોતાની ટચલી આંગળી વડે ઊંચકેલો અને પોતાની સાથે બીજા ગોપભાઈ એને પણ લાકડીનો ટેકો આપવા જણાવેલું. આ કૃષ્ણજીવનની ઘટનાનું ધાર્મિક અને આધ્યાત્મિક રહસ્ય સમજવામાં આ મસ્જિદમાંના પથ્થરોની ઘટના માર્ગદર્શક થઈ પડે. કંઈક ઝાંખો પ્રકાશ પણ પાડી શકે.

આ ઓલિયાના દેહોત્સર્ગને અંદાજે ત્રણસો વર્ષ થઈ ગયાં હોવા છતાં તેમના નામના મંત્રોચ્ચારમાં આવી અને આટલી બધી અદ્ભુત શક્તિ છે એનું ભાન થતાં શિર સહર્ષ નમી પડે છે.

❒

# ૧૨. બજારમાં અર્ધનગ્ન શરીરે

આજથી ઘણાં વર્ષો પહેલાં ઈ.સ. ૧૯૩૮માં પૂજ્ય શ્રીમોટા ઈદના દિવસે સાંઈબાબાના હુકમથી તદ્દન નગ્ન અવસ્થામાં પાંચથી સાત શહેરમાં ભરબજારમાં ને વસ્તીવાળા લત્તાઓમાં ચાલેલા અને ફરેલા એ ઘટના હવે તો સૌને જાણીતી છે. પૂજ્ય શ્રીમોટાએ પોતાની કલમે એનું વર્ણન સાધકો પરના પત્રોમાં કર્યું છે, જે પુસ્તક આકારે પણ પ્રગટ થયું છે. એ ઘટનાના સાક્ષીઓ પણ હતા. તેમણે નજરે આ જોયેલું.

લગભગ આ જ પ્રકારની ઘટના ત્રેવીસ વર્ષ બાદ મારે પણ અનુભવવાની આવેલી. તદ્દન નગ્ન નહિ પણ નેવું ટકા નગ્ન. કુંભકોણમ્ આશ્રમમાં એક સવારે સાડા આઠ વાગ્યાના સુમારે તેઓ શ્રી હસમુખભાઈની રાહ જોતા હતા. અગાઉના નિશ્ચિત કરેલા કાર્યક્રમ અનુસાર તેઓ સાથે કારમાં એક સ્થળે જવાના હતા. સાડા આઠ વાગી ગયા. હસમુખભાઈ કંઈક મોડા પડ્યા એટલે પૂજ્ય શ્રીમોટા તો આશ્રમમાંથી નીકળ્યા. એમના મનમાં હશે કે હસમુખભાઈ સામે આવતા જ હશેને ! આશ્રમના ઝાંપે રાહ જોઈશ. તેમણે માથે સફેદ ગાંધી ટોપી, પગમાં ચંપલો અને કમ્મરે લંગોટ આખા શરીરને લક્ષ્યમાં રાખીએ તો માથે, મધ્યે અને તળિયે ત્રણ વસ્તુ-ટોપી, લંગોટ અને ચંપલ પહેરેલાં. બાકી બધું શરીર નરદમ ખુલ્લું. જોવા જેવો વેશ ! આશ્રમની આગળ દરવાજા પાસે જ એક પોળ. અગ્રહાર પોળ એનું નામ. એમણે ધારેલું કે અગ્રહાર પોળમાં સામે જ કાર મળી જશે. કાર તો દેખાઈ નહિ ને એઓશ્રી તો આગળ ને આગળ ચાલ્યા. એમ ચાલતાં ચાલતાં છેક પેઢીના મકાન સુધી એવા વેશે આવી પહોંચ્યા. ખાસ્સું દોઢ-પોણા બે

માઈલનું અંતર અને આખે રસ્તે ભરચક વસ્તી અને મોટાં બજારો. હસમુખભાઈ અચાનક આવી પડેલા બીજા અગત્યના કામમાં સપડાઈ ગયેલા એટલે નીકળી શકેલા નહિ. તેઓ આવ્યા ત્યારે હસમુખભાઈએ તેમનો લગભગ નગ્ન વેશ જોયો. તેમને ખાસ આશ્ચર્ય તો ન થયું, કારણ આવો કેટલોક અનુભવ પહેલાં એમને થયેલો. હસમુખભાઈએ કાર બોલાવી મંગાવી અને પૂજ્યશ્રીને કારમાં આશ્રમે પહોંચતા કર્યા.

એકવાર હરિ નાનો હતો ત્યારે હાથગાડીની દોરી ખેંચતાં ખેંચતાં ભરબજાર વચ્ચે થઈને પેઢીએ ગયેલા, એટલું જ નહિ પણ ભરબજાર વચ્ચે હરિએ એમને ઘોડો કરવાની હઠ પકડતાં ઘોડો પણ થયેલા. એકવાર સત્સંગમાં પોતાના સ્વમુખે જ્યારે આ ઘોડા થવાનો પ્રસંગ કહ્યો ત્યારે એક ભક્ત અધ્યાપક મિત્રે એમને કહ્યું, 'મોટા, ઈંગ્લૅન્ડના એક વખતના વડાપ્રધાન ગ્લેડસ્ટન જ્યારે વડાપ્રધાન હતા ત્યારે પોતાનાં બાળકોને લઈને બગીચામાં જતા ત્યારે બાળકોના આગ્રહને વશ થઈ ઘોડો થઈ બગીચામાં ફરેલા એવો પ્રસંગ આવે છે.' મોટાએ ત્યારે તરત એક વડીલ મિત્રનું નામ દઈ કહ્યું, 'જુઓ સાહેબ, સાંભળો. આ કંઈ કપોલકલ્પિત વાત નથી. માત્ર Probability નથી-શક્યતા નથી, Reality છે-વાસ્તવિકતા છે. વાત્સલ્યપ્રેમ લોકલાજની પરવા ન કરે. હું કંઈ ખોટું કહેતો ન હતો.'

આમ, મુક્તપુરુષનાં વર્તનો સમજવાં દુર્ગમ છે. તેમની વિશેષતા ઓળખવી સહેલી નથી. એ બધાંની પરવા કરતા ને વળી કશાની પરવા ન કરે. કોઈ આમ કહેશે કે તેમ કહેશે એવાં ધારાધોરણ એને નથી. એને આપણે કદાચ 'લીલા'માં જ ખપાવી શકીએ.

❐

# ૧૩. સાધક અને ગુરુની સ્થૂળ નિકટતા

સાધકને પોતાની સાધના માટે કોઈ ને કોઈ માર્ગદર્શકની જરૂર પડે છે. આમાંથી ગુરુપ્રથાનો ઉદ્‌ભવ થયો, પરંતુ આધ્યાત્મિક સાધનામાં ગુરુશિષ્યનો સંબંધ વિશિષ્ટ રીતનો છે. શિષ્ય, ગુરુ પ્રત્યે ખૂબ ભાવાત્મક હોય અને પ્રેમાદર ધરાવતો હોય તો જ ગુરુની ચેતના સાધકને એના વિકાસમાં મદદરૂપ બને. એ સંપૂર્ણપણે વિધેયાત્મક બને એ જરૂરી છે. એકવાર સદ્‌ગુરુ તરીકે કોઈનો પણ સ્વીકાર કર્યો ત્યારે આમ કરવું એ સ્વાભાવિક છે, પરંતુ જ્યારે સાધક અને ગુરુની સ્થૂળ નિકટતા વધતી જાય ત્યારે જ મુશ્કેલી ઉદ્‌ભવે છે. આ સ્થૂળ નિકટતાના કારણે અનેક નાનામોટા પ્રસંગોને ઝીણવટથી અવલોકવાનું સાધકને બને છે. તે વખતે જાણેઅજાણે ગુરુના વર્તનનું મૂલ્યાંકન થઈ જાય એ સ્વાભાવિક છે, પરંતુ તે વખતે જો સાધક સભાન ન હોય તો એને માટે ખતરો છે. એ પોતાના સ્વીકારેલા ધોરણથી ગુરુના વર્તનને મૂલવવા જશે તો એમાં ખતરો છે. એ અંગેનું એક નક્કર ઉદાહરણ અનુભવવામાં આવ્યું તે અત્રે ઉલ્લેખનીય છે.

એક ઉત્સાહી યુવાનને આધ્યાત્મિક પંથ પ્રતિ પ્રયાણ કરવાની અદમ્ય ઝંખના જાગી. એ માર્ગ પ્રત્યેનું આકર્ષણ અને ભાવ દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યાં. આધ્યાત્મિક સંતપુરુષોના આશ્રમે એમણે આવજાવ શરૂ કરી. કોઈ એક સંતપુરુષ પ્રત્યે શ્રદ્ધા જાગી અને પોતાના પથદર્શક તરીકે મનોમન તેનો સ્વીકાર કર્યો. એમના પ્રત્યે લહે લાગી અને સંસાર છોડવાની પ્રબળ ઈચ્છા જન્મી.

એમની આર્થિક સ્થિતિ સારી એવી સધ્ધર હતી. ઠીક ઠીક

પ્રમાણમાં સાધનસંપન્ન કહી શકાય. એને લીધે એ ભાઈનો ઉછેર સુખચેન અને એશઆરામમાં થયેલો. જીવનની તડકીછાંયડી જોયેલી કે અનુભવેલી નહિ. પત્ની પણ સુશિક્ષિત અને સંસ્કારી હતાં. માબાપ પણ ખૂબ સંસ્કારી અને વહાલસોયાં હતાં. એઓ માતાપિતાના એકમાત્ર ફરજંદ હતા. ધંધો પણ સુંદર રીતે ચાલતો હતો. કોઈ પણ પ્રકારનો અભાવો હોય એવું લાગતું ન હતું. ઐહિક દૃષ્ટિએ બધી રીતે સુખી હતા. નિરાશ થવાની એક પણ ઘટના ન હતી. એ જીવ કોક સદ્‌ભાગી અને પૂર્વજન્મનો ત્યાગી હોવો જોઈએ. એટલે સાધુતાને પંથે પડવાના એમને કોડ જાગ્યા. એણે તો ઝંપલાવ્યું અને સંસાર છોડ્યો. ગુરુની નિકટતા વધુ ને વધુ મળવા લાગી. ગુરુનાં ખૂબ ખૂબ વખાણ હૈયે ઊમટવા માંડ્યાં. ગુરુની પ્રશંસા, ગુરુ પ્રત્યેનો આદરભાવ-પ્રેમભાવ જાહેર કરવા લાગ્યા. ગુરુને ચરણે પોતાનું જે કંઈ સ્થૂળ હતું તે તેમણે મૂકી દીધું. આ કરીને પોતાના જીવનની ધન્યતા અનુભવી. દિવસો વીતવા લાગ્યા. મહિનાઓ વીત્યા. બેત્રણ વર્ષો પણ વીતી ગયાં. પછી એમના મનમાં ગુરુના બહિર્વર્તનને કારણે શંકાઓ ઊઠવા લાગી. પહેલાં જ્યાં અનન્ય શરણભાવ અને અપ્રતિમ શરણાગતિ હતી અને એ અંગેની પોતાની સભાનતા હતી તેવી સ્થિતિમાં પરિવર્તન આવ્યું. શંકા ડાકણે દેખા દીધી અને એ તેમને કોરી ખાવા લાગી.

ગુરુનું સામીપ્ય તે પચાવી ન શક્યા. દોષો દેખાવા લાગ્યા. ગુરુની વાણી અને વર્તનમાં ભેદ દેખાવો શરૂ થયો. ગુરુની નિષ્ઠામાં (સિનસિઆરિટીમાં) એક પ્રકારની ઊણપ વર્તાવા લાગી. 'ગુરુ એશઆરામથી રહે છે, ભોગ, શોખ અને ઐશ્વર્યના વાતાવરણથી આવરાયેલા છે. કેવળ વાણીથી પ્રભાવિત કરે છે.

ઈશ્વરનાં દર્શન તેમને થયાં નથી.' આવા આવા તુક્કા તેમના મનમાં ઊઠવા લાગ્યા. અન્યની સમક્ષ આ પ્રકારનાં ટીકાત્મક વિધાનો પણ હવે તેમનાથી અનાયાસે ઉચ્ચારાઈ જવા લાગ્યાં. પોતે પણ એક પ્રકારની દ્વિધાત્મક પરિસ્થિતિમાં જકડાઈ ગયા. ઘણા લાંબા વખત સુધી એવી પરિસ્થિતિ ચાલુ રહી.

આ બધું જ્યારે પ્રત્યક્ષ જોવા અને અનુભવવા મળ્યું ત્યારે સ્વાભાવિક પ્રશ્ન ઊઠ્યો કે સાધકને આમ શાથી થયું હશે ? એ સાધકના મનમાં શંકાઓ (Doubts) શાથી ઉદ્‌ભવી હશે ? પ્રથમ અવસ્થામાં જ્યાં અનન્ય શરણાગતિ હતી ત્યાં આ નકારાત્મક મનોવલણે કેમ દેખા દીધી ? એક પ્રકારનું માનસિક બંડ એ શા માટે પોકારી ઊઠ્યા ?-આ બધા પ્રશ્નોના ઉત્તરોમાં અમુક પ્રકારના નિર્ણયો પર આવ્યા વિના રહેવાતું નથી અને તે એ કે અધિકાર વિના અનાયાસે ગમે તેવી સારી વસ્તુ સાંપડે પણ તેને પચાવી શકવી કે જીરવવી સહેલી નથી. એ એક કઠિન કાર્ય છે. એક ભક્તકવિનું ખૂબ જ પ્રખ્યાત ભજન છે જેની ધ્રુવ પંક્તિ છે **'ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ નવ સરે.'** આ સાધકમિત્રના આ જાતના થયેલા માનસિક પરિવર્તનથી આ પંક્તિ સ્મૃતિપટ પર આવ્યા વિના રહેતી નથી.

એ ભાઈએ સાધનામાં head long ઝંપલાવ્યા પહેલાં એમના મનમાં ગુરુ વિશેનો જે ખ્યાલ હતો કે ગુરુ એટલે આમ અને આવા હોવા જોઈએ તે એમને નડતરકર્તા નીવડ્યો. 'ગુરુનો વર્તાવ આવો હોવો જોઈએ' એવો એમણે મનમાં ઘાટ ઘડી રાખ્યો હોવો જોઈએ. આ બાબતે એમને માટે મુશ્કેલી ઊભી કરી અને વિકાસ અટકાવ્યો.

તેમણે પોતાનાં માનસિક ચોકઠાં એટલાં તો સજ્જડ કરી મૂકેલાં કે તે ચોકઠાંમાં કશું ફીટ (fit) ન થયું એટલે એમની

શ્રદ્ધા તૂટી પડી. એમની ભક્તિ દેખાદેખીની હતી એમ તો નહિ કહી શકાય. ભક્તિ હતી ખરી પરંતુ જ્ઞાન વિનાની. પૂર્વજન્મની સંસ્કારગત ભક્તિ હતી પરંતુ એ ભક્તિમાં ચાલુ વર્તમાન દેશકાળની અસરોનાં પડો સખત રીતે બાઝી ગયેલાં. અર્વાચીન કેળવણીની ભારે અસર એમના પર હતી. અને તેનાથી જે મૂલ્યાંકન કરવાની ઢીલી આદત પડી ગયેલી તેના પર વિજય મેળવી શકાયો. વળી, આધ્યાત્મિકતા અને ગુરુ વિશેના ચોક્કસ દઢ ખ્યાલો સાથે તેઓ જોડાયેલા. જોકે તેનોય વાંધો ન હતો. જો તેમણે ભક્તિ સાથે જ્ઞાન વિકસાવવાનો પ્રયત્ન કર્યો હોત તો તો આવી ભારે પીછેહઠ ન અનુભવવી પડત. આવું જ્ઞાન વિકસાવવામાં અન્ય મુક્તપુરુષોનાં આંતરજીવનમાં ડોકિયું કરવાનો પ્રયાસ એમણે કરવો જોઈતો હતો. તેવા મુક્તોના સામીપ્યને પ્રીછનારાઓ પાસેથી સમજણ પામવાનું કર્યું હોત તો તેમના માનસમાં સૂક્ષ્મપણે સમજ પાંગરી શકી હોત અને તેથી કરીને પોતાના ચોક્કસ બાંધી લીધેલા ખ્યાલોમાં પરિવર્તન લાવી શક્યા હોત. આધ્યાત્મિક સાહિત્યના અભ્યાસનો વ્યાસંગ કેળવ્યો હોત તોપણ એ એમને એવી સમજ પેદા કરવામાં કંઈક અંશે ઉપયોગી થઈ પડત, પરંતુ આમાનું કશું થયું નહિ અને ભક્તિનો જુવાળ ઓસરવા લાગ્યો ને ફેંકાઈ જવાની તૈયારીમાં આવી પડ્યા. કેવી કમનસીબ અને કરુણ ઘટના ! બધું છોડ્યું-માતા, પિતા, પત્ની, વૈભવ, ઐશ્વર્ય, વેપારધંધો, મિત્રો, શરીરનાં સગાંવહાલાં, પણ ન છોડ્યાં માનસિક બંધનો, માનસિક સ્વજનો, માનસિક વચનો, મનનાં સગાં. આ પ્રકારની વ્યક્તિની માનસિક પરિસ્થિતિનો આબેહૂબ ચિતાર દર્શાવતાં પૂજ્ય શ્રીમોટાએ લખ્યું છે, 'જીવનની સાધનામાં માનવીને અનેક પ્રકારનાં દ્વંદ્વો સાથે સતત જાગ્રત ચેતના સહ યુદ્ધ આપવું જ પડે છે. એમાં માની

લીધેલાં મંતવ્યો, સમજણો, ટેવો, આગ્રહો, અભિપ્રાયો, ગમતું અને અણગમતું, રુચિ અને અરુચિ, તેમ જ પ્રાણની અનેક પ્રકારની કામનાઓ, લાલસાઓ, વાસનાઓ અને પડેલા સંસ્કારો એ બધાં પણ માનવીના અંતરમાં જીવતાં રહેલાં સ્વજનો જેવાં જ છે. આવાં સ્વજનોનો સંહાર કરવાને માનવીનું મન તૈયાર હોતું નથી.' (જીવનસંગ્રામ : પૃષ્ઠ ૨૭)

આમ, એ ભાઈ પોતાની માન્યતારૂપી માનસિક સ્વજનોને છોડવા તૈયાર ન હતા. સ્થૂળ શરીરનાં સ્વજનોનો સંગ તેઓ છોડી શક્યા પણ આ સૂક્ષ્મ સ્વજનો સમાં મંતવ્યો, અભિપ્રાયો, ગમા-અણગમા છોડી શક્યા નહિ. પરિણામે કરેલા ગુરુનો સાથ છોડવા સુધી તૈયાર થઈ ગયા. અલબત્ત, તેઓ કંઈ સંસારના ક્ષેત્રે પાછા તો ન ફર્યા. પણ પોતાના મનને પોતાના ગુરુ કરીને કે માનીને પોતાના 'અંતરસાદ'ને માન આપીને ચાલે છે અને સાધના કરે છે. આવી રીતની સાધનામાં તેઓ કેટલી ને કેવી સફળતા મેળવશે તે ભવિષ્યનો પ્રશ્ન છે, પરંતુ એક બાબત એ પ્રસંગમાંથી ચોક્કસ તારવી શકાય કે શરણાગતિ અને બિન આગ્રહીપણું એ રીતે કેળવવું અતિ કઠિન યાને અશક્ય છે, લગભગ બધાંને માટે. અપવાદ હોઈ શકે પણ તે તો કોઈ વિરલ જ.

આ ઘટનામાંથી આપણે સૌએ સમજવાનું એ છે કે ભક્તિની સાથે સાથે એને જરૂરી એવાં જ્ઞાન અને બૌદ્ધિક સમજણ પણ મેળવતા રહેવું જરૂરી છે.

બધાંની ભક્તિ એકાકી, અનન્ય, પ્રખર, સદૈવ અને સતત રહી શકે એવી હોવી એ કઠિન છે. એટલે આવું જે જે કંઈ જોવા-જાણવાનું મળે તે આપણને ચેતવનારું, આપણી આંખ ઉઘાડનારું બની રહેવું ઘટે.

❐

# ૧૪. પ્રભુ અને ભક્તનું ઋણ

મદ્રાસના એક વેપારીએ પારાની બાટલીનો વેપાર કરેલો. ભાવ ગગડ્યા. આથી, તેમની મોટી મૂડી તેમાં ડૂલ થઈ ગઈ. લગભગ બધી મૂડી સાફ થઈ ગઈ. તેઓ દોડતા પૂજ્ય શ્રીમોટા પાસે કુંભકોણમ્ આવ્યા. પૂજ્ય શ્રીમોટાએ તેમને ખૂબ ભાવથી આવકાર્યા. પેલા વેપારી ભાઈએ પૂજ્યશ્રી સમક્ષ પોતાની તમામ હકીકત રજૂ કરી. પૂજ્યશ્રીએ તેઓની સમસ્યા હલ કરવા સલાહ આપી ખૂબ ભાવથી જણાવ્યું, 'નિશ્ચિંત રહો. ભાવ ઊંચા જશે ને તમારી મૂળ સ્થિતિ પર તમે આવી જશો.' સાથે સાથે સ્પષ્ટતાપૂર્વક કહ્યું, 'જે ક્ષણે ભાવ તેટલી કક્ષાએ આવે તે બાદ વધુ લોભ ન રાખતાં તે વેળા બધો માલ વેચી દઈ ચોખ્ખા ને છૂટા થઈ જજો.'

પૂજ્ય શ્રીમોટાએ જ્યારે આવી સલાહ આપી તે સમયે બજારના વાતાવરણમાં પારાના ભાવ ઊંચા આવવાની કશી આશા ન હતી. આ બિના બનેલી ઈ.સ. ૧૯૫૦-'૫૧ દરમિયાન. પ્રભુનું કરવું અને પૂજ્ય શ્રીમોટાની વાણી ફળી અને ભાવ ઊંચા આવ્યા. તે વેપારી ભાઈએ એ સલાહ પ્રમાણે વર્તન કર્યું અને પૂર્વ સ્થિતિ પર આવી ગયા. પૂજ્યશ્રીએ તેમને આપેલ હિંમત અને વચન સફળ થયું. આ ઘટનાનો ઉલ્લેખ થતાં પૂજ્ય શ્રીમોટા એવું બોલેલા, 'પ્રભુ અમારો, અમારું કદી કોઈનું ઋણ ઊભું નથી રખાવતો. દર વખતે આવું વચન ન પણ આપી શકાય, પણ જેનો રોટલો પેટમાં પડ્યો હોય તેનું ઋણ મારો વહાલો કોઈ ને કોઈ રીતે ફેડી આપે છે. બધી કરામત એની છે. અમારું કશું નથી. અમે મફતનું કશું લેતા નથી. લઈએ છીએ તે પણ લોકોના

ઉપયોગ માટે. અમારા પોતાના અંગત ઉપયોગને માટે તો અમારે કશાની જરૂર નથી. લોકોનાં જીવન સદ્ભાવનામાં કેમ કરીને ઊંચે ચડે તેવી કોશિશ થઈ શકવાની સરળતા સારુ સ્થપાયેલ આશ્રમો માટે લેવાનું બને છે અને આ આશ્રમો ઉભયને-દાતાને અને લેનારને-પરસ્પર એક સ્થળ-meeting-common ground of platform–પૂરું પાડે છે. તે અંગે લેવાનું બને છે અને તેવું લેવાનું પણ આપનારના વિકાસ માટે-વિકાસ સાધવાની તકને માટે બને છે. એ રીતે અમો કોઈનું ઋણ સ્વીકારી રાખતા નથી.

આવાં તો કેટલાંય દૃષ્ટાંત પૂજ્યશ્રીના જીવનમાં અનુભવ્યાં છે.

❒

# ૧૫. મુક્ત અને મુખકાંતિ

એક સાધકે મને પ્રશ્ન પૂછ્યો, 'મુક્તના મુખ ઉપર એક જાતનું તેજ, ઓજસ, કાંતિ હોય છે, ખરુંને ?' આ જાતનો પ્રશ્ન એ પહેલાં પણ બીજાઓના મુખેથી સાંભળવા મળ્યો છે. ઘણા લોક મહાન વ્યક્તિઓને જોઈને કહેતા સાંભળ્યા છે, 'કેવી કાંતિ મુખ પર ઝળહળે છે ?' આવું પૂજ્ય મહાત્મા ગાંધીજી વિશે પણ તેમના ભક્તો, પ્રશંસકો અને અનુયાયીઓને કહેતા સાંભળ્યા છે. સામાન્ય જનતાને પણ આવું કહેતી સાંભળી છે.

આ અંગે મારો અભિપ્રાય જુદો પડે છે. સામાન્યતઃ તો એમ બને છે કે અમુક વ્યક્તિ મહાન છે તે ખ્યાલથી જ આપણા પોતાનાં તેમના પ્રત્યેનાં ભક્તિ અને ભાવને કારણે આપણને મુખ ઉપર તેજ જણાય છે. બાકી, વાસ્તવમાં તેવું હોતું નથી. દા.ત. મહાત્મા ગાંધીને કોઈ ઓળખતું ના હોય એવા સ્થળમાં અને વાતાવરણમાં રસ્તાની એક બાજુએ ઊભા રાખીએ કે બેસાડીએ અને ત્યાંથી અનેક નરનારી પસાર થશે તોપણ કોઈને તેમના મુખ ઉપર કાંતિ નહિ દેખાય તેવું જ સદ્‌ગત શ્રીરમણ મહર્ષિ વિશે પણ કહી શકાય. તેમની સરખામણીમાં બીજી બે મહાન વ્યક્તિઓ-સ્વામી રામદાસ અને પૂજ્ય શ્રીઅરવિંદને લઈએ તો એ બંનેને જોતાં જ સૌ કોઈ વંદશે. તેમના પ્રતિ આકર્ષાશે. મારી સમજણે તે બંનેનો રંગ શુભ્ર છે એ કારણ છે. મુખાકૃતિ આકર્ષક છે. મુખ ઉપર એક જાતની ચામડીનો ચળકાટ છે. શ્રીઅરવિંદને તો ભવ્ય દાઢી પણ છે. શ્રીઅરવિંદ જેવી જ મુખાકૃતિવાળા-ભવ્ય દાઢીવાળા એક ભાઈને હું જાણું છું. તેમને પણ સમાજમાં એ રીતે

પ્રતિષ્ઠિત કરીએ તો અન્યને આકર્ષી શકે એમાં કોઈ શક નથી. આમ છતાં વાસ્તવમાં તેઓ તો સાવ સામાન્ય સંસારી જીવ છે. આ ઉપરથી સહેજે સમજી શકાશે કે મોટે ભાગે જે લોકો આકર્ષાય છે, તે તો આંતરિક ગુણવિકાસને કારણે નહિ પરંતુ બહારના ભવ્ય દેખાવને કારણે. એવા પણ આકર્ષક ચહેરાવાળી વ્યક્તિઓ મેં જોઈ છે કે જેઓને જોતાં જ સહેજે કોઈને વંદન કરવાનું મન થાય. તેમાં વળી એવી વ્યક્તિએ જો ભગવાં વસ્ત્રો પહેર્યાં હોય અને તેમની નામના સંત તરીકેની કે સાધુ ભક્તજનની હોય તો સૌ કોઈ આકર્ષાય અને પગે લાગે. આમ છતાં તેમની આધ્યાત્મિક ભૂમિકા મુદ્દલે પેદા થઈ નથી. અરે ! જગતના સામાન્ય માનવીના કરતાં પણ ઊતરતી કક્ષાની તે વ્યક્તિ હોય ! જ્યારે બીજી બાજુથી અનાકર્ષક વ્યક્તિઓ એવી જાણી છે કે જેનો આધ્યાત્મિક વિકાસ ઘણી ઉચ્ચ ભૂમિકાએ થયો હોય ને મુક્ત પણ હોય.

હમણાં અમે બે માસ ઉપર શુકલતીર્થની નજીક મંગલેશ્વર ગયેલા. ત્યાં જાણ્યું કે ત્યાંથી ત્રીસ માઈલ દૂર વસતો એક અનાર્ય ભીલ કાળો સીસમ જેવો, વૃદ્ધ, તદ્દન ગામડિયો પણ નહિ પરંતુ જંગલમાં વસનારો જંગલી ગણી શકાય એવો એ માનવી મુક્ત દશામાં વિહરે છે. તેમના વિશે જે જે પ્રસંગો જાણ્યા તે ઉપરથી સહેજે અનુમાન થઈ શકે કે તેમની કક્ષા ઘણી ઉચ્ચ હોવી જોઈએ. આમ છતાં જો આ જ વ્યક્તિ આપણા શાકબજારમાં ઊભી હોય તો તેને મજૂર ધારીને શાકનો ટોપલો ઊંચકવા આપણે જરૂર બોલાવીએ ને ‘તું’ ‘તા’ પણ કરીએ.

આપણી જાણમાં આવેલ એવી ઘણી આધ્યાત્મિક વ્યક્તિઓને બે વિભાગમાં વહેંચી શકાય એમ છે. એક

વિભાગમાં તદ્દન અનાકર્ષક આધ્યાત્મિક વ્યક્તિઓ અને બીજા વિભાગમાં ભારે આકર્ષક વ્યક્તિઓ. એક તદ્દન સામાન્ય દાખલો ટાંકું. શ્રી હેમંતભાઈ અને હું આજથી પંદરવીસ વર્ષ ઉપર ઘણી જગાએ સાથે જતા-આવતા, જ્યાં અમને બેઉને ખાસ કોઈ ઓળખતું ન હતું. ત્યાં મારા તરફ માનઆદર બીજાને પ્રગટતું અને હેમંતભાઈ તરફ તેમાંનું કશું અનુભવાતું નહિ. જ્યારે અમારા બંનેની કક્ષામાં ગુણવિકાસમાં ઘણો મોટો ભેદ હતો. મારી દૃષ્ટિએ તેમની (હેમંતભાઈની) સરખામણીમાં મારો ગુણવિકાસ લગારે ટકી શકે એમ ન હતો. સરખામણી જ ન થઈ શકે. છતાં બહિર્ પરિણામ જુદું અનુભવાતું. તેનું કારણ 'બહારનો દેખાવ.' એટલે તે વખતથી મારી તો સમજણ દૃઢ થતી આવેલી કે લોકો તો બહારના દેખાવથી આકર્ષાય છે ને નહિ કે આંતિરક ગુણની પરીક્ષાથી, કારણ લોકોને આંતરિક ગુણવિકાસની શી ખબર પડી શકે ! आकृति गुणान् कथयति। એવી જે સંસ્કૃત ઉક્તિ છે તે હંમેશાં સાચી નથી. એવું અંતરનું તેજ જોવા માટે જોનારની પોતાની ઉચ્ચ આધ્યાત્મિક દૃષ્ટિ હોવી જોઈએ અને તેથી જ સમાજ પાસેથી વ્યાપકપણે આપણે એવી દૃષ્ટિની અપેક્ષા ન રાખી શકીએ, કદી જ નહિ.

આ પ્રકારના વિચારને સ્પષ્ટ કરવા માટે આપણી પૌરાણિક કથાઓમાં ઘણા પ્રસંગો હોય છે. અષ્ટાવક્રને નિહાળીને જનક રાજાની આખી સભા ખડખડાટ હસી પડી હતી અને તેથી જ તો અષ્ટાવક્રને કહેવું પડ્યું હતું, 'હે રાજન્ ! તારી સભામાં બધા મોચીઓ છે કે શું ? કારણ કે તેઓ હાડમાંસને જ જોનારા છે !' આ અષ્ટાવક્ર તો મહાન જ્ઞાની હતા એ સર્વવિદિત છે.

સૉક્રેટિસ દેખાવે આકર્ષક ન હતા. તેમનો હોઠ એટલો

બધો તો જાડો, મોટો અને બેડોળ હતો કે તે નર્યા બાહુક જેવા લાગતા. છતાં વાસ્તવમાં તેઓ ડહાપણના ભંડાર અને પરમ જ્ઞાની પુરુષ હતા.

મહાવિદ્વાન શુક્રાચાર્ય એકાક્ષી (એક આંખે કાણા) હતા. આપણે સૌ સમજી શકીએ કે એક આંખવાળી માનવ આકૃતિ આકર્ષક તો ન જ સંભવી શકે. છતાં તેઓ મહાજ્ઞાની હતા. દાનવોના ગુરુ હોવા છતાં દેવો કે દેવપુત્રો પણ તેમની પાસે અભ્યાસ કરવા તલસતા હતા. આ આપણા પુરાણનો દાખલો કેટલો ઉત્તમ છે !

આમ, આકૃતિના બાહ્ય દેખાવ અને ગુણવિકાસ કે આધ્યાત્મિકતાને કશો સંબંધ નથી. એવું બધું તો ભ્રામક હોવાનું. મજનૂ, લયલાની નજરે મજનૂ હતો. તેવું જ આપણી સંત પ્રત્યેની ભક્તિ અંગે પણ છે. આપણી ભક્તિ આપણી ઈષ્ટ વ્યક્તિમાં એવું આકર્ષકપણું દેખાડે કે મનાવે તે તો ઉત્તમ જ છે, પણ તે દૃષ્ટિ બધાને લાગુ પડવી જ જોઈએ તેમ ના માનીએ. પાર્વતીજીએ ભભૂત લગાડેલા શિવજીમાં ભારોભાર રૂપ જોયું તે પાર્વતીજીની પોતાની આંતરિક આધ્યાત્મિક દૃષ્ટિને લીધે જ.

❐

# ૧૬. ભાવભક્તિની તક

પૂજ્ય શ્રીમોટાએ સામાજિક ઉત્થાનનાં કામો હાથ લીધાં છે. તેને માટે જોઈતી નાણાકીય વ્યવસ્થા કરવા માટે એમણે અનોખો રસ્તો અપનાવ્યો છે. ભક્તો, પરિચિતો, પ્રશંસકો એમને પોતાને ઘરે આમંત્રે છે. પૂજ્યશ્રી એમને ઓછામાં ઓછી અમુક રકમ દક્ષિણા મળે તો જ એ આમંત્રણ સ્વીકાર કરે છે.

આશ્રમમાં જમવાનો સમય સવારે દસ વાગ્યે અને સાંજે પાંચ વાગ્યે નિયમિત હોય છે. એટલે પૂજ્યશ્રી જ્યારે અન્યને ઘરે પધરામણી કરે તે વખતે જમવાની નિયમિતતાનું શું થયું હશે એવો સ્વાભાવિક પ્રશ્ન થાય.

બહારગામ હોય ત્યારે એમનો જમવાનો સમય સવારે દસ સાંજે પાંચથી સાડા-છ. સાંજે થોડી છૂટ છાટ રખાય છે. યજમાનની સરળતાનો વિચાર રખાય છે, પરંતુ સવાર પૂરતું દસની નિયમિતતા જાળવવાની હોય છે.

એક શહેરમાં એક યજમાનને ઘરે જવાનું થયું ત્યારે પચીસ જણ તેમને ઘરે જમનાર હતાં. યજમાને પૂજ્યશ્રીનું ધ્યાન ખેંચ્યું, ‘દસ થવા આવ્યા છે ને એમને તો ભય રહે છે-ફાળ પડે છે કે રખેને જમવાનું મોડું થઈ જાય.’ આવા શબ્દો સહજપણે બોલાઈ ગયા. પૂજ્યશ્રી સહસા જ પ્રકોપસહ એ મતલબનું બોલ્યા, ‘આ જ તમારી બધાંની ભૂલ છેને ! તમારે ગરજ હોય તો મને બોલાવવો. ભય શા માટે ? ઊલટું તમારા લોકમાં ભક્તિ પ્રગટવી જોઈએ કે જેને આપણે પૂજીએ છીએ તેનો સમય સાચવવામાં આનંદ, ઉત્સાહ અને પ્રેમભક્તિ પ્રગટવી ઘટે. તેવા સમયપાલન પાછળ ભક્તિ પાંગરવી જોઈએ. ઉમળકો ને વહાલપ વછૂટવું જોઈએ. આમ, નિયમિત

દસ વાગ્યે જ જમવાનું તૈયાર કરવું એ ભક્તિ વિકસાવવાની એક તક ગણી લઈને તેમાં આનંદ ઉમેરવો જોઈએ. ભય-ભીતિ સેવીને એવું કરો તો તે નકારાત્મક વલણ ગણાય. તેમાં પ્રેમભાવ નથી. જેને આપણે ચાહતા હોઈએ, સન્માનતા અને પૂજતા હોઈએ તેની સરળતા પ્રમાણે કરવામાં, તેને જે વહાલું ને પ્રિય હોય તે કરી ચૂકવામાં આહ્લાદ, પ્રસન્નતા, દિલની મોકળાશ ને ઉલ્લાસ જો ન પ્રગટતાં હોય તો તેવી કરેલી સેવા ભક્તિ પ્રગટાવી નહિ શકે. પૂજ્ય વ્યક્તિની એવી શિસ્ત-કડકાઈ તે તો પ્રેમભાવ અને ભક્તિ વિકસાવવા માટેની એક તક છે. તેમાં આનંદ-ઉમળકાને સ્થાને ભીતિ-ડર આદિ જો પ્રવેશતાં હોય તો તે વ્યક્તિનો વિકાસ નહિ થઈ શકે. એવી ભીતિ રાખવામાં તો આખો હેતુ જ માર્યો જાય છે.' આ મતલબનું તેઓ બોલ્યા. અલબત્ત, તેઓ આટલા લંબાણથી બોલેલા નહિ. સૂત્રાત્મકપણે જ વાક્યો બોલાયેલાં પણ મેં તેને વિસ્તારથી વિશદપણે લખ્યાં છે.

આ ઉપરથી આપણે જેઓ સાધનામાં પડેલા છીએ તેમણે એક બાબતમાં સ્પષ્ટતા કેળવી લેવા જેવી છે અને તે એ કે સકળ સેવાનાં કાર્યો કરતાં ભક્તિ અને ભાવ વિકસાવવાનો જાગ્રત ખ્યાલ જો ન રહી શક્યો તો તેથી કરાયેલ સેવાનો હેતુ બર નહિ આવી શકે. આ હકીકત વધુ ને વધુ પ્રતિદિન દૃઢપણે હૃદયમાં અંકિત થતી જવી જોઈએ.

❒

# ૧૭. પ્રસન્નતા

કોઈ પણ વ્યક્તિ સાધનાપંથે ડગ માંડે ત્યારે કેટલીક સમસ્યાઓ આવીને તેની સામે ઊભી રહે છે. તેમાંની એક સમસ્યા એ કે જે સાધના છે એ યથાયોગ્યપણાની છે કે કેમ ? સાધકે આ સમસ્યા હલ કરવી જ પડે છે, તો કેવી રીતે કરવી ?

સાધનાની પણ પોતાની પારાશીશી હોય છે. તેવી પારાશીશીનાં અનેક માપદંડો અને ધોરણો હોય છે. તેમાંનું એક માપ પ્રસન્નતા છે. સાધકે સમજી લેવું ઘટે કે જેટલી વધુ વખત એની પ્રસન્નતા જળવાઈ રહે તેટલી એની સાધના યથાયોગ્યપણાની. એ પ્રસન્નતામાં તૂટ કે ખેંચ ના પડવી જોઈએ. ઝાઝી ચઢઊતર ના થવી જોઈએ. વળી, એ પ્રસન્નતા સાત્ત્વિક પ્રકારની હોવી ઘટે, નહિ કે જડતાભરી રીતની. આ બધાં લક્ષણો જો પ્રગટતાં હોય તો સમજવું કે આપણી પ્રગતિ સાચી દિશામાં છે. જો આપણી પ્રગતિ સાચી દિશામાં હશે તો પહેલાં જે આપણે નાની નાની ક્ષુલ્લક બાબતોથી કે ઘટનાઓથી લેવાઈ જતા હતા, આવરાઈ જતા હતા અને વિક્ષિપ્ત બની જતા હતા, તે તે બધું હવે અટકી ગયું હશે, કારણ કે આપણા મૂલ્યાંકનો પલટાઈ ગયાં હશે.

રેતીનો રેતીમાં કરેલો કિલ્લો કે ઘર પડી જતાં પુખ્ત ઉંમરનો માનવી તેના પર વિલાપ કરતો નથી, પરંતુ બાળકને મન તો એનાથી ઊલટું જ હશે. તેને મન તેનું સર્વસ્વ તૂટી પડ્યા જેવું થાય છે ને તે કારણે તે ખિન્ન થાય છે. આવું જ સાધનાપંથે પણ છે. જેનાં મૂલ્યાંકનો સાધનાને કારણે પલટાયેલાં હશે તેની પ્રસન્નતા ગૌણ ઘટનાઓથી ઘટતી નથી. તેનામાં

એક પ્રકારની સમતા સંચરી રહી હોય છે અને સમત્વમાં સ્થિર થતા જાય છે. આનો અર્થ કોઈ એવો ન કરે કે સમતા પ્રાપ્ત કરનારમાં સંવેદનશીલતા ઘટી છે અથવા નથી. ઊલટું જેનામાં પ્રસન્નતા વધુ ને વધુ પાંગરતી જાય છે તેની સંવેદનશીલતા વધે છે. પહેલાંની સંવેદનશીલતા એના કાબૂ બહારની હતી. હવેની સંવેદનશીલતા એના કાબૂની બાબત છે એટલે જ  સંવેદનશીલતાનું પ્રમાણ વધ્યું હોવા છતાં દેખાતું નથી. સાધનામાં વિકાસ થતાં થતાં સાધક સૂક્ષ્મ સંવેદનો તો અનુભવે. એટલું જ નહિ પણ તીવ્રપણે અનુભવે છે, પરંતુ તે પસાર થઈ જાય છે. તેની છાપ ઊંડી રહેતી નથી અને એટલે જ એની પ્રસન્નતા ઘવાતી નથી.

બીજું લક્ષણ એ કે સાધના વિકાસ પામતી જશે તેમ તેમ સાધકના વિચારો સાત્ત્વિક પ્રકારના થતા જશે. રાગદ્વેષ, મમતા, ક્રોધ, ઈર્ષા, અસૂયા આદિનાં મોજાં દૂર થતાં અથવા આવતાં અટકી જતાં હોવાથી પણ તેની પ્રસન્નતામાં ડામાડોળપણું નથી ઊઠી શકતું.

માનવીનો અહમ્, દ્વેષ ઘણી ઘણી સૂક્ષ્મ રીતોથી ડોકિયાં કરીને તેના મનમાં ઓછપ આણે છે; બીજાઓ પ્રત્યે અન્યથાપણે પણ વિચારવાનું બને છે. જ્યાં આવું બન્યું ત્યાં પ્રસન્નતા તૂટે જ. પ્રસન્નતા પ્રગટાવવા, ટકાવવા ને તેમાં સ્થિર થવા ચિત્તની શુદ્ધિ, ગુણશક્તિનો વિકાસ અને સાત્ત્વિક ભાવમાં નિષ્ઠા પામવાની ઘણી જરૂર રહે છે. એ બધું જો પ્રાપ્ત થાય તો પ્રસન્નતા ટકવાની જ. આ બધાંનું અંતર્મુખ થઈ નિરીક્ષણ કરીને આપણે આપણી જાતને માપી શકીએ છીએ કે આપણે ક્યાં છીએ ?

આથી જ પૂજ્ય શ્રીમોટાએ અનેક વાર કહ્યું છે કે સાધના

આંધળી નથી, એમાં પણ વિજ્ઞાનની જેમ ચોક્કસ આંકડાઓ છે, સાબિતીઓ છે, પારાશીશીઓ છે. જેનું અહમ્ વારે વારે અકળામણ અનુભવે ને ડોકિયાં કર્યા કરે તેની પ્રસન્નતા અનેક વાર તૂટે જ. અહમ્ પ્રગટતાં કે ડોકાતાં અઠીક વિચારધારા-અન્યથા વિચારધારા ઊઠવાની જ. મનનો પ્રત્યાઘાત-મનનું Reaction અઠીકપણે થવાનું જ. ને આમ થતાં તુલાનું સામેનું પલ્લું હાલવાનું, ત્રાજવાની દાંડી એક બાજુ ઢળવાની જ. વળી, આનો કાંટો પણ અતિ સૂક્ષ્મ છે, હીરા તોળવાના કાંટાથીયે સૂક્ષ્મતર છે. હવાની લહેરોનું વજન જેમ વર્તાય નહિ તેમ અહમ્, દ્વેષ આદિની લહેરોનું વજન વર્તાય નહિ, પણ પ્રસન્નતા રૂપી આ સૂક્ષ્મ કાંટામાં તો તેની એકાદ નાની શી લહરી પણ પલ્લાને ઊંચુંનીચું કરવા પૂરી શક્તિમાન છે. આ બધું સાધનાપંથે વિચરનારને સહેજે સમજી શકાય છે.

પોતાના મનને અંતર્ગતપણે નિહાળ્યા કરવાનો જેને મહાવરો છે - અને સાધનાનું આ એક અગત્યનું અંગ છે - તેને તો સહેજે ખ્યાલ આવી જશે કે આપણે ક્યાં છીએ અને કેટલે કઈ દિશામાં જઈ રહ્યા છીએ. આમાં ક્યાંયે ભુલાવામાં પડવાપણું કે ભ્રમણા સેવવાપણું નથી. 'બે ને બે ચાર' જેવી સ્પષ્ટ સાબિતીઓ અને ચોક્કસ હિસાબી ગણતરીઓ આમાં નિહાળી શકાય છે.

❐

# ૧૮. આશ્રમની બારીમાંથી

કોઈ પણ જાગ્રત સાધકે નાની નાની બાબતોમાં ને કાર્યમાં આપોઆપ ખૂબ વિચારવંત બનવું જોઈએ અને તે પણ સહજપણે. સાધનામાં એ અતિ આવશ્યક છે.

આશ્રમ સાથેના સંબંધોમાં પણ આ બાબત વિચારણીય છે. એવા અનેક પ્રસંગો જોવામાં આવે છે કે જ્યારે જાગ્રત વિવેકની ઊણપ વર્તાતી જોવા મળે છે. આશ્રમમાં આવનાર મુલાકાતીઓમાંથી કેટલાક મોટરવાહનમાં આવે છે અને તેમાંના કેટલાક પોતાનું વાહન છેક પૂજ્ય શ્રીમોટાની બેસવાની બારી સુધી લાવે છે. કેટલાક સમજુ વિવેકી હોય છે તે વાહનને દૂર ઊભું રાખે છે અને એવી ચૂપકીદીથી આવે છે કે આશ્રમના અધિષ્ઠાતા મહારાજને ખબર પણ ન પડે કે તેઓ કેવી રીતે આવ્યા છે, મોટરમાં આવ્યા છે કે અન્ય રીતે.

આ મુદ્દો આમ તો ખૂબ સાદો અને ગૌણ છે, છતાં તેમાં વાહનમાં આવનારનું માનસ કંઈક અંશે કળી શકાય છે. ઘણી બધી વ્યક્તિઓને તો એવી સમજ જ નથી કે એઓ કશુંક ખોટું કરી રહ્યા છે. એવી રીતે વાહન છેક આશ્રમના હૃદયસ્થાન સુધી લઈ આવવું એમાં નથી વિવેક કે નથી સૌજન્ય, ઊલટું એમાં તો એક પ્રકારની ઉદ્ધતાઈ, અવિવેક, અણસમજ અને ક્ષુલ્લક અહમ્‌નું પ્રદર્શન છે. આપણને જેના પ્રત્યે માન, આદર અને ભાવ હોય અને તેને મળવા જતા હોઈએ તો તેના ઉંબર સુધી વાહન લઈ જવું તે ઠીક નથી. આવા આશ્રમના પવિત્ર વાતાવરણમાં તો ખચીત નથી જ નથી. સાચી રીત તો એ છે કે વાહન થોડેક દૂર ઊભું રાખીને પગે ચાલતા સામે જવું તેમાં જ ખરી નમ્રતા અને વિવેકવાળી ભક્તિ રહેલી છે.

જેમ વાહનમાં બેસવામાં પહેલાં બેસવું કે પછીથી, અને ક્યાં કેવી રીતે બેસવું, તેમાં પણ વિવેક વાપરવો રહે છે તેમ આમાં પણ તેવું રહેલું છે. આ ઉપરાંત, બીજા અનેક પ્રસંગો હોઈ શકે-હૉર્ન કે બ્યૂગલ (Bugle) ન મરાય, અવાજ ઓછામાં ઓછો કરવો, વાહનનું બારણું ખૂબ આસ્તેથી બંધ કરવું છતાં બરાબર વસાય તેમ બધી તકેદારી રાખવી વગેરે વગેરે.

ટૂંકમાં, પોતાની સત્તાનો, પોતાના ઐશ્વર્યનો, પોતાની શ્રીમંતાઈનો, પોતાની વિદ્યાનો કે પોતાની પંડિતાઈનો જેટલો બને તેટલો ઓછો દેખાડો કરાય અથવા તો મુદ્દલે ન કરાય તો તો અતિ ઉત્તમ. સત્તા, ઐશ્વર્ય, શ્રીમંતાઈ મળી તો જાય પણ તેને યથાર્થપણે પચાવવી, તેમાં અને તેમાંથી સંસ્કાર પામવા, પોષવા ને પ્રગટ થવા દેવા તે એક અનોખી બાબત છે. એમાં એક વિશિષ્ટ પ્રકારની કળા રહેલી છે. મૂળ વાત એ છે કે આપણે વિચાર કરતાં જ જાણે મરી ગયા છીએ. સાધકે વિચારવંત થવું અતિ આવશ્યક છે.

કોઈને ઘરે આપણે ગયા હોઈએ અને બારણું બંધ હોય તો જાળિયામાંથી, બારીમાંથી કે બારણામાંથી ડોકિયાં ન કરવાં જોઈએ. ક્યાં તો સીધી રજા માગીને અંદર પ્રવેશ કરવો અથવા તો બહાર સભ્યતાપૂર્વક ઊભા રહેવું યા બેસવું, કોલાહલ ન કરવો કે અંદરોઅંદર વાતો પણ ન કરવી. જે કોઈ સ્થળે કે ધામમાં ગયા હોઈએ તેના વિશે ત્યાં ને ત્યાં અંદરોઅંદર અન્યથા ભાવવાળી ટીકા ન કરવી અને કરવી જ તો ત્યાંથી બહાર નીકળ્યા બાદ કરવી. (જોકે ન કરીએ તે જ ઉત્તમ)

કોઈના બગીચાનાં ફૂલ, પાન, ફળ મુલાકાત સમયે તોડવાં એ મોટો અવિવેક છે. આપણે તેમ ન કરીએ એનો સતત ખ્યાલ રાખવો જરૂરી છે. મુલાકાતના સ્થળની ચોખ્ખાઈ અને વ્યવસ્થામાં

પણ આપણે દખલગીરી ન કરવી. સૂચનો, સલાહો આપવા પણ બેસી ન જવું. જે તે માત્ર નિહાળ્યા કરવું તે જ ઉત્તમ રીત છે.

આશ્રમમાં જ્યારે કોઈ પણ વ્યક્તિ આવે છે ત્યારે તે આશ્રમના અધિષ્ઠાતાને મળવાની ઉત્સુકતા સેવે છે અને તે કશુંક શીખવા આવે છે, કશુંક લેવા કે મેળવવાના હેતુથી આવે છે, નહિ કે કશુંક આપવા, શિખવાડવા કે સંભળાવવાના હેતુથી. આ વાતની આપણામાંના ઘણાને સભાનતા નથી એટલે મોટા ભાગના લોકો બીજા પ્રકારની રીતિથી જ વર્તતા જોવા મળે છે.

ખરું જોતાં આશ્રમ જેવા સ્થળે જોવા જવું હોય તો જે દિવસે ઘણાં લોક ભેગાં થવાની વકી હોય તેવા દિને બનતા સુધી ના જવું. ટોળાંમાં હાર્દ નહિ પામી શકાય. જો અનુકૂળતા હોય તો જે દિવસે અને સમયે અન્ય મુલાકાતીઓનો ધસારો ન હોય તેવો દિવસ અને સમય પસંદ કરવા. મુલાકાત સમયે આશ્રમ અથવા તેવા સ્થળના વ્યવસ્થાપક કે સંચાલકોને ઓછામાં ઓછી તકલીફ પડે એવી દૃષ્ટિ રાખવી. ઘરથી છેલ્લા અર્ધા કલાક પહેલાં તો આપણે ચા-નાસ્તો પતાવીને નીકળ્યા હોઈએ અને કદાચ એવા સ્થળે આપને ચા-નાસ્તો લેવાનો કોઈ પ્રસ્તાવ રજૂ કરે તો તેનો સ્વીકાર કરવો એમાં વિવેક નથી એમ સ્પષ્ટ ભાસે છે. એકાદ વાર આશ્રમના પ્રસાદ રૂપે કે માન રાખવા સ્વીકાર કરીએ ત્યાં સુધી વાંધાજનક નથી, પરંતુ વારંવાર મહેમાનરૂપે વર્તાવ મેળવવાની આદત અને તેનો સ્વીકાર એ આશ્ચર્ય પમાડે એવું છે. એ ઠીક નથી એ નિર્વિવાદ છે. ખાવા-ખવરાવવાની, પીવા-પિવરાવવાની જે રીત આપણા સમાજમાં રૂઢ થઈ ગયેલી છે, તે એક જમાનામાં જ્યારે અતિથિ સાચા અર્થમાં અતિથિ હતો ત્યારે ઠીક હશે, પણ હવે તો તે યાંત્રિક રિવાજ સમય, શ્રમ અને સ્વાસ્થ્યને નુકસાનકર્તા છે એમ લાગે છે. ❐

# ૧૯. મૌનરૂમ અને બહેનો તથા મૌનરૂમની વિશિષ્ટ રચનાનો હેતુ

સુરત અને નડિયાદ બંને સ્થળે બહેનો અને ભાઈઓ મૌનમાં બેસે છે. નડિયાદની સરખામણીમાં સુરતમાં બહેનો વધુ પ્રમાણમાં બેસે છે. કેટલીક બહેનો લાંબા ગાળાના મૌનમાં પણ બેસે છે અને સાત સાત દિવસ બેસનારી તો ઘણી બધી બહેનો છે. લગભગ બેસનારાંના ૪૦% જેટલું પ્રમાણ હવે બહેનોનું થયું છે. નડિયાદ આશ્રમ અને સુરત આશ્રમનો ભેગો વિચાર કરીએ તો બહેનોમાં વધુમાં વધુ ૧૨૦ દિવસ બેસવાનો રેકર્ડ છે. ભાઈઓમાં એવો રેકર્ડ ૩૮૮ દિવસનો છે અને તે બે ભાઈઓનો છે. એક પરદેશી કૅનેડિયન યુવાનનો અને બીજો એક પંજાબના આપણા દેશના યુવાનનો.

આ તો જાણે ઠીક, પરંતુ બીજી બાજુ એક યા બીજા કારણે બહાર નીકળી જનારાઓ પણ હોય છે. ૧૯૬૦ સુધીના આંકડા જોતાં બહાર નીકળનારાંઓનું પ્રમાણ ૫ ટકા હતું. હાલ (ઈ.સ. ૧૯૮૦માં) એ પ્રમાણ વધીને ૧૦ થી ૧૨ ટકા થયું છે. જોકે બેસનારાંઓની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. પહેલાં મૌનમાં બેસવું એ જાણે જીવનનો વિશિષ્ટ પ્રસંગ હતો. બેસતી વખતે અને બહાર નીકળતી વખતે ઠીક ઠીક પ્રમાણમાં સ્નેહીજનો વિદાય દેવા અને સત્કારવા આવતા. હવે એવું ખાસ રહ્યું નથી. સંખ્યા અને ગુણવત્તા વિશે જીવનના કોઈ પણ ક્ષેત્રમાં વ્યસ્ત પ્રમાણમાં સંબંધ રહેલો છે. ગુણવત્તા વધે તો સંખ્યા ઘટે, સંખ્યા વધે તો ગુણવત્તા ઘટે. એટલે સ્વાભાવિક રીતે એ બાબત મૌનમાં બેસનારાંને પણ લાગુ પડે છે. લાંબા દિવસ માટે મૌનમાં બેસનારાંઓમાંથી અધવચ્ચે યજ્ઞ અધૂરો

મૂકીને બહાર નીકળી જનારા ખૂબ જ ઓછા છે, કોક જ, જૂજ સંખ્યામાં. બહાર નીકળનારાંનું પ્રમાણ સાત દિવસ માટે બેસનારાંઓમાં વધુ જોવા મળે છે અને આ તદ્દન સ્વાભાવિક પણ ખરું, કારણ કે આધ્યાત્મિક માર્ગે જવાની ગડમથલ કરનાર જ્યારે મૌનમાં બેસવા વિચારે છે ત્યારે શરૂઆત સાત દિવસથી જ કરે અને શરૂઆત હોવાથી અનેક પ્રકારની ગડમથલમાં ટકી ન શકાય તો બહાર નીકળી જવાનું પણ બને. એમ કરતાં કરતાં ટેવાતા જાય એ તદ્દન કુદરતી છે. આને કારણે જ સાત દિવસ માટે બેસનારાંઓમાં બહાર નીકળનારાંઓનું પ્રમાણ વધુ છે.

એક ખાસ વિશિષ્ટતા એ જોવા મળી છે કે નિર્ધારિત સમય પહેલાં બહાર નીકળી જનારાંઓમાં મોટે ભાગે ભાઈઓ વધારે હોય છે ! કોક કોક બહેનો જ અધવચ્ચેથી બહાર નીકળ્યાં છે. સાત વર્ષની ઉંમરની એક બાલિકા સુરત આશ્રમમાં સાત દિવસ માટે બેઠેલ. ચાર દિવસ બાદ તે જરા કંટાળેલી અને થાકેલી. તેણે બહાર આવી જવાની ચિઠ્ઠી મૂકેલી, પણ તેને ઉત્સાહ આપતાં સાત દિવસ તેણે પૂરા કર્યા. નડિયાદ આશ્રમમાં એક અગિયાર વર્ષની બાળકી પણ બેઠેલી. છેલ્લે દિવસે આશ્રમમાં લગ્ન હતાં ત્યારે પૂજ્ય શ્રીમોટાએ એને બે વાગ્યે બહાર નીકળી લગ્નમાં હાજર રહેવાનું ચિઠ્ઠી લખીને સૂચવ્યું. ત્યારે તેણે લખ્યું, ‘હું તો મારા પપ્પા રાત્રે સાત વાગ્યે લેવા આવવાના છે ત્યારે જ નીકળીશ.’ આવો તો એનો જુસ્સો રહ્યો હતો ! જ્યારે એણે બેસવાની ઇચ્છા પ્રગટ કરેલી અને આશ્રમના સંચાલકે એને ઉત્સાહ પ્રેર્યો ત્યારે એના પિતા કહે, ‘એને દિવસમાં પાંચ વાર તો ખાવાનું જોઈએ છે. એ કેમ રહી  શકશે ? ત્યારે તરત આશ્રમના સંચાલકે જવાબ

આપેલો કે પાંચ વાર અમે આપીશું છતાં તેમ કરવું ન પડ્યું અને એ બાલિકા અંદર રહી શકી.

અધવચ્ચેથી બહાર નીકળી જનારાંઓમાં બહેનોનું પ્રમાણ ખૂબ અલ્પ છે. એ દર્શાવે છે કે બહેનમાં Tenacity- તિતિક્ષા, ધૈર્ય, સહનશક્તિ વગેરે ગુણો પ્રધાનપદે છે. તેઓ મનને વધુ કઠણ-મજબૂત કરી શકે છે. સિત્તેર-બોત્તેર વર્ષનાં એક વૃદ્ધ બહેને ઘણા દિવસ સુધી એમના અંદર તાવ છતાં દવા લીધા વિના એકવીસ દિવસ પૂરા કર્યા હતા.

એક બહેન સવા વર્ષની એક બાળકીને લઈને ઘોડિયું અંદર રાખીને સાત દિવસ માટે સુરત આશ્રમમાં મૌનમાં બેઠાં હતાં. આ રીતે બેસવાનો આ એક અપવાદજન્ય કિસ્સો હતો. સુરત આશ્રમમાં એક પંદર વર્ષની કુમારિકા સાત દિવસ માટે મૌનમાં બેઠેલી. તે બહેન એટલા તો બુલંદ અવાજે મીઠું હરિઃૐનું નામસ્મરણ કરતી-જપ કરતી કે દૂર દૂર સુધી તેનો મીઠો રણકાર ગુંજી રહેતો. બહેનોમાં સહનશક્તિની સાથે સમજશક્તિ પણ વિશેષ પ્રમાણમાં જોવામાં આવી છે, ભાવ પણ તેઓ વિશેષ અનુભવે છે. મૌનગાળા દરમિયાન તેમનામાં ભાવની વૃદ્ધિ ઘણી જોવા મળે છે. એક બહેનને બે વર્ષથી જીર્ણ જ્વર લાગુ પડેલો તે વગર દવાએ સાત દિવસના મૌનમાં દૂર થઈ ગયો. એક ગૃહસ્થી બહેન પહેલી વાર જ સાત દિવસ માટે બેઠાં હતાં. સાત દિવસ પૂરા થતાં તેમણે સ્વતઃ સાત દિન લંબાવીને બીજા સાત દિવસની માગણી કરી, જે તે વખતે અનુકૂળતા હતી એટલે વધારી આપી.

બેસનારાંઓમાંથી સૌથી નાની ઉંમર નવ વર્ષની અને મોટામાં મોટી ઉંમર પંચાશી વર્ષની છે. બેસનારાંઓમાંથી સ્થાનિક લોકો-ગામમાંથી બેસનાર-થી માંડી ગુજરાતનાં વિવિધ

સ્થળોએથી પણ આવે છે. સૌરાષ્ટ્રમાંથી સારી એવી સંખ્યામાં આવે છે. પંજાબ, હરિયાણા, ભુવનેશ્વર, કટક વગેરે સ્થળોએથી પણ આવે છે. મુંબઈ શહેરમાંથી પણ સારી એવી સંખ્યા આવે છે. ઘણાં પરદેશી ભાઈબહેનોએ પણ ઠીક ઠીક લાભ લીધો છે. મૂળ ગુજરાતનાં ઘણાં ભાઈબહેનો જે હાલ ઈંગ્લૅન્ડ-અમેરિકા જઈને વસેલાં છે, તે થોડા સમયની મુલાકાતે સ્વદેશ આવે છે ત્યારે તેમાંથી કેટલાંક સમય કાઢીને મૌનમાં બેસવાનું પસંદ કરે છે. અંદર બેસનારાંઓને વિવિધ પ્રકારની અસરો થાય છે. કોઈનું વજન વધે છે તો કોઈનું ઘટે છે. મૌનગાળા દરમિયાન રાતોની રાતો નિદ્રાવિહીન વીત્યાની પણ હકીકત જાણવા મળી છે. ૧૭ થી ૧૮ કલાક સતત નામસ્મરણ મોટેથી લેવાયાની પણ હકીકત નોંધાયેલી છે. એકબે વખત બેસીને ખસી જનારાં પણ છે. એક વર્ષ - પ્રતિ વર્ષ નિયમિત બેસનારાં પણ નામ નોંધાવે છે.

બેસનારાંઓમાં ધર્મ, જાતિ, લિંગ વગેરેનો કોઈ ભેદભાવ રખાતો નથી. દરેક ધર્મની વ્યક્તિ બેસે છે. મુસ્લિમ ધર્મના અનુયાયીઓ પણ લાભ લે છે. એક મુસ્લિમ ભાઈ તો પોતાની સાધના માટે કયામતના દિનની તૈયારી માટે કૉફિન (Coffin -શબ મૂકવાની પેટી) લઈને મૌનમાં બેસે છે અને આખી રાત એક પડખે કૉફિનમાં સૂવાની ટેવ પાડે છે. ખ્રિસ્તી ભાઈઓ તેમ જ પાદરીઓ પણ આવે છે. જૈનો તો સારી સંખ્યામાં લાભ ઊઠાવે છે. પારસી ભાઈઓ પણ આવે છે. હિંદુ ધર્મના અનેક સંપ્રદાયના ભાઈઓ પણ આવે છે. અંદર બેસનારાંઓમાં અનેક ગુરુઓના શિષ્યો છે. પૂજ્ય શ્રીમોટાને જ ગુરુ માનવાનું અનિવાર્ય નથી. અન્ય ગુરુના ઉપાસકો મૌનમંદિરમાં જે પૂજ્ય શ્રીમોટાનો ફોટો મૂકેલો છે એને નીચે ઉતારી પોતાના ગુરુનો

ફોટો મૂકી શકે છે. જ્યાં સુધી સ્પષ્ટ રીતે માર્ગદર્શન માગવામાં આવે નહિ ત્યાં સુધી આશ્રમ કોઈને માર્ગદર્શન આપતો નથી.

નડિયાદ અને સુરત બંને આશ્રમોએ હાલ (૧૯૮૦માં) પાંચ પાંચ મૌનઓરડાની સગવડ છે. શાંત એકાંત વાતાવરણમાં પોતાની દૈનિક જરૂરિયાતો સહેલાઈથી નિશ્ચિંત અને નિશ્ચિત રીતે મેળવી શકાય અને શાંતિથી પ્રભુભજન કરી શકે તેવા હેતુઓને લક્ષ્યમાં રાખીને આ મૌનમંદિરોની સ્થાપના પૂજ્ય શ્રીમોટાએ કરેલી. એ આધુનિક સગવડ સાથેની જાણે જૂના જમાનાની ગુફાઓ છે. બધા ઓરડા કંઈ એકસરખા વિશાળ નથી. કેટલાક એકસરખા માપના છે. નડિયાદમાં બે ઘુમ્મટ આકારના અને સુરતમાં ત્રણ ઓરડા એકસરખા વિશાળ છે. પણ બીજા થોડા નાના છે. અંદર એક વ્યક્તિને જીવવા પૂરતી હવાની આવજા થઈ શકે એવાં બાકોરાં મૂક્યાં હોય છે. તેના પર પણ કાળા પડદા નાખેલા હોય છે. ઈલેક્ટ્રિક લાઈટ બંધ હોય તો અંદર તદ્દન અંધારું હોય છે.

આવી રચનાનો હેતુ સાધકને બાહ્ય જગતથી પોતાની તમામ ઇંદ્રિયોને ખેંચી લેવામાં મદદરૂપ થવાનો છે. વ્યક્તિના આધ્યાત્મિક વિકાસમાં અંતર્મુખ બનવું અનિવાર્ય છે. એટલે આવું વાતાવરણ ઇંદ્રિયને એનો ખોરાક મળતો બંધ કરી દે છે. એનાથી બહિર્મુખતા ઘટે છે અને અંતર્મુખતા વધે છે અને વ્યક્તિ પોતાની જાત સાથે એક બને છે. આટલા માત્રથી મનના સંકલ્પ કે વિચારોની સાંકળ એકદમ બંધ થઈ જશે એમ કહેવાનો આશય નથી, પરંતુ એટલું તો ચોક્કસ કે જપ, ધ્યાન, ભજન, કીર્તન, મનન, ચિંતન, આત્મનિવેદન આદિ સાધનો દ્વારા મનની એવી સ્થિતિ પ્રાપ્ત કરવામાં હવા-ઉજાસ વિનાની હાલની મૌનમંદિરની રચના ઉપકારક થઈ પડે. સૌ

પ્રથમ શરીર, ઇંદ્રિયો અને મનને પડેલી ટેવોમાંથી બહાર કાઢવાની જરૂર છે. એને માટે અહીં તકો ઊભી કરવામાં આવી છે. ચોવીસે કલાક બહારથી આવતાં વિરોધી આંદોલનોથી આપણી જાતને મુક્ત રાખી શકીએ છીએ. એને માટે બહારથી જેટલી હવા અલ્પ અને જેટલાં તેનાં મોજાં અલ્પ પ્રમાણમાં અંદર પ્રવેશે તેટલું વધુ ઉત્તમ.

કેટલાકને ઉનાળામાં તાપ, બફારો, ગૂંગળામણ થાય છે. અને પરસેવાના રેલા ઊતરે છે, પરંતુ આ બધું આખરે તો લાભદાયક છે, તેવી દૃઢ માન્યતા સેવીને એ વાતાવરણનો લાભ લેવો જોઈએ. સાધક રૂમમાં આરામ કરવા કે શરીરને સુખચેનમાં રાખવા નથી બેસતો. તપ વિના સિદ્ધિ નથી. સાધનાની અમુક પ્રક્રિયામાં સાધક પોતાની આસપાસ કૂંડાળાં કરીને છાણાં-લાકડાંનો અગ્નિ પેટાવી ભરઉનાળામાં બેસે છે. તેની આગળ આ બંધ રૂમ તો કશી વિસાતમાં નથી. અનાજ પાકવા માટે ધરતીને ગરમી-પ્રચંડ ગરમી-ની જરૂર પડે છે તેવી જ રીતે સાધકને પણ ઊથલપાથલની પણ આવશ્યકતા રહે છે. એટલે મૌનમાં પ્રવેશનારની ટેવોથી વિરુદ્ધના શારીરિક સંજોગો પણ આ હેતુ અર્થે જરૂરના છે. સાધના કરવી એટલે પડેલી ટેવોને પલટાવવી.

અંધારું એકાગ્રતાને પોષક છે. આ કારણે ઓરડામાં અંધારું રખાયું છે. જેટલું વધુ અંધારું રખાય તેટલું સાધનાના હેતુને તે પોષક છે.

❐

# ૨૦. મુક્ત અંગેની સમજણ

જે વ્યક્તિ આધ્યાત્મિક સાધનાના અંતે આત્મસાક્ષાત્કારનો અનુભવ કરે છે, તેને માટે આધ્યાત્મિક સાહિત્યમાં ઘણા શબ્દપ્રયોગો છે. ચેતનનિષ્ઠ, આત્મનિષ્ઠ, આત્મસાક્ષાત્કારી, બ્રહ્મનિષ્ઠ, જીવન્મુક્ત, અનુભવી વગેરે શબ્દોનો ઉપયોગ થાય છે. જીવન્મુક્તનો અર્થ થાય છે કે પોતે આ જીવન ચાલુ હતું તે દરમિયાન જ મુક્ત દશાને પામ્યા છે. એ પોતાનાં તમામ કર્મબંધનથી મુક્ત છે. એનાં કર્મો દગ્ધબીજ થઈ ગયાં છે. એને હવે કોઈ કર્મનો પાસ નથી અને 'જીવન્મુક્ત' સમગ્ર શબ્દ ન વાપરતાં ટૂંકમાં એકલો મુક્ત શબ્દ પણ વપરાય છે.

આવા મુક્તને ઓળખવા શી રીતે ? ખરેખર આપણે એને ઓળખી શકીએ ખરા ? આવો એક પ્રશ્ન ઉદ્‌ભવે અને જો ઓળખી શકીએ તો એનાં કોઈ ચોક્કસ લક્ષણો હોઈ શકે ખરાં ? એવો સવાલ પણ પેદા થાય. એનો જવાબ શોધવા પહેલાં એટલું જાણી લેવું પડશે કે 'મુક્ત' એ તો પ્રભુની આ જગત પરની પ્રતિકૃતિ છે. એ તો પ્રભુનો પ્રતિનિધિ છે. આથી, પ્રભુને પિછાણવું જેટલું મુશ્કેલ છે, તેટલું જ મુક્તને ઓળખવું મુશ્કેલ છે.

જોકે એને પૂરેપૂરો સમજી શકવો તો દુષ્કર છે. મુક્તને જો કોઈ પૂરેપૂરો ઓળખી શકે તો એ પોતે જ ઓળખે છે. આમ છતાં આપણી સમજણમાં ઊતરે, આપણી સ્પષ્ટતા કેળવાય એવું કંઈ લખી શકાય. 'મુક્ત'નાં લક્ષણો વિશે તેમ જ પ્રીછવાનાં ચિહ્‌નો વિશે ટૂંકમાંયે લખી શકાય અને વિસ્તારથી પણ લખી શકાય, વિચારી શકાય.

એમને ઓળખવામાં કે સમજવામાં કેટલીક મુશ્કેલીઓ

હોય છે. એક મુશ્કેલી તો એ કે એક મુક્ત અને બીજા મુક્ત વચ્ચે તેમનાં વ્યક્તત્વમાં ઊલટાસૂલટી ભેદ દેખાય છે. કેટલીક વાર તો તેમની રહેણીકરણી અને વ્યક્તત્વમાં આસમાન જમીનનો તફાવત હોય છે. આમ છતાં એવાં વિરોધી લક્ષણોવાળા પણ ખરેખર સાચા મુક્ત છે.

ભગવાન, પ્રભુ, પરમાત્મા, પરમ ચેતન જે કહો તે તેને વિશે ‘પ્રભુ એટલે આમ જ, અથવા તેમ જ’ એમ આપણે કહી શકતા નથી. જો તેમ વર્ણવીએ તો પ્રભુના સ્વરૂપમાં એક સીમાડો બાંધી દઈએ છીએ. ખરું જોતાં તો પ્રભુને માટે કોઈ ગુણનું પ્રદાન ન થઈ શકે, એમ કરવા જતાં આપણે પ્રભુને મર્યાદિત કરીએ છીએ. તેમ કરવામાં આખરે આપણે કંઈક વિધાન તો કરવું પડે જને ! કોઈ પણ કર્તા વિશે કંઈક વિધાન કરીએ એને કશુંક Attribute કરીએ તો કર્તામાં સમાવેશ પામેલો વિસ્તાર મર્યાદિત બની જાય છે. આ સમજાય તો પેલું સમજાશે કે પ્રભુ વિશે કંઈક કહેવા જતાં પ્રભુને મર્યાદિત બનાવીએ છીએ. એટલા જ માટે ઉપનિષદોએ તારણ કાઢ્યું नेति नेति. એટલે કે न इति - ‘આ નથી’ એનો અર્થ એ છે કે પ્રભુને ‘આ છે’ એમ કહેવા કરતાં ‘આ નથી’ એમ કહેવામાં સાચી રીતે વર્ણવી શકાય. ટૂંકમાં જ્યાં સીમા બંધાઈ ત્યાં પ્રભુત્વ ઊડી ગયું સમજવું, કારણ કે પ્રભુ તો અસીમિત છે, અનંત છે, અનહદ છે. એ બાબત મુક્તને પણ લાગુ પડે કે ‘મુક્ત એટલે આમ જ કે તેમ જ’ એમ કહી શકાય નહિ.

વ્યક્તિ પામર માનવીમાંથી ક્રમશઃ મુક્ત દશાને વરે છે, જીવનો શિવ થાય છે. तुंडे तुंडे मतिर्भिन्ना દરેક માનવમન દીઠ ભિન્ન ભિન્ન બુદ્ધિ રહેલી છે. એટલે કે બે માનવીઓ ભાગ્યે જ એકરૂપ હોઈ શકે. આ જેમ માનવી માટે સાચું છે તેમ

માનવીમાંથી મુક્ત થયેલા માટે પણ સાચું છે. મુક્ત થયેલાઓનો વર્તાવ એકબીજા સાથે સમરૂપ ન હોય એવું બને. દુનિયાના અબજો માનવીની પ્રકૃતિ નિરનિરાળી છે, એક બીજી સાથે તદ્દન મળતી આવતી નથી. તેમનાં મુખારવિંદો મળતાં ન હોય, તેમના અવાજો મળતા ન હોય. તેવું જ મુક્તને વિશે સમજવું. આનું કારણ એ છે કે દરેક મુક્તને પોતાની આગવી પ્રકૃતિ છે. તે મુક્તને વ્યક્ત થવા માટે પોતાનો આગવો પટ હોય છે. વળી, વ્યક્ત થવા માટે એવા પટની જરૂર પણ ખરી જ.

કોઈ એમ પૂછે કે પામર જીવદશાનો માનવી અને મુક્ત એ બે વચ્ચે શો તફાવત છે તે એક જ વાક્યમાં સમજાવો. તો એમ કહી શકાય કે પામર જીવદશાનો માનવી પ્રકૃતિવશ હોઈ પ્રકૃતિનો દાસ છે. જ્યારે મુક્ત પ્રકૃતિનો સ્વામી હોઈ, પ્રકૃતિ તેને આધીન છે. આ છે બે વચ્ચેનો પાયાનો તફાવત. એમાં એક વસ્તુનો સ્વીકાર થઈ જ ગયો છે કે બંનેને-પામર અને મુક્તને-પોતાની આગવી પ્રકૃતિ તો છે જ. તફાવત એ છે કે પામર માનવી પ્રકૃતિના વહેણમાં પરવશપણે-અવશપણે ધક્કેલાયે જાય છે, વર્ત્યે જાય છે. જ્યારે 'મુક્ત' પોતાની પ્રકૃતિને કબજામાં રાખીને, તેને તાબાની વસ્તુ બનાવી દઈને, પ્રકૃતિનો ઉપયોગ પોતાને વ્યક્ત થવાને માટે ચૅનલ તરીકે કરે છે, પરંતુ અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય કે કોઈ પણ વ્યક્તિ પામર માનવીની જેમ અવશપણે વર્તે છે કે મુક્તની જેમ સ્વવશપણે વર્તે છે તે બીજું માણસ-ત્રાહિત જન કેમ કરીને નક્કી કરી શકે કે કહી શકે ?

માનવી પ્રકૃતિથી અવશપણે વર્તે કે સ્વવશપણે વર્તે તેનો સાક્ષી તો તે પોતે જ છે. મુક્તની બાબતમાં એટલું કહી શકાય કે તેની સેવા કરવા ભક્તિભાવે સમીપમાં લાંબા સમય માટે રહેનારને કંઈ સમજાય તો સમજાય. તે પણ તેવી ખ્વાહેશ

કે ખાંખત સમજવાની રાખે તો.

એક પથ્થરને અબાલવૃદ્ધ સૌ કોઈ પારખી શકે છે. અરે આરસપહાણ જેવા કીમતી પથ્થરને પણ પ્રમાણમાં મોટો કહેવાય એવો સમુદાય પારખી શકે છે, પરંતુ હીરાને જૂજ લોકો જ પારખી શકશે. આથી, એક બાબત તો સ્પષ્ટ સમજાશે કે મોટો સમુદાય જે વસ્તુને પારખે કે અપનાવે કે તેનાં અહોગાન કરે તેટલા માત્રથી તે વસ્તુ અતિ મૂલ્યવાન ઠરી શકતી નથી. હીરાને તો લાખમાંથી બે-પાંચ જણ ને ઓછી સંખ્યાવાળા જ પ્રીછી શકે. એટલા માત્રથી હીરો સામાન્ય પથ્થર ઠરી શકતો નથી. આપણામાં કહેવત છે : **'હીરાને તો ઝવેરી જ ઓળખે.'** તેમ 'મુક્ત'ને જૂજ માનવીઓ જ ઓળખી શકવાના, પરંતુ તેટલા માત્રથી તેનું મહત્ત્વ ઘટી નથી જતું. પંડિત, વિદ્વાન, કથાકાર હજારોને સંબોધશે અને હજારો એનું સન્માન કરશે તેથી તેઓ મુક્તપુરુષ કરતાં આધ્યાત્મિક દૃષ્ટિએ વધુ મહત્ત્વના બની શકતા નથી. આમ, 'મુક્ત'ની પરખ દોહ્યલી છે, દુષ્કર છે, દુષ્પ્રાપ્ય છે. અને એથી આપણી જવાબદારી વધી જાય છે કે આપણે 'મુક્ત'ને ઓળખવાની કળામાં પારંગત થવું એ અતિ આવશ્યક છે, પણ એ કળા હસ્તગત કરવાની એક પૂર્વ શરત છે અને તે એ કે જેટલા અંશે આપણે આપણા આત્માને પિછાણવાનું કરી શક્યાં હોઈશું તેટલા અંશે એ કળામાં પાવરધા થઈશું. આમ, પાઘડીનો વળ છેડે આવીને ઊભો રહે છે. મુક્તને ઓળખવા માટે કે બરાબર સમજવા માટે આપણે આપણી પ્રકૃતિમાંથી મુક્ત બનવું જોઈએ. આમ, મુક્તને ઓળખવા માટે આપણે ઘણો લાંબો આધ્યાત્મિક પંથ કાપવાનો રહેશે.

બુદ્ધિની માનસિક સમજણથી પણ કોક મુક્તને પ્રીછી શકે છે ખરા, પરંતુ તેવી સમજણનો ઉપયોગ તેવી વ્યક્તિ ચલણી

નાણાંની જેમ કરી શકતી નથી. તેવી વ્યક્તિના જીવનને ઊંચે આણવાના માર્ગે તેવી બુદ્ધિની કોરી કોરી સમજણ ઉપયોગી નીવડતી નથી. માટે, ઉત્તમ રસ્તો તો એ છે કે આપણે પોતે આ દિશામાં ઊંચે પ્રગટવા મથવું પડશે. હવે, આપણે એક બીજા મુદ્દાની ચર્ચા પર આવીએ અને તે છે મુક્તનાં લક્ષણો. મુક્તનું સૌથી પ્રથમ લક્ષણ ગણવું હોય તો એ કે તેમનામાં અહમ્ ના હોય. કોક વાર એવું બને કે તેમની વાણીમાં તમને અહમ્‌નો આભાસ થાય. જ્યારે ક્યાંક આવાં દર્શન થાય ત્યારે પૃથક્કરણ કરતાં જણાશે કે તે અહમ્ નથી પણ સાત્ત્વિક હુંકાર છે. પ્રકૃતિથી પ્રેરાયેલા પામર માનવીમાં કામ કરતો જે અહમ્ હોય છે તેવો અહમ્ એ નથી. એ તો કોઈ આર્ષવાણી કે પયગંબરી ભાષા હોય છે. એના અહમ્‌નું તો ઊર્ધ્વીકરણ થઈ ગયું હોય છે. અહમ્ ઓગળ્યું હોય છે. તેને આગ્રહો, સિદ્ધાંતો, વાદો કે વાડાઓ નથી હોતા. તેને કોઈ મિશન નથી હોતું, સર્વની સાથે તે એકરૂપ થઈ શકે છે. પાપી કે પુણ્યશાળી, દુષ્ટ કે સજ્જન, નીતિમાન કે અનીતિમાન, ચોર કે શાહુકાર, શ્રીમંત કે ગરીબ, રાજા કે રંક, શેઠ કે નોકર-એમ બધા વર્ગના લોક સાથે તે એકરૂપતા-તાદાત્મ્યતા અનુભવી શકે છે. આ સર્વમાં તેને રસ હોય છે. નથી આગ્રહ હોતો ઝૂંપડાનો કે નથી આગ્રહ હોતો મહેલનો, નહિ આગ્રહ રાગનો કે નહિ આગ્રહ ત્યાગનો. એમ એ બધાં દ્વંદ્વોથી પર-દ્વંદ્વાતીત થઈ ગયેલો હોય છે. આમ, અહમ્‌માંથી તેને મુક્તિ મળેલી છે.

બીજું લક્ષણ એ કે એને કશામાંય રાગ કે દ્વેષ હોતો નથી. અને એ કારણે એને કશો સિદ્ધાંત હોતો નથી. સિદ્ધાંત હોય તો એકમાત્ર પ્રભુ-પ્રેમનો. પ્રભુનો તો તેણે સાક્ષાત્કાર કરેલો હોય છે અને પોતે પ્રેમસ્વરૂપ બની ચૂકેલો હોઈ તેને કશાય

સિદ્ધાંતની જરૂર રહેતી નથી, ઐહિક કે રાજદ્વારી આદર્શની એને જરૂર નથી હોતી. એને કોઈ સિદ્ધાંત હોતો નથી. એનો અર્થ એવો સમજવાનો નથી કે તેને જીવનમાં ઉચ્ચ મૂલ્યાંકનોમાં રસ નથી અથવા તો એવા જીવનનાં ઉચ્ચ મૂલ્યાંકનો પ્રતિ તે ઉદાસીન છે. આવું નથી, બિલકુલ નથી. એણે તો પોતાને હવે કશું મેળવવાનું બાકી ન હોવાથી તેને સિદ્ધાંતની જરૂર નથી. જ્યાં સિદ્ધાંત બાંધ્યો કે રહ્યો કે રાગ થાય જ. રાગ વિના સિદ્ધાંતનું પાલન અને પ્રકાર શક્ય ના બને અને રાગદ્વેષનું તો જોડકું છે, એક હોય એટલે બીજું હોવાનું જ. કશાકમાં રાગ કર્યો કે તેની સાથે કશાક માટે દ્વેષ થાય જ, કરવો જ રહે, આપોઆપ ઉદ્ભવે.

એનો અહમ્ ઓગળી ગયો હોવાથી કશાયે કામમાં એને સંસ્કાર પડી શકતા નથી. તે સંસ્કાર ન પડ્યા હોઈ પાપપુણ્ય, નીતિઅનીતિ, એ બધાંની સાથે ને વડે તે એકસરખી રીતે વહેવાર કરી શકે છે-લેવાયા વિના. એનો અર્થ એમ પણ નથી કે તે અનીતિમાન હશે કે થશે. પણ નીતિઅનીતિનાં મૂલ્યો તેનાં પૂરતાં બદલાઈ જાય છે, તેને તે બંને સમાન થઈ જાય છે. નીતિમાન કાર્ય હોય કે જગતની દૃષ્ટિએ અનીતિમાન કાર્ય હોય, તે બંનેમાં પ્રવર્તેલો હોય છે. તેને માટે તો તે તે કાર્યની પાછળનો પ્રેરક ભાવ, હેતુ એ જ તેનો માપદંડ હોય છે. કાર્યની પાછળનો ભાવ શુદ્ધ હોય, હેતુ ઊર્ધ્વ હોય તો સ્થૂળપણે ભલે તે કાર્ય જગતની દૃષ્ટિએ અનીતિમાન હોય કે લાગે તેની તેને કશી પરવા હોતી કે રહી શકતી નથી. તેને કશું મેળવવાપણું રહ્યું નથી તેથી તેને મન નીતિ અને અનીતિ બંને સરખાં મૂલ્યનાં બની રહે છે.

મુક્તોના પ્રકાર શાસ્ત્રોમાં જે વર્ણવ્યા છે તે પણ ચાર જાતના છે : (૧) જડવત્ (૨) પિશાચવત્ (૩) બાલવત્ (૪) હંસવત્. એમાં પિશાચવત્ એક એવો પ્રકાર છે કે તેની રીતિનીતિ ભાગ્યે જ જગત અપનાવી શકે કે સહી શકે. તોપણ તે મુક્તાત્માનો પ્રકાર છે એ આપણે ભૂલવું ન જોઈએ. પિશાચની રીતે વર્તન કરતો હોવા છતાં તે આત્મા મુક્ત સંભવી શકે છે. આ કથન શાસ્ત્રોક્ત છે, આધ્યાત્મિક પંથે સ્વીકાર્ય બનેલું છે. એવો મુક્ત અકારણ લોકોને પથરા મારે, ડંડા મારે, ગાળો પણ ભાંડે, બીભત્સ ગાળો પણ ભાંડે, ચેષ્ટા પણ બીભત્સ હોય, રંગઢંગ પણ તેવા જ, ભૂંડું પણ બોલે, સાચુંય બોલે. જૂઠું અને સાચું એ તો સાપેક્ષ પદ છે. relative terms છે. પ્રભુ તો જૂઠામાંય રહ્યો છે, 'જુગારમાંય રહ્યો છે' એવું ગીતાવાક્ય છે. આવા કોક કારણસર જ **'ગુરુ કરે તે ન કરવું, કહે તે કરવું'** તેમ શિષ્યને માટે કહેવાયું છે. મનુષ્યની વિવિધ કક્ષાએ આધ્યાત્મિક સત્ય નવાં નવાં રૂપો લે છે. સત્ય પણ સાપેક્ષ છે. એક કક્ષા માટેનું સત્ય બીજી કક્ષા માટે અસત્ય ઠરે છે. There is no universal truth for all- એકને માટે જે સત્ય હોય તે બીજાને માટે અસત્ય પણ હોઈ શકે. એટલા માટે જ આધ્યાત્મિક દોરવણીમાં કોઈ સાર્વત્રિક નિયમ બધાંને માટે એકસરખો લાગુ પાડવામાં આવી શકતો નથી, લાગુ પાડી શકાય પણ નહિ. આ જ અર્થમાં પૂજ્ય શ્રીમોટા ઘણી વાર કહે છે કે મારી પાસે સાધનાનું ready made prescription નથી. શ્રીકૃષ્ણ ભગવાનનું જીવનચરિત્ર આ અંગે ટાંકી શકાય ખરું. આ જ કારણસર શ્રીકૃષ્ણના ચરિત્રને જુદા જુદા લેખકો જુદી જુદી રીતે સમજ્યા છે અને વિવિધ ટીકાઓ એના પર રચાઈ છે. આમ છતાં તે પૂર્ણ પુરુષોત્તમ ગણાયા

છે. કૃષ્ણચરિત્ર તેમના સમકાલીન લોકો, તેમનાં કુટુંબીઓ આવા જ કોઈ કારણસર સમજી શક્યાં ન હતાં. એટલે જ યાદવો પર એનો પ્રભાવ પડ્યો નહિ હોય. કૃષ્ણને પ્રીછવાવાળા આંગળીના વેઢે ગણાય તેટલા તેમના કાળમાં મોજૂદ હતાં. (ગોપીઓની વાત જુદી છે. કારણ ગોપીઓએ બુદ્ધિથી નહિ પણ હૃદયથી કૃષ્ણને પ્રીછ્યાં હતાં.)

આવાં કારણોસર મુક્તનો નિકટનો સંપર્ક પચાવવો, પ્રીછવો ને જીવનમાં કામયાબ કરતો કરવો અતિ મુશ્કેલ પણ બની જતો હોય છે. આનો અર્થ કોઈ એવો ન કરે કે તેઓ પૂરા અનીતિમાન છે, પણ આપણી સમજણો એવા ને એટલા બધા સજ્જડ ચોકઠામાં ગોઠવાઈ ગયેલી હોય છે કે આપણે માટે તેની ઉપરવટ થઈને ઊર્ધ્વપણે નિહાળવું અને સમજવું મુશ્કેલ બની જાય છે. આને માટે ઉત્તમ વસ્તુ એ છે કે મનને નીરવ બનાવવાની કોશિશ કર્યે જવી, સાધનામાં જોરદાર રીતે પ્રવૃત્ત રહ્યા કરવું. મન નીરવ બનતાં કોઈનાય વર્તન વિશે ઝાઝા વિચારો નહિ ઊઠે, ન્યાય આપવા નહિ બેસી જાય. કોઈનાય કાર્યની પાછળના ભાવને બીજો માનવી કઈ રીતે પ્રીછી શકવાનો છે ? કાર્ય એકનું એક હોય, રજૂઆત એક જ રીતની હોય છતાં કર્મની પાછળ ધબકતા ભાવ અને હેતુને કારણે તે તે કર્મનું મૂલ્ય પલટાઈ જાય છે. આ સમજણ અનુભવવી અને જીવનમાં દૃઢાવવી તે પણ એક મોટું કાર્ય બની રહે છે. મુક્તના નિકટના સંપર્કમાં આવવાનું સદ્ભાગ્ય સાંપડતાં આવા પ્રસંગો આપોઆપ સાધકને આવી મળતા હોય છે.

❒

# ૨૧. યોગ્ય આદરમાન

પૂજ્ય શ્રીમોટામાં કોઈ પણ વ્યક્તિને સન્માનવાની અનોખી કળા હતી. જ્યાં જેને જેટલું યોગ્ય સન્માન મળવું ઘટે તેટલું તેઓ આપતા જ, તેમાં ક્યાંયે ક્ષતિ કે ચૂક રહેતી ન હતી. આ મેં અનેક વાર અને અનેક સ્થળે અનુભવ્યું છે.

૧૯૬૧માં પૂજ્ય શ્રીમોટાના નાના ભાઈ મૂળજીભાઈની દીકરીનાં લગ્ન હતાં. સામાન્ય રીતે હિંદુ કુટુંબમાં લગ્નપ્રસંગે કન્યાના મામાને અગત્યનું સ્થાન હોય છે. ગણેશ સ્થાપનના દિવસે વહેલી સવારે અમે પૂજ્ય શ્રીમોટા સાથે મૂળજીભાઈને ત્યાં ગયા. કન્યાના મામા પૂજ્યના પ્રશંસક ખરા. આર્થિકપણે અને સામાજિક દૃષ્ટિએ સામાન્ય સ્થિતિના ગણાય. પૂજ્ય શ્રીમોટાને માટે ગાદીતકિયે બેસવાની વ્યવસ્થા થયેલી હતી. તેઓ ત્યાં બેઠા. કન્યાના મામા સામે પાથરણા પર બેઠા. પૂજ્ય શ્રીમોટા આ જોઈ શક્યા નહિ. તેઓએ મામાને પોતાની જોડે જ માત્ર નહિ પણ પોતે બાજુએ ખસીને તેમને ગાદીતકિયે બેસાડવાનો આગ્રહ કર્યો. મામા આ સ્વીકારી શક્યા નહિ. તેઓ જ્યારે જ્યારે આશ્રમે આવે કે અમદાવાદ મળવા આવે ત્યારે પૂજ્યને પગે લાગે ને સામે જ બેસે, કારણ કે તે ગુરુ ને ભક્તના નાતાને સ્થાન હતું. અહીં લગ્ન પ્રસંગે ગુરુ ને ભક્તના નાતાને સ્થાન જ ન હતું. પૂજ્ય અહીં ગુરુ તરીકે આવ્યા ન હતા, કન્યાના કાકા તરીકે આવ્યા હતા એટલે કન્યાના મામાને અધિક સન્માન દેવાનો તેમનો ધર્મ તે ચૂકે એમ ન હતું. બીજી બાજુ મામાની પણ વિચિત્ર પરિસ્થિતિ હતી. તેમના દિલમાંથી પૂજ્ય શ્રીમોટા પરત્વેની ગુરુપણાની ભાવના કેવી રીતે દૂર કરી શકાય ! મામા પૂજ્ય શ્રીમોટા

સાથે ગાદીતકિયે સાથે બેસવા તૈયાર ન હતા. આનાકાની ઘણી કરી, પણ પૂજ્યે તો તેમને મુખ્ય મહત્ત્વના સ્થાને બેસાડ્યા જ અને પોતે જરા આઘા ખસીને બાજુએ બેઠા. એ સુભગ દૃશ્ય મને જોવાનું અને અનુભવવાનું મળ્યું તેથી ઘણો આનંદ થયો. બીજા બેત્રણ નાતના આગેવાનો આવ્યા તેમને પણ ગાદીતકિયે બેસાડ્યા અને પોતે બહુ જ સિફતથી અને સાહજિકતાથી ખસતા ગાદીના છેડા પર આવ્યા.

આ ઘટના ભલે સાધારણ લાગે પરંતુ સાધકને મન તેનું ઘણું મહત્ત્વ છે. આ પ્રસંગ પૂજ્ય શ્રીમોટાના સૂક્ષ્મ છતાં સહજ વિવેકનું યોગ્ય ઉદાહરણ છે અને આપણે માટે માર્ગદર્શક છે કે યોગ્ય સ્થાને યોગ્ય વ્યક્તિને યોગ્ય માન મળવું જ ઘટે ને તેવું આપણે કરવું જોઈએ.

આથી, વિરુદ્ધની બાબત વિચારીએ તો આપણે ઘણી વાર અનુભવીએ છીએ કે જ્યાં પોતાને કશું લાગતું વળગતું ના હોય ત્યાં પણ માનવી પોતાને માન-અકરામ મળે તેમ વાંછે છે. કોઈ મોટી સંસ્થાના વડા, રાજકીય પક્ષોના મોટા નેતાઓ, મિલ એજન્ટ હોય તેઓને પોતપોતાની સંસ્થાની સભાઓમાં, તે વાતાવરણમાં માનઆદરનું સ્થાન મળે તે યોગ્ય છે અને સમજાય એવું છે, પણ જ્યારે તે વાતાવરણથી બીજા જ વાતાવરણમાં તેઓ હાજર હોય જ્યાં તેમને કશો સીધો સંબંધ ન હોય, ત્યાં જો એમને એવું સ્થાન ન મળે તો તેમને સહેજ પણ રંજ થવો ન ઘટે. છતાં અનુભવે જોવા મળ્યું છે કે એવી જગાએ તેઓને મોખરાનું સ્થાન ન મળતાં તેઓમાં રોષ, દુઃખ અને કડવાશ વ્યાપી જતાં જણાય છે.

માનવમાત્રમાં આ જોવા મળે છે, કારણ કે આ માનવસહજ નિર્બળતા ને ઊણપ છે. સામાન્ય રીતે આવા

માનવી અંગે. બને છે એવું કે તેઓ પોતાના વર્તુળના વાતાવરણમાં અગ્રસ્થાને હોવાથી જ્યાં જાય ત્યાં પણ તેમને અગ્રસ્થાન મળવું જોઈએ એવી એમની આંતરિક ઈચ્છા હોય છે, પરંતુ આ લાગણી યોગ્ય નથી. આપણે એ સમજવું જોઈએ કે જ્યાં આપણને કોઈ સંબંધ ના હોય ત્યાં આપણું સ્થાન બીજાઓ જેવું જ હોવું ઘટે. તેવા સંજોગોમાં આપણને તદ્દન પાછળની હરોળમાં બેસતાં સંકોચ ના થવો ઘટે. આપણે આપણા વર્તનનું સૂક્ષ્મ અન્વેષણ કરીશું તો ખબર પડશે કે કથાવાર્તામાં ગયા હોઈએ અને ત્યાં જવામાં જો આપણે મોડા પડીએ તોપણ આપણે આગળની હરોળમાં મોખરાના સ્થાને જવાનું કરતાં હોઈએ છીએ. તદ્દન સામાન્ય મનુષ્યની માફક અને સામાન્ય મનુષ્યની સાથે બેસતાં આપણો મોભો જાણે જોખમાતો લાગે છે. આ કોઈ રીતે યોગ્ય ન ગણી શકાય. આપણા વાતાવરણમાં આપણે ગમે તેટલા મોટા હોઈએ પણ બીજા વાતાવરણમાં તો સામાન્ય જ છીએ તેવો ભાવ હોવો ઘટે. આપણે સતત યાદ રાખવું ઘટે કે લગ્નના વરઘોડામાં વરને જ વરરાજા કહેવામાં આવે તે રીતે સન્માનવામાં આવે છે. ખુદ રાજ્યના રાજાનું સ્થાન પણ તે જગાએ વરરાજાથી અધિક નથી હોઈ શકતું. એવા જ કોઈ કારણસર વરરાજા નામ પડ્યું હશે !!! એ તો જે હોય તે, પણ આપણને એટલો યોગ્ય સૂક્ષ્મ વિવેક ઊગવો ને દૃઢ થવો જ જોઈએ કે જ્યાં જેને યોગ્ય માન મળવું જોઈએ તે આપતાં આપણને સહેજ પણ સંકોચ ન થવો જોઈએ, એટલું જ નહિ પરંતુ જ્યાં આપણને લાગતું વળગતું ના હોય ત્યાં માન મેળવવાની ખેવના પેદા ન થવી જોઈએ.

સુરત આશ્રમમાં સરકારી નોકરી કરતો સમાજના નીચલા થરનો એક યુવક વારંવાર આવે છે. અઠવાડિયામાં ત્રણચાર

દિન આશ્રમમાં રહેવાનું પણ કરે. જ્યારે પૂજ્ય શ્રીમોટા સુરત આશ્રમમાં રહેવાના હોય ત્યારે તો અચૂક તે આવીને રહે. એમના પિતાનો ધંધો ખેતીનો. શાકની તેમની વાડી હતી. સુરત શહેરમાં સારા પ્રમાણમાં શાકભાજી બજારમાં પોતે જાતે જ વેચવા બેસે. તે યુવકના પિતા જ્યારે જ્યારે સુરત આશ્રમે આવે ત્યારે પૂજ્ય શ્રીમોટા તેમને 'બાપાજી' કહીને જ બોલાવે. 'કેમ બાપાજી, બધાં મજામાંને ?' - એમ પૂછે. છોકરાનો ભાવ પૂજ્ય શ્રીમોટા માટે અને આશ્રમ માટે એમ બંને માટે ઘણો છે. આથી, તેના પિતાને પણ પૂજ્ય ઘણું સન્માન આપે છે અને તેય એવું કે કોઈ અજાણ્યાને તો એમ જ ભાસે કે પૂજ્યના પણ તે વડીલ જ હશે. આ છે મોટાની સવિશેષતા ! તેઓને ઘણી વાર કહેતાં સાંભળ્યા છે, 'મારા ભક્તમિત્રના વડીલ તે મારા પણ વડીલ.' ને તે સગપણને નાતે અને તેવા સગપણના નામાભિધાન સાથે તેમને સન્માને પણ ખરા. આમ, 'મોટા' તરફથી સામાન્ય માનવીને પણ જ્યારે એવું સન્માન મળે તો તેને કેમ પોરો ના ચઢે ! આમ છતાં એક બાબત સ્પષ્ટ છે કે તેઓ કંઈ પોરો ચઢાવવા તો તેમ કરતા નથી, તેઓશ્રી તો સહજપણે તેમ વર્તે છે.

આવા પ્રકારના સૂક્ષ્મ વિવેકને લક્ષમાં રાખી પૂજ્ય શ્રીમોટાની એક બીજી વિશેષતા જોવા જેવી છે. જ્યારે તેઓ કોઈ મોટરમાં પ્રવાસ કરવાના હોય કે કોઈ યજમાને ડ્રાઈવરને ગાડી લઈને લેવા મોકલ્યા હોય ત્યારે તેઓ ગાડીના સારથિ ડ્રાઈવરને અચૂક બહુમાન આપતા જોયા છે. એવા જ કોઈક કારણસર તેઓ હંમેશાં સારથિ જોડે બેસતા હોય છે, સારથિને ચા નાસ્તો તેના શેઠની જેમ જ અપાવે. તેમણે આશ્રમમાં પણ એક શિરસ્તો પાડ્યો છે કે જમવામાં બધાંને એક જ પંક્તિએ

બેસાડે અને સારથિની ખાસ દેખભાળ રાખે. શ્રીકૃષ્ણ ભગવાન સારથિ જ હતાને !

૧૯૬૦માં ડાકોરથી સમગ્ર ભારતના પ્રવાસે જવા માટે એક સ્પેશિયલ ટ્રેન એકલા કિસાનો માટે જવાની હતી. તે ટ્રેનની પ્રારંભ કરવાની વિધિ પૂજ્ય શ્રીમોટા પાસે કરાવવાનું નિર્ધારાયેલું. લોકો બધા આશ્ચર્યમાં પડી જાય એવું એક અર્થસૂચક પગલું પૂજ્ય શ્રીમોટાએ ભર્યું. પહેલેથી જે તેમણે હારતોરા મંગાવી રાખેલા હોય કે પોતાને મળનાર હારતોરાનો ઉપયોગ તેમણે કર્યો હોય, ગમે તે હોય, પરંતુ તેમણે જ્યારે તે સ્પેશિયલના ઍંજિન ડ્રાઈવરને હારતોરા પહેરાવીને સન્માન્યા અને તેનું બહુમાન કર્યું ત્યારે ત્યાં હાજર રહેલો સમગ્ર રેલવે સ્ટાફ આશ્ચર્યચકિત થઈ તેમના પર વારી ગયો. આવું હતું સૂક્ષ્મ વિવેકયુક્ત એમનું અનોખાપણું. આપણે પણ સતત જાગ્રતતા કેળવી એવું વિવેકપૂર્ણ જીવન જીવીએ એ જ અભ્યર્થના.

❒

# ૨૨. મુક્તાત્મા અને ટોળાંની ઉત્તેજિત વૃત્તિઓ

મુક્તની સમજ કેળવવા માટે ઘણા ઘણા પ્રસંગો, ઘટના, પરિસ્થિતિમાં તે કેમ વર્તે એ જાણવું યોગ્ય થઈ પડે છે, તો જ એના વર્તનને સમજવાની કોક આંતરસૂઝ આપણને પ્રગટી શકે. તેવી એક પરિસ્થિતિની કલ્પના કરી અહીં ચર્ચા કરવા યોગ્ય ધાર્યું છે અને તેમાંયે સાત્ત્વિક માનવી અને મુક્ત વચ્ચે એક જ પરિસ્થિતિ વિશે શો ભેદ પ્રવર્તે તે સમજાવવા સમજવાનો પ્રયાસ ઉદાહરણ દ્વારા કરીએ.

એક હિંસક ઉશ્કેરાયેલું ટોળું ભેગું થયું છે. 'મારો, કાપો'ની બૂમો પડી રહી છે. સામાન્ય માનવી આ ઉશ્કેરાટના પ્રવાહમાં તણાય છે. ટોળાંવૃત્તિ (mob-mentality) સાથે વેર, ક્રોધની વૃત્તિઓ એકરૂપ થઈ જાય છે, ટોળાંમાં સામાન્ય મનુષ્યની વિચારપ્રક્રિયા બંધ થઈ જાય છે. એ વાતાવરણમાં અતિ સૂચનશીલ (suggestible) બની જાય છે એટલે એક કરે તે વગર વિચારે બીજો કરે, પરંતુ જે સાધક હશે અથવા જીવનવિકાસવાંછું જન હશે તેની સ્થિતિ કેવી હશે ? એવી વ્યક્તિ સત્ત્વમાં પ્રતિષ્ઠિત થવાની પ્રક્રિયામાં છે, સત્ત્વ એનામાં મોખરે છે, Predominant છે. ટોળાંની વૃત્તિ એને બહુ સ્પર્શશે નહિ અને કદાચ તેવું સ્પર્શે તો તેવા વલણથી અસ્પૃશ્ય રહેવા સદાય તે સાવધાન અને જાગ્રત રહેવા મથશે, તે જાગી જશે અને જાગીને ટોળાંશાહીની વૃત્તિઓની અસરથી દૂર રહેવા સતત ઉદ્યમી બની રહે છે. એની તે વખતની મનોદશા જે રીતની પ્રવર્તે છે તે રીતે તે મનને નીરવ રાખવા મથશે. આમ, એને ટોળાંની વૃત્તિ ખાસ સ્પર્શી શકશે નહિ. એનું

કારણ એ કે ટોળાંશાહીની વૃત્તિને વશ થવાની મનની જે ભૂમિકા હોવી જોઈએ તે ત્યાં નથી, તે ભૂમિકા એની ઓગળવા માંડી છે અને લય પામવાની દશામાં છે.

હવે, આ સાત્ત્વિક મનુષ્યની જગાએ - સાધકની જગાએ- કોઈ મુક્તપુરુષ હોય તો શું થાય ? - એવો પ્રશ્ન આપણે ઉદ્‌ભવાવી શકીએ. એ મુક્તાત્મા પણ ટોળાંને જુએ છે, એ પોતે ટોળાંની વચ્ચે આવી પડ્યો છે. એવા સંજોગોમાં એ મુક્તપુરુષ પેલા સાધક કે સાત્ત્વિક વિકાસવાંછુંની જેમ શું તે નીરવ દશામાં પ્રવર્તશે ? કે ટોળાંની અસર તેના પર સજ્ઞાનપૂર્વકની કાબૂસરની થશે ? જેમ આ ટોળાંશાહી વૃત્તિની વાત છે તેવું જ કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર આદિ વૃત્તિઓ અંગે પણ આવા પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય.

એના પર વિચાર કરતાં આપણને જણાશે કે મુક્તાત્માને એવી અસર થાય પણ ખરી અને ન પણ થાય અને વળી જે એના પર અસર થાય છે તે પણ સામાન્ય જન કરતાં નિરાળી રીતે. સામાન્ય જન તો અવશપણે કે પરવશપણે એ ટોળાંશાહી વૃત્તિમાં ખેંચાશે, મુક્તને પરવશપણે કશી જ અસર નહિ થાય. અજ્ઞાની સામાન્ય જન પણ પ્રકૃતિવશ હોવાથી ટોળાંશાહી વૃત્તિને આધીન થાય છે, પરંતુ મુક્તાત્મા તો પ્રકૃતિનો સ્વામી છે એટલે પોતાને યોગ્ય અને ઠીક લાગે તેવી રીતે ને સભાનતાપૂર્વક, હેતુપુરઃસર, પોતાના આત્માની પ્રેરણા મળી હોય તો તે ટોળાંમાં ભળીને દુશ્મનોને કાપી પણ નાખવા મેદાને પડે અથવા એમ પણ બને કે જો એની આત્માની આંતરિક પ્રેરણા એનાથી ભિન્ન હોય તો તે નીરવ જ રહે. આમ, તે સમયે તેને પોતાને અંતરાત્માનો-પ્રભુનો આદેશ સાંપડે અને તે અનુસાર જે પ્રાપ્તધર્મ લાગે તે પ્રમાણે તે વર્તે, પરંતુ એ વર્તન એનું ગુણોને કાબૂમાં રાખીને હશે એટલું ચોક્કસ.

સાત્ત્વિક વૃત્તિવાળો જીવનવિકાસવાંછું તો સાત્ત્વિક ગુણને વશ થઈને સત્ત્વમાં પ્રવર્તવાને ઉદ્યત હોય છે. તે ધારે તોપણ તમસ્ કે રજસ્‌માં પ્રવર્તી ના શકે, તેનો સાત્ત્વિક ગુણ તેને સત્ત્વમાં જ પ્રવર્તાવે. તેને ટોળાંશાહીની વૃત્તિઓ અસર ના પણ કરે, શાંત રહી શકે, પરંતુ મુક્તાત્મા તો ત્રિગુણાતીત છે એટલે સમય અને પ્રસંગ અનુસાર ત્રણે ગુણોનો આશ્રય લઈને યા ગમે તે રીતે એક યા બે ગુણોને મોખરે આણીને તેનો ઉપયોગ કરે. આપણી પાસે શ્રીકૃષ્ણનું એક ઉત્તમ ઉદાહરણ છે. શ્રીકૃષ્ણ તો યોગેશ્વર કહેવાય. એ મુક્ત હતા, છતાં તેમણે અર્જુનને કૌરવ સામે યુદ્ધમાં પ્રેર્યો અને એ પ્રેરણાના પ્રતાપે તો **'ગીતા'** જેવો ગ્રંથ ભારતને પ્રાપ્ત થયો. આમ, શ્રીકૃષ્ણે અર્જુનને રજસ્‌માં પ્રવર્તાવ્યો. અર્જુન મુક્ત ન હતો, એ તો શ્રીકૃષ્ણનો ભક્ત હતો, મિત્ર હતો, સખા હતો, એટલે એ તો સાત્ત્વિક વૃત્તિવાળો હતો અને સત્ત્વમાં પ્રવર્તતો હોવાને કારણે શસ્ત્રો ફેંકી દઈને તે શાંત થવા ઈચ્છતો હતો.

આમ જોઈશું તો, મુક્તને પણ પ્રકૃતિનો આશ્રય લેવો રહે છે, જેમ નદીને વહેવા માટે પટ આવશ્યક છે તેમ મુક્તને વર્તવા માટે પ્રકૃતિ આવશ્યક છે, એટલે એ પ્રકૃતિનો-પ્રકૃતિનાં તમામ અંગો કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર, રાગદ્વેષ આદિ વૃત્તિઓનો-ઉપયોગ કરતો હોય છે. એટલે સામાન્ય મનુષ્યને એમ પણ લાગવા સંભવ ખરો કે આ મુક્તાત્મા તો પ્રકૃતિના પ્રેરાવ્યા જ પ્રેરાય છે. એ પ્રકૃતિનો સ્વામી છે અને પ્રકૃતિનો ઉપયોગ સ્વામિત્વ દ્વારા કરે છે, નહિ કે પરવશપણે, એ બાબતનો ખ્યાલ સામાન્ય જીવને આવતો નથી. આમ માનવાનું કારણ એ છે કે એ સામાન્ય જનને મુક્ત દશાનો અનુભવ નહિ હોવાથી

પોતાની પ્રાકૃત સ્થિતિને ધોરણે મુક્તને મૂલવવાનો પ્રયાસ કરે છે અને માની બેસે છે કે એની પોતાની માફક એ મુક્તપુરુષ પણ વૃત્તિઓનો ગુલામ છે. આમ, એ મુક્ત પ્રત્યે અન્યથાભાવ કેળવે છે, પરંતુ હકીકતમાં વાસ્તવિકપણે એવું નથી. મુક્ત દરેક બાબતથી મુક્ત હોઈ તે પાછો દરેકનો ઈશ પણ છે, સ્વામી પણ છે, તે દ્રષ્ટા, સાક્ષી,* અનુમંતા અને ભોક્તા પણ છે. કેવળ સાક્ષી નથી કે કેવળ અનુમંતા પણ નથી, સ્વામી, ભર્તા, ભોક્તા આદિ પણ હોઈને આ બધું જ તેનામાં એકસામટું જ એકીપળે છે. એમ હોવાથી તે પોતાના અંતરાત્માના આદેશાનુસાર પ્રકૃતિને વળાંક આપી શકે છે. આ જ અર્થમાં પૂજ્ય શ્રીમોટાએ લખ્યું છે કે :-

‘કામ સૌ જ્ઞાની, અજ્ઞાની કર્યા ગુણાશ્રયે કરે,
બંનેના હેતુમાં જ્ઞાન ભિન્ન પરસ્પરે,
જ્ઞાની અજ્ઞાનીમાં ફેર પાયાનો શો હશે ખરો ?
અનાસક્ત હશે પહેલો, બીજો આસક્ત માનવો.’

એમ પ્રશ્ન ઉપસ્થિત થાય કે, અમુક વ્યક્તિનું કાર્ય સ્વામિત્વ સાથેનું છે અને અમુકનું કાર્ય પરવશપણે છે, તે કેવી રીતે નક્કી કરવું ? એ કેવી રીતે સમજી શકાય ?

આ એક અલગ પ્રશ્ન છે. એનો જવાબ એ છે કે, જ્યાં સુધી મુક્તની સાથે પ્રેમજ્ઞાનભક્તિભાવે હૃદયની નિકટતા ના જામી હોય ત્યાં સુધી એ પ્રશ્ન હલ થઈ શકે નહિ. તેવું પ્રેમજ્ઞાનભક્તિપૂર્વકનું હૃદયનું ઐક્ય થતાં, ભાવભક્તિ પ્રગટતાં પેલાનો વર્તાવ પ્રકૃતિવશ છે કે પ્રકૃતિથી પરનો-તેના સ્વામિત્વનો છે તે આપમેળે સમજાશે.

❒

---

* અનુમતિ આપનાર

# ૨૩. મહારુદ્ર યજ્ઞ

સુરતના આશ્રમના પ્રાંગણમાં જ એક બીજું મંદિર આવેલું છે. એને કુરુક્ષેત્રનું મંદિર કહે છે. આજુબાજુના પ્રદેશમાં એ મંદિરનો ઠીક ઠીક મહિમા છે. ઘણા લોકો ભાવથી દર્શને આવે. અવારનવાર ત્યાં મેળા જેવું પણ ભરાય છે. શ્રાવણ મહિનામાં અને અધિક માસમાં ઠીક ઠીક દર્શનાર્થીઓની અવરજવર રહે છે.

એ મંદિરના સંચાલકોએ એક મહારુદ્ર યજ્ઞ કરવાનો કાર્યક્રમ ગોઠવ્યો. સાત દિનનો એ નિર્ધારિત યજ્ઞ હતો. લગભગ ૧૯૬૧ની એ વાત. તે સમયે દસ હજાર રૂપિયા ખર્ચનું આયોજન કરેલું. વાતાવરણમાં એક પ્રકારની ભવ્યતા હતી. ઉચ્ચ સ્વરે પચીસ બ્રાહ્મણો વેદની ઋચાઓનું ગાન કરતા હતા, યજ્ઞકુંડમાં આહુતિ રૂપે ઘી અને અન્ય પદાર્થો હોમાતા હતા, યજ્ઞની જ્વાળાઓ ભભૂકતી હતી. આખો દિવસ કંઈ ને કંઈ કાર્યક્રમ ચાલ્યા કરતો હતો. મોટો મંડપ ખડો કરવામાં આવ્યો હતો. સેંકડો લોકો દર્શને આવતા હતા, કોક દિવસ તો હજાર ઉપર સંખ્યા ચાલી જતી. વીજળીની રોશની પણ ઝળહળી રહી હતી. કોઈક મોટરકારમાં, કેટલાક રિક્ષાઓમાં, ઘણા બધા તો પદયાત્રા કરીને આવતા. આમ, આબાલવૃદ્ધ સૌ કતારબદ્ધ ઊભરાઈ રહ્યા હતા. લાઉડસ્પીકરથી લોકોને વિવિધ કાર્યક્રમોની જાણ કરાતી હતી.

આવા આ સમારંભનો એક વિશિષ્ટ કાર્યક્રમ એ હતો કે ઋત્વિજોએ પૂજ્ય શ્રીમોટાને ખૂબ સન્માનપૂર્વક આમંત્ર્યા, મુખ્ય ઋત્વિજે પૂજ્યશ્રીને પ્રમુખપદનું માનવંતું ગૌરવવંતું સ્થાન આપી એમની પૂજા કરી, યજ્ઞના યજમાન દંપતીએ પૂજ્યશ્રીને હાર

પહેરાવ્યા, ચાંલ્લા કર્યા. આમ, પૂજ્યશ્રીનું બહુમાન થયું.

આ બનાવનું એક વિશિષ્ટ મહત્ત્વ છે. સામાન્ય રીતે આપણા ચીલાચાલુ કર્મકાંડમાં બ્રાહ્મણ સિવાય આવી બ્રાહ્મણેતર વ્યક્તિની આવી પૂજા થતી નથી. સનાતની બ્રાહ્મણો આવું સન્માન બ્રાહ્મણ નહિ એવી વ્યક્તિને આપે તે વિરલ દૃશ્ય છે. અહીં બધી મંડળી વચ્ચે જાહેરમાં પૂજ્ય શ્રીમોટા આખા યજ્ઞના અધિષ્ઠાતા દેવ હોય એવી રીતનો યજ્ઞના સંચાલકોએ અને પુરોહિતોએ પોતાનો વર્તાવ દાખવ્યો.

પૂજ્ય શ્રીમોટાએ પણ બીજું એક અનોખું પાસું વ્યક્ત કર્યું. એ યજ્ઞમાં એમણે પરબ આગળ બેસીને આવનાર મુલાકાતીઓને પાણી પાવાનું કામ કર્યું. એમનો પોશાક પણ જોનારને તો ચિત્રવિચિત્ર લાગે. માથે ફાળિયું, ખુલ્લું દિલ, મદ્રાસી લુંગી પ્રકારનું ફેંટિયું પહેરીને એ એકલાઅટૂલા બેઠેલા અને પાણી પાતાં પાતાં વધારામાં બોલતા જાય : 'મને અડશો નહિ, અહીં પાઈ-પૈસો મૂકો, મારો પગાર કેમ કરીને નીકળશે ! પાઈ-પૈસો મૂકતા જાઓ' આવી બૂમો સાથે તેમણે પોતાનું અનોખું વ્યક્તિત્વ રજૂ કર્યું. પાંડવોએ રાજસૂય યજ્ઞમાં શ્રીકૃષ્ણ ભગવાનને અધિષ્ઠાતા દેવનું મુખ્ય સ્થાન આપીને, મુખ્ય મહેમાન ગણીને તિલક અને બહુમાન કર્યું હતું અને તે જ યજ્ઞમાં શ્રીકૃષ્ણે જૂઠી પતરાળી ઉઠાવી હતી. તેવું જ લગભગ આ યજ્ઞમાં પૂજ્ય શ્રીમોટાએ અનુભવડાવ્યું.

યુગે યુગે આવી અસામાન્ય વિવિધ વિભૂતિઓ જન્મ ધારણ કરે જ છે, છતાં તેમની વચ્ચે પરસ્પર કેટલીક બાબતોમાં સમાનતા પ્રવર્તતી હોય છે એ વાત નક્કી. સામાન્ય રીતે એ દિવસોમાં - ૧૯૬૧માં-પૂજ્ય શ્રીમોટા બહુ જાણીતા નહિ એટલે પાણી પી જનારાં પૂજ્ય શ્રીમોટાને ઓળખે કરે નહિ. પાણી

પીધા બાદ, આશ્રમમાં પ્રવેશ કરી આશ્રમ જોયા બાદ આશ્રમના અધિષ્ઠાતા દેવનાં દર્શન એટલે કે પૂજ્ય શ્રીમોટાનાં દર્શન-માટે બધે ફરી વળે, પરંતુ 'મહારાજ' તો ક્યાંય શોધ્યાય જડે નહિ. સમાજમાં જે પરંપરિત માન્યતા છે કે મહારાજ એટલે તો મોટા ગાદીતકિયે બેઠેલા, ભક્તજનોથી વીંટળાયેલા, ફૂલ હારતોરાથી લદાયેલા, ઠાઠમાઠથી શોભી રહેલા એવા હોય. આવા કોઈ મહાત્માનાં દર્શન કરવાની ઈચ્છા યજ્ઞમાં આવનાર અને આશ્રમની મુલાકાત લેનાર ભાવિક જનોમાં હોય તે તદ્દન સ્વાભાવિક હતું. એટલે એવી પૃચ્છા કરનાર ભાવિક જનોને જ્યારે જ્યારે બતાવવામાં આવે કે, 'મહારાજ તો એ બેઠા, પેલા પાણી પાય છે તે.' ત્યારે તેઓ શરમિંદાં બની જાય, લેવાઈ જાય, જાણે છોભીલાં પડી જાય.

આ મંગળકારી પુનિત દૃશ્ય લગભગ અઢી કલાક ચાલ્યું. સેંકડો ભાઈબહેનો તેમના હાથે પાણી પી ગયાં અને તેમની સ્થૂળ તૃષા જ છિપાવી શક્યાં. એવા કોઈક મહાન ઠાઠમાઠવાળા યા વૈરાગ્ય ને સંન્યસ્તથી દીપતા કંથાધારી સંન્યાસી મહરાજનાં દર્શન કરવાની સૂક્ષ્મ તૃષા તો તેઓ છિપાવી નહિ શક્યાં. કેટલાંક દર્શનાર્થીઓ જેઓએ અગાઉ પૂજ્ય શ્રીમોટાનાં દર્શન કરેલાં હતાં અને તેમને પિછાનતાં હતાં તેઓ દૂર રહ્યે રહ્યે હસતાં પણ હતાં.

પૂજ્ય શ્રીમોટાને ટોળાં પસંદ નથી. એટલે આ યજ્ઞના શરૂઆતના દિને પરસાળની બંને બાજુનાં બારણાં બંધ કરાવી દઈને અંદર એકલા આરામખુરશીમાં બેસી રહેલા. લોકો બહારથી જ જાળીમાંથી દર્શન કરીને ચાલ્યા જતા, જાણે કે પશુપક્ષીઓના સંગ્રહસ્થાનમાંના પિંજરામાંના સિંહને નિહાળતાં ના હોય તેવું તે દૃશ્ય લાગતું હતું અને ઉપરછલ્લી સપાટીથી

એ સિંહ પણ એવાં ટોળાંઓથી ખિજવાયેલો લાગતો હતો. જોકે ટોળાં ગમતાં ન હતાં છતાં આખરે સિંહે પોતે જ બહાર આવીને દર્શન દેવાની આ અનોખી રીત 'અસ્પૃશ્ય' રહીને શોધી કાઢી. ખરે જ તે અસ્પૃશ્ય છેને ! આપણે તેમને ક્યાં સાચી રીતે સ્પર્શી શક્યાં છીએ !

પૂજ્ય શ્રીમોટાની એક લાક્ષણિકતા આ પ્રસંગોમાંથી બહાર તરી આવે છે અને તે એ કે એમને કશાની નાનમ નથી, કશાનો સંકોચ કે ક્ષોભ નથી, લોકો શું ધારશે કે માનશે કે બોલશે તેની પડી નથી હોતી અને એમનું આવું વલણ એક સાચા ઊર્ધ્વ પ્રકારના લોકોત્તરપણાનું દર્શન કરાવે છે.

આ ઉપર દર્શાવેલો યજ્ઞ કુરુક્ષેત્ર સ્થળના શિવાલયના જીર્ણોદ્ધાર અંગે યોજાયો હતો. કુરુક્ષેત્ર સુવિખ્યાત સ્થળ છે. સુરતની ઉત્તર તરફ જેમ અશ્વિનીકુમાર તેવું પશ્ચિમ તરફ આ કુરુક્ષેત્ર તાપીને કિનારે છે. એટલો મોટો જબરજસ્ત ઓવારો પણ છે કે આજે જો એ ઓવારો બંધાવવા જાય તો લાખો રૂપિયાનો ખર્ચ થાય. ઓવારો બંધાયાને અનેક વર્ષો વીતી ગયાં એટલે એનાં પગથિયાં અને કઠેરા વગેરે જીર્ણશીર્ણ થઈ ગયાં હોઈ પૂજ્ય શ્રીમોટાએ પોતે પાંચ હજાર રૂપિયા પોતાના ઉમેરી દસ હજાર જેટલી રકમ એકત્રિત કરી અને ઓવારાનો જીર્ણોદ્ધાર કર્યો. એ ઓવારાની ઉપર જ કુરુક્ષેત્રનું શિવાલય છે. શિવાલયના સંચાલકોની ઇચ્છા એ શિવાલયના જીર્ણોદ્ધારના ખાતમુહૂર્તની વિધિ પૂજ્ય શ્રીમોટાના શુભ હસ્તે કરાવવાની હતી. મુખ્ય ઋત્વિજની પણ એવી ઇચ્છા હતી એટલે તેમણે પૂજ્ય શ્રીમોટાને એ માટે વિનંતી કરી, પરંતુ પૂજ્ય શ્રીમોટાને એ દિને બહારગામ જવાનું પહેલેથી યોજાઈ ગયેલું હોવાથી પોતે તો તેમ નહિ કરી શકે એ પ્રકારની

લાચારી દર્શાવી, પરંતુ એમણે પોતાના વતી એક બીજા ભાઈને પોતાના પ્રતિનિધિરૂપે ગણીને તેમના હાથે તે વિધિ પરિપૂર્ણ કરવા જણાવ્યું. સંચાલક ભાઈઓએ આ સૂચનને સહર્ષ સ્વીકાર્યું. આવા સૂચનનો સહર્ષ સ્વીકાર એ સંચાલક ભાઈઓનો પૂજ્ય શ્રીમોટા પરત્વેનો અસાધારણ ભાવ દર્શાવે છે.

પૂજ્યની નમ્રતા અને સાથે સાથે ઉગ્રતા બંનેનાં દર્શન સહજ ભાવે સ્વીકારી શરણાગતિ કેળવવામાં આવે તો જીવનવિકાસમાં તે ખૂબ સહાયરૂપ બને.

સમર્પણ અને શરણાગતિનો ભાવ જો ન વિકસી શક્યો તો સર્વ લગભગ વૃથા જવાનું.

❒

# ૨૪. લગ્ન-વિવાહમાં તકેદારી

સુરત અને વલસાડ જિલ્લામાં અનાવિલ કોમની વસ્તી મોટા પ્રમાણમાં છે. તાપી અને વાપી વચ્ચે અનાવિલ કોમ વસે એવી એક લોકોક્તિ પણ છે. એટલે સ્વાભાવિક છે કે આવાં કેટલાંક અનાવિલ કુટુંબો પૂજ્ય શ્રીમોટાના સુરતના આશ્રમને કારણે સંપર્કમાં આવ્યાં હોય. આવું એક કુટુંબ હતું. એ કુટુંબના સૌથી એક મોટા ભાઈ હતા. ઉંમરલાયક એવાં એક બહેન, તેનો પણ પોતાનો સંસાર છે, બહેન-બનેવી બંને સંસ્કારી અને સાધારણપણે ઠીક ઠીક આર્થિક રીતે સુખી, તેમનો ડબલ ગ્રેજ્યુએટ કમાતો પુત્ર હતો. તેના વિવાહની વાત ચાલતી હતી. છોકરી સંસ્કારી પણ છોકરીના કુટુંબનો ગોળ (ન્યાતીલાઓનું જૂથ) છોકરાના જૂથ (ગોળ) કરતાં ઊતરતા પ્રકારનું ગણાતું. (જોકે ન્યાત એક જ) સામાન્ય રીતે આવા વિવાહોમાં મોસાળ પક્ષનું ઠીક ઠીક વર્ચસ્વ હોય. તેમ અહીં પણ હતું. છોકરાના મામા-ઉપર દર્શાવેલાં માતૃકુટુંબના મોટા ભાઈ અને તેમનાં બહેન (છોકરાની મા) બંને આ વિવાહની તરફેણમાં ન હતાં, બીજી બાજુ વિવાહનું લગભગ નક્કી થઈ ગયેલું. બેચાર દિનમાં જ વિવાહ જાહેર થવાની તૈયારી હતી.

આવા સંજોગોમાં કુશાગ્ર બુદ્ધિવાળા મામાએ કમર કસી. પોતાનાં બહેન-બનેવીને 'થોડા વખતમાં હું નક્કી કરીને કહીશ' એમ કહી રોકાઈ જવાનું જણાવ્યું અને પોતે એક મિત્રને લઈને ઊપડ્યા સીધા છોકરીના બાપને ઘરે.

છોકરીના પિતા રહે પંચમહાલ જિલ્લામાં. પૂજ્ય ઠક્કરબાપા જોડે ભીલસમાજ સેવામંડળમાં સક્રિય કાર્યકર તરીકે કામ કરે, જીવન સમર્પી દીધેલું.

મામાના મિત્ર અને મામાએ તો પોતાના રંગઢંગ બદલી નાખ્યા, વેશપલટા જેવું કર્યું, મિત્ર બન્યા વલસાડના વેપારી અને મામા બન્યા ખેડૂત. મામાએ તો પોતે માથે ફાળિયું પણ લપેટી લીધેલું. આ બંને કન્યાના પિતાના કુટુંબને ઓળખતા ન હતા, પરંતુ જઈ પહોંચ્યા કન્યાના પિતાને ત્યાં અને કહ્યું, 'આ બાજુ ઘાસના વેપાર અર્થે આવેલા છીએ. ઠક્કરબાપાના આશ્રમનું નામ સાંભળેલું અને આપ જ આશ્રમના વહીવટકર્તા છો એટલે થયું કે ચાલો જોતા આવીએ. એટલે આપની ઉપર ભલામણ ચિઠ્ઠી લઈ પૂછતાં પૂછતાં અમે તો તમારો આશ્રમ જોવા આવ્યા છીએ.'

બંનેને સારો આવકાર મળ્યો. આ કુટુંબથી તદ્દન અજાણ્યા, વળી દૂર દૂરના રહેવાસી હોવા છતાં એમને જે આવકાર મળ્યો, એમણે જે પરોણાગત માણી, જે સન્માન પ્રાપ્ત કર્યું તેથી ખૂબ ખુશ થયા.

મામાને પોતાને જાજરૂ જવાનું તો થયું ન હતું, છતાં બહાનું કાઢીને પ્રથમ તો જાજરૂ ગયા. ગયા હતા જાજરૂની સ્વચ્છતા જોવા, જેથી કુટુંબના સંસ્કાર તરત માપી શકાય. નાહવાની ઓરડી જોઈ, રંગઢંગ જોયા, કંઈક કંઈક બહાનું કાઢી પ્રસંગ ઊભા કરી કન્યા સાથે સીધા પરિચયમાં આવવાનું કર્યું, આમ કરીને કન્યાના રંગઢંગ નિહાળ્યા, ઘરના વાતાવરણને ભાળ્યું અને અનુભવ્યું, કન્યાનાં માબાપ સાથે પણ ઘડીભરમાં મિત્રાચારીભર્યો સંબંધ ઊભો કરી દીધો અને વાતવાતમાં પૂછી પણ નાખ્યું કે આ દીકરીના વિવાહ કર્યા છે કે નહિ ? પિતાએ તો તદ્દન સરળતાથી જે વાત હતી તે કહી, 'બેચાર દિવસમાં નક્કી થવાની વકી છે. થોડીક રુકાવટ છે, છોકરાનાં મામા ને મા વિવાહની તરફેણમાં નથી.'

મામા તો આ ઘરના સંસ્કારથી પ્રભાવિત બન્યા હતા એટલે વિવાહના તરફદાર બની ગયા. તેમણે વાતનો ફોડ પાડ્યો, સ્ફોટ કર્યો, ફાળિયું કાઢી નાખ્યું. પોતે જ વરના મોટા મામા એમ જાહેર કર્યું. આથી, કન્યા અને તેનાં માતાપિતા ઘણાં ખુશ થયાં, એમને તો 'ઘેર બેઠાં જાણે ગંગા પધાર્યાં.' મામાએ જણાવ્યું, 'વિવાહ નક્કી જ છે. આવો, ચાલો મારી સાથે.' આમ વિવાહ થઈ ગયા અને લગ્ન પણ લેવાઈ ગયાં.

આ પ્રસંગ અને કથની જણાવવાનો મુખ્ય હેતુ તો મામાની દીર્ઘદૃષ્ટિને સમજવાનો છે. મામાની ઝીણી દૃષ્ટિ, કન્યાના સંસ્કાર પરખવાની તરકીબ, હિંમત અને તત્પરતા અનુપમ હતાં. આ બાબતે જે કરવાની જરૂરિયાત તે કરવાની ખાંખત અને તેને અમલી બનાવવાનું ધ્યેય વગેરે વિશિષ્ટ હતું. એમનો સંસ્કાર માપવાનો ગજ, ડહાપણભારી નિગાહ અને સૂક્ષ્મ વિવેકબુદ્ધિ જોઈ આનંદ જ થાય. પોતાના મતથી વિરુદ્ધની બાબત અનુભવની સરાણે ચડાવી જોતાં યોગ્ય લાગી, તો તેને સ્વીકારવાની તત્પરતા, મનની મુલાયમતા દૃષ્ટાંતરૂપ છે. આવી ખેવના, ખાંખત, ધીરજભરી ચોકસાઈ કેટલાં માબાપ પોતાનાં સંતાનોના ભાવિ જોડાણ વેળા કરે છે ? ભાગ્યે એકાદ ટકો.

આ મામાની હોશિયારીને શિર નમે છે. સાધકને પણ આવી વહેવારકુશળતા પ્રાપ્ત કરવી જરૂરી છે. આધ્યાત્મિક્તા એટલે વહેવારશૂન્યતા એ વિચાર ઘણો જરીપુરાણો અને વાસ્તવિક્તા સાથે મેળ મેળવનારો નથી. સાધક પણ પોતાના વહેવારમાં દક્ષ અને કુશળ હોવો જરૂરી છે.

❐

# ૨૫. ગેબી મદદો: ખોટા દેખાઈને મદદ કરવી અને અશ્લીલ ગાળો

જેનું સમગ્ર જીવન ભગવાનમય બની ગયું હોય તેનું કોઈ પણ કાર્ય ક્યાંય અટકતું નથી. ભગવાન તેનું જે તે બધું સંભાળે છે. સૂક્ષ્મ પ્રક્રિયાને જેટલે અંશે આ લાગુ પડે તેટલે જ અંશે સ્થૂળને પણ લાગુ પડે છે. અલબત્ત, એ કાર્યો સંપન્ન થવામાં નિમિત્તો અનેક પ્રકારનાં હોઈ શકે. એ જ અર્થમાં પૂજ્ય શ્રીમોટા વારંવાર કહે છે, 'મારો ભગવાન હજાર હાથવાળો છે.' અર્થાત્ અનેક મનુષ્ય દ્વારા એ એમનાં કામ કરે છે. આવો અનુભવ એકમાત્ર પૂજ્ય શ્રીમોટા માટે જ સાચો નથી. અનેક ભગવત્ પરાયણ સંતોના જીવનનો એ નિષ્કર્ષ છે.

પૂજ્ય શ્રીમોટાને પણ અનેક ગેબી મદદો મળતી હતી. ઘણા પ્રસંગો એમણે પોતે દર્શાવ્યા છે, પરંતુ અહીં એમના આશ્રમને કયા કયા પ્રકારે ગેબી મદદ મળી તેના અનુભવેલા અવનવા કિસ્સાઓમાંથી જેની લોકોને બહુ જાણકારી નથી તેને ટાંકું છે.

સુરત આશ્રમ બંધાતો હતો ત્યારે સિમેંટની ઘણી અછત વર્તાતી હતી. સરકારી મંજૂરી માટે બહુ રાહ જોવી પડતી અને મંજૂર થયેલો જથ્થો પણ કામ માટે પૂરતો ન હોય, વારંવાર કામ ખોટકાઈ જાય. કાળા બજારમાં ઊંચા ભાવે દામ દેતાં જોઈએ એટલો મળી શકતો, પરંતુ પૂજ્ય શ્રીમોટા તેમ કરવા દે એમ ન હતું, પણ જ્યારે જ્યારે કામ અટકી પડવાની તૈયારીમાં હોય ત્યારે ત્યારે ક્યાંકથી સિમેંટની મદદ અણધારી આવી મળતી.

તે વખતે પંચાયતી રાજ ન હતું. લોકલ બોર્ડ અસ્તિત્વમાં હતાં. સુરત જિલ્લા લોકલ બોર્ડના તે વખતના પ્રમુખ સદ્‌ગત શ્રી પ્રેમશંકરકાકા હતા. એમને અને પૂજ્ય શ્રીમોટાને મુદ્દલે ઓળખાણ નહિ. સુરત આશ્રમના સંચાલક સ્વ. ભીખુકાકાને અને પ્રેમશંકરકાકાને અન્યોન્ય સારો પરિચય. એ રીતે પૂજ્ય શ્રીમોટા, પ્રેમશંકરકાકાના નામથી અને કામથી પરિચિત હતા અને એ રીતે તેમના ઓળખીતા એમ કહી શકાય, પરંતુ તે વખતે પૂજ્યશ્રી આજના જેવા (૧૯૮૦માં) જાણીતા ન હતા, ન તો એમની કોઈ પ્રવૃત્તિ જાણીતી હતી. એટલે પ્રેમશંકરકાકા તો એમને નામથી પણ ન ઓળખે.

સિમેંટની શોધમાં એકવાર પૂજ્યશ્રી અને સ્વ. ભીખુકાકા પ્રેમશંકરકાકાને મળવા માટે તેમની જિલ્લા લોકલ બોર્ડની ઑફિસે ગયેલા પણ મેળાપ થઈ શક્યો નહિ. પ્રેમશંકરકાકા હાજર ન હતા. પાછા ફર્યા બાદ પૂજ્યશ્રીએ ભીખુકાકાને કહી દીધું, 'કામ શરૂ કરવાની તૈયારી કરો. હવે રાહ જોવાની જરૂર નથી. સિમેંટ તો મળ્યે જશે.' ને ખરેખર બન્યું પણ તેમ જ. છૂટક છૂટક થઈને ૩૦૦ થી ૩૫૦ ગૂણો પ્રેમશંકરકાકા પાસેથી ઊછીની મળેલી. એક વખત તો એક કેળવણીની સંસ્થામાં જરૂરિયાત કરતાં વધુ ગૂણો હતી, પરંતુ તેઓ સીધી આશ્રમને તે આપી શકે તેવી સ્થિતિમાં ન હતા. આનો પણ ઉકેલ આવી શક્યો, શ્રી પ્રેમશંકરકાકાએ તેઓ પાસેથી ઊછીની લઈને આશ્રમને એ ગૂણો આપી અને કામ ચાલી શક્યું આમ, પ્રભુ કોકના હૃદયે વસી જઈને ભક્તનાં કામો આપોઆપ થઈ રહે તેવી સરળતા કરી આપે છે.

બીજો એક પ્રસંગ એવો છે, જેમાં પૂજ્ય શ્રીમોટા પોતે ખોટા દેખાયા છે, છતાં તેમણે મદદ કરી છે. પોતે ખોટા

દેખાયાની ચોખવટ સુધ્ધાં ન કરી, સહેજ અણસાર કર્યો પણ તેમ છતાં ગેરસમજૂત ચાલુ રહી તે ચાલવા દીધી, સ્પષ્ટતા કરવાની કોઈ ચેષ્ટા ન કરી. આ પણ એક વિશિષ્ટ વર્તનકળામાં સમાવેશ પામે એવી બાબત છે.

એક બહેનને તેમનાં માતાપિતાની ઈચ્છાની વિરુદ્ધ પોતાની સ્વ-પસંદગીનાં લગ્ન કરવાં હતાં. માતાપિતાનો વિરોધ હતો. પિતા કંઈક અનુકૂળ થતા આવતા હતા. પિતાને અને પૂજ્ય શ્રીમોટાને સંબંધ ખરો. કન્યાએ પૂજ્ય શ્રીમોટાના નામનો ઉપયોગ કર્યો અને પિતાને સમજાવ્યું કે પૂજ્ય શ્રીમોટા તેમના આશ્રમે લગ્ન કરાવી આપવા ખુશી છે. આ વાત સત્યથી તદ્દન વેગળી હતી. પૂજ્યશ્રી સાથે એ બહેને આવી કોઈ વાત કરી ન હતી, અને પૂજ્યશ્રીએ પોતે કદી તેને તેવું કહ્યું કે લખ્યું ન હતું. લગ્ન થઈ પણ ગયાં અને તે પણ આશ્રમે જ થયાં. તે પહેલાં એ બહેનના પિતાએ પૂજ્યશ્રીને એમ કહેલું પણ ખરું કે, કન્યા (પુત્રી) આપે આમ લખ્યાનું કહે છે. પૂજ્યશ્રીએ સાંભળી લીધું, માત્ર એટલું કહ્યું, 'તેવું લખ્યાનો મને ખ્યાલ નથી'. પૂજ્યશ્રી કદી પોતે સામે ચાલીને આવું ન કરે, તેવું કહે પણ નહિ કે લખે પણ નહિ. જોઈએ તે કરતાં વધુ ઉત્સાહ ને ઉછાળો કરીને, આગળ પડીને તેવી ઉશ્કેરણી કે શરૂઆત કર્યાનું તેઓ કરતા જોયા-જાણ્યા નથી.

લગ્ન બાદ એ પુત્રીએ જ પૂજ્યશ્રીને લખ્યું કે, પોતાને સરળતા થાય તે માટે તેણે પૂજ્યશ્રીના નામનો ઉપયોગ કર્યો હતો.

એ પુત્રીના પિતાજી હજુ પણ આ સાચી હકીકત જાણતા નથી, એમને તો એમ જ ખ્યાલ છે કે પૂજ્યશ્રીએ એમાં અગાઉથી પોતાની સંમતિ આપેલી, જ્યારે હકીકતમાં

પૂજ્યશ્રીએ તેવું કર્યું નથી. આમ, પૂજ્યશ્રી પોતે પોતા અંગે કોઈ સ્પષ્ટતા કરવા તૈયાર ન થયા એ એક અનોખી ઘટના છે. થોડું ઇંગિત કર્યું પણ તે ન જેવું જ અને જે ગેરસમજૂતી પેદા થઈ એ ચાલવા દીધી. જેમ થતું હોય તેમ થવા દેવું, તેમાં હસ્તક્ષેપ ન કરવો, એ પણ એક મુક્તપુરુષનું વલણ હોય છે.

એક ભાઈને પૂજ્ય શ્રીમોટા સાથે જોડાયાને ઘણો સમય થયો છે. આછીપાતળી સાધના કરવાની પણ એમની ઇચ્છા હોય છે, તે ઇચ્છાને પ્રત્યક્ષ અમલમાં મૂકવા પણ મથે છે. તે ભાઈને પૂજ્ય માટે ભક્તિ છે, ભાવ છે. અવારનવાર આશ્રમે એકબે દિવસ આવીને રહી પણ જાય છે, જપ પણ ઠીક ઠીક પ્રમાણમાં કરે છે. આશ્રમમાં આવે ત્યારે તેમના જપ સતત ચાલુ રાખવાનો સફળપણે પ્રયત્ન પણ કરે છે. તેમણે ખુલ્લા દિલે પૂજ્યશ્રીને પત્ર લખી જણાવ્યું કે માનસિકપણે તેઓ પૂજ્યશ્રીને અશ્લીલ ગાળો દીધા વિના રહી શકતા જ નથી અને ખાસ કરીને જ્યારે તેઓ આશ્રમે આવે છે અને પૂજ્યશ્રી હાજર હોય છે ત્યારે આ વૃત્તિ વધુ જોરદાર બને છે. આમ તો, આ ભાઈ સંસ્કારી છે, સુશિક્ષિત છે, સમાજમાં સારો મોભો ધરાવે છે. પહેલાં પણ બે વાર આ ભાઈએ આ પ્રકારનું પૂજ્યશ્રીને લખેલું. પૂજ્યશ્રીએ તો એ બંને વેળા એ ભાઈ પ્રત્યે પોતાના ભાવની ખાતરી આપી હતી અને જણાવ્યું હતું કે તેમના મનની આવી વિકૃતિભરી દશા માટે એમણે તેમના પ્રત્યે અન્યથાભાવ સેવ્યો નથી અને સેવવાના પણ નથી. પૂજ્યશ્રીએ તો એમ પણ સૂચવ્યું, 'જો તમારું મન બીજા કોક આધ્યાત્મિક સ્થળે થાળે પડતું હોય તો મને છોડીને ખુશીથી બીજે જઈ શકો છો', પણ પેલા ભાઈ પૂજ્યશ્રીને છોડીને બીજે જોડાવા તૈયાર નથી. આ એક ઉપરની દૃષ્ટિએ ન સમજાય

એવી ઘટના છે. તે ભાઈએ એનો જે ખુલાસો કરવા પ્રયાસ કર્યો છે તે આ પ્રમાણે છે : 'આમ બનવાનું કારણ મને એમ લાગે છે કે મારી પોતાની નિમ્ન વૃત્તિઓને તમારી (પૂજ્યશ્રીની) ચેતનાના પ્રકાશ તળે આવવાનું થતાં અકળામણ થાય છે અને વિરોધ ઉઠાવીને આમ કરાવે છે. તે નિમ્નવૃત્તિઓ પોતાની ઈચ્છા મુજબનો યથેચ્છ વિહાર કરી શકતી નથી અને તેથી તે ગૂંગળામણ અનુભવીને તાબે ન થવા ધમપછાડા કરતી હોય છે, તેથી આમ બનવા સંભવ છે.'

આ ભાઈનો ઉપરનો ખુલાસો કંઈક અંશે તાર્કિક અને પ્રતીતિજનક છે, એમાં તથ્યાંશ પણ હશે. આપણે તો એક વસ્તુ વિશે સભાન બનવાનું કે પ્રકૃતિની ચાલબાજી અનંત હોય છે.

લગભગ આવી જ પરંતુ આનાથી પણ કદાચ વધુ ઉગ્ર રીતની ઘટના વર્ષો પૂર્વે એક બીજા યુવક ભાઈ સંબંધી પણ બનેલી. આમ તો, તેઓ સંસ્કારી, વિદ્વાન, સારું એવું ભણેલા, સમાજમાં માન-મરતબો અને મોભો ભોગવતા હોવા છતાં તેમના મનની વિકૃતિ આ પ્રમાણે વ્યક્ત થયા કરેલી, એમને પણ પૂજ્ય શ્રીમોટાએ લખીને અભય વચન આપેલું, 'મારા તમારા પ્રત્યેના ભાવમાં સહેજ પણ ઊણપ આવશે નહિ.' અને વાસ્તવમાં પૂજ્યશ્રીએ પોતાનો પ્રેમ સતત ગંગધારાની જેમ તેમના પર વહાવ્યે રાખેલો.

આ ઉપરથી ફલિત એ થાય છે કે પૂજ્યશ્રીને વળગી રહેવાને જે જરૂરી છે તે તો આપણો ભાવ. મનનાં વલણો તો ઊલટાસૂલટી હોયે જવાનાં કે થયે જવાનાં. તે સાથે પૂજ્યશ્રીને સંબંધ નથી, માત્ર ભાવ એક જ તેમને આકર્ષી રાખવાનું સબળ સાધન છે.

❒

# ૨૬. વાવો તેવું લણો

આપણામાં કહેવત છે કે ‘બાજરી વાવીને ઘઉંની આશા ન રખાય.’ અને જે કોઈ એવી આશા રાખે તો તે મૂર્ખ ગણાય. બાવળ નીચે બેસી આંબાની શાખ ન મેળવી શકાય. જે વાવો તે પામો, બીજું ન પામી શકો. આ હકીકત આપણા જીવનમાં અનેક ક્ષેત્રોમાં લાગુ પડી શકે છે. **‘જેવું વાવો તેવું લણો.’**

આ બાબત મનુષ્યની દાનની વૃત્તિને જો લાગુ પાડીએ તો એક એવા તાર્કિક નિર્ણય પર આવી શકાય કે ધન દાનમાં આપીને આત્માનું પૂરું કલ્યાણ પામવા જવાની ખેવના એ અણસમજ છે. હા, અલબત્ત, એમ કહી શકાય કે જો તમે ધન આપો તો ધનસંગ્રહની વૃત્તિ એટલી મોળી પડે તે જ મુખ્ય લાભ. જો જાગૃતિ હોય તો જેને દાન દીધું હોય તેના પ્રત્યે ભાવ જન્મે, આસક્તિ જન્મે યા રાગ જન્મે, આથી વિશેષ કશું નહિ. કોઈ કસરત કરનાર હાથના મસલ્સની કસરત કરીને પગના મસલ્સમાં પરિણામ જોવા માગે તો કેવું ગણાય ! એના જેવું આમાં પણ છે. એટલે સાત્ત્વિક રીતે કહીએ કે જે વૃત્તિમાં વિકાસ કરવા મથો તેમાં વિકાસ થાય, જે વૃત્તિમાં પીછેહઠ કરો તેમાં પીછેહઠ થાય, પરંતુ એકાદ વૃત્તિની એ અસરને કારણે વ્યક્તિના સમગ્ર આધારમાં અસર થઈ શકે નહિ. ‘પાપ’ અને ‘પુણ્ય’ વિશે પણ આમ જ લાગે છે. જે જમાનામાં સમાજ ઝાઝી ગડમથલ આવા નૈતિક સિદ્ધાંતો સાથે નહિ કરતો હોય અને આદેશાત્મક સૂત્રોનો અમલ સહેલાઈથી કરી શકતો હશે, તે કાળમાં અમુક કાર્ય એ ‘પાપ’ અને અમુક કાર્ય એ ‘પુણ્ય’ એવી સમજણ યોજાઈ હશે. સ્વર્ગ અને નરકની કલ્પના માટે પણ આવું જ હશે, બાકી સ્વર્ગ આપણામાં છે ને નરક પણ આપણામાં છે. આવાં દાન વગેરે

જેવાં સામાજિક ભય કે ઈનામની લાલચથી પ્રેરાઈને થતાં કર્મો થોડોક લાભ ભલે કરી જતાં હોય, પણ તેથી સંગીન લાભ થવો કઠિન છે. પ્રભુના દરબારમાં કશું મફતમાં મળતું નથી, હરકોઈ ચીજનું મૂલ્ય ચૂકવવું પડતું હોય છે. જે પામવું હોય તેમાં પુરુષાર્થ પ્રયત્ન કરવો રહે છે ને તે જ વસ્તુ મળે, બીજી નહિ.

પ્રભુને ત્યાં હિસાબી ચોપડા નોંધનાર કે રાખનાર ગુમાસ્તાઓની હારમાળા નથી કે તમે આટલું શુભ કાર્ય કર્યું તેવી જમાનોંધ થાય ને આટલું આમ વિપરીત કામ કર્યું તેની ઉધારનોંધ થાય, જે કંઈ જમા ઉધાર થાય છે, તે તો પ્રત્યક્ષ-તત્કાળ, તરત ને તરત આપણા મન, ચિત્ત ઉપર તે કાર્યોથી પડતા સંસ્કારથી થઈ જાય છે, તેમાં એક ક્ષણનો પણ વિલંબ થતો નથી, તરત જ રેકર્ડિંગ થઈ જાય છે. પ્રભુ તો હાજરાહજૂર છે. ત્યાં કશું ઉધાર નથી રહી શકતું કે નથી કશું જમા રખાતું કે જેથી પછીથી તેની ખતવણી થાય ને આખરનો આંકડો જોઈ શકાય. ત્યાં તો આપણી પોતાની વૃત્તિઓના વિકાસમાં કે પીછેહઠમાં જમા કે ઉધાર રીતનો બદલો તત્ક્ષણ જ મળી રહેતો હોય છે. આથી, આપણે આ જન્મમાં આમ કરીશું તો આમ અને તેમ કરીશું તો તેમ, હવે પછીના જન્મમાં મળશે તેવી સુખદ કલ્પનાઓમાં રાચીને મહાલ્યા કરવાનો કશો અર્થ નથી. આ જન્મમાં પુણ્યદાન ધનથી કરીશું તો આવતા જન્મે લક્ષ્મી ભગવાન આપશે એ કલ્પનામાં રાચવામાં કશું જ વજૂદ નથી.

માનવીનો સાચો વિકાસ નવા નવા અને જુદા જુદા અનુભવો મેળવવામાં અને તેમાંથી પ્રગતિસાધક તત્ત્વોને આત્મસાત્ કરવામાં રહેલો છે. જેમ લોઢાને ચારેબાજુથી, ઉપર નીચેથી ગરમ કરી કરીને, ટીપી ટીપીને પોલાદ બનાવાય છે તેમ માનવીને મુક્તની દશાએ પહોંચવા માટે બધી જાતના ને

બધી રીતના અનુભવોમાંથી પસાર થવાનું રહે છે. શ્રીમંતાઈ કે ગરીબાઈ, સત્તારૂઢ સ્થાનના કે ક્ષુદ્ર સેવકના, પંડિતાઈના કે નિરક્ષરતાના એમ અનેક વિવિધ દ્વંદ્વોની સ્થિતિના અનુભવોમાંથી પસાર થતાં થતાં અને જીવનને ગુણવિકાસ, ભક્તિ અને જ્ઞાનયોગની ભૂમિકામાં ઘડતાં ઘડતાં આગળ વધવાનું છે. આ બધું આપણે બરાબર સમજીએ તો પછી કર્મના બદલાની સ્થૂળરૂપની આશાઅપેક્ષા ન રહે. પૂજ્ય શ્રીમોટા કહે છે, 'જે કંઈ કરો તે આત્માના વિકાસાર્થે પોતાના માટે જ કરો.' આનો અર્થ ઉપર મુજબ દર્શાવેલા વિચારો પ્રમાણે જ ઘટાવી શકાય. એ સતત યાદ રાખવું ઘટે કે આપણાં સકળ કર્મોની અસર આપણા ઉપર તરત ને તરત થતી હોય છે, તેનો હિસાબ ને ફેંસલો તરત જ મળી જતો હોય છે. તેનું સામાજિક પરિણામ ભલે મોડું અને પછીથી યોગ્ય કે અયોગ્યપણે મળો, તે તો લૌકિક ઘટના છે. આપણાં કર્મોનો ન્યાય તોળનાર કોર્ટ તો આપણી પોતાની અંદર ચોવીસે કલાક કામ કરતી ખડે પગે મોજૂદ છે. જેમ દશ્યોને ઝડપી લેનાર કૅમેરામાં એક ક્ષણમાં દશ્ય સાકાર પામી ઊઠે છે, તેના જેવું જ લગભગ આપણા ચિત્તના કૅમેરાનું છે-સંસ્કારનું છે અને માનવમન તો સંસ્કારનું પોટલું છે. એની પ્રકૃતિ એ એવી ટેવોથી બંધાયેલ કોઈક ગૂઢ અગમ્ય ચીજ છે. આપણો પ્રભુ, આપણો આત્મા, સદૈવ જાગ્રતાવસ્થામાં તરત ને તરત કર્મોને બદલો દેવા જાગ્રત આપણા હૃદયમાં જ બિરાજેલો છે. 'ગૉડકોનશ્યસનેસ', 'પ્રકૃતિનું રૂપાંતર', 'પ્રભુદર્શન', 'આત્મસાક્ષાત્કાર' આદિ શબ્દસમૂહો એકબીજાના પર્યાય એટલે સમાન અર્થ જેવા છે. આપણે જે પામવાનું છે તે આ છે, પછી તેને ગમે તે નામે ઓળખો કે

ઓળખાવો, પરિણામ ચોક્કસ એક જ તત્ત્વનું છે.

કર્મ અને વિચાર બંને એક વસ્તુનાં બે પાસાં છે, બંનેની અસર અને સંસ્કાર ચિત્ત પર અંકાય છે. એક છે સ્થૂળ અને બીજું છે સૂક્ષ્મ. બંને જે ઇચ્છીએ તે સ્વર્ગ કે નરક ઉપજાવી શકે તેમ છે.

અધ્યાત્મપંથે જવા ઇચ્છનારે આવી બધી સમજણોનો સૂક્ષ્મતાભર્યો અભ્યાસ કરીને તેને પોતાની બનાવવાની જરૂર છે. અલબત્ત, કોક અપવાદજન્ય વિરલ વીરથી આવા કશાની જરૂર ન પડતાં સડસડાટ તીરની જેમ ધારેલ લક્ષ્યે પહોંચવું શક્ય હોય છે, પરંતુ મોટા ભાગના સાધકો માટે આવી સમજ કેળવવી એ સાધનાના એક અંગ સમાન બની જવું જોઈએ.

❑

# ૨૭. મુક્ત અને ચેતના શક્તિપ્રદાન

ભારતદેશની સંસ્કૃતિ બહુધા આધ્યાત્મિક પરંપરાથી રંગાયેલી છે. બચપણથી જ આપણે અનેક સાધુ, સંતો, સંન્યાસીઓ વગેરેની વાતો સાંભળતા આવ્યા છીએ. જીવનવિકાસ પ્રતિ જ્યારે ડગલાં માંડવાનો પ્રયાસ ખૂબ સમજપૂર્વક અને અદમ્ય જિજ્ઞાસાથી કરવા માંડીએ છીએ ત્યારે આ પરંપરાના સાચાખોટા અનેક પ્રકારના સંસ્કારો ચિત્ત પર અંકિત થયેલા હોય છે. આવા સંસ્કારો આપણા મનને કેટલીક વાર ડહોળે પણ છે અને તેટલે અંશે આપણા વિકાસમાં અવરોધ, રુકાવટ જન્મે છે. એટલે એ બધા ચિત્તના સંસ્કારો અને વિચારોનો સાચાખોટાનો વિવેકપૂર્ણ રીતે જ્ઞાનભક્તિપૂર્વક તાળો મેળવીને કેટલાક ખોટા ખ્યાલો નિર્મૂળ કરી, કેટલાક વિશે પૂરી સ્પષ્ટતા કરી લેવી જરૂરી છે. જ્યાં જ્યાં તક મળે, નિમિત્ત મળે કે એ કાર્ય કરવું સાધક માટે ઈષ્ટ છે.

આવા સંસ્કારોમાં મુક્તાત્મા વિશેના પણ કેટલાક ખ્યાલો હોય છે. નાનપણથી સાચી કે ખોટી રીતે આપણે સાંભળતા આવ્યા છીએ કે અમુક સાધુએ, અમુક સંતે પોતાનો દેહ છોડતાં પોતાની શક્તિનું પ્રદાન અમુક શિષ્યને કર્યું. આમાંથી પ્રશ્ન પેદા થાય કે મુક્તાત્મા પોતાનો સ્થૂળ દેહ છોડે ત્યારે પોતાની આત્મચેતનાશક્તિ તે જેને આપવા ઈચ્છે તેને આપી દઈ શકે ખરા ?

મને લાગે છે કે સામી વ્યક્તિમાં ભૂમિકા તૈયાર થયા વિના ગમે તેવા સમર્થ મુક્તાત્મા પણ બીજાને તેવું પ્રદાન ના કરી શકે. દા. ત. રામકૃષ્ણ પરમહંસદેવ તે ઘણા શક્તિશાળી હતા, છતાં તેઓ વિવેકાનંદને તેવું પ્રદાન કરી શક્યા ન

હતા. જે પ્રદાન કરેલું તેથી તત્ક્ષણ ચેતનનો અનુભવ કરાવી શકેલા, પણ તે અનુભવ સ્થિર થયો ન હતો અને તેથી શ્રી વિવેકાનંદને પરમહંસદેવના સ્થૂળ દેહત્યાગ બાદ બનારસ બાજુના વૃદ્ધ હઠયોગી પવહારીબાબા કે એવા મુક્ત પાસે રહીને તેમની વિદ્યા શીખવાની તીવ્ર ઈચ્છા થયેલી ને તેમની કનેથી મુક્ત થવાની આશા-ઈચ્છા કરેલી. શ્રી વિવેકાનંદની ભૂમિકા તો ઘણી ઉચ્ચ પ્રકારની હોવા છતાં આમ ચેતનાશક્તિ સ્થિર થઈ શકી ન હતી તે હકીકત છે.

એક નાનાસરખા વહેવારુ દૃષ્ટાંત દ્વારા આ વાત તરત સ્પષ્ટ થઈ જશે. કોઈ ધનિક અન્ય કોઈ વ્યક્તિને આકસ્મિક અને અચાનક દસ લાખ રૂપિયા આપી દે, પરંતુ તે વ્યક્તિમાં તેને જાળવવાની આવડત ના હોય તો ગુમાવી જ દે તેમ ચેતનાશક્તિનું પણ છે. ભૂમિકા પાક્યા વિના થયેલું પ્રદાન ટકી ના શકે. આથી જ એક ભક્ત કવિએ ગાયું છે, **'ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ નવ સરે.'**

જનસમાજમાં આ અંગે એવી જોરદાર માન્યતા પ્રવર્તે છે ખરી કે છેલ્લી વેળા મુક્ત કે સંતસાધુ પોતાની શક્તિ પોતાના સેવકને કે ગમે તે સાધકને આપી જાય છે. આ માન્યતા બરાબર નથી, વાસ્તવિક નથી. ચેતનાશક્તિ એ કંઈ જડ કે સ્થૂળ વસ્તુ નથી કે તે આપી શકાય. **'આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય'** એ આ માર્ગનો મુદ્રાલેખ છે. જો સેવક આવી જ કોઈ આશા - અપેક્ષા સાથે મુક્તને વળગતો રહ્યો હશે તો તેને તે બાબતમાં નિરાશા જ સાંપડવાની છે.

મુક્તનો સંપર્ક તો આપણામાં આધ્યાત્મિક વિકાસ માટેની ભૂમિકા તૈયાર કરવા માટે છે, તે માટેની જરૂરી તમામ સહાય અને મદદ મેળવવા માટે છે. એને જ માટે એ સંપર્ક હોવો

ઘટે, તેમાં કોઈ પ્રલોભનોને અવકાશ ન હોય, આશા-અપેક્ષા ના હોવાં ઘટે.

સાધનાનો પાયો છે આપણામાં કામનારહિતપણું અને સમતા. એ કામનારહિતપણું માત્ર સ્થૂળ બાબત પ્રત્યેનું નહિ પણ સૂક્ષ્મ અને આધ્યાત્મિક બાબત પ્રત્યેનું પણ હોવું ઘટે.

આપણામાં આધ્યાત્મિક વિકાસની ઉત્તરોત્તર ભૂમિકા તૈયાર થતી રહે એ માટે મુક્તની સેવા છે, મુક્તનો સંપર્ક ચિત્તશુદ્ધિનો વિકાસ કરવા માટે હોય તથા પ્રભુસ્મરણમાં લગની લગાવવા માટે હોય. એ સેવા દ્વારા તો આપણે શરણાગતિ કેળવવાની છે. ગુરુ એ દીપકની ગરજ સારે છે, એ તો દીવો પ્રગટાવવાનું સાધન બની શકે પણ રૂ અને તેલ તો આપણે આપણું જ મેળવવાનું રહેશે. આપણા કોડિયાની બધી સામગ્રી આપણે જાતે પૂરી પાડીએ અને દિવેટ વણાઈને તેલમાં પલળીને, કોડિયારૂપે તૈયાર થઈને ગુરુરૂપી દીવાની નજીક તેના સંપર્કમાં આવીએ તો કોઈક ધન્ય પળે આપણી દિવેટની ધાર પેલી જ્યોતને અડકી જઈને જ્યોત પ્રગટશે, તે પણ તેલ વગેરેથી સ્નિગ્ધ દિવેટ બની હશે તો.

એક બીજી સંભાવના છે, મુક્તનો સ્થૂળ દેહ ના હોય ત્યારે તેની સૂક્ષ્મ અસર સાધકને કે ભક્તને સ્પર્શી શકે ખરી અને તે પણ શક્ય ત્યારે જ બની શકે કે જ્યારે સાધકનું પ્રબળપણે આસક્તિભર્યું આકર્ષણ ગુરુ પ્રત્યે હશે, ગુરુના સૂક્ષ્મ તત્ત્વ સાથે લાગી રહ્યું હશે. આવી રીતે જ ગુરુનું તત્ત્વ પૂરતી સહાય આપી શકે છે ને આપી શકશે. શરીરની સ્થૂળ મર્યાદા બંને પક્ષે દૂર થતાં સૂક્ષ્મ તત્ત્વથી વધુ સબળ અને સંગીન સહાય પ્રાપ્ત થઈ શકે છે.

❐

# ૨૮. મૌનમંદિરના અનુભવો

પૂજ્ય શ્રીમોટા પોતાના સાધનાકાળમાં દિવસ દરમિયાન હરિજન સેવક સંઘ ઑફિસનું ત્રણ માણસના જેટલું કામ એકલા કરતા. રાત્રે દસ વાગ્યે ગુરુના આદેશાનુસાર સ્મશાનમાં ચાલ્યા જતા અને સવારે પાંચ વાગ્યે પાછા આવતા. તેઓ રવિવારની કોઈ રજા પણ માણતા નથી. આમ, લગાતાર રાત્રે સાધના અને દિવસે નિષ્કામ કર્મયોગ એમનો ચાલુ રહેતો. છતાં વર્ષમાં એકવાર તેઓ પોતાને જે પ્રમાણેનાં દર્શન થાય તેવાં સ્થળોએ એક મહિનાની રજા લઈ ચાલ્યા જતા. ગાઢ જંગલના એકાંત સ્થળોએ પણ જવાનું થતું. ત્યાં જતા ત્યારે શરૂઆતમાં તો તેમને નકોરડા ચારપાંચ દિવસના ઉપવાસ થાય. ત્યાર બાદ કોઈક વનવાસીની નજરે ચડે તો છાશ-રોટલો કે એવું કંઈ ખાવાનું આપવા આવે. શ્રીમોટાનો પોતાની આટલી સેવા બજાવનાર પ્રત્યે ઋણભાવ રહ્યા કરે, વિવેકની દૃષ્ટિએ પણ એવું લાવનાર વ્યક્તિ સાથે થોડોઘણો વાર્તાલાપ કરવો પડે. આમ, માનવી માનવી વચ્ચેની આંતરક્રિયાથી જે ખલેલ પેદા થાય તે તેમને ભોગવવી પડતી, ત્યારથી જ તેમના મનમાં એવા વિચાર રમ્યા કરે-એવો કોઈ ઉપાય શોધી શકાય કે જેમાં સાધકની તમામ દૈનિક જરૂરિયાતો પરિપૂર્ણ થાય અને છતાં બહારની દુનિયા સાથે એને કોઈ ખલેલ પેદા કરનાર આંતરક્રિયા ન કરવી પડે. આવા વિચારમાંથી મૌનમંદિરનો જન્મ થયો. અંદર જ સંડાસ અને બાથરૂમ, ચોવીસ કલાક પાણી અને ઈલેક્ટ્રિસિટી સાથેના એ અંધારા ઓરડામાં અંદર અને બહાર બંને બાજુ ખોલી શકાય એવી બારી દ્વારા બધો વહેવાર થાય અને તે પણ એકબીજાને જોયા વિના.

આવાં મૌનમંદિરો ભારતમાં ક્યાંક અસ્તિત્વ ધરાવતાં હોય એવો ખ્યાલ નથી. એ દૃષ્ટિએ એ મૌલિક અને અનોખાં છે.

એ શરૂ થયા બાદ એ માત્ર સાધકોની સ્થૂળ જરૂરિયાત પરિપૂર્ણ કરતી સગવડ જ નથી રહી, સાધકોને પૂજ્ય શ્રીમોટાની ચેતનાનો સહારો એમાં મળે છે અને એને વિકાસપ્રેરક વાતાવરણ પ્રાપ્ત થાય છે.

આવા જ અનોખા મૌનાર્થીઓના અનુભવો છે. દરેક મૌનગાળો પૂર્ણ થયા બાદ સાધકોને છેલ્લે દિવસે પોતાના અંદરના અનુભવોનું વર્ણન કરતું નિવેદન લખવાનું કહેવામાં આવે છે. આવાં નિવેદનોમાંથી સાધકોને જે ચિત્રવિચિત્ર અનુભવો થયા છે, તેનું તારણ કાઢીને કેટલાક લાક્ષણિક અનુભવોને અત્રે રજૂ કરું છું, પરંતુ એનો અર્થ એ નથી કે દરેકને આવો અનુભવ થાય જ. પરસ્પર વિરોધી એવા અનુભવો પણ છે, જ્યારે કેટલાકને કશા વિશિષ્ટ અનુભવો નથી થયા, દરેકની પોતપોતાની આંતરિક સ્થિતિમાં જે જે અનુભવની જરૂરિયાત હશે તે પ્રમાણે એ થતા રહે છે. એટલે એ અનુભવને આધારે કોઈએ પણ પોતાના વિશે એવું બનશે એવો સંદેહ કે શંકા પેદા કરવી યોગ્ય નથી.

(૧) ત્રણથી ચાર ભાઈઓને મૌનગાળા દરમિયાન મૂત્રરેચ થયેલા. દર ૧૫-૧૫ મિનિટે પેશાબે જવાનું થાય અને પેશાબ થાય પણ ખરો. દિવસમાં ૨૫-૩૦ વાર પેશાબ થાય ને કેટલીક વાર તેથી વધુ પણ થાય છતાં બહાર આવતાંની સાથે એ ઘટના અદૃશ્ય થવા પામે.

(૨) એનાથી વિરુદ્ધનો એક દાખલો એવો છે કે ઍલોપથીનું આધુનિક દાક્તરી વિજ્ઞાન ભણેલા એક ભાઈને તેઓના સાત દિવસના મૌનગાળા દરમિયાન ન તો પેશાબ

થયો કે ન તો ઝાડો થયો, ઝાડોપેશાબ મુદ્દલે થાય જ નહિ. આમ છતાં તેઓ બંને વખત ખોરાક લઈ શકતા હતા, ચા પણ બંને વખત લેતા, પાણી પણ પીતા. અલબત્ત, એક નવું લક્ષણ પ્રગટ્યું હતું કે તેમને પસીનો પુષ્કળ થતો હતો, પરંતુ પસીના માત્રથી કુદરતી હાજતે જવાનું બંધ ના થઈ જાય. ડૉક્ટરને ત્રીજે દિવસે કૅથેટર મૂકીને પેશાબ કરાવવાનું મન થયેલું એટલા એ એના વિચારમાત્રથી ગભરાઈ ગયા હતા, પરંતુ એક વિશિષ્ટતા તો એ હતી કે એ બધું બંધ થઈ જવાથી ન તો એમને પેઢાંમાં કશો ભાર કે ન તો કશો દુખાવો હતો. તેઓને સ્વચ્છતા ખૂબ જ ગમતી તેથી જાજરૂનું ટબ અને વોશબેઝિન સાફ કરવા વીમટોજીન પાઉડરનો ડબ્બો સાથે લઈને બેઠેલા. દરરોજ જાજરૂનું ટબ સાફ કરે, પરંતુ એક પણ દિવસ એ ટબ એમને ઉપયોગમાં ન આવ્યું, સાતે દિવસ ઝાડોપેશાબ બંધ. ખોરાક, પાણી નિત્યની જેમ લેતા. મૌનમાંથી બહાર આવ્યા બાદ બે જ કલાકમાં છૂટથી ઝાડોપેશાબ થયાં. સામાન્ય રીતે તો આવી ઘટના માન્યામાં પણ ન આવે. જો કોઈ નિરક્ષર ગામડિયો માણસ કહે તો આપણે અનેક પ્રકારની શંકા ઉઠાવીએ, પણ આ તો પશ્ચિમી દાક્તરી વિજ્ઞાન ઍલૉપથીના અભ્યાસી ડૉક્ટરનો જ અનુભવ છે.

(૩) બીજા એક પ્રસંગમાં એક ભાઈને એનાથી તદ્દન ઊલટો અનુભવ થયેલો. તદ્દન સામા છેડાનો-કે જેટલા દિવસ અંદર રહ્યા તેટલા દિવસ, દિવસના કેટલીય વાર એમને ઝાડા થતા.

(૪) ઉનાળાના દિવસોમાં પાણીની શરીરને કેટલી જરૂર પડે એને વિશે બેમત નથી, વારંવાર તરસ છિપાવવા પાણી પીવું પડે. ત્યારે એક ભાઈ મૌનમાં ત્રણ દિવસ બેઠા ત્યારે એમણે ટીપુંયે

પાણી ન પીધું, ચા, કૉફી, ઉકાળો વગેરે પણ કશું જ લેતા ન હતા, ભોજન નિયમિત લે છતાં પાણીની જરૂરત જ ન પડે. બહાર આવ્યા બાદ પાણી લેવાની જરૂર પડી અને લીધું.

(૫) જે દિવસોમાં નડિયાદનાં મૌનમંદિરમાં વીજળી ન હતી ત્યારે અંદર દીવો અપાતો ન હતો એટલે બૅટરી વાપરવી પડે. એક ભાઈ તે વેળા અંદર બેઠેલા. પોતે સુશિક્ષિત. એમને અંધારામાં સતત પ્રકાશ દેખાય. એ ભાઈને અંદર એક કાર્ડ વાંચવા આપેલું. વિના બૅટરીને સહારે તેઓ તે વાંચી શકેલા. પૂજ્ય શ્રીમોટાના ફોટા સામે તેઓ જોતા તો પ્રકાશ ઝળહળી રહેલો અનુભવતા. અંધારામાં ચાલવાનું થતાં રાત્રે પણ આંખો વડે જોઈ શકતા અને બૅટરીના જે બે સૅલ લઈને તેઓ અંદર બેઠેલા તે અકબંધ ઉપયોગ કર્યા વિના બહાર લાવેલા.

(૬) એક વેપારી ભાઈ કે જેને આ માર્ગની કોઈ ગમ કે સૂઝ ન હતી, ત્રણ દિવસ માટે નવીનતાથી પ્રેરાઈને મૌનમાં બેઠા. તેમને ઝળહળતો પ્રકાશ, ટેકરી ઉપર ઝળહળતા અસંખ્ય દીવાની હારમાળા વગેરે દેખાયા કરે. પ્રકાશના અનુભવો તો બીજા ઘણાને થયા છે.

(૭) એક બહેનને સ્વચ્છતાની ખૂબ જ ચીવટ. એમની જ રૂમમાં તેમનાથી આગળ બેઠેલા એક ભાઈને એક પણ માંકડનો અનુભવ ન થયો, જ્યારે આ બહેનને અસંખ્ય માંકડોથી તેમની પથારી ઊભરાઈ જતી લાગતી. તેને કારણે તેઓ ઊંઘી પણ ન શકે, આથી તેઓ ત્રાસી ગયાં હતાં, પરંતુ પરમ આશ્ચર્યની વાત કે તેઓ બહાર નીકળ્યાં પછી જે એમની જ રૂમમાં બેઠા તેમને એવો કશો અનુભવ ન થયો.

(૮) એક બહેનને મૌનમાં એવો અનુભવ પણ થયો કે એમનો હીંચકો કોઈક જાણે સતત ઝુલાવતું હોય.

(૯) એક ભાઈ પૂજ્ય શ્રીમોટા સાથે છેક ૧૯૪૬થી સંપર્કમાં આવેલા. વિજ્ઞાનના સ્નાતક, કોઈ પણ વાત એમ ને એમ શ્રદ્ધાથી માત્ર માની ન લે, તર્કની સરાણે ચઢાવીને જ પછી માને. જ્યારે નડિયાદ આશ્રમમાં સૌપ્રથમ એક જ મૌનમંદિરનો ઓરડો હતો ત્યારે તેઓ મૌનમાં બેઠેલા. એ ઓરડાની અંદર નડિયાદ આશ્રમ શરૂ થયા પહેલાં જે કબીરપંથી સાધુઓ હતા તેમના આદિગુરુની સમાધિ છે. છેલ્લા સાધુના ગુરુએ મરતી વેળા ઇચ્છા વ્યક્ત કરેલી કે એને કોઈ તોડેફોડ નહિ, ખંડિત કરે નહિ. આ લાગણીને માન આપવા પૂજ્યશ્રીએ એ સમાધિને મૌનઓરડામાં જ સમાવી દીધી. મૌનાર્થીઓ એનો ઓટલા તરીકે ઉપયોગ કરી શકે. આ ભાઈ ઓટલા પર સૂતેલા અને ઓટલો ઊંચોનીચો હાલેલો. એઓ આધુનિક જમાનાના વૈજ્ઞાનિક માનસ ધરાવનારા હોવાથી તેઓ માની ન શક્યા એટલે એમણે ખાતરી કરી જોઈ, પરંતુ તે જ અનુભવ. પૂજ્ય જ્ઞાનદેવ મહારાજે ઓટલો ચલાવેલો તે તેમને યાદ આવ્યું.

(૧૦) અત્તરની કે ફૂલોની ખુશબો-સુવાસ આવ્યા કરે એવા અનુભવો તો ઘણાને થયેલા છે.

(૧૧) ઘણી વ્યક્તિઓને પોતાનાં જૂનાં સંસ્મરણો મૌનગાળામાં જાગી ઊઠે છે, ઘણાં વર્ષો સુધી જે સ્મૃતિઓ કાળના ગર્તમાં દબાઈ ગઈ હોય તે મૌનમાં ફરીથી તાજી થાય છે, ખૂબ જોરદાર રીતે, તેવી જ રીતે જૂનાં શારીરિક દર્દો પણ પુનઃ જાગ્રત થવાનાં ઉદાહરણો છે. એક ભાઈને પાંચ વર્ષની ઉંમરે માથામાં ઘણાં ગૂમડાં નીકળ્યાં હતાં. તે મૌનમાં બેઠા ત્યારે પચાસ વર્ષ પૂર્વે બનેલી એ ઘટના પુનરાવર્તન પામી, માથામાં અસંખ્ય ગૂમડાં થયાં જ કર્યાં, લગભગ સાઠ દિવસ સુધી મૌનમાં તેમને તેવાં ગૂમડાંની હેરાનગતિ રહી. આખું માથું ગૂમડાંથી ભરાઈ ગયું;

વાળ કાઢી નાખીને દવા પણ લગાવી, લીમડાના પાણીથી માથું ધોયું છતાં કશો જ સુધારો નહિ. સૂવા માટે, ઊંઘવા માટે માથું ટેકવવું પણ મુશ્કેલ બને, પરુ-લોહી નીકળે. એકીસાથે દસપંદર ગૂમડાં રહ્યાં કરે, મટે ને નવાં થાય, એમ બે મહિના સુધી હેરાનગતિ રહી. આશ્ચર્ય તો એ કે મૌનમાંથી બહાર આવ્યા બાદ આપોઆપ મટી ગયું.

(૧૨) એક ભાઈને હરસની પીડા-વ્યાધિ ખરો. એકવીસ દિવસના મૌનમાં બેસે ને બરાબર અગિયારમા દિવસ પછી તે પીડા શરૂ થાય. બહાર આવ્યા બાદ કંઈ નહિ. અઠ્યાવીસ દિવસ માટે બેઠા તો પંદરમા દિને તે પીડા શરૂ થઈ, બેતાળીસ દિવસ માટે બેઠા તે એકવીસમા દિવસ પછી તે શરૂ થઈ. તેવું ચાર વખત તેમણે અનુભવ્યું. બરાબર અર્ધા દિવસો પૂરા થતાં આ વ્યાધિ ઊપડે છે ને બહાર આવતાં તો કશું જ ના હોય. એમ ચારેક વખત બાદ આપોઆપ બંધ થયું. અલબત્ત, મૌનએકાંત વેળા તેમણે માટીના પાટા મૂકવાનું કરેલું.

(૧૩) એક ભાઈને મૌનએકાંત વેળા દિલમાં એમ ઊગી આવ્યું કે તેમનાં ભાઈની પત્ની મૃત્યુ પામી છે ને તેના શબને તેઓએ માનસિકપણે બળતું જોયું. જ્યારે તેમણે મૌનપ્રવેશ કર્યો હતો ત્યારે તો એ બહેન તદ્દન સાજાં હતાં, જરા પણ માંદાં નહિ, છતાં તેમને આવી લાગણી કે અનુભવ થયો. ખરેખર, તે બહેન એ જ દિવસોમાં એકાએક મૃત્યુ પામ્યાં હતાં, જોકે તે ભાઈને તો મૌનમાંથી બહાર આવ્યા પછી જ એની જાણ કરવામાં આવી.

(૧૪) એક બહેન એકવીસ દિવસના મૌનમાં બેઠેલાં. બેઠાં ને પછી તરત જ થોડો થોડો તાવ શરૂ થયો, લગભગ એકવીસ દિવસ એ તાવ રહ્યો, દવા કશી જ નહિ લીધેલી.

બહાર આવતાં તે તાવ અદૃશ્ય થઈ ગયેલો માલૂમ પડ્યો. અંદર તાવ આવતો ત્યારે થરમૉમિટરથી માપતાં સો-એકસો એક રહેતો હતો.

(૧૫) ઊંઘ નહિ આવવાના પણ કેટલાકને અનુભવો થયા છે. કેટલાકને દિવસો ને દિવસો સુધી રાતે માત્ર બેત્રણ કલાક જ માંડ ઊંઘ આવે ને આમ પાંચ-સાત-દસ દિન સુધી રહે છતાં શરીર પર તેની વિકૃત અસર નહિ વર્તાય, સ્ફૂર્તિ સારી ટકી રહે, પરંતુ બહાર આવતાં જ ઊંઘ આવવી શરૂ થાય. એક બહેનને દિવસોના દિવસો સુધી મુદ્દલે ઊંઘ નહિ આવેલી તેવો પણ અનુભવ છે. સામાન્યતઃ ઊંઘ ઓછી થઈ જવાનો તો સાર્વત્રિક અનુભવ છે.

(૧૬) શારીરિક સ્વાસ્થ્ય બહાર બરાબર ન હોય પણ અંદર વિના દવાએ સારું થઈ ગયાના અનેક કિસ્સાઓ અનુભવાયા છે. શરીરની ફીકાશ દૂર થવી, કબજિયાત દૂર થવી, કાયમનો માથાનો દુખાવો ચાલ્યો જવો, મુખ ઉપર થતા ખીલ શમી જવા, ચામડી મુલાયમ થવી, મુખની કાંતિ ઉજ્જવળ થવી, હૃદયનો રોગ હોય તો બહાર દવા વિના ચાલી જ ન શકે પણ અંદર દવા વિના આરામ. આમ, સ્વાસ્થ્ય પર ખૂબ વિધેયાત્મક અસરો પેદા થાય છે.

(૧૭) વિષયવાસના-કામવાસનાના હુમલા કોઈકને અંદર કદીક વધુ તીવ્રતાવાળા આવે, જ્યારે ઘણાને તેનાથી ઊલટો જ અનુભવ થાય, તેમાં હુમલા મુદ્દલે ન આવે યા હળવા આવીને પસાર થઈ જાય.

(૧૮) જાડા માણસોનું વજન ઘટ્યાના અને બહાર કરતાં અંદર ઘણો ઓછો ખોરાક હોવા છતાં પાતળા માણસોનું વજન દસ ટકા જેટલું વધ્યાના અનુભવો થયા છે.

(૧૯) બહાર સામાન્યતઃ કબજિયાત હોય અને રહે, ત્યારે અંદર બેસતાંની સાથે પહેલા જ દિનથી દિવસમાં બે વાર આપોઆપ શૌચ જવાનું નિયમિતપણે શરૂ થઈ જાય ને તે પણ ઘણા બધા દિનો સુધી, લગભગ મિનિટ ટુ મિનિટ નિયમિતપણે તેમ બન્ને જાય ને બહાર આવતાં પાછું અદૃશ્ય થઈ જાય.

(૨૦) એક બહેનને ઘણા દિવસથી તાવ આવે. લગભગ એકસો એક તાવ સાથે જ મૌનમાં બેસવા આવી અને તાવ તરત અદૃશ્ય થયાનો પણ અનુભવ છે.

(૨૧) અંદર બેસનાર વ્યક્તિને પોતાના વ્યવસાય અનુસારના પણ કેટલાક અનુભવો થયા છે. લેખક હોય અને મૌનમાં પ્રવેશે તો સુવ્યવસ્થિત સરસ મૌલિક વિચારો આવે વેપારી હોય તેને વેપારના વહેવારની ગૂંચો આપમેળે ઉકેલાઈ જાય, સુષુપ્ત કવિહૃદયને આપોઆપ કવિશક્તિ ફૂટતી અને વિકસતી પણ અનુભવાય અને પછી તે કાયમી સ્વરૂપે બહાર ચાલુ રહેલી પણ છે. અલ્પશિક્ષિતને પણ આવા અનુભવ થયા છે.

(૨૨) કોઈક વ્યક્તિને પોતાની આખી જીવનદૃષ્ટિનું પરિવર્તન અનુભવાયું હોય છે. કોઈને વળી સાધનામાં રુકાવટ આવી હોય, ગુરુ સાથેનો સંબંધ છોડી દેવાની અંતિમ પળ આવી હોય ને એકાએક મૌનએકાંતમાં સુખદ પલટો આવે જીવનદૃષ્ટિ બદલાય, સમગ્ર વિચારસરણી બદલાઈ જાય, મન જે રીતે જે બાબતોની વિચારણા કરતું હોય તે તદ્દન અદૃશ્ય થઈ જાય, તેનાથી બીજી જ રીતના શાંત અને સુખદ વિચારો ઊભરાય. આવા સૂક્ષ્મ અનુભવો પણ થાય છે.

(૨૩) નડિયાદ આશ્રમ શરૂ થયો ન હતો ત્યારે સાબરમતી

હરિજન આશ્રમમાં (ગાંધીજીના આશ્રમમાં) મીરાં કુટિરમાં મૌનમાં બેસાડવાની વ્યવસ્થા ત્યાંના સ્થાનિક કાર્યકરોની અનુમતિથી થઈ હતી. ત્યાં એકવાર એક બહેન એકવીસ દિવસના મૌનએકાંતમાં બેઠેલાં. જાગ્રતાવસ્થા દરમિયાન જપ તો ખૂબ જ મોટેથી અને સતત ચાલ્યા જ કરતા. પંદરમા દિવસે તે બહેનને પોતાના પતિની સલામતી, સ્વાસ્થ્ય વિશેના ખૂબ જ અનિષ્ટ વિચારો આવ્યા જ કરે, દિલમાં કોઈ વાતે ચેન ના પડે. અઢારમા દિવસે તે વિચારોએ માનસિકપણે માઝા મૂકી, તેમને એવું જ થવા લાગ્યું કે પોતાના પતિની જાણે ચિતા સળગી રહી છે ને સગાંવહાલાં તેને પોતાની રૂઢિ પ્રમાણે કંઈ કંઈ કરે છે, આથી, તેમણે પોતાના પતિના સમાચાર જાણવા બહાર ચિઠ્ઠી મૂકી. સામાન્ય રીતે મૌનમાં બહારના કોઈ સમાચાર અપાતા નથી, વળી, પૂજ્યશ્રી બહારગામ ગયેલા એટલે એમને કંઈ સમાચાર અપાયા પણ નહિ, કંઈ સમાચાર હતા પણ નહિ તેથી તેમને માટે નામસ્મરણ અને પ્રાર્થના સિવાય બીજો કોઈ આરો જ રહ્યો નહિ. તે દિવસે અગિયાર વાગ્યા પછી વિચારો બંધ થયા. બીજા દિવસે સવારે પ્રાર્થના વખતે તેનો બધો ઉકેલ તેની પોતાની મેળે જ આવી ગયો. ત્યાર પછી બરાબર બે વર્ષે તે જ અનુભવના દિવસે તે બહેનના પતિએ શરીર છોડ્યું (તિથિ પ્રમાણે). આમ, ભવિષ્યના પ્રસંગની આગાહીરૂપે કોઈ કોઈને મૌનમાં જાણ થઈ જતી હોય છે.

એકવાર તે જ બહેન સુરત આશ્રમમાં ભોંયરામાં અઠ્ઠાવીસ દિવસના મૌનમાં બેઠાં હતાં. તેઓ જેમના મકાનમાં રહેતાં હતાં તે મકાનમાલિક પતિપત્ની સાથે એમને વર્ષોથી સંબંધ હતો. બહેન જરા દુઃખી એટલે એ બહેનના દુઃખમાં એમણે ખૂબ ભાગ લીધેલો. મૌનમાં થોડા દિવસ પછી એમનાં દુઃખી

બહેનના પતિ વિશે મૃત્યુ પામ્યાના વિચારો આવ્યા કરે. તેમને એમ થયા કરે, 'જો ખરેખર એવું અઘટિત બન્યું હોય તો મારે મૌનએકાંત છોડીને પણ ત્યાં જવું જોઈએ'. પરંતુ પૂજ્ય શ્રીમોટા તે દિવસોમાં બહાર હતા તેથી તે બહેને સંકલ્પ કર્યો, 'જો પૂજ્યશ્રી આવે ને એવી કંઈ ટપાલ હોય ને મને વાત કરે તો મારે જરૂર મૌન છોડીને જવું.' આમ, મન સાથે નક્કી કર્યા પછી એવા વિચારો આપોઆપ શાંત થઈ ગયા. એ ઘટનાના બરાબર પાંચ મહિના બાદ તે જ તારીખે એમની બહેનપણીના પતિનું-જેમને વિશે એમને મૌનમાં વિચાર આવેલા તેમનું-અચાનક હૃદય બંધ પડવાથી શરીર છૂટી ગયું. એના ચારેક દિવસ પહેલાં જ તો તે બહેન ત્યાં જઈ આવેલાં અને તબિયત ઘણી સારી જોઈને આવેલાં.

આમ, સ્થૂળ અને સૂક્ષ્મ બંને પ્રકારના અનેક જાતના વિવિધ પ્રકારના અનુભવો મૌનએકાંતમાં બેસનારાં ભાઈબહેનોને થાય છે.

શાથી આમ બને છે ? કઈ શક્તિને પ્રતાપે ? તે અંગે તો સૌ કોઈ પોતપોતાની શક્તિ, મતિ, સંસ્કાર અને રુચિ પ્રમાણે જ સમજી લે તે જ ઈષ્ટ છે, પણ એક વાત તો નક્કી કે આ મૌનએકાંતના ઓરડાઓમાં કોઈ અદૃશ્ય ચેતનાની હાજરી અનુભવાય છે ખરી. एની શક્તિની પ્રાણપ્રતિષ્ઠા થયેલી ત્યાં વર્તાય ખરી.

❑

## ૨૯. જીવનદૃષ્ટિનો અભાવ

પૂજ્ય શ્રીમોટાની સાથેના સંપર્કમાંથી આપણે એટલું તો જરૂર સહજપણે સહેલાઈથી પામી શકીએ એમ છીએ કે જે કંઈ કરો તે આશા-અપેક્ષારહિત, જીવનવિકાસાર્થે, સ્વવિકાસાર્થે, બીજાનો ખ્યાલ કર્યા વિના કરો. પ્રેમભાવ રાખવો એ કોઈ વેપારી સોદો નથી. લેવડદેવડનો હિસાબ નથી, જોખીતોળીને દેવાની રીત નથી, પ્રેમભાવના તો સ્વયંભૂ છે, નિરપેક્ષ છે, નિરાલંબ છે અને આ વિષય ઉપર તો પૂજ્ય શ્રીમોટાનું **'પ્રેમગાથા'**નું પુસ્તક છપાયું છે.

આ લખવાનું નિમિત્ત બને છે એક નાનકડો પ્રસંગ. પ્રસંગ છે નાનકડો પરંતુ એનો બોધ છે ખૂબ ગહેરો-જીવનને જગાડનારો, એટલે જ આ લખી રહ્યો છું. ફેબ્રુઆરીની ૧૫મી તારીખ, ઈ.સ. ૧૯૬૩નો દિવસ હતો. નડિયાદ આશ્રમમાં એક જૂના કૉંગ્રેસ કાર્યકર્તા ખાદીધારી ભાઈ પૂજ્ય શ્રીમોટાને જૂના પરિચયે મળવા આવ્યા. એમણે તો પોતાની વાતો શરૂ કરી. વાતમાં પોતાની જીવનકથની જ કેંદ્રસ્થાને હતી. તેઓ દેશસેવાર્થે સાતઆઠ વાર જેલયાત્રા કરી આવ્યા હતા, જીવનનાં ચારથી પાંચ વર્ષ જેલમાં ગાળ્યાં એવું એમણે ખૂબ સંતોષપૂર્વક અને કંઈક અંશે અભિમાનપૂર્વક જણાવ્યું. લોકદૃષ્ટિએ આટલી હકીકત કે માહિતી એમના વિશે માન અને મહત્તાની છાપ અન્ય પર પાડવા માટે પૂરતી ગણાય.

ઘણી બધી અન્ય વાતોમાં એમણે જીવનનો પોતાનો કેટલોક અસંતોષ પણ વ્યક્ત કર્યો. ઘણા જ ખેદપૂર્વક અને ફરિયાદરૂપે તેમણે જણાવ્યું કે તેમણે તેમની ભત્રીજીઓ માટે ઘણું બધું કરેલું, તેમને માટે પોતે ત્યાગ કરેલો, તેમને ખૂબ

લાડ લડાવેલાં, વહાલ આપેલું, ઘણી બધી ચીજો ભેટસોગાદ તરીકે આપેલી, સાથે સાથે ફરિયાદરૂપે એ પણ જણાવ્યું કે હાલ એ બધી ભત્રીજીઓ એમને તદ્દન ભૂલી ગઈ છે અને તેમાંથી કોઈએ પણ તેમના પ્રેમનો બદલો વાળ્યો નથી. એમણે આના પ્રત્યાઘાતરૂપે પોતાના મનની વાતો પણ પ્રગટ કરી દીધી, સ્ત્રીસમાજ પ્રત્યેના અણગમામાં એ પરિણમી. એનો ખ્યાલ ત્યારે જ આવ્યો કે જ્યારે એમણે કહ્યું કે તેમને માત્ર પુત્રો જ છે, એક પણ છોકરી નથી. એમના સાચા શબ્દો પુત્રી માટે તો 'બલા નથી તે સારું છે' - એવા હતા. તેમના આ શબ્દોથી હું ચોંક્યો હતો, દિલને હળવું દર્દ પણ થયું. આ એક જ શબ્દમાં તે સજ્જને નારીજાતિ પ્રત્યેનો તેમનો અણગમો અને રોષ વ્યક્ત કરી દીધો, તે શબ્દમાં પણ કંઈક ઘમંડ, કંટાળો, રોષ, તિરસ્કાર આદિ અનેક ભાવો વ્યક્ત થઈ જતા હતા. આ ઘટનાએ મને વિચાર કરતો કરી મૂક્યો.

આ ભાઈએ જીવનની યુવાનીનાં કીમતી વર્ષો 'દેશસેવા'ની પાછળ ગાળ્યાં, જેલમાં અગવડો અને અછતો પણ ભોગવી, પરંતુ પોતાની જાતની સેવા તેઓ નથી કરી શક્યા એમ લાગ્યું. એટલાં વર્ષો અને એટલો શ્રમ તેમણે જીવનવિકાસ માટે તેની સાચી દિશામાં જીવવાનું કર્યું હોત તો તેઓ વધુ અને ઘણું બધું પામ્યા હોત. એવી દેશસેવામાં તેમનું અહમ્ પોષાયું હશે, થોડીક ક્ષણજીવી કીર્તિ પણ તે કાળે મળી હશે, પરંતુ તે બધું તો ઊડી ગયું અને રહી ગયાં માત્ર અહમ્ અને પોતાની સંકુચિત મનોવૃત્તિઓ.

આપણા માટે તો આ ઘટના eye-opener-દૃષ્ટિ બદલનારી-બને છે. સંતસમાગમનો મહિમા જો આપણી પ્રકૃતિના રૂપાંતરમાં ન પરિણમતો હોય તો પછી આપણે

વિચારવું રહ્યું. પૂજ્યશ્રીના નિકટના સંપર્કમાંથી જો એમાંનું થોડુંક પણ ના ગ્રહી શકાયું, તો તે આપણો સંપર્ક આપણે મિથ્યા બનાવી દીધો ગણાશે.

પ્રકૃતિનું રૂપાંતર ન થાય તો આપણાથી થતો સંતસમાગમ, આપણી ભૂમિકા અત્યંત જડ હોવાથી ફલિતાર્થ બનતો નથી એમ સમજવું રહ્યું. મારો અંગત અનુભવ છે કે, જે જે જિજ્ઞાસુ ભાઈબહેનો થોડીક પણ જાગૃતિ અને વિકાસવાંછું ભાવનાથી પૂજ્યશ્રીના સમાગમમાં આવ્યાં છે, તેમના તેમનામાં તેમની ચિત્તશુદ્ધિના પ્રમાણમાં અને ભાવુક ગ્રાહકતાના પ્રમાણમાં આ અંગે અવશ્ય થોડોક તો લાભ પામ્યાં જ છે. નિરપેક્ષ ભાવ દાખવવાની પ્રક્રિયા, નિરપેક્ષ સેવા કરવાની ખેવના ને નિરપેક્ષપણે જે કંઈ કરો, આપો તે જ જીવનસંગિની બની રહેશે એવી સમજણ જેટલી આપણી દૃઢ બનશે તેટલો લાભ આપણને જ છે.

❒

# ૩૦. પૂજ્યશ્રી અને અલંકાર

પૂજ્યશ્રીએ સામાજિક ઉત્થાનનાં કાર્યો હાથમાં લીધાં ત્યારે તેને માટે જોઈતાં નાણાં ક્યાંથી લાવવાં ? - એવા મંથનમાંથી એમના જીવનના ત્રણ દિવસોની ઉજવણીની શરૂઆત થઈ : (૧) ભાદરવા વદ ચોથ એમનો જન્મદિવસ. (૨) રામનવમી એમનો સાક્ષાત્કારદિન. (૩) વસંતપંચમી એમનો દીક્ષાદિન. એવા એક ઉત્સવની આ વાત છે. સુરત શહેરનો એ સૌ પ્રથમ ઉત્સવ હતો.

રામનવમી, તા. ૨-૪-૧૯૬૩નો શુભદિન, એ પૂજ્ય શ્રીમોટાનો સાક્ષાત્કારદિન સુરતમાં શ્રી રતિલાલ રંગૂનવાળાને ત્યાં ખૂબ ભાવભર્યા અને ઉલ્લાસમય વાતાવરણમાં ઊજવાયો. આમ તો કુંજરાવના શ્રી પી. ટી. પટેલ એ ઊજવવાના હતા, પરંતુ સુરતમાં એક પણ ઉત્સવ ઊજવાયો ન હતો એટલે શ્રી રતિભાઈ રંગૂનવાળાની વિનંતીથી તે સુરત ખાતે ફેરવાયો.

મંડપો બાંધનાર એક ખૂબ જ ભાવુક ભાઈએ વિનામૂલ્યે ભવ્ય મંડપ બાંધી આપ્યો હતો. શ્રી રતિભાઈના નવા મકાનના આંગણામાં જ એ વિશાળ મંડપ બંધાયો, જેમાં હજાર જેટલા માણસો તો સરળતાથી સમાઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

યજમાન સુરતી ખરાને ! - એટલે સુરતની શોખીન પ્રજાને અનુરૂપ મિષ્ટાન્ન, ફરસાણ આદિ રસોઈ કરવાની યજમાનની ઇચ્છા હતી, પરંતુ પૂજ્યશ્રીએ તેવું કશું કરવાની મનાઈ ફરમાવેલી. આથી, સવારે માત્ર દાળ, ભાત, શાક, પૂરી અને વાલ આટલી જ વાનગીઓ કરાવાયેલી, ચટણી, રાયતું, પાપડ, ફરસાણ કશું જ નહિ. સાંજે માત્ર ખીચડી, કઢી ને શાક. આમ,

તદ્દન સાદી રસોઈનો પ્રબંધ કરાવ્યો હતો.

સવારના સાત વાગ્યે અમે આશ્રમમાંથી શહેરમાં ઉત્સવસ્થળે પહોંચી ગયેલા. સાત વાગ્યાથી લોકોની મેદની આવવાની શરૂઆત થઈ ચૂકી હતી. ૭-૩૦ વાગ્યે પ્રાર્થનાથી શરૂઆત થઈ, ભજનો પણ થયાં.

આઠ વાગ્યે પૂજ્ય શ્રીમોટાએ પોતાનું પ્રવચન શરૂ કર્યું. 'માનવજન્મનું માહાત્મ્ય' એ વિષયને એમણે ખૂબ જ રસપ્રદ રીતે છણ્યો. એ પ્રવચન એક ભાઈને તો એટલું બધું ગમી ગયું કે એની નકલો પોતાના ખર્ચે કઢાવીને વહેંચવાની ઈચ્છા તેમણે વ્યક્ત કરી. અંદાજે પિસ્તાળીસ મિનિટ જેટલું એ પ્રવચન ચાલ્યું હશે. સાતસો જેટલાં ભાઈબહેનોએ તેમને પૂર્ણ શાંતિથી સાંભળ્યાં હતાં. વચ્ચે લાઉડસ્પીકર નિષ્ફળ નીવડ્યું ત્યારે પૂજ્યશ્રીએ તેમનો અવાજ વધાર્યો અને અવાજ બુલંદ હોઈ સૌ શાંતિથી સાંભળી રહ્યાં. શ્રોતાવર્ગમાં અર્ધોઅર્ધ તો બહેનો હતી.

૮-૪૫ વાગ્યે પાદપૂજા અને પાયલાગણની વિધિ તથા પૂજ્યશ્રીને ચરણે ભેટ ધરવાની વિધિની શરૂઆત થઈ. લગભગ એક કલાક ઉપર એ વિધિ ચાલી. લાંબી કતારમાં સૌ ઊભા રહી ગયાં હતાં. પુષ્પો, સૂતરની આંટીઓ, શ્રીફળ, કાપડ અને રોકડા રૂપિયાની નોટોનો અસ્ખલિત પ્રવાહ ચાલી રહ્યો હતો. બાળકો, યુવાન-યુવતીઓ, પ્રૌઢો અને વૃદ્ધો-બધાંએ પોતપોતાની રીતે અને યથાશક્તિમતિ અનુસાર ભેટો ધરી. અંદાજે ૩૦૦ પહોંચો ફાટી. દરેક ભેટની સામે પહોંચ અપાતી જતી હતી અને અલગ નોટબુકમાં પણ નોંધાતું જતું હતું. ૧૦ વાગ્યા સુધીમાં આ ભેટોનો કુલ સરવાળો સારો એવો થયો હતો. આખી ઝોળી છલકાઈ ગઈ હતી. બાર પૈસા અને

પાવલીથી માંડીને રૂ. ૧૦૦૧/- સુધીની ભેટો આવી. આખા સમુદાયમાં ભક્તિભાવ, ઉલ્લાસ, ઉમંગ અને આનંદનાં મોજાં પ્રસરી રહ્યાં હતાં. સુરત શહેરનાં ભાઈબહેનો ઉપરાંત આજુબાજુનાં ગામડાંઓમાંથી નવસારી, વલસાડ, બીલીમોરા, વડોદરા, નડિયાદ, અમદાવાદ, નરોડા, મુંબઈ, મહારાષ્ટ્ર અને મદ્રાસ એમ દૂર દૂરથી ટ્રેન દ્વારા, કારો દ્વારા ભક્તો, પ્રશંસકો અને મિત્રો આવ્યા હતા. સૌ આ ઉત્સવમાં ભાગીદાર થવામાં પ્રસન્નવદન અને પ્રફુલ્લિત લાગતાં હતાં.

એક વિશાળ પાટ ઉપર ગાલીચા નાખીને, ગાદીતકિયા નાખીને ઊંચી બેઠક પૂજ્ય શ્રીમોટા માટે બનાવાઈ હતી. ૯-૪૫ મિનિટે પૂજ્ય શ્રીમોટા તેમની શણગારેલી બેઠક ઉપરથી ઊઠ્યા. યજમાનમાં કુટુંબીઓએ પાદપૂજા કરી અને પછી ત્રીજી પંગતમાં પૂજ્યશ્રી બધાંની સાથે વચ્ચે જમવા બિરાજ્યા. જમ્યા બાદ તેઓશ્રી આરામ લેવા તેમના માટે ખાસ શણગારાયેલા ઓરડામાં ગયા. સોથી દોઢસો ભાઈબહેનો સામૂહિક-ઐચ્છિક હરિનામ સ્મરણની ધૂનમાં બેઠાં. એક કલાક ધૂન ચાલ્યા બાદ ડભાણવાળા શ્રી રાવજીભાઈએ પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના સારસંચય રૂપ પ્રગટ થનાર 'જીવનપરાગ' પુસ્તકમાંથી આધ્યાત્મિક વાંચન કર્યું.

બરાબર એક વાગ્યે પૂજ્યશ્રી બરાબર મંચ ઉપર આવી ગયા. મોડાં આવનાર ભાઈબહેનોએ ભેટસોગાદની સમર્પણવિધિ શરૂ કરી દીધી. પછી પ્રશ્નોત્તરી (આધ્યાત્મિક પ્રશ્નો)નો કાર્યક્રમ શરૂ થયો. પૂજ્યશ્રીએ વિસ્તારથી જવાબ આપ્યા. નવા આગંતુકો પગે લાગતાં જાય ને પ્રશ્નોત્તરી ચાલુ રહ્યે જાય. એમ અઢી વાગતાં ફરીથી ભજનનો કાર્યક્રમ શરૂ થયો.

મથુરીબહેન ખરે, જેઓ ખાસ અમદાવાદથી આ પ્રસંગ માટે આવેલાં. તેમણે પૂરા દોઢ કલાક સુધી ભજનોની રમઝટ જમાવી અને શ્રોતાઓને ભક્તિરસમાં તરબોળ કરી મુગ્ધ કર્યાં.

ફરીથી સાંજે ચારથી પાંચ વાર્તાલાપ ગોઠવાયો. સવારના ગાળામાં યજમાન પત્ની શ્રીમતી કમુબહેને પૂજ્યશ્રીના ફેંટા ઉપર, ગળે, ખભે અને શરીરે પુષ્પોની માળાઓનો ખાસ તૈયાર કરાવેલો શણગાર પહેરાવ્યો. બંને કાંડામાં પુષ્પોની માળાઓ બાંધી હતી. શિર ઉપરના ફેંટા ઉપરથી લટકતી બંને બાજુ પુષ્પની જાડી માળાઓ સુંદર શોભતી હતી. આ બધાં દૃશ્યોની તસવીરો પણ ખેંચાઈ હતી.

સાંજે વાર્તાલાપ સમયે યજમાન પત્ની શ્રીમતી કમુબહેન સોનાના ૨૨ કૅરેટના તેમના દાગીનામાંથી એક જાડો મોટો અછોડો અને બે જાડી આંગળીની સોનાની વીંટીઓ લઈ આવ્યાં અને મેદની સમક્ષ પૂજ્યશ્રીની ડોકમાં અછોડો પહેરાવ્યો અને વીંટીઓ આંગળીઓએ પહેરાવી દીધી. આમ, એ બધું ભેટ દઈ દીધું. આ દૃશ્ય ખૂબ જ અનુપમ હતું. પૂજ્યશ્રીએ પણ આ બધા દાગીના છેક રાત સુધી પહેરી રાખેલા. તેમાં તેમને કશો ક્ષોભ કે સંકોચ લગીરેય ન હતો. એમના આ પ્રકારના નિઃસંકોચ બિનક્ષોભ વર્તનની અમારી અન્ય પણ કેટલીક જાતમાહિતીની હકીકતો છે.

ત્રિચીમાં ૧૯૪૯ની શરૂઆતમાં એક બે બહેનોએ પૂજ્યશ્રીને એક શરતે સોનાની બંગડીઓ ઑફર કરેલી. જો પૂજ્યશ્રી તે બંગડીઓ અમદાવાદ પહોંચ્યા બાદ કાઢે તો તે બંગડીઓ તેમને ભેટ અપાઈ જાય. પૂજ્યશ્રીએ તે દરખાસ્ત સ્વીકારી લીધી, બે કે ત્રણ માસ સુધી તેવી સોનાની બંગડીઓ

બંને હાથે પૂજ્યશ્રીએ પહેરી રાખેલી. અમદાવાદ આવ્યા પછી તે કપાવેલી ને કઢાવેલી. સાબરમતી આશ્રમવાળા સદ્‌ગત શ્રી નરહરિભાઈ પરીખ અને શ્રી છગનલાલ જોશી બંને ત્રિચી અમારી પેઢીએ આવેલા. પૂજ્યશ્રીએ ત્યારે બંગડીઓ પહેરેલી હતી. તેઓ વિસ્મય પામેલા ને કારણ પૂછેલું. પૂજ્યશ્રીને ન હતો ક્ષોભ કે સંકોચ. જો આ કરી શકેલા તો શ્રી રતિભાઈ રંગૂનવાળાના ઘરે સુરતના ઉત્સવમાં ઘરેણાં પહેરી રાખવાનો સંકોચ તો હોય જ ક્યાંથી !

૧૯૬૨ની સાલમાં અમારા કુટુંબમાં લગ્ન હતું. અમદાવાદની ખમાસાગેટ પાસે દશા નાગરની વણિકવાડીમાં જમણ હતું. અમારી એ નાતમાં તે વખતે રિવાજ કે પ્રવેશદ્વાર પાસે પાટ નાખીને નાતના આગેવાનોને તેના પર બેસાડે. એ પાટ પર મોખરે પૂજ્યશ્રીને બેસાડેલા. તે વખતે હસમુખભાઈનાં પત્ની શ્રીમતી પ્રેમીલાબહેને રૂ. ૮૦૦૦/- ની અંદાજનો હીરાનો હાર પૂજ્યશ્રીના ગળામાં પહેરાવી દીધો હતો. પૂજ્યશ્રીના ગળામાં હાર શોભતો હતો. એમના હંમેશના પહેરવેશમાં ઉઘાડા બદને આ હાર પહેરેલો એટલે જે કોઈ ન્યાતના આગેવાન આવે તેઓ ટીકી ટીકીને જુએ. કંઈ કંઈ વમળો ને વિચારો લોકોને ઊઠ્યાં હશે. પૂજ્યશ્રી તો જાણે કશું જ બન્યું નથી એમ નિરાંતે બધા સાથે વાતો કરતા જાય અને હસતા જાય. સમારંભને અંતે જ્યારે પેલો હાર પ્રેમીલાબહેનને પાછો આપવા માંડ્યો ત્યારે તેમણે હાર પાછો લેવાની ધરાર ના પાડી. ‘આપ્યો તે આપ્યો’ તેમ જ કહે. તે હાર રાત સુધી પૂજ્યે પહેરી રાખેલો. પછી કાઢીને મને રાખવા આપેલો. પરાણે સમજાવીને તે બહેનને તે હાર પાછો કર્યો, પરંતુ એ બહેને એની કિંમત જેટલી રકમ પ્રેમથી રોકડી આપી ને પછી

જ તે પાછો લીધો.

આમ, મૂળ વાત પર આવું તો આ રામનવમીના ઉત્સવમાં આભૂષણથી શણગારાયેલા પૂજ્યશ્રીને જોવાનો અવસર ઘણાં બધાંને મળ્યો. આ બાબત અંગે બહેનોને તો અડવું ન લાગે પરંતુ 'ભણેલા-ગણેલા' ભાઈઓને જરા અડવું લાગે ખરું, કારણ કે સમજણનાં પણ ચોકઠાં બની ગયાં હોય છેને !

સવારના આશ્રમના સમયે જ જમવાનું રાખેલું. લગભગ સવારે એક હજાર અને સાંજે સાતસો માણસો જમવામાં હતા. ખીચડી બીરંજ જેવી બની હતી. બધાંને ખૂબ જ ભાવી અને કઢી તો જાણે દહીંનો મઠો જોઈ લ્યો ! સુરતી જમણ ખરુંને ! ભલે મિષ્ટાન્ન અને ફરસાણ ન કરવા દીધાં તો તેની ઊણપ ને તેનો સ્વાદ બીજી સાદી વાનગીઓમાં ઉતાર્યો. આમ, સાડા છ વાગ્યે સમારંભ પૂરો થયો અને ખૂબ જ ભાવવાહી વાતાવરણ વચ્ચે સાત વાગ્યે પૂજ્યશ્રીને યજમાન કુટુંબે ગદ્ગદ ભાવે સજળ આંખો સાથે પ્રેમભરી વિદાય આપી.

આ ઉત્સવમાં મળેલી ભેટ-રકમનો ઉપયોગ સામાજિક લોકકલ્યાણનાં કામોમાં થવાનો નિર્ણય લેવાયો હતો. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાનાં બારથી તેર ગામડાંઓમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની લાઇબ્રેરીઓમાં જીવનચરિત્રનાં ગુજરાતી પુસ્તકો વસાવી આપવામાં અને રાંદેર ગામના પાદરે કૂવા ઉપર લોખંડની ગરગડીઓ મુકાવવાનું નક્કી થયું. બાકીની રકમને પણ એવા જ સામાજિક લોકોપયોગી કામોમાં વાપરવાનું નક્કી થયું. આમ, પૂજ્યશ્રી તેમને અંગત મળતી ભેટોનો ઉપયોગ લોકહિતાર્થે વાપરે છે, તે તો હવે બહુ જાણીતી વાત છે.

ઉત્સવના યજમાન શ્રી રતિભાઈ રંગૂનવાળાએ એકલાએ

જ આ ઉત્સવનો બધો ખર્ચ ઉપાડેલો. તે ઉપરાંત, સારી એવી રકમ તેમના કુટુંબીઓના નામે ભેટ રોકડ ધરી અને સોનાના અલંકારો અંદાજે સાડા પાંચ તોલાના (૨૨ કૅરેટના સોનાના) યજમાન પત્નીએ પોતાના સ્વઉમળકાથી ભેટરૂપે પહેરાવ્યા તે તો જુદા. આવો વિરલ ભાવ સુરતના ભક્તોએ દાખવ્યો એ એવો તેઓનો ભાવ જ તેમના શ્રેય-કલ્યાણમાં આગળ ને આગળ ધપાવો એ પ્રાર્થના છે. પૂજ્ય શ્રીમોટાની પ્રવૃત્તિઓનો વિસ્તાર જેમ વધતો ગયો, સમગ્ર ગુજરાતમાં તેઓ જેમ વધુ ને વધુ જાણીતા થતા ગયા તેમ એક પછી એક અનોખા ઉત્સવો ઊજવાવા લાગ્યા. એ બધાનું વર્ણન કરવા જઈએ તો પાર ન આવે. દરેક ઉત્સવે નોખી નોખી ભાત અને યજમાનોએ નોખા નોખા ગાઢ સઘન ભાવોનાં દર્શન કરાવ્યાં. એ પછી એટલા તો પ્રચલિત બની ગયા કે પ્રારંભકાળનું નાવીન્ય ક્રમશઃ ઓછું થતું ગયું. છતાં એ પ્રારંભકાળના પ્રતિનિધિરૂપે એક આ ઉત્સવનું વર્ણન અમે અત્રે રજૂ કર્યું છે.

- સંપાદક

❒

# ૩૧. વડતાલવાળાં પૂજ્ય મોતીબહેન

ગુજરાતમાં સ્વામીનારાયણ સંપ્રદાય વિકસ્યો. સ્વામી સહજાનંદે ઉત્તર ભારતથી આવી ગુજરાતમાં નિવાસ કર્યો. પોતાના આધ્યાત્મિક જીવનની કર્મભૂમિ ગુજરાતને બનાવી. વર્ગ અને જ્ઞાતિના ભેદભાવ વિના ઉચ્ચ જીવન જીવતાં લોકોને શીખવ્યું. એમનો એટલો બધો તો પ્રભાવ હતો કે અંગ્રેજ ઈતિહાસકારોએ એમને એ યુગના મહાન સુધારક ધર્મપુરુષ ગણાવ્યા.

અત્યારે તો એ સંપ્રદાયમાં બે ત્રણ એકબીજાથી અલગ ફાંટા પડ્યા છે, પરંતુ કેટલાંક વર્ષ પહેલાં સૌરાષ્ટ્રમાં ગઢડા અને મધ્ય ગુજરાતમાં વડતાલ એ એમનાં મંદિરોનાં, અનુયાયીઓનાં, સાધુ-સંન્યાસીઓનાં અને સાધકોનાં મુખ્ય સ્થળો હતાં.

આવા ઐતિહાસિક, ધાર્મિક સ્થળ વડતાલથી એકવાર સ્વામીનારાયણ સંપ્રદાયનાં એક બહેન નડિયાદ આશ્રમે આવ્યાં. અંદાજે ઉંમર વર્ષ છેંતાળીસ હશે. તેમની સાથે સેવામાં એક બહેન હતાં. આશ્રમે આવ્યાં એટલે પરિચય થયો. વાત જાણવાની મળી તે એ કે આ બહેનને મોતીબહેનને ચૌદ વર્ષથી ઝાડોપેશાબ થતાં નથી તેમ જ તેઓ ખોરાક લેતાં નથી, પાણી પણ પીતાં નથી. આરામ પૂરતી થોડાક કલાક ઊંઘ લે છે, પણ ખરા અર્થમાં તેને ઊંઘ પણ ન કહી શકાય. આમ છતાં તેમના મુખ કે તન ઉપર થાક ના જણાય, પ્રસન્નચિત્તતા લાગે. તેમને પોતાને દિવસમાં બે ત્રણ વાર સમાધિ પણ આવી જાય છે. કદીક કદીક સમાધિ રહે પણ ખરી. સમાધિમાં શરીરનું ભાન તદ્દન ચાલ્યું જાય અને મડદાની માફક પડી રહે.

તેમના ભક્તોનું એમ પણ કહેવું છે કે તેઓ બીજાને પણ સમાધિ કરાવી શકે છે. આશ્રમમાં આ રીતે સમાધિ આપવાનો એક પ્રયોગ એમણે કરી બતાવવાની તત્પરતા બતાવી. એક ભાઈને પોતાની સામે બેસાડ્યા અને તે ભાઈને ઈષ્ટદેવનું ધ્યાન ધરવા કહ્યું. પેલા ભાઈ સ્વસ્થપણે અને શાંતપણે ત્રીસથી ચાળીસ મિનિટ ધ્યાનમાં બેસી રહ્યા પણ સમાધિ ચઢી નહિ. તેઓને કોઈક પ્રકારનાં આંદોલનોનો ચોક્કસ અનુભવ થયો, અલૌકિક સ્પંદનો અનુભવ્યાં પણ સમાધિ ના ચઢી.

પછી મને બેસાડવાનું કર્યું. હું સંપૂર્ણ વિધેયાત્મક વલણ રાખી એમની સામે બેઠો. મને ધ્યાન ખૂબ એકાગ્રતાવાળું થયું ખરું, પરંતુ સમાધિ ના ચઢી.

બીજી પણ કેટલીક લાક્ષણિકતાઓ એમની નિહાળવા મળી. અતિઇંદ્રિય અનુભવો એને કહી શકાય ખરા. બે વાર પૂજ્ય મોતીબહેનના મોમાંથી દ્રાક્ષ નીકળી. એમને પોતાને સમાધિ ચઢી અને મોઢામાંથી કોરી દ્રાક્ષ નીકળી. તેમના પરિચયમાં હોય એવા બીજાઓએ એમ પણ કહ્યું હતું કે અનેક વાર અનેક જુદી જુદી ચીજો એમના મોઢામાંથી નીકળે છે. બીજે ક્યાંકથી વસ્તુઓ અદૃશ્ય શક્તિની સહાયથી ખેંચી આણી પોતાનામાં પ્રગટ કરી શકે છે. ક્યાંક રસોઈ થતી હોય ને તેઓના પેટમાં ચૂંક જેવું થતાં ઓડકાર આવી ઊલટી થાય ને ઊલટીમાં રસોઈના કણ હોય એવું બીજાઓએ જોયેલું એમ એ વ્યક્તિઓને કહેતા સાંભળેલી.

એમને પ્રશ્ન પૂછવામાં આવ્યો, 'તમે આ બધું મંત્રશક્તિથી કરો છો ?' તેનો જવાબ તેમણે ના-માં આપ્યો. તેમણે કહ્યું, 'આ બધું ગુરુકૃપાબળે થાય છે.'

સ્વામીનારાયણ સંપ્રદાયના વારસામાં ચમત્કારોને અવકાશ રહેલો છે. મૂળ આદિ પુરુષની એ પ્રેરણા અને કૃતિ છે.

અલબત્ત, આવા ચમત્કારો આપણા આધ્યાત્મિક વિકાસમાં કેટલા ઉપકારક થઈ પડે એ શંકાસ્પદ છે. આધ્યાત્મિક ક્ષેત્રે બહુ બહુ તો આવા ચમત્કારો આપણામાં શરૂઆતની ભૂમિકામાં આત્મશક્તિ વિશેની શ્રદ્ધા પ્રેરે એટલું જ, એનાથી આપણું દળદર ન ફીટે, આપણો વિકાસ ન થાય, કારણ કે આપણે જીવદશામાં હોઈએ ત્યારે થોડા કાળ પર્યંત એ આપણને અભિભૂત કરે, પરંતુ રાગ, દ્વેષ, મોહ, મદ, મત્સર, કામ, ક્રોધ વગેરેને મોળા પાડવામાં અને ચિત્તશુદ્ધિ પેદા કરવામાં એ અવશ્ય ઉપયોગી નીવડે જ એવું નથી હોતું, પરંતુ એ તો બીજો પ્રશ્ન થયો. અહીં તો પ્રસ્તુત ઘટના બને છે એ એક હકીકત છે, ઘટનાનો ઇનકાર ન થઈ શકે તેટલા પૂરતું એનું મહત્ત્વ છે.

અમદાવાદનાં એક બીજાં બહેન નામે મણિબહેન પણ સ્વામીનારાયણ સંપ્રદાયનાં. બેંગલોરમાં મળવાનું થયેલું અને આવી જ શક્તિવાળાં એમને જોયેલાં. ઘણી બધી વસ્તુઓ તેમના હાથમાં પ્રગટ થતી, એમાં પણ ક્યાંક બનાવટનો આભાસ સરખો ન હતો.

પૂજ્ય મોતીબહેનની વિશિષ્ટતા એ કે વર્ષો સુધી ખોરાક, પાણી, ઝાડોપેશાબ વિના તેઓ નભ્યે જાય છે. અલબત્ત, હૉસ્પિટલમાં મેડિકલ સારવાર હેઠળ આઠદસ દિવસ રહીને એની ચકાસણી કરી પુરવાર કરી આપવાનું બન્યું નથી. એવું બની શકયું હોત તો જગતને પાકા પાયાની એક સંપૂર્ણ ઘટના જાણવાની મળત. કુદરતી હાજતના નિયમની પારની આ વાત જેવી તેવી ન ગણાય. કઈ રીતે આ શક્ય છે તે પ્રભુ જ કહી શકે. આ પૂજ્ય મોતીબહેન એટલાં તો નમ્ર, નિરભિમાની અને સરળ છે કે તેમાં ક્યાંક બનાવટ હોય એમ મુદ્દલે લાગતું નથી.

આ ઉપરથી એક નવીન આડપ્રશ્ન પેદા થાય કે આવું હોય તો તે વ્યક્તિ આત્મનિષ્ઠ ગણાય ખરી ? પૂજ્ય શ્રીમોટા સાથેના સાંનિધ્યમાં રહીને જીવનવિકાસ અંગે જે કંઈ આજ સુધીની સમજ પ્રગટી છે, તે ઉપરથી એટલું તો કહી શકાય કે આત્મનિષ્ઠનાં મુખ્ય લક્ષણો જો પ્રગટ્યાં ન હોય ને આટલું જ માત્ર હોય તો તે આત્મનિષ્ઠપણા માટે પૂરતું નથી.

આ જ પૂજ્ય મોતીબહેનને બીજી એકવાર સુરત આવવાનું થયેલું. પૂજ્ય શ્રીમોટાએ દેહ છોડ્યાના થોડા સમય પહેલાંની જ એ વાત. શ્રી ચંદુભાઈ ભાવસાર, અમદાવાદ-વાળાના દીકરાનાં બીજી વારનાં લગ્ન પૂજ્ય શ્રીમોટાના હાથે કરાવવા માટે એ બધાંને સુરત આશ્રમે આવવાનું થયેલું. પૂજ્ય શ્રીમોટા તે વેળા સુરત આશ્રમે હતા. પૂજ્ય મોતીબહેનને એ કુટુંબ સાથે લાંબા ગાળાનો સંબંધ, એ પણ લગ્નપ્રસંગે હાજર રહેલાં. ઘણા બધા લોકો હાજર હતા. પૂજ્ય મોતીબહેનને નવવધૂને લગ્ન પ્રસંગે કશુંક ભેટ આપવાની ઈચ્છા સહજપણે પ્રગટી, એટલે બધાંની વચ્ચે એમણે પોતાના ગળાની નીચેના ભાગ પર હાથ વડે થાપટ લગાવી. પૂજ્ય શ્રીમોટાની હાજરીમાં મોતીની નાકની નથણી અને તેય પાછી સોનાના વાળાથી ગાંઠેલી મુખમાંથી ખોંખારો કરીને કાઢી બતાવી. આ હકીકત નજરે જોયેલી છે. પૂજ્યશ્રીએ હાથમાં લઈ ઊંચકીને સર્વને બતાવી.

આ બધું દર્શાવવાનો હેતુ તો એ જ છે કે વૈજ્ઞાનિક ઘટનાઓમાં કાર્ય-કારણનો સંબંધ હંમેશાં હોવો અનિવાર્ય છે, છતાં હાલની આધુનિક વૈજ્ઞાનિક ઘટનાઓમાં તે સર્વને માટે સ્પષ્ટ દેખીતો નથી હોતો. તેમ આવા ઇંદ્રિયાતીત અનુભવોમાં પણ કાર્ય-કારણની કોક સાંકળ હોવાની સંભાવના હોવાની.

તે છતાં દરેકને માટે એ સાંકળ સ્પષ્ટ થવી મુશ્કેલ છે, એટલા માત્રથી તેનો ઈનકાર ન થઈ શકે. વળી, આપણી સમજમાં ઊતરે તે જ સત્ય અને આપણી સમજમાં ન ઊતરે તેને સત્ય તરીકે ન સ્વીકારવાની ભૂલ આપણે ન કરીએ એટલું જ. જગતમાં ઘણું બધું એવું છે કે દરેકનો ખુલાસો ઉપલબ્ધ નથી. માનવી તરીકેનું આપણું આ જગત પરનું અસ્તિત્વ શું એક મોટો ચમત્કાર નથી ?

❒

# ૩૨. આહુતિયજ્ઞ

પૂજ્ય શ્રીમોટાએ આશરે વીસેક વર્ષ પહેલાં નરોડાના હરિઃૐ આશ્રમમાં એક યજ્ઞ કરાવ્યો. તેમાં કોઈ પણ ભાગ લઈ શકે એવી મોકળાશ હતી. સ્ત્રી, પુરુષ, બ્રાહ્મણ, હરિજન, પારસી, ખ્રિસ્તી, વિદ્વાન, અભણ સર્વ કોઈ પ્રત્યક્ષપણે ભાગ લઈ શકે એવી વ્યવસ્થા હતી. તેમાં દિનરાત ચોવીસે કલાક સતત એક શ્લોક બોલીને શ્લોકને અંતે આહુતિ અપાતી. આ આહુતિ કોઈ બાહ્ય પદાર્થની નહિ, પરંતુ વ્યક્તિની અંદર જ રહેલી નિમ્ન વૃત્તિઓની આહુતિ આપવાની હતી. એવો ભાવ અનુભવવાનો હતો. આમ, પ્રભુને પ્રાર્થી પ્રાર્થીને આહુતિ આપતાં વ્યક્તિ જીવનવિકાસમાર્ગે થોડાંક પણ ડગ આગળ માંડી શકે એ હેતુ મુખ્ય હતો. આવો યજ્ઞ હજુ સુધી જોવામાં કે સાંભળવામાં આવ્યો ન હતો, એવો અણદીઠો યજ્ઞ એમણે શરૂ કરાવ્યો જેમાં કશો જ આર્થિક ખર્ચ નહિ, ભપકો કે આડંબર નહિ, માત્ર પ્રકાશ માટે વીજળીના દીવા અને બેસવા માટે મંડપ એટલી વ્યવસ્થા હતી, એનો જે કંઈ ખર્ચ આવે તે આવે. યજ્ઞની કોઈ જાહેરાત કરવામાં આવી ન હતી. અરે ! યજ્ઞની વેદીમાં ઘી નાખી યજ્ઞની જ્વાળાઓને ઉન્મુખી બનાવવામાં આવે છે તે ઘી પણ અહીં હોમવાનું ન હતું. તેમાં અલબત્ત, જીવનને ઉન્મુખી બનાવવાની ભાવના હતી અને તે પણ યજ્ઞમાં પાટલે બેસનાર વ્યક્તિ પોતાની નિમ્ન વૃત્તિઓને હોમી હોમીને તેમ કરી શકે. યજ્ઞમાં બોલવાનો શ્લોક પણ ગુજરાતીમાં હતો. સંસ્કૃત આપણી ગીર્વાણ ભાષા, દેવભાષા. એમાં આપણાં શાસ્ત્રો રચાયાં હતાં. હજારો વર્ષની સંસ્કૃતિ તેમાં છલકે છે એટલે એના ઉચ્ચાર જરૂર કર્ણને સુમધુર

અને અતિ પ્રિય લાગે છે ખરા, એનો ઇનકાર ન થઈ શકે, પણ એ સંસ્કૃત ભાષા સમજનારા કેટલા ? બહુ જ અલ્પ સંખ્યા એને સમજી શકે. બહુજન સમાજ તો એને બિલકુલ સમજી શકે નહિ. આવા ન સમજનારા લોકોની ટકાવારી લગભગ પંચાણુંથી સત્તાણું ટકાની થાય. એટલે આવા જાહેર યજ્ઞમાં તેવા શ્લોકોનો અર્થ પણ શો ? અને જેનો અર્થ ન સમજાય તેનો ભાવ શી રીતે જન્મે ? પ્રથમ અર્થનિષ્પત્તિ હોય, પછી જ ભાવનિષ્પત્તિ. આ કારણસર પૂજ્ય શ્રીમોટાએ એ યજ્ઞ માટે નીચેનો શ્લોક ગુજરાતીમાં રચેલો :-

(અનુષ્ટુપ)

*'પામવા વિઘ્નથી મુક્તિ, શાંતિ કલ્યાણ ઝંખવા,*
*આહુતિ આપીએ પ્રાર્થી 'ઉન્મુખી દિલ પ્રેરવા.'*

અહીં વિઘ્ન શબ્દનો અર્થ જેમ ઘટાવવો હોય તેમ ઘટાવી શકાય. સાંસારિક વિઘ્નો પણ હોઈ શકે ને સાધનામાં નડતાં વિઘ્નો પણ હોઈ શકે. જેની જેવી કક્ષા અને માગણી. એટલે એ 'વિઘ્ન' શબ્દ અંગે તો ઉચ્ચારનાર વ્યક્તિની પ્રત્યેકની જુદી જુદી ધારણા રહી શકે. અને તે યોગ્ય પણ છે. આ પ્રસંગ જે શ્રીમોટાએ ઊભો કર્યો તેમાં આ બાબત બરાબર બંધબેસતી પણ આવે છે. બધાંય જેમાં ભાગ લઈ શકે તેવા પ્રસંગમાં તો આવો શબ્દ જ વધુ યોગ્ય છે કે જેનો અર્થ અનેક રીતે ઘટાવી શકાય. વળી, 'શાંતિ કલ્યાણ ઝંખવા.' અહીં ઝંખવા શબ્દ સહેતુક છે. માત્ર ઇચ્છા-અભિલાષા-ધારણા આદિ નહિ ચાલે, 'ઝંખના' જ જોઈએ. બીજી બધી તૃષ્ણાઓ અને ઇચ્છાઓનો જેમાં વિલય થઈ ગયો હોય, આવી જ એકમાત્ર 'ઝંખના' જો જીવતી રહે તો જ શાંતિ, કલ્યાણ પામી શકાય અને નિમ્ન વૃત્તિઓની આહુતિ અપાય ત્યારે જ દિલને

જીવનના ઉત્તમ ગુણો-ઊર્ધ્વગામી વૃત્તિઓ તરફ પ્રેરી શકાય અને એ રીતે 'દિલ ઉન્મુખી' બને એ એનો પરમ લાભ.

આ યજ્ઞ જ્યાં શરૂ કરાવ્યો તે સ્થળથી પોણો માઈલ જ દૂરના સ્થળે નરોડામાં જ તે વખતે લક્ષ્યચંડી યજ્ઞ થઈ રહેલો. જેમાં ૧૨૫૦ જેટલા તો આહુતિ અર્પનારા બ્રાહ્મણો ભેગા કરવામાં આવેલા. ૧૦૧થી વધુ યજ્ઞની વેદીઓ ને પાર વિનાના સ્વયંસેવકો અને ઘણું બધું, જાણે કે એક નાનું ગામડું વસ્યું હોય ! એમાં આહુતિ આપનારાઓ ભાડૂતી બ્રાહ્માણો ધંધા તરીકે પેટને અર્થે આવીને બેઠા હતા. બીજા ઘણા બધા લોકો તકસાધુની માફક આવા યજ્ઞમાંથી આર્થિક લાભ ઉઠાવનારા પણ હતા. લાખો લોકો આ પ્રચંડ યજ્ઞને જોઈ ગયા. 'જોઈ ગયા' હું જાણી જોઈને વાપરું છું. 'દર્શન કરી ગયા' એવો શબ્દપ્રયોગ મેં ઈરાદાપૂર્વક નથી કર્યો, કારણ કે જોઈ જનારાઓમાં કુતૂહલતા મોટો ભાગ ભજવે છે. અમદાવાદ શહેરમાંથી આખો દિવસ સ્પેશિયલ બસો લગભગ ૨૦-૨૫ દોડતી રહેતી હતી. આમ, લાખો લોક જોઈ ગયા અને લાખો રૂપિયાનો ધુમાડો થયો, હજારો રૂપિયા ખવાઈ ગયા, પ્રજાના લાખો રૂપિયાનું પાણી થયું. શ્રમ અને સમયનું પારાવાર નુકસાન થયું તે જુદું, અંધશ્રદ્ધામાં ઉમેરો થયો તે વળી વધારામાં. આઠ ગ્રહોની યુતિને અંગે આ પ્રચંડ યજ્ઞ યોજાયો હતો, એટલે એ યજ્ઞમાં ન તો કોઈએ પોતાનું પારમાર્થિક કલ્યાણ વાંછ્યું કે સાધ્યું. ન તો કોઈએ શુભ ભાવના ફળે તેવું કંઈક કર્યું. સેંકડો મણ ઘી હોમાઈ ગયું, પ્રજાની શક્તિ, સમય અને શ્રી હોમાઈ ગયાં !!!

આવા પ્રચંડ પ્રચલિત માન્યતાના પ્રણાલિકાગત મહાયજ્ઞની બાજુમાં-પડોશમાં જ કહીએ તોપણ ચાલે-પૂજ્ય

શ્રીમોટાનો નવીન ઢબનો નૂતન દૃષ્ટિ અર્પતો એક નાનકડો યજ્ઞ યોજાયો હતો, જેમાં કશુંયે કોઈને ગુમાવવાપણું ન હતું.

આ યજ્ઞના ત્રીજા દિવસે-છેલ્લા દિવસે-બપોરે જ્યારે હું શહેરમાંથી આવ્યો ત્યારે સાતથી આઠ બહેનો એકાગ્ર ચિત્તે વેદીમાં જવ અને તલની આહુતિ અર્પી રહ્યાં હતાં. ઉપર દર્શાવેલા શ્લોકને અંતે થોડાક શાં જવતલ યજ્ઞમાં હોમાયે જતાં હતાં. એ શ્લોક ગુજરાતીમાં ઉચ્ચારાતો હતો એટલે એના ઉચ્ચારણથી વાતાવરણમાં ગંભીરતા છાઈ રહી હતી. બહેનોના મુખ ઉપર ઉલ્લાસ અને ગંભીરતા સાથોસાથ હતાં. તેઓ પોતે 'આવા યજ્ઞમાં પ્રત્યક્ષ ભાગ લઈ શકે છે અને આહુતિ આપી શકે છે.' આ નવીન ઘટના જ તેમને સર્વને માટે આનંદપ્રદ હતી. શ્રીઉપાસનીબાબાના સ્થાનક સાકોરીમાં ત્યાંના આશ્રમમાં બહેનો યજ્ઞ કરે છે ખરી, બીજે બહાર પણ એ બહેનો યજ્ઞ કરે છે, પરંતુ તે યજ્ઞમાં એ સાકોરી આશ્રમમાં પ્રવેશેલી, તાલીમ પામેલી, દીક્ષા પામેલી એવી કન્યાઓ જ ભાગ લઈ શકે છે. આશ્રમની તેવી 'કન્યાઓ' સિવાયની બીજી બહેનો એવા યજ્ઞમાં ભાગ લઈ શકતી નથી, જ્યારે પૂજ્ય શ્રીમોટાના નરોડાના યજ્ઞમાં તો નાહીધોઈને સ્વચ્છ થઈને કોઈ પણ બહેન જાતે ભાગ લઈ શકતી હતી. આ હતી એ યજ્ઞની વિશિષ્ટતા. પૂજ્યશ્રીએ આ રીતે સમાજ સમક્ષ સાંકેતિક પ્રતીકરૂપે આ યજ્ઞ રજૂ કર્યો છે. એમાં મૌલિકતા છે, વિશેષતા છે ને જનસમાજને ઊર્ધ્વ માર્ગ પ્રતિ દોરવાનો સંકેત છે. લાખો રૂપિયા ખર્ચીને ઘી અને બીજાં દ્રવ્યોનો ધુમાડો કરીને જનતાની અંધશ્રદ્ધામાં વધારો કરીને અને સાથે સાથે શ્રી, શક્તિ અને સમયની બરબાદી કરીને જે પ્રચલિત રિવાજની ઘરેડથી યંત્રરૂપી યજ્ઞો યોજાઈ રહ્યા છે તેની સામે છે આ અપૂર્વ પડકાર.

નરોડામાં આપણા આ યજ્ઞને જોવાને કેટલાય બ્રાહ્મણો આવેલા. બહેનોને યજ્ઞમાં આહુતિ આપતી જોઈને તેઓ દુભાયા અને પૂજ્યશ્રીને કહે, 'તમે અધર્મ કરી રહ્યા છો, મહારાજ !' પૂજ્યશ્રીએ જવાબ આપ્યો કે એનું પાપ અને સજા હું ભોગવી લઈશ. આહુતિ અર્પવાને માટે બહેનો જ વધુ લાયકાતવાળી કે યોગ્યતાવાળી છે - ગણાવી જોઈએ. એ વાત બ્રાહ્મણોને ગળે કેમ ઊતરે ? આપણા સમાજમાં સ્ત્રી એક એવું પાત્ર છે કે સંસારજીવનમાં સ્વાર્પણની આહુતિઓ ક્ષણે ક્ષણે આપતી જ રહેલી છે. એમના દ્વારા જ ધર્મની ભાવના હજુ ટકી રહી છે. એ ભાવનાઓનું વહન બહેનોમાં શુષ્ક બુદ્ધિથી નહિ પણ હૃદયની ભાવનાથી થઈ રહેલું છે. તેથી જ તો જો બહેનો આવા યજ્ઞમાં આહુતિ અર્પવાને યોગ્ય ન હોય તો બીજું કોઈ યોગ્ય નથી, પરંતુ બિચારા પંડિતોને ગળે આ કેમ ઊતરે ? ખિન્ન હૃદયે ભૂદેવો પાછા ગયા.

પૂજ્યશ્રીમાં નીડરતા છે, સાહસિકતા છે, અપૂર્વ ઘટનાઓ યોગ્યપણે ઉદ્ભવવાની શક્તિ છે. જેમ મૌનમંદિરો એ એમની આખી વિશિષ્ટ મૌલિક શોધ છે ને સક્રિય, કામયાબપણે તે અમલી કરી બતાવી છે ને જેનો જોટો હિંદમાં ક્યાંયે નહિ હોય, લગભગ નથી જ. તેવું જ આ પ્રતીકયજ્ઞને વિશે પણ ગણી શકાય. જીવન્મુક્તો પાસે અનુકરણ નથી હોતું, મૌલિકતા હોય છે અને તેય ક્ષણે ક્ષણે બદલાતી, નિત્ય નૂતન રમણીય હોય છે. વળી, સહજીવનની તેમની પદ્ધતિમાં વિશેષતા આવી જાય છે. બહેનો આહુતિ આપતી હોય ત્યારે બહેનો જ બેસે ને પુરુષો સાથે ના હોય એવું પણ નહિ; સ્ત્રીપુરુષના તેવા ભેદ ત્યારે નથી હોઈ શકતા. આ પણ એક વિશેષતા છે.

❒

# ૩૩ કેટલાંક પ્રતીકોનાં અર્થઘટન

## (૧) શિવમંદિરમાં પોઠિયો અને કાચબો

પુરાતન કાળથી હિંદુ ધર્મે આપણા ઉપર એવી તો ગાઢ અસર કરી છે કે યુગોની ચડતીપડતી બાદ એનું આંતરતત્ત્વ અકબંધ સચવાઈ રહ્યું છે. વેદોની રચનાના કાળ વિશે વિદ્વાનોમાં મતભેદ છે, પરંતુ ઈ. સ. પૂર્વે ત્રણ હજાર વર્ષ જેટલા પહેલાં એ રચાયા એ વિશે તો મોટા ભાગના વિદ્વાનો સંમત થાય છે. એટલે આજથી પાંચ હજાર વર્ષ થયાં. એટલાં વર્ષ એક ધર્મ સતત જગત પર જીવંત રહ્યો હોય એ વિશ્વ-ઈતિહાસની એક અનોખી ઘટના છે. કાળક્રમે હિંદુ ધર્મના સ્વરૂપમાં પણ અનેક પરિવર્તનો આવ્યાં. મૂર્તિપૂજા દાખલ થઈ. બાહ્ય આક્રમણ સામે જ્યારે જ્યારે પ્રજાને ઝઝૂમવાનું આવ્યું ત્યારે સૂક્ષ્મતાને પકડવાની શક્તિ પ્રજાએ ગુમાવી. ભાવનાનું પણ પતન થયું. એવા વખતે એ ભાવનાને પ્રજાજીવનમાં જાગ્રત રાખવા નવાં નવાં સાધનો અપનાવવામાં આવ્યાં. એ સાધનો સૂક્ષ્મ કરતાં સ્થૂળ વધુ હતાં. એમાંથી મૂર્તિપૂજા દાખલ થઈ અને મંદિરો અસ્તિત્વમાં આવ્યાં. ઋગ્વેદકાળમાં મૂર્તિપૂજા ન હતી ત્યારે ભાવનાનાં પ્રચંડ મોજાંમાં પ્રજા જીવતી હતી. એટલે એની જરૂર પણ ન હતી. તે વખતે પ્રજાનો મોટો ભાગ જીવનનો હેતુ બરાબર સમજતો હતો પરંતુ જ્યારે માનવજીવનની અસ્થિરતા વધી ત્યારે આ ભાવપ્રધાનતા ટકવી એ અશક્ય હતું.

શરૂઆતમાં તો મૂર્તિપૂજામાં પણ ભાવપ્રધાનતા રહી. પછી એ પણ ચાલુચીલાની જડભક્તિમાં પરિણમી. એટલે આજે એ મૂર્તિપૂજામાં જે સભાનતા જરૂરી છે તે ભાગ્યે જ જોવા મળે છે.

પ્રજાકીય જીવનની અસ્થિરતામાં દરેક ભાવના એના યથાયોગ્યપણે સમજાય અને સચવાય એવી સ્થિતિ રહી ન હતી. એટલે આપણા ધર્મપ્રવર્તકોએ ધર્મના પ્રસારણ અર્થે કેટલાંક પ્રતીકોનો આશરો લીધો. એ પ્રતીકોનો અર્થ આજે પ્રજાકીય માનસ પર એટલો જીવતો રહ્યો નથી જેટલો એ એના પ્રારંભકાળમાં હતો. કાળક્રમે એ પણ ભૂંસાતો ગયો. આવાં પ્રતીકોનાં અર્થઘટનો વિવિધ હોવાની પણ શક્યતા છે. જેને જે રીતે એ ઉપકારક થઈ પડ્યાં તે રીતે એનો અર્થ ઘટાવવામાં આવ્યો. એવા એક પ્રતીકની વાત અહીં કરવી છે અને પૂજ્ય શ્રીમોટાએ એના આપેલા અર્થઘટનને રજૂ કરવું છે.

શિવમંદિરમાં પ્રવેશતાં આપણે પોઠિયાનાં દર્શન કરીએ છીએ. નંદી એ શિવજીનું વાહન છે એ ખરું, પણ સાથે એની બાજુમાં કાચબો પણ મૂક્યો છે. એ બધું શેને માટે એનો આપણે કોઈ દિવસ વિચાર સરખો પણ કરીએ છીએ ખરાં ? પૂજ્ય શ્રીમોટાએ આપેલું એનું અર્થઘટન ખૂબ જ તાર્કિક છે અને સાથે સાથે એટલું જ હૃદયંગમ પણ છે.

પોઠિયો અને કાચબો બંને મહાદેવથી સન્મુખ બેઠેલા છે, એનું હાર્દ શું હશે ? એવો પ્રશ્ન પૂજ્ય શ્રીમોટાને સાધનાની શરૂઆતમાં વારંવાર ઊઠતો. અનેક સાધુ-સંન્યાસીઓને એમણે પૂછી જોયું હતું, પરંતુ એનો સંતોષકારક ખુલાસો એમને મળી શકેલો નહિ. આખરે તેમને ઊગી આવ્યું કે પોઠિયો એટલે ઉન્મત્ત પ્રાણની કામનાઓ, આશાઓ, તૃષ્ણાઓ, કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર આદિ જે પ્રબળ રજસ્‌નાં ચિહ્‌નો છે તેનું પ્રતીક છે. જીવમાત્રને ચોમાસું ચરેલા ઉન્મત્ત સાંઢ સાથે સરખાવી શકાય. આવા જીવનું મુખ જો ભગવાન તરફ વળી જાય, જેમ પોઠિયાનું મુખ મહાદેવ તરફ છે તેમ - તો

એ જીવ પોતાની તમામ ઉન્મત્ત ઈંદ્રિયોને પોતાનામાં સંકેલી લઈ શકે. કાચબો જેમ પોતાનામાં પોતાની તમામ ઈન્દ્રિયો ખેંચી લઈ શકે છે તેમ તે જીવ કરી શકે તો એ જીવને શિવસ્વરૂપ થવાનું સરળ બની જાય. શિવસ્વરૂપ થવામાં જે ઈંદ્રિયો બહિર્મુખ છે તેને અંતર્મુખ કરવી ખૂબ જરૂરી છે. એના વિના કદાપિ સફળ ન થવાય. એ વાત કહેવામાં હિંદુ ધર્મશાસ્ત્રોએ કાચબાનું પ્રતીક યોજ્યું છે. એનું દૃષ્ટાંત શ્રીભગવદ્ ગીતામાંથી પણ મળે છે :

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥

આમ, પ્રબળ પ્રાણને જો ભગવાન તરફ વાળીએ તો જ એ પ્રાણની શક્તિ આપણા આધ્યાત્મિક વિકાસમાં ઉપયોગી થઈ શકે.

## (૨) મહેશની સ્થિતિ

ઉપર શિવમંદિરના પોઠિયા અને કાચબાનું અર્થઘટન પૂજ્ય શ્રીમોટાની દૃષ્ટિથી જોયું તેવું જ એમનું એક મહેશની સ્થિતિ વિશેનું અર્થઘટન અનોખું છે.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિમૂર્તિ હિંદુ ધર્મમાં ખૂબ પૂજાય છે અને તેમાંય મહેશ તો જાણે બહુજન સમાજનો આરાધ્ય દેવ હોય એવું બની ગયું છે. મહેશનું સ્વરૂપ અને સ્થિતિ આ ત્રણેમાં અલૌકિક અને અનોખાં છે. એક રીતે એમ પણ કહી શકાય કે મહેશ-શિવ-મહાદેવમાં પરસ્પર સામસામી એવી પરિસ્થિતિની પરિપૂર્ણતા રહેલી છે. સામાન્ય રીતે શિવજીની મૂર્તિઓમાં અને એમના સ્વરૂપની કલ્પનામાં આપણે એમની જમણી જાંઘ પર પાર્વતીજીને બિરાજમાન થયેલાં જોઈએ છીએ. આ પાર્વતીજી એક વિજાતીય તત્ત્વ છે અને

નારીતત્ત્વ હોવાથી કામવાસના ભોગનું પ્રતીક જેવું લાગે. કોઈ જોનારને કદાચ પૂરી કામુકતા પણ દીસે. જ્યારે બીજી બાજુ શિવજીના સ્વરૂપમાં આપણે ત્રિનેત્ર પણ જોઈએ છીએ જે ત્રિનેત્રે કામદેવને બાળીને ભસ્મ કરી દીધા છે. આ બે સામસામી સ્થિતિ છે. એક બાજુ લાવણ્યમય સ્ત્રીરત્ન જાંઘ પર બિરાજમાન છે. બીજી બાજુ મદનને એમણે બાળીને ભસ્મ કર્યો છે.

શિવજીના સ્વરૂપમાં ભભૂત - રાખ ચોળીને તદ્દન જટાધારી, માત્ર કમ્મરે વ્યાઘ્રચર્મ વીંટાળી જાણે કે તદ્દન નિષ્કિંચન, નિર્ધન અને નિર્લેપ સ્થિતિનો આપણે સ્વીકાર કરેલો છે. જ્યારે એની કથામાં અઢળક ધનનો પતિ - દેવોનો ભંડારી કુબેર એમનો દાસાનુદાસ છે. આમાં પણ બે અંતિમ સ્થિતિનો સ્વીકાર છે.

એને દેવોનો દેવ કલ્પ્યો છે. દેવની સ્થિતિ તમામ યોનિઓમાં ઉત્તમ સ્થિતિ છે. આ ઉત્તમ પ્રકારની સ્થિતિવાળાનો એ દેવ ત્યારે બીજી બાજુ એ ગણોનો અધિપતિ છે. એ ગણો ભૂત, પિશાચ વગેરે સ્મશાનમાં રહેનારાં, મુઠ્ઠીભર હાડકાંવાળાં, ઢંગધડા વિનાનાં, ડાકલાં વગાડનારાં, જનસમાજથી તદ્દન વેગળાં રહેલાં છે. એ ગણોનો પણ સ્વામી છે. પશુઓનો પણ સ્વામી છે, માટે પશુપતિનાથ કહેવાયો. આમ, દેવ અને ગણો બંનેનો એ સ્વામી છે. બંને એના દાસ છે.

વિષ્ણુ અને બ્રહ્મામાં આ પરિસ્થિતિ નથી. તેઓ બંને એક જ છેડાના સ્વામી છે જ્યારે શિવમાં બંને છેડા સમાયેલા છે. આ છે શિવની વિશિષ્ટતા.

અહીં એક વસ્તુ પર અંગુલિનિર્દેશ કરવો અસ્થાને નથી. આત્મસાક્ષાત્કાર પછી જે મુક્તની દશામાં વિહરે છે તેની સ્થિતિ

કંઈક અંશે શિવજી સાથે સામ્ય ધરાવે છે. મુક્તને આપણે દ્વંદ્વાતીત, ગુણાતીત કહીએ છીએ, પરંતુ એ દ્વંદ્વ અને ગુણથી અતીત થવાની સ્થિતિ પરસ્પર વિરોધી એવાં દ્વંદ્વો કે ગુણો વચ્ચે એની રમવાની સ્થિતિ પ્રાપ્ત થયા પછી જ થઈ શકે. એ બીજા અંતિમ છેડા પર રહી શકે છે અને એનાથી પણ પર થઈ શકે. જીવદશામાં રહેનાર - અજ્ઞાની મનુષ્ય એ પરસ્પર અંતિમ છેડે રહી શકતો નથી. એ કોઈ પણ એક છેડાને વશ વર્તીને ચાલે છે. મુક્તનું તેમ નથી. માટે જ તો પ્રકૃતિથી પર છે. એટલે જ જ્ઞાનીને પ્રકૃતિનો સ્વામી અને અજ્ઞાનીને પ્રકૃતિનો ગુલામ કહ્યો છે.

શિવ અને મુક્તની સ્થિતિમાં કેવું સામ્ય ! તેથી જ તો જીવમાંથી શિવ થવાનું કહેવાયું હશેને !

❐

# ૩૪. મૌનરૂમમાં મુખી

નડિયાદની નજદીકનું એક ગામ. એ ગામના એક મુખીનાં પત્ની આશ્રમે અવારનવાર આવે. એમને મૌનમાં બેસવાનું મન થયું. ઘરસંસારને કારણે અગાઉથી દિવસો નક્કી કરી બેસવાનું શક્ય નહિ. એટલે આશ્રમમાં નોંધાવી રાખેલું કે મૌનરૂમ ખાલી પડે તો તરત એમને બોલાવવાં. આશ્રમમાંથી એકવાર એમના પર પત્ર ગયો, 'મૌનરૂમ ખાલી છે. તમારે મૌનમાં બેસવું હોય તો તરત આવો.' આશ્રમમાં તો એવી ધારણા હતી કે એ બહેન બીજા દિવસે આવશે પરંતુ તે બહેન તો પત્ર મળતાં તરત જ આવ્યાં અને તે પણ તેમના પ્રતિકૂળ સંજોગોમાં - પતિ બહારગામ ગયા હતા એટલે બાળકોને અન્યને ભળાવીને એકલાં ચાલી આવ્યાં. સાંજના સાતેક વાગ્યે આવી પહોંચ્યાં અને તરત મૌનમાં બેસી ગયાં. ત્રણ દિવસના મૌનગાળા દરમિયાન એમને ઘણું જ સારું લાગ્યું, ઠીક ઠીક ભાવવૃદ્ધિ અનુભવી.

તે દિવસોમાં પૂજ્ય શ્રીમોટા મથુરીબહેનનાં ભજનો માટે જે કોઈ આમંત્રે તેમને ત્યાં જતા. એમણે દક્ષિણાની શરત રાખેલી. જે કોઈ રૂ. ૨૦૦/- પધરામણી કરાવવાના આપે તેને ત્યાં જવું. આ મૌનમાં બેસનાર મુખીપત્નીના કુટુંબની સ્થિતિ સાધારણ ગણાય. મધ્યમથી પણ ઊતરતી. છતાં મૌનમાંથી ઊઠી તેમણે પૂજ્યશ્રીને પોતાને ઘરે રૂ. ૨૦૦/-નો ખર્ચ કરીને પધરાવવાની ગોઠવણ કરી. ભજનોનો કાર્યક્રમ પણ ગોઠવ્યો. વળી, તે દિવસે સવારસાંજ પચાસ પચાસ માણસોને જાતે રસોઈ કરીને હોંશથી જમાડ્યા.

આ પ્રસંગ બાદ એ બહેને પોતાના પતિને મૌનમાં

બેસવાની પ્રેરણા આપી હોવી જોઈએ. એક વેળા પટેલ આશ્રમે આવ્યા. પૂજ્ય શ્રીમોટાએ એમને મૌનમાં બેસવા અંગે પૂછ્યું. પટેલે તો હા પાડી અને મૌનમાં બેઠા પણ ખરા.

પરંતુ મૌનમાં બેસવા જતાં પટેલનો અનુભવ કંઈક જુદો જ રહ્યો. અંદર બંધ થયા અને પાંચ જ મિનિટમાં ખૂબ ગભરાટમાં બોલી ઊઠ્યા, 'મને બહાર કાઢો. પેટમાં ચૂંકાય છે. ગભરામણ અને અકળામણ થાય છે. બિલકુલ ફાવતું નથી.' આ સાંભળીને બહારથી મુખીને ખૂબ સમજાવવામાં આવ્યું, 'તમે થોડી વાર ટકી જાઓ. બધું બરાબર થઈ જશે. તમને ફાવી જશે.' પણ મુખી એકના બે ન થયા. એમણે બહાર આવવા આગ્રહ જારી જ રાખ્યો. મથુરીબહેન તે વખતે આશ્રમમાં હાજર હતાં. એમણે બહારથી ભજનો ગાઈને મુખીને પાનો ચડાવવાનો પ્રયાસ કર્યો. સાંજે પાંચ વાગ્યા સુધી પાનો રહ્યો પણ ખરો, પરંતુ આખરે પટેલે હાર કબૂલી અને પાંચ વાગ્યે તો બહાર નીકળી જ ગયા. પાંચ વાગ્યા સુધીમાં તો મુખીએ ત્રણ ત્રણ વાર બહાર નીકળવાનો ઉપાડો લીધો હતો.

બહાર નીકળીને મુખી તો પોતાને ગામ ગયા, પરંતુ બધા આશ્રમવાસીઓના આશ્ચર્ય વચ્ચે બીજે દિવસે પાછા આવ્યા અને કહે, 'મારે મૌનમાં ફરી બેસવું છે.' ઘરે મુખી ગયા પછી શું બન્યું તે તો કંઈ જાણવા મળ્યું નહિ. કદાચ એમનાં પત્નીએ કંઈક કહ્યું પણ હોય. શું કહ્યું હશે તે તો તેઓ પોતે જ જાણે, પણ એમ લાગતું હતું કે એમનાં પત્નીએ એમને શૂર ચઢાવ્યું હોવું જોઈએ. નહિતર આમ ઝટ પોતે પોતાની મેળે મૌનમાં ફરી બેસવા આવવાનું ન કરે.

હવે એવું બનેલું કે મુખીના ગયા પછી ૧૫-૧૬ વર્ષનો

એક છોકરો એ રૂમમાં બેઠો હતો. થોડાક કલાક પસાર થયા બાદ એ પણ કંટાળેલો હતો. ચોવીસ કલાકમાં તો એ થાકી ગયો હતો. તેની બહાર આવવાની તીવ્ર ઇચ્છા હતી અને તે પ્રકારની ચિઠ્ઠી પણ એણે લખીને મૂકી હતી. એક બાજુ એને ચિઠ્ઠી લખવાનું બન્યું અને બીજી બાજુ મુખીનું આશ્રમે ફરી મૌનમાં બેસવા આવવાનું થયું.

મુખી ફરીથી અંદર બેઠા. એમણે ઠીક ઠીક પુરુષાર્થ પણ કર્યો. એક રાત પણ રહ્યા પરંતુ બીજે દિવસે સવારે એમની સહનશક્તિની પરાકાષ્ઠા વર્તાઈ. આથી, તેમણે બહાર નીકળી આવવાની ઇચ્છા જણાવી. એ જ વખતે સુરતથી તમાકુના એક વેપારી શ્રી બાબુભાઈ તમાકુવાળા અમદાવાદ ગયેલા અને ત્યાંથી નડિયાદ આશ્રમે બે-એક દિવસ મૌનમાં બેસવાનું મળે એવી ઇચ્છાથી આવ્યા. મુખીને બહાર કાઢવામાં આવ્યા અને તેમની જગ્યાએ શ્રી બાબુભાઈ તમાકુવાળાને બેસાડવામાં આવ્યા.

મુખી બહાર તો આવ્યા પણ પૂજ્ય શ્રીમોટા એમની પરિસ્થિતિ જાણી ગયા હતા. એમણે કુનેહ વાપરી મુખીને ગામ જવા ન દીધા. મુખી તો પોતાને ઘરે 'પાંચ દિવસ માટે બેસવા જાઉં છું.' એવું કહીને આવેલા. હવે પાછા આ રીતે જાય તો ભારે માનભંગની દશામાં એમને મુકાવું પડે. તેથી પૂજ્ય શ્રીમોટાએ તેમને સલાહ આપી કે, હવે આ પાંચ દિન આશ્રમમાં રહો. આપણે.... બહેનને (મુખીનાં પત્નીને) જણાવીશું નહિ. એવો સધિયારો પણ આપ્યો. એટલે મુખી આશ્રમે પાંચ દિવસ રહ્યા.

એ પાંચ દિવસના રહેઠાણ દરમિયાન મુખીએ એમનાં પત્નીની તત્પરતા અને ઉમળકા વિશે કેટલોક નિર્દેશ કર્યો.

એ બહેને એકવીસ દિવસ મૌનમાં બેસવા ઇચ્છા વ્યક્ત કરી હતી. વળી, જ્યારે જ્યારે આશ્રમના મૌનમાં બેસનારામાંથી કોઈ અટકશે યા ઢીલું પડશે તો તે બહેન ટૂંકી નોટિસે પણ મૌનમાં બેસી જવા તૈયાર છે અને મુખીનો તે બાબત અંગેનો ટેકો છે એમ પણ મુખીએ જણાવ્યું.

આમ, નાછૂટકે એક પછી એક બધાંનું મૌનમાંથી બહાર આવવું અને તે તે વેળા તરત જ બીજા કોઈ બેસનારનું આવી ચઢવું એ એવો તો સ-રસ યોગાનુયોગ અનુભવાયો કે જાણે કોઈ ગેબી ગોઠવણ ન થઈ હોય !

આવાં એક સામાન્ય ગામડાંની બહેનનું આવું શહૂર જોઈને તેના પ્રતિ માનઆદરથી માથું નમી પડે છે.

❐

## ૩૫. પૂજ્ય શ્રીમોટાનાં દાનોની ભૂમિકા

પૂજ્ય શ્રીમોટાને આજથી ચાળીસ વર્ષ પૂર્વે એક ભાઈએ રૂ. ૧૦૦૦/- અંગત ભેટ આપેલી. તે રકમ તેમણે કરાંચી જઈને સીધી જ એક પ્રાંતના રાહત ફાળામાં આપી દીધી. એ જ કાળમાં બીજા એક ભાઈએ રૂ. ૫૦૦૦/- અંગત ભેટ આપેલા, તે તેમણે તેમના નામે ચઢાવ્યા તો ખરા, પરંતુ તેમાંથી એક પાઈનો પણ ઉપયોગ ન કર્યો. તે રકમનો ઉપયોગ કુંભકોણમ્ આશ્રમ કરવામાં કર્યો.

એવી જ રીતે તેમને અંગત મળતી હજારોની રકમોનો ઉપયોગ સુરત અને નડિયાદ આશ્રમો કરવામાં કર્યો. આ બંને આશ્રમો કરવા માટે અલબત્ત ફાળો પૂજ્યશ્રીના પ્રશંસકોએ કરેલો અને જનતામાંથી તે માટે રકમો ઉઘરાવેલી, છતાં લાક્ષણિકતા એ કે પૂજ્યશ્રીએ તેમને તે તે ગાળામાં મળતી અંગત બધી રકમો આ આશ્રમોની સ્થાપનામાં આપી દીધેલી, જેનો આંકડો આશરે ૧૯૫૦-'૫૫ના ગાળાનો દસ હજાર જેટલો થાય. છતાં ખૂબી એ છે કે તેમણે તેમના આ આશ્રમોમાં ક્યાંયે પોતાનો કાયદેસરનો માલિકીહક પણ રાખ્યો નથી. કુંભકોણમ્, નડિયાદ અને સુરતના હરિઃૐ આશ્રમો - આ ત્રણ મુખ્ય આશ્રમો તેમની સીધી દેખરેખ નીચે ઉપસ્થિત થયા ગણાય. (ડીસાનો અને નરોડાનો આશ્રમ બીજા અનુયાયીઓએ ઊભો કરેલો ગણાય. હવે તો એ પણ અસ્તિત્વમાં નથી.) આ ત્રણે આશ્રમોની કાયદેસરની માલિકી સ્થાનિક ટ્રસ્ટીઓની છે. જો તે ટ્રસ્ટીઓ ધારત તો પૂજ્યશ્રીને આશ્રમમાં પ્રવેશતા પણ અટકાવી શકત. જો તેમનો કોઈ પણ કાબૂહક એના ઉપર હતો તો તે માત્ર પ્રેમભાવનો જ હતો. આપણે જાણીએ છીએ કે

મુક્તો કદી કાયદેસરનો કાબૂ જમાવતા નથી, તેવો હક મળ્યો હોય તોપણ તેનો તે રીતે ઉપયોગ કરતા હોતા નથી. તેઓની નિઃસ્પૃહતા અદ્‌ભુત હોય છે.

આપણે ઘણી જગ્યાએ જોઈએ છીએ કે મહંતોએ, મઠાધિપતિઓએ, આશ્રમાધિપતિઓએ પોતપોતાની તેવી સંસ્થાઓ ઉપર પોતાનો અંગત કાયદેસરનો અધિકાર રાખ્યો હોય છે. આ પ્રમાણેનું અનિષ્ટ છે એમ કહેવાનો મારો મુદ્દલે હેતુ નથી. તેની યોગ્યતા અયોગ્યતાનો આધાર તો એ અધિકારનો ઉપયોગ કેવા હેતુથી અને કયા ભાવથી થાય છે તેના પર રહેલો છે, પરંતુ જ્યાં માલિકીહક જ રખાયો નથી ત્યાં એ પ્રશ્ન જ કોઈને ઊઠવા પામી શકે નહિ, ને તે એ રીતે ઘણું સારું છે.

આમ, પૂજ્યશ્રીએ લાખ રૂપિયા ઉપરની કિંમતનાં આશ્રમનાં મકાનો ઉપરનો પોતાનો માલિકીહક રાખવા ઈચ્છયો હોત તો ખુશીથી રાખી શકત ને કોઈ પણ તેની સામે વાંધો ઉઠાવી શકત નહિ, છતાં તેમણે શરૂથી જ પોતાની નિઃસ્પૃહતાની નીતિ through out એકસરખી રીતે ધાર્યા કરીને તેને અમલી બનાવી હતી.

વળી, પોતાની આવી સંસ્થાઓ હોવા છતાં તે સંસ્થાઓને ખેંચમાં રાખીને, કરકસર કરાવડાવીને, કેટલીક બાબતમાં કઠણ થઈને, તંગાશ અનુભવડાવીને, બીજાની ઈતરાજી વહોરીને પણ તેઓ પોતાને અંગત મળતી રકમો આશ્રમના ચાલુ નિભાવખર્ચમાં ન વાપરવા દેતાં બીજી યોગ્ય જુદી જુદી સંસ્થાઓને મદદ કરવામાં ઉપયોગ કરતા. મારી સમજ પ્રમાણે તેમની આ એક વિશેષતા હતી.

સાધારણતઃ બીજી ધાર્મિક, સામાજિક કે આધ્યાત્મિક સંસ્થાઓ પોતાની સંસ્થાઓમાં જ પોતાને મળતી રકમો

વાપરતી હોય છે ને ભંડોળ ભેગું કરતી હોય છે, જ્યારે પૂજ્યશ્રીએ અનોખી નીતિ ધારણ કરી હતી, જેને કદાચ અપવાદ નહિ તો ખૂબ જ નાની લઘુમતીમાં મૂકી શકાય ખરી.

તદ્દન નાનાથી માંડીને વિશાળ કદની સહાય એમણે આપી છે. પોતાની પિછાણનો બાળક હોય અને તે જો તેના વર્ગમાં પ્રથમ આવેલ હોય તો તેને પાંચ પાંચ રૂપિયા ઈનામ હંમેશ આપતા. શિલ્પ, સંગીત આદિ લલિત કલાકારોને હંમેશ સીધી તેમ જ આડકતરી મદદો અવારનવાર કરતા. ઊર્ધ્વ પ્રકારનાં સાહસ કરનારાઓ પ્રત્યે પણ તેમનું તેવું વલણ હંમેશાં હતું. હવે તો દાનનું ફલક એટલું તો વિશાળ બની ગયું છે કે આશ્રમની ખાસ પુસ્તિકાઓ એ માટે છે, તે જોઈએ તો જ પૂરો ખ્યાલ આવે.

પૂજ્યશ્રીના આધ્યાત્મિક ક્ષેત્રને મર્યાદા નથી, સર્વતોમુખી તેમની આધ્યાત્મિકતા હતી. કોઈ પણ ક્ષેત્રમાં સારું કાર્ય જોતાં તેમને પોરો ચઢતો ને તેને પ્રેરણા ને ઉત્સાહ મળે તેમ તેમનું હંમેશ માટે વલણ રહે છે, સહાનુભૂતિ અને સાથ પણ રહેતાં.

આવી સંસ્થાઓને અને આશ્રમોને ચાલુ નિભાવ માટે અમુક મર્યાદિત ફંડ હોય તે ઠીક છે, પરંતુ તેથી વિશેષ ભંડોળ ભેગું કરવાની તરફેણમાં તેઓ ન હતા. તેથી જ તો તેમને મળતી અંગત રકમો આશ્રમના હિસાબમાં ન ઉમેરાવતાં અલગ રાખીને તેનો સદ્વ્યય કરવાનું તેઓ કરતા.

કોઈકને તો પ્રશ્ન થાય કે એવી અંગત રકમો લેવી જ શા માટે ? વળી, લેવી ને દાનમાં દઈ દેવી ! એનું રહસ્ય મને જે સમજાયું છે તે આ છે :-

એવી લેણદેણથી એક જાતનું આકર્ષણ ઊપજે છે, સામાની ભાવનાનો વિકાસ થાય છે, તેની ભાવના પોષાય છે, વધે છે

અને લેનાર વ્યક્તિમાં (પૂજ્યશ્રીમાં) દેનારનો રસ જાગ્રત થાય છે. આપણે કોઈને કશું આપ્યું નહિ હોય - વ્યક્તિ કે સંસ્થાને - ત્યાં સુધી તેનામાં આપણો સાધારણ રસ જાગતો હોતો નથી, પણ જો કોઈ સંસ્થાને કે વ્યક્તિને કશુંક આપેલ હશે તો તેમાં આપણો રસ સક્રિય થયેલો અનુભવીશું.

વળી, જગતજનની એવી લક્ષ્મી બીજી રીતે-આડીઅવળી રીતે કે મોજશોખમાં કે બિનજરૂરી ખર્ચમાં ખર્ચાઈ જવાની હોય તેના કરતાં એક મુક્તના હાથે લોકોપયોગી કામોમાં તે વપરાય તે હંમેશ ઉત્તમ જ છે.

જે સંસ્થાનાં ભંડોળ મોટાં હોય છે તેને પછી લોકોના સાથની ઝાઝી પડી હોતી નથી, જનતા જનાર્દન પ્રતિ ઉપેક્ષા કે અવગણના પણ આવી જાય છે. આળસ, બિનજરૂરી ખર્ચા, શોખ કે વિલાસિતા વગેરે પણ ઘૂસી જઈ શકે છે. આ બધું પૂજ્યશ્રી નિભાવી લઈ શકે એમ ન હતા, એટલે એમણે નિભાવખર્ચની રકમ જમા ન થવા દેતાં અનેક યોજનામાં વાપરી નાખી હતી.

પૂજ્યના આવા નાણાકીય વર્તનથી કેટલાકને આ અંગે ભ્રમ અને ભ્રમણા થયાનું મારી જાણમાં છે, 'શ્રીમંતોને સન્માન અને ગરીબોનો અનાદર' એમ કહેનારા પણ મેં સાંભળ્યા છે, બહાર કહેનાર નહિ પણ મનમાં માનનારા તો ઘણા બધા છે. તે બધાએ પૂજ્યશ્રીને સમજવામાં મદદ થાય તેવું બુદ્ધિથી અને ભક્તિની સહાય લઈને ઊંડું વિચારવાની જરૂર છે. વિભૂતિઓના વર્તાવ અનોખા રહેવાના. તેઓ કોઈનું અનુકરણ કરતા નથી, તેઓની રીતરસમો મૌલિક હોવાની, કેટલીક વાર તો વિચિત્ર પણ ભાસવાની. વિભૂતિ એટલે લોકોની નજરે 'વિચિત્ર' એવું પણ એક પ્રખ્યાત ને વિદ્વાન લેખકે લખ્યું છે, તે આવા જ કશાક અર્થ ને અનુસંધાનમાં હશે.

પૂજ્યશ્રીની ‘વિચિત્રતાઓ’ તો હજુ કંઈ જ ન હતી. પૂજ્ય શ્રીઉપાસનીબાબાનું જીવનચરિત્ર વાંચનારા સહેજે કહી શકશે કે તેમની સરખામણીમાં પૂજ્યશ્રીની તો કશી જ ખાસ વિચિત્રતા નહિ કહેવાય.

સાહસ, શૌર્ય, હિંમત, શૂરવીરતાનાં કાર્યોમાં કૉલેજના યુવાનો માટે રકમો દાનમાં દેવી એ છે પૂજ્ય શ્રીમોટાની વિશેષતા. કોઈ આધ્યાત્મિક જીવન્મુક્ત પુરુષને આવી રીતે સારી એવી રકમો દાનમાં આપવાની ઘટના મારી તો જાણમાં કોઈ બીજી નથી. ઘણાં બધાં આધ્યાત્મિક જીવનચરિત્રો મેં વાંચ્યાં છે અને બીજા આધ્યાત્મિક જીવન્મુક્તોના તેમના સાહિત્ય દ્વારા ઠીક ઠીક નિકટના સંપર્કમાં આવવાનું પ્રભુકૃપાથી બન્યું છે, પણ ક્યાંયે આવું જાણ્યું નથી.

પૂજ્યશ્રી પાઈ પાઈની કરકસર આશ્રમમાં કરાવતા. ઘાસલેટનાં ટમટમિયાં વપરાવતા. એક ચીરી દાતણનો પણ ઉપયોગ કરવામાં માનતા. સર્વ કંઈનો ઉપયોગ છે જ - એ હતો એમનો મુદ્રાલેખ. જમવામાં બીજાને તો અતિ કડકાઈ અને કેટલીક વાર તો અત્યંત કઠણાશ લાગે. દાળભાત જેવું મામૂલી અનાજ પણ આશ્રમવાસીઓને પૂરતી ઈચ્છા પ્રમાણે સાંજે ના મળે, દાળભાત આશ્રમવાસીઓને સાંજે ન પોષાય એવું જ જાણે માનતા હતા. બીજા આશ્રમોમાં મૂળભૂત ખોરાક દાળભાતનો જ જોયો છે. દાળભાતમાં કંઈ મોજશોખ નથી અને એ વાત પણ પૂજ્યશ્રી સારી રીતે સમજતા, છતાં જમવામાં બને તેટલી સાદાઈ અને કઠણાશ આશ્રમોમાં પળાય તેમ તેઓ ઈચ્છતા.

બહારથી કોઈક કંઈ લાવે તો જો તે વધુ દિન ના રહી શકે તેવું હોય તો જ તેનો ઉપયોગ કરવા દેતા. બાકી, ચવાણું અને મીઠાઈ કે એવું વધુ દિનો ટકી શકે એવું હોય તો તેનો

ઉપયોગ આશ્રમવાસીઓને કરવા દેતા નહિ, તેવું બધું મહેમાનોને માટે વપરાતું. કેળાં જેવાં ફળાદિ પણ મહેમાનો માટે જ રાખવાનું કહેતા. પાંચ પૈસા પણ ખોટા ન ખર્ચાય તેમ તેઓ ઇચ્છતા. આવા શ્રીમોટાએ દીન, હીન, દલિતો માટે હજારોની રકમ આપવા માંડી !

આ ઉપરથી એક વાંચેલો પ્રસંગ યાદ આવે છે. પંડિત મદનમોહન માલવિયાજી બનારસ હિંદુ યુનિવર્સિટી માટે ફંડ ઉઘરાવવા કલકત્તામાં એક મારવાડીને ત્યાં ગયા. ત્યાં મારવાડી શેઠ, પોતાના પુત્રે એકબે દીવાસળી ખોટી રીતે વધુ બગાડવા માટે તેના પર ખૂબ ચિઢાયા. આથી, પંડિત મદનમોહન માલવિયાજીને થયું, 'આ શું આપશે !' આમ વિચારી ઊઠીને ચાલવા માંડ્યું. શેઠે આવવાનું પ્રયોજન પૂછતાં 'બીજી વાર આવીશ' એમ કહ્યું. આખરે ખૂબ આગ્રહ કરતાં પંડિતજીએ આવવાનું પ્રયોજન કહ્યું. તે મારવાડી શેઠે કોરો ચેક પંડિતજીની આગળ ધરી દીધો અને એમાં રકમ લખવાનું તેમના પર જ છોડ્યું. પંડિતજીએ જ્યારે પેલી દીવાસળીની ઘટના વિશે પૂછ્યું કે એટલા માટે છોકરાને શું કામ વઢ્યા ? ત્યારે શેઠે જવાબ આપ્યો, 'જરૂર વિનાનો એક તૃણનો પણ દુરુપયોગ કઠવો જોઈએ અને જરૂરી દાન લાખોનાં પણ કરી શકાય.'

હવે આ ઘટનામાં મારવાડી શેઠનું વઢવું યોગ્ય હતું કે નહિ તે ચર્ચાસ્પદ છે, પણ આપણે તેની સાથે નિસ્બત નથી, નિસ્બત છે માત્ર ઉપયોગ અને દુર્વ્યયની સરખામણીનો.

આ જ રીતે પૂજ્ય શ્રીમોટાએ કરકસર કરી-કરાવીને એકઠી કરેલી રકમનો આમ જાહેર સારા ને સાચા ઉપયોગમાં વ્યય કરાવ્યો છે. તેમના જીવનનું આ પાસું ઘણાની જાણમાં નથી તેથી અત્રે ટપકાવ્યું છે.

કદાચ ઘણાને ખરો કે ખોટો એમ પ્રશ્ન ઊઠે કે, 'આમ તો પૂજ્યશ્રી દાનમાં માનતા ન હતા, મફતનું દેવામાં માનતા ન હતા, અને બીજાઓ એમને ચરણે ધરે તે રકમોનું આમ દાન કરતા તો એવી ચરણે ધરાયેલી રકમ સ્વીકારવી જ શાને ?' ઘણી વાર તો કેટલાકને ખૂંચે છે પણ ખરું કે, 'તદ્દન ગરીબ એવા પ્રશંસકોએ ચરણે ધરેલી ભેટ શાને સ્વીકારતા ? જેઓને ખાવાની અને જીવવાની પણ સાઠમારી હોય તેવાનું શા સારુ સ્વીકારતા ? એટલું જ નહિ પણ એવાઓને આપવા માટે પ્રોત્સાહન આપતા. આવું શું કામ ?'

એનો જવાબ એ છે કે આનો ગૂઢ હેતુ છે. આમ, આપ-લેના પુલ દ્વારા મુક્તના આત્મા સાથે પેલા ભેટ ધરનાર જીવનો ભાવસંબંધ બંધાય છે, નિકટના સંપર્કમાં આવી શકાય છે. આર્થિક રીતે સુખી અને શ્રીમંતો તો દાન કરે ત્યારે તેમનો સુક્ષ્મ અહમ્ સંતોષાય અને પોષાય. એવા કેટલાક તો એનો ગર્વ લેતા હોય છે. કોક વિરલ શ્રીમંત જીવ જ એવા સ્પષ્ટ અહમ્‌માંથી ચેતી જતા હોય છે, અને તેવા તો અનામી રહીને ગુપ્તપણે દાન કરતા જોયા ને જાણ્યા છે. અરે ! એવામાં પણ સૂક્ષ્મ અહમ્ કે સ્થૂળ સંતોષ કે ઈતિકર્તવ્યતા પોષાતી જાણી છે. તેવા જીવનો આધ્યાત્મિક વિકાસ અટકી જવા પણ સંભવ છે. એટલે મુક્તના દ્વારા તેમના હાથે આવાં દાન થાય તેમાં આપણા સૌનું શ્રેય છે, તેવું તેમના હાથે થતું દાન શ્રેષ્ઠ પ્રકારનું છે ને દેનાર અને લેનાર બંનેને કલ્યાણકારક છે. દેનાર એટલે પૂજ્યશ્રી નહિ પણ એમને ચરણે ધરનાર એ 'દેનાર' છે. આમ, બંનેને તેમાં લાભ છે. મુક્ત તો ઊલટું આપણી આપવાની ઉપાધિ અને આપવાનો બોજ આનંદથી વહે છે ને શ્રમ લે છે ને તે રીતે આપણા ઉપર ઉપકાર જ કરે છે.

॥ હરિઃૐ ॥

## સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વહેવારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઈંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વહેવારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વહેવાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

॥ હરિઃૐ ॥

# સ્થિતિ અને વૃત્તિ

એક માનવી ગમે તેવી સારી સ્થિતિમાં હોય, સારામાં સારા પવિત્ર સ્થળે હોય પણ મનથી તે બહાર ભટકતો રહેતો હોય, વિષયોમાં ભટકતો હોય તો તેવી સ્થિતિ પણ વ્યર્થ છે. એટલે મહત્ત્વ સ્થિતિનું નથી, વૃત્તિનું છે. મનને જો એ ઉત્તમ વૃત્તિમાં જ લીન થવાનું કેળવી દીધું હોય તો બેડો પાર ! મનથી બધી ક્રિયાઓ કરવા છતાં વૃત્તિ એકમાત્ર ભગવાનમાં રહ્યા કરે તો તો મનુષ્ય પોતાનો ધારેલો મોક્ષનો ઉદ્દેશ સિદ્ધ કરી શકે. આ જ અર્થમાં કહેવાયું છે કે : *मन एव मनुष्याणां कारणम् बंधमोक्षयो:।*

આ ઉપરથી એમ પણ તારવી શકાય કે વૃત્તિને કારણે સ્થિતિ આવશે, સ્થિતિને કારણે વૃત્તિ નહિ આવી શકે. આ આપણે સહુએ સમજી લેવાની જરૂર છે. એ માટે આપણે વૃત્તિની કાળજી ઘણી ઘણી રાખવાની. કથાવાર્તા સાંભળી કે આધ્યાત્મિક આશ્રમમાં જઈ આવ્યા કે ત્યાં રહ્યા એ પૂરતું નથી.

- શ્રી નંદુભાઈ

*‘આશ્રમની અટારીએથી’, ચોથી આ., પૃ. ૫૦*